Chapter-2

# પ્રકરણ–૨

# સૈદ્ધાન્તિક વિવેચન

વિવેચક શિરીષ પંચાલની ગુજરાતી સાહિત્ય વિવેચનક્ષેત્રે વિવેચન પ્રવૃત્તિ આશરે સાતમાં દાયકાથી અત્યાર સુધી પ્રવૃત્ત છે. વિવેચકે સિદ્ધાંતલક્ષી વિવેચન પ્રવૃત્તિ મોટા પાયે કરી છે. એમની સૈદ્ધાન્તિક વિવેચનામાં મોટાભાગે વિવેચનના અભિગમો, સાહિત્યિક ભાષા, પ્રયુક્તિઓ, સર્જનપ્રક્રિયા, શૈલી, ભાવનવ્યાપાર, સર્જનવ્યાપાર જેવા વિષયો કેન્દ્રમાં રહ્યાં છે. એમની સિદ્ધાંતલક્ષી વિવેચન પ્રવૃત્તિ મહ્‌દઅંશે અગ્રંથસ્થ લેખમાં પ્રાપ્ય બને છે. સિદ્ધાંતલક્ષી વિચારણામાં એમની સર્જન-ભાવનકેન્દ્રી વિચારણા, સર્જકકેન્દ્રી વિચારણા, સાહિત્યિક પ્રયુક્તિકેન્દ્રી વિચારણા, સાહિત્ય સ્વરૂપકેન્દ્રી વિચારણા, સાહિત્યિક ઈતિહાસ-લેખનકેન્દ્રી વિચારણા, વિવેચનકેન્દ્રી વિચારણા કેન્દ્રસ્થ રહી છે. વિવેચક વ્યાપક ભૂમિકાએથી સિદ્ધાંતલક્ષી ચર્ચા-વિચારણાઓ કરે છે. એમના ૪૮ જેટલાં અગ્રંથસ્થ લેખો 'ઊહાપોહ', 'એતદ્', 'કંકાવટી', 'પરબ', 'ફાર્બસ ત્રૈમાસિક', 'સમીપે'માં પ્રકાશિત થયાં છે.

વિવેચકે સૈદ્ધાન્તિક વિવેચનનાં ૯ પુસ્તકો આપ્યાં છે. જેમાં એમની કથાસાહિત્યલક્ષી વિચારણા, કાવ્યલક્ષી વિચારણા, સર્જકકેન્દ્રી વિચારણા, વિવેચનલક્ષી વિચારણા, સાહિત્યિક પ્રયુક્તિકેન્દ્રી વિચારણાનું ઘડતર સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર વડે તો થયું જ છે પરંતુ સમકાલીન સાહિત્યિક પ્રવાહોનો પણ ઘણો પ્રભાવ રહ્યો છે એની પ્રતીતિ થાય છે. 'નવલકથા', 'કાવ્યવિવેચનની સમસ્યાઓ', 'બ.ક.ઠાકોર', 'વાત આપણા વિવેચનની', 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' (પ્રાચીનકાળ), 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન'(અર્વાચીનકાળ), 'કપોળકલ્પિત', 'વાત આપણા વિવેચનની 'ઉત્તરાર્ધ', 'રૂપરચનાથી વિઘટન'નો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં વિવેચક શિરીષ પંચાલની સિદ્ધાંતલક્ષી ભૂમિકા, એમના અભિગમો, એમના દષ્ટિબિંદુઓને તપાસવાનો મારો વસ્તુલક્ષી અભિગમ છે.

## સર્જન-ભાવનકેન્દ્રી વિચારણા

**'શૈલી વિશે'** જેમ્સ એકરમેનના લેખનો અનુવાદ છે. જયારે પણ 'શૈલી' એવી સંજ્ઞા સાંભળવામાં આવે એટલે આપણે કૃતિના અને સર્જકના સંદર્ભે વિચાર કરીએ. જેમ્સ એકરમેન શૈલીનો પ્રશ્ન કળાના ઈતિહાસ અને ઐતિહાસિક સ્થાનો અનુષંગે ચર્ચે છે. મોટાભાગે શૈલીની વિભાવનાનો ઉપયોગ **'એક જ સમયે અથવા એક જ સ્થળે રચાયેલી અથવા એક જ વ્યકિત દ્વારા કે એક સમૂહ દ્વારા રચાયેલી કલાકૃતિઓમાં લાક્ષણિક સમબન્ધો તપાસવાની એક રીત તરીકે આપણે'**[૪૪] આ સંજ્ઞાનો ઉપયોગ કરીએ છે. જેમ્સ એકરમન બીજી ઈતિહાસની શાખા કરતાં શૈલીને કળાના ઈતિહાસ સંદર્ભે મહત્ત્વની માને છે. વિવેચકે પ્રસ્તુત લેખમાં જેમ્સ એકરમેન જે સંદર્ભ પર વધુ ભાર આપે છે એને દર્શાવી આપ્યાં છે. આ લેખ એમ તો સંક્ષેપમાં છે પણ ઘણો મહત્ત્વનો બની રહે છે.

**'રસવિચાર અને આધુનિક સાહિત્ય'** લેખમાં વિવેચકે સ્પષ્ટતા કરી આપી છે કે, પહેલાં કાવ્ય અને પછી એનું શાસ્ત્ર હોય. વિવેચકે મધ્યકાલીન સાહિત્યને મૂલવવા માટે આધુનિક કાવ્યશાસ્ત્રનાં ઓજાર મદદરૂપ ન નીવડે એવી સાહિત્યજગતમાં ચર્ચાતી વિચારણાની નોંધ લીધી છે. એ.કે.વોર્ડરનું પણ માનવું છે કે, **'એવી જ રીતે પશ્ચિમે કાવ્ય વિવેચનમાં જે ધોરણો આંકયા તેનાથી સંસ્કૃત સાહિત્યથી માંડીને વર્તમાન ભારતીય સાહિત્યને મૂલવી ન શકાય.'**[૪૫] પ્રસ્તુત લેખમાં મુખ્ય પ્રશ્ન સંસ્કૃત કાવ્યશાસ્ત્ર આધુનિક સાહિત્યને મૂલવી શકે ખરું ? એ રહ્યો છે. સંસ્કૃત આલંકારિકોની વિચારણા આધુનિક સાહિત્ય સંદર્ભે કેટલી હદે પ્રસ્તુતતા ધરાવે છે એની ચર્ચા વિવેચકે તુલનાત્મક પદ્ધતિએ રજૂ કરી છે. આપણા આધુનિક ગુજરાતી સાહિત્યના સર્જકો-વિવેચકોની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણાનું અનુસંધાન સંસ્કૃતના આલંકારિકોની વિચારણા સાથે થાય છે. એવો વિવેચકે નિષ્કર્ષ આપ્યો છે. એમણે બીજી બાજુ સૂચન પણ કર્યું છે કે, **'આધુનિક**

**ગુજરાતી સાહિત્યમાં તથા અન્ય ભાષાઓમાં પણ જે કેટલાક સાવ નવા પ્રકારો આવ્યા (લલિતનિબંધ, આત્મકથા, જીવનચરિત ટૂંકીવાર્તા, નવલકથા, ટ્રેજેડી-કોમેડીનું સંમિશ્રણ) તેમને આ રસવિચાર યથાતથ પ્રયોજી ન શકાય.'**[૪૬] વિવેચકે જયાં રસવિચાર આધુનિક સાહિત્યમાં સુસંગત ન થતો હોય એની પણ ચર્ચા સદષ્ટાંત કરી છે. પ્રતીતિ ઉપાય વૈકલ્ય, સ્ફુટત્વનો અભાવ, પ્રધાન-ગૌણ વિવેકની ચર્ચા ટૂંકીવાર્તા અનુષંગે થઈ શકે. **'ધૂમકેતુથી દ્વિરેફ, જયન્ત ખત્રીથી, જયંતિ દલાલ; બક્ષીથી સુરેશ જોષી-મધુરાય-કિશોર જાદવ જેવા વાર્તાકારોની વસ્તુલક્ષી પ્રતિરૂપો - પ્રતીતિ ઉપાય વૈકલ્ય, સ્ફુટત્વના અભાવને ધ્યાનમાં રાખીને ચર્ચા કરીશું તો જણાશે કે એ વિચારણાઓ પ્રસ્તુત છે.'**[૪૭] બીજી બાજુ લાગણીઓના નામકરણ સામે સુરેશ જોષી અને ઓર્તેગા ગેસેટ વાંધો લે છે. વિવેચકે આ પ્રશ્નની ચર્ચા સંસ્કૃતમીમાંસાના પરિપ્રેક્ષ્યમા કરી છે. એઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે, સુરેશ જોષી અને ઓર્તેગા ગેસેટની આ પ્રકારની વિચારણા કાવ્ય સંદર્ભે ચાલે પરંતુ કથાસાહિત્ય, નાટય સંદર્ભે યોગ્ય ગણાય નહિં. આમ પોતાના મંતવ્યો દલીલો પણ વિવેચક આપતાં જાય છે.

ટી.એસ.એલિયટની તાદાત્મયભાવવાળી વિચારણાનું અનુસંધાન આનંદવર્ધનની વિચારણામાં થતું જોવા મળે. એની વિવેચકે સદષ્ટાંત રજૂઆત કરી છે પરંતુ તન્મયીભવનવાળી રચનાઓ આધુનિક ગુજરાતી સર્જકોની છે જે એવી ક્ષમતા ધરાવે છે કે **'આનન્દવર્ધન, અભિનવગુપ્ની કસોટીમાંથી પાર ઉતરી શકે.'**[૪૮] વિવેચકે માત્ર આધુનિક ગુજરાતી સાહિત્ય સાથે જ નહિ પરંતુ આધુનિક પાશ્ચાત્ય સાહિત્ય સાથે પણ સંસ્કૃત અલંકારશાસ્ત્ર, કાવ્યશાસ્ત્રનું અનુસંધાન તુલનાત્મક અભિગમ વડે દર્શાવી આપ્યું છે. **'નરેટોલોજી, શૈલી વિજ્ઞાન વિશે લખાયેલા ગ્રંથોમાં પાત્રનાં વ્યકિતત્વ, ભાવજગત, ભાષાજગતની ચર્ચાઓ સંકુલ સ્તરે કરવામાં આવી છે. અભિનવગુપ્તે આ અંગે જે ચર્ચા કરી છે તે વિગતવાર ન હોવા છતાં આધુનિક કથાસાહિત્યને ઉપકારક બને એ પ્રકારની છે.'**[૪૯] સંસ્કૃતમાં પ્રબંધ અને ગુજરાતીમાં નવલકથા સ્વરૂપે 'રસ' બાબતે રાખવી પડતી સભાનતા પ્રધાનરસ, પાત્રના વ્યકિતત્વ સંદર્ભે હોય છે. જેની વિવેચક

વિવરણાત્મક પદ્ધતિએ ચર્ચા કરી છે. વિવેચક પ્રસ્તુત લેખમાં પણ માનવીય સંદર્ભને મહત્ત્વ આપતાં જોવા મળે છે. અહી દષ્ટાંતરૂપે ફાકફા, કામૂ અને હેમિંગ્વેની રચનાઓને લીધી છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. એમની પદ્ધતિ વર્ણનાત્મક ભાષામાં રજૂઆત કરવાની રહી છે. વિવચકે રસવિચારની પ્રસ્તુતતા આધુનિક સાહિત્યમાં છે એની ઉદ્ધરણો સહિત નોંધ લીધી છે.

**'અર્વાચીન કાવ્યશાસ્ત્ર'- એઝરા પાઉંડ** - લેખમાં એઝરા પાઉંડે ભાષા, ટેકનિક, લય, પ્રતીક, આકૃતિ, અનુવાદ વિશે જે વિચારણાઓ રજૂ કરી છે એની વિવેચકે નોંધ લીધી છે. એઝરા પાઉંડે 'કળા પર પ્રભુત્વ' એના વિશે તુલનાત્મક દષ્ટિએ વિચાર કર્યો છે એ એમની દષ્ટિએ જોતાં યોગ્ય જ લાગે. કળા દ્વારા શું થઈ શકે છે એ વિચારણાની પણ પ્રાપ્તિ પ્રસ્તુત લેખમાંથી થાય છે. પ્રસ્તુત લેખ એમ તો ઘણો સંક્ષેપમાં છે પરંતુ પ્રસ્તુત લેખમાંથી વિચારવિત્ત ઘણું પ્રાપ્ત થાય છે. વિવેચકે એઝરા પાઉંડની અર્વાચીન કાવ્યશાસ્ત્ર વિશેની વિચારણાથી અવગત કરાવ્યાં છે.

**'કળા અને અમાનવીકરણ'** લેખમાં વિવેચકે પરંપરાગત કળાની તુલનાએ અદ્યતન કળા કંઈ રીતે જુદી પડી તથા અદ્યતન કળા કયા કારણોસર પોતાની સ્વાયત્તતા પ્રગટ કરતી થઈ ? આ બે પ્રશ્નોને વર્ણનાત્મક પદ્ધતિએ ચર્ચે છે. વિવેચક પરંપરાગત કળાથી, એની વિભાવનાઓથી, એના ભાવકોથી, પરંપરાગત કળા પાસે રખાતી અપેક્ષાઓથી અવગત કરાવે છે. એની સામે અદ્યતન કળા કોઈ પાસે અપેક્ષા રાખતી જ નથી. એને તો માત્ર કળા જ રહેવું છે. વિવેચક પણ અદ્યતન કળાકારના મતે સંમત થાય છે.**'અદ્યતન કળાએ ખોટી રીતે ફાલેલા કળા પ્રેમીઓના વર્ગને સંકોચી નાખીને વાસ્તવમાં કળા પ્રેમીઓની સંખ્યા કેટલી ઓછી છે તેનું સુખદ ભાન આપણને કરાવી આપ્યું.'**[૫૦]

વિવેચક અમાનવીય અને માનવીય વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી આપવાનો પ્રયત્ન કરે છે. પરંતુ એ વિચારણામાં અસ્પષ્ટતાઓ વરતાઈ આવે છે. એઓ મરણપથારીએ પડેલા માણસને અલગ અલગ દષ્ટિથી જોતા પત્નીનું, ચિત્રકારનું,

પત્રકારનું, ડોકટરનું નિરિક્ષણ દર્શાવી આપે છે. એમાંથી એવો ફલિતાર્થ એઓ આપે છે કે, **'આ બધી ભિન્ન ભિન્ન વાસ્તવિકતાઓમાં જીવતી જાગતી વાસ્તવિકતા છે તે વિશિષ્ટ પ્રાથમિકતા ભોગવે છે. ચિત્રકાર મૃત્યુની જીવતી જાગતી વાસ્તવિકતાને તટસ્થતાથી, નિષ્ક્રિયાતાથી જુએ છે. એને પરિણામે એ વાસ્તવિકતા 'અમાનવીય' બને છે. જે પદાર્થ, માનવીય પરિસ્થિતિને આપણે જીવીએ છીએ તેને માનવીય કહી શકાય.'**[૫૧] તો શું ચિત્રકારમાં સંવેદના જેવું કંઈ હશે જ નહિ ? સામાન્ય માણસ પણ જયારે મરણ પથારીએ પડેલા દેહને જોવે તો એનું હૃદય થોડે અંશે પણ ભીનું તો થઈ ઊઠે તો ચિત્રકાર તો ઘણા સંવેદનશીલ હોય છે તો શું એ દરેક ક્ષણે તટસ્થ રહી શકયો હશે ? આ પ્રશ્ન ઊભો રહે. વિવેચક શુદ્ધ કળાકૃતિ પ્રગટાવવા માટે માનવસંદર્ભને દૂર કરવાનું કહે છે. વિવેચકના આ મંતવ્યની સામે 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકના લેખોમાં સમાવિષ્ટ થયેલાં વિષયને મૂકીએ તો એમની વિચારણામાં આવેલું પરિવર્તન ચોકકસપણે જોઈ શકાય છે.

જયારે વિવેચક કહે છે કે **'આધુનિક કળાકારે પદાર્થને પદાર્થ તરીકે જોવાનો આગ્રહ રાખ્યો, માનવજીવનમાંથી, માનવસંદર્ભમાંથી પદાર્થોને એણે મુકિત અપાવી.'**[૫૨] બીજી બાજુ એઓ એમ કહે છે કે,' અમાનવીકરણનું તત્ત્વ આ કળાઓમાં પ્રાધાન્ય ભોગવતું હોવા છતાં બીજી રીતે, જો વિચારવા જઈએ તો કોઈ પણ કળાકૃતિ માનવ વિરુદ્ધ ન હોઈ શકે.' વિવેચકની સાહિત્યિક કળાકીય વિચારણામાં માનવ હાંસિયામાં ધકેલાઈ નથી ગયો. પરંતુ એમના પર સમકાલીન સાહિત્યિક આબોહવાનો અને સુરેશ જોષીની વિચારણાનો ઊંડો પ્રભાવ હતો. એનું પરિણામ પ્રસ્તુત લેખમાં જોવા મળે. અમાનવીકરણનું તત્ત્વ બોદલેરની રચનાઓમાં સૌપ્રથમ જોવા મળે છે એનો ઉલ્લેખ કરી માલાર્મેની પણ આ સંદર્ભે એઓ નોંધ લે છે. વિવેચકમાં જે સાહિત્યિક વિચારણા સંદર્ભે પરિવર્તન આવ્યું કે આપણે આપણા સાહિત્યને આપણાં સ્થળ-સમય સંદર્ભે તપાસવું જોઈએ. એ પરિવર્તન ઘણા વર્ષો પછી આવ્યું. કારણકે એમનો મુખ્ય અવાજ માનવતા સંદર્ભે હતો. ટૂંકમાં અમાનવીકરણ દ્વારા કલાકૃતિને વધુ કળાત્મકતા આપવાનું કર્મ

અદ્યતનો દ્વારા થયું. એમાં પણ વિવચક પાશ્ચાત્ય સર્જકોના સાહિત્યિક કાર્યને જ દર્શાવે છે. **'પ્રુસ, કાફકા, જોયૂસ જેવા નવલકથાકારોએ પણ ટેકનિક દ્વારા નવલકથાને નિર્ભેળ સાહિત્ય પ્રકાર બનાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. જૂનાં માળખાંઓનો સંદતર ત્યાગ કરીને જીવનને અવાસ્તવિક બનાવી દઈને આ સર્જકોએ નવલકથા સ્વરૂપમાં ક્રાન્તિ આણી આનો અર્થ એવો નથી કે નવા સર્જકો જે રચે છે તે બધું જ કળાત્મક હોય છે. અમાનવીકરણના ઓઠા હેઠળ પણ ઘણું બધું લખાયા કરે છે.'**[૫૩] આમ એઓ ગુજરાતી સાહિત્યને બાજુ પર રાખી પાશ્ચાત્ય સાહિત્યને કેન્દ્રમાં રાખીને જ ચર્ચા કરે છે. વિવેચકે બીજું ઉદારહણ પણ પાશ્ચાત્ય સાહિત્યનું જ આપ્યું છે. **'શોપનહાવર કે વેગ્નરના જમાનામાં કળા માનવજાતિનો ઉદ્ધાર કરવા નીકળી પડેલી. એટલે કલાકારોનું લક્ષ્ય આ પ્રયોજનની સિધ્ધિ તરફ હતું, કલાની આકૃતિ સિદ્ધ કરવા તરફ એમનું ધ્યાન ભાગ્યે જ જતું હતું. પણ માનવજાતિનો ઉધ્ધાર વાસ્તવમાં કળા કરી શકી ખરી ? જો એવું હોત તો વર્તમાન જગતનો ચહેરો મહોરો સાવ જુદો જ દેખાત'**[૫૪] ટૂંકમાં વિવેચક એટલું તો સ્વીકારે જ છે કે,કળા દ્વારા માનવજીવનનો ઉદ્ધાર શકય છે.

વિવેચક શુદ્ધકળાની તરફેણમાં છે એનું દષ્ટાંત જોઈએ. **'શુદ્ધકળા પ્રત્યેનું વલણ ઉદ્દતાઈ નહી પણ નમ્રતા સૂચવે છે. જે કળાએ માનવકરુણામાંથી મુક્તિ મેળવી લીધી છે એ કળા કશા પરિણામ વિનાની છે, બીજા કોઈ કશાય ઓઠા હેઠળએ વિકસવા માગતી નથી.'**[૫૫] વિવેચક પર પાશ્ચાત્યની સાથે સાથે સુરેશ જોષીની વિચારણાનો પ્રભાવ એવો પડયો હતો કે એમનો પોતાનો મુખ્ય અવાજ દબાઈ ગયો હતો. મુખ્ય અવાજ એમનો 'સુન્દરમ્‌ની કાવ્યભાવના', 'રૂપરચનાથી વિઘટન' પુસ્તક અને બીજા અન્ય લેખોમાં જોવા મળે. પ્રસ્તુત લેખનો આધાર ઓર્તિગા ગેસેટના 'The Dehumamization of Art' અને રોબગ્રિયેના 'Dehumanizing Nature' નો નિબંધ છે.

**'સાહિત્યની વિભાવના'** લેખમાં વિવેચક સાહિત્યની વિભાવના પરિવર્તિત થાય છે કે નથી થતી એ પ્રશ્નને પાશ્ચાત્ય ચિંતકો-વિચારકોની વિચારણાના પરિપ્રેક્ષ્યમાં ચર્ચે છે. સ્પેરશોટ, ઈ.ડી.હર્શ, ડેવનપોર્ટ, યાકોબ્સન,

રોમન ઈન્ડગાર્ડને જે ચર્ચાઓ સાહિત્યની વિભાવના સંદર્ભે કરી એની રજૂઆત સાહિત્યિક, સાંસ્કૃતિક, સામાજિક સંદર્ભમાં વિવેચક કરે છે. વિવેચકે વિવેચકના કર્તવ્યોથી પણ અવગત કરાવ્યાં છે. વિવેચક સાહિત્યની વિભાવનામાં ભાષા, માનવતાવાદી અભિગમ, સંસ્કૃતિ, સાહિત્યિકતાને મહત્ત્વ આપે છે. **'સાહિત્યની ત્રિકાલાબાધિત વ્યાખ્યા સંભવી શકતી નથી. આનો જ એક અર્થ એવો થાય છે કે દરેક જમાને સાહિત્યનો અર્થ બદલાયા કરે છે, એ અનુસાર પછી સાહિત્ય રચાવા માંડે છે. હવે સાહિત્યનો અર્થ બદલાય તેનો અર્થ જ એ કે એમાં કોઈક પ્રકારનું પરિવર્તન આવ્યું. આ પરિવર્તન લાવનારું તત્ત્વ છે. આપણો સમગ્ર સાંસ્કૃતિક સંદર્ભ'**[૫૬] સંસ્કૃતિના સંદર્ભ વગર સાહિત્યની વ્યાખ્યા સ્વીકારી ન શકાય એવો મત રોમન ઈન્ડગાર્ડન ધરાવે છે. એની પણ વિવેચકે નોંધ લીધી છે. આમ સાહિત્યની વિભાવનામાં સાહિત્યિકતાની સાથે માનવતાવાદ અને સાંસ્કૃતિકતાને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**'રસાનુભૂતિના કેટલાંક પ્રશ્નો'** લેખમાં વિવેચનના ભાવકનિષ્ઠ અભિગમની વિચારણા કેન્દ્રમાં રહી છે. વિવેચકે કૃતિ અને ભાવકનો સંબધ યુરોપમાં અને ભારતીય કાવ્યશાસ્ત્રમાં તો શરૂઆતથી જ મહત્ત્વનો બની રહ્યો છે એની નોંધનીય ચર્ચા કરી છે. કલાપી, બ.ક.ઠાકોર, ઉમાશંકર જોશી, સુન્દરમ્ જેવા સર્જકોએ કૃતિની સાથે ભાવકનું પણ મહત્ત્વ બતાવી આપ્યું છે જેની વિવેચકે સદષ્ટાંત નોંધ લીધી છે. કૃતિ સંદર્ભે ભાવકની સજ્જતા, રુચિભેદ, ભાવકની ચેતનાનો વિસ્તાર, ભાવકની રસાનુભૂતિ વગેરેની ભૂમિકા વિવેચકે સંસ્કૃત અલંકારશાસ્ત્ર અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્ર અંતર્ગત રજૂ કરી છે. વિવેચક આજ વિચારણાઓ અંગે ઊભા થતાં પ્રશ્નોને પણ તર્કબદ્ધભાષામાં સાધારરૂપ ચર્ચે છે.

ભાવકની રુચિ કેળવાયેલી હોવી જોઈએ, એ સજ્જતાવાળો હોવો જોઈએ તથા એ પૂર્વગ્રહમુકત હોય એ ખૂબ જરૂરી છે એવું તારણ પ્રસ્તુત લેખમાં વિવરણાત્મક ભાષામાં રજૂ થયેલી ચર્ચા પરથી મળે છે. **'દુનિયાભરને મુગ્ધ કરનાર 'હેમ્લેટ' ટી.એસ.એલિયટને રસાનુભવ કરાવવામાં નિષ્ફળ નીવડયું હતું. આ**

**અને આવાં દષ્ટાન્તો કહી જાય છે કે કાવ્યાનુભવની આડે સૌથી પહેલાં તો આપણું પૂર્વગ્રહયુક્ત માનસ આડે આવે છે.'**[૫૭] આજ પ્રકારનું બીજું ઉદાહરણ સુરેશ જોષીને 'દીપનિર્વાણ'દ્વારા રસાનુભૂતિ ન થઈ અને ઉમાશંકર જોશીને થઈ એનાં પાછળનું કારણ પણ દર્શાવે છે. નવલકથા અને ટૂંકીવાર્તાના સ્વરૂપ સંદર્ભે રસાનુભૂતિના પ્રશ્નને ચર્ચે છે. ફિલ્મ અને નાટકને અનુલક્ષીને પણ રસાનુભૂતિના પ્રશ્નની રસપ્રતીતિના સ્તરે ઉદાહરણ સહિત ચર્ચા રજૂ કરે છે.

ભાવકની સાથે સર્જક પાસેથી પણ તન્મયીભવનની અપેક્ષા રાખવામાં આવે છે. **'જે સંતોષનું નિરૂપણ જોઈને સંતોષ અનુભવે, શોકમાં શોક, ક્રોધમાં ક્રોધ, ભયમાં ભય.... તે આદર્શ પ્રેક્ષક.'**[૫૮] પણ પ્રેક્ષકના તન્મયીભવન પૂર્વે સર્જકનું તન્મયીભવન થવું અનિવાર્ય છે. રસપ્રતીતિના વિઘ્નોની ચર્ચા કરતી વખતે એમણે વિઘ્નોની સદષ્ટાંત ચર્ચા-વિચારણા કરી છે. રસપ્રતીતિના વિઘ્નોમાં 'સંભાવનાવિરહ', 'તાટસ્થયનો અભાવ', 'નબળી સંરચના', 'અખંડિતાનો અભાવ', 'પ્રતિભાનો અભાવ'નો સમાવેશ થાય છે. વિવેચકે ભારતીય કાવ્યશાસ્ત્ર અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના મીમાંસકોના મતોનો આધાર લઈ બંને કાવ્યશાસ્ત્રોના મીમાંસકોની વિચારણાનું થતું અનુસંધાન દર્શાવી આપીને રસપ્રતીતિના પ્રશ્નોની ચર્ચા સર્જક અને ભાવકપક્ષે કરી છે. ગુજરાતી કૃતિઓને અનુલક્ષીને રસપ્રતીતિના વિઘ્નોની ચર્ચાને વર્ણનાત્મક ભાષામાં રજૂ કરી છે. રસાનુભૂતિના પ્રશ્નો સ્થળકાળના સંદર્ભે પણ ઉદ્‌ભવી શકે છે. **'જે કૃતિઓ આપણા સ્થળકાળની હોય છે. તેમની રસાનુભૂતિમાં બીજા પ્રશ્નો નથી થતા. પરંતુ જ્યારે દૂરના સ્થળકાળની કૃતિઓ આવે છે ત્યારે પ્રશ્નો થાય છે.'**[૫૯]

વિવેચકની 'રસાનુભવ' અનુષંગેની વિચારણા પર બીજા વિચારકો પણ સંમત થશે કે, 'પશ્ચિમમાં રસાનુભવ (એસ્થેટિક એકસપીરિઅન્સ)ની ચર્ચા કરનારાં ચિન્તકો સંસ્કૃત કાવ્યચાર્યોની સમાન્તરે વિચારતા લાગશે.' પશ્ચિમનાં પ્લેટો, એરિસ્ટોટલ, ક્રૌચે, લોક, હેન્રી ડેલાકો, એલિયટ, કાન્ટ, કોલરિજ જેવા મીમાંસકો તથા ભારતીય કાવ્યશાસ્ત્રના ભરતમુનિ, આનંદવર્ધન, અભિનવગુપ્ત, કુન્તકે કરેલી રસાનુભૂતિ અંગેની ચર્ચા

વિચારણાઓને આધારે વિવેચકે 'રસાનુભૂતિ', 'રસપ્રતીતિ' અનુષંગેની વિચારણાને પ્રતિપાદિત કરી આપી છે. એમાંથી ઊભા થતાં પ્રશ્નોને પણ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં જ ચર્ચે છે. વિવેચકની વિશેષતા એ છે કે, એઓ ગુજરાતી કૃતિઓના એવા દષ્ટાન્ત લે છે જેમાંથી રસાનુભવ અનુષંગેની વિચારણા સહેલાઈથી આપણા સુધી પહોંચી શકે. આમ વિવેચકે પ્રસ્તુત લેખમાં તુલનાત્મક અભિગમ વડે રસાનુભૂતિને લગતાં પ્રશ્નોની ચર્ચા-વિચારણા ઐતિહાસિક ક્રમમાં અને પાશ્ચાત્ય તથા ગુજરાતી કૃતિઓના સંદર્ભમાં કરી છે.

**'ભાવકતાનું વ્યાકરણ'** લેખમાં વિવેચકે 'રસાનુભૂતિના કેટલાંક પ્રશ્નો'ના લેખમાં ચર્ચાયેલ વિચારણાઓને આવરી લેતાં દરેક મુદ્દા અહીં સમાવિષ્ટ કર્યાં છે. પ્રસ્તુત લેખની વિશેષતા એ છે કે, સંસ્કૃતમીમાંસકો, પાશ્ચાત્યમીમાંસકોના મતનો અર્વાચીન ગુજરાતી સાહિત્ય અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ચર્ચા-વિચારણા કરવા માટે આધાર લેવામાં આવ્યો છે. આ ચર્ચા-વિચારણા દ્વારા ભાવકલક્ષી અભિગમ અને ભાવકનું મહત્ત્વ પ્રતિપાદિત કરી આપવામાં આવ્યું છે. વિવેચકે ભાવકની સાથે કૃતિ પણ સમૃદ્ધ હોવી જોઈએ એ તરફ પણ નિર્દેશ કર્યો છે. ભાવકની રુચિ અનેક કૃતિઓ વાંચવાથી ઘડાય છે. આ વિચારણાની પૂર્તિ વિવેચકે નવલરામ પંડયા અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના વિવેચનકાર્યમાં જોવા મળતાં ભેદ દ્વારા રજૂ કરી આપી છે. વિવેચક એ વાતને સ્વીકારે છે કે, સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં ભાવકનું મહત્ત્વ સ્વીકારાયું છે પરંતુ એઓ ઉમેરે છે કે 'કામસૂત્ર' માં પણ આદર્શ ભાવકની વાત કરવામાં આવી છે. આમ એમના વિશાળ વાંચનનો પણ લાભ મળે છે. ભાવકે કૃતિની બહાર જઈને સંસ્કૃતિ, સમાજના સંદર્ભમાં પણ કૃતિને તપાસવાની છે. ઈતિહાસ પણ એમાં મહત્ત્વનો સાબિત થાય. આ વિચારણા ભાવકલક્ષી અભિગમના પુરસ્કર્તા હાન્સ રોબર્ટ યાઉસની છે. જેનાથી વિવેચક પણ સંમત છે. વિવેચકનો કૃતિને જોવાનો દષ્ટિકોણ બદલાતો જાય છે. યાઉસની વિચારણાને ગુજરાતી સાહિત્ય કૃતિના સંદર્ભમાં ચકાસવાનું વિવેચક સૂચન કરે છે. વિવેચકનો વિવેચનલક્ષી દષ્ટિકોણ વ્યાપક ભૂમિકાએ જતો જોવા મળે છે. પ્રસ્તુત લેખ માહિતીલક્ષી પદ્ધતિએ તથા તુલનાત્મક અભિગમે વર્ણનાત્મક ભાષામાં

ભાવકની રુચિ સંદર્ભેની ચર્ચા-વિચારણા માટે મહત્ત્વનો બની રહે છે. પ્રસ્તુત લેખના બીજ 'રસાનુભૂતિના કેટલાંક પ્રશ્નો' લેખમાં ચોકકસ જોવા મળે.

**સાહિત્ય સ્વરૂપકેન્દ્રી વિચારણા**

**'નવલકથામાં સ્વરૂપગત પરિવર્તનો'** લેખમાં વિવેચકે નવલકથા સ્વરૂપ વિશે જે મંતવ્યો, દલીલો, ચર્ચા-વિચારણાઓ કરી એ વિચારણાઓ, ચર્ચાઓ એમના 'નવલકથા' સ્વરૂપ પુસ્તકમાં સમાવિષ્ટ છે. ટૂંકમાં નવલકથાનું સ્વરૂપ કેવી રીતે વધુ પ્રચલિત થતું ગયું એની ચર્ચા મોટાભાગે પાશ્ચાત્ય સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. એમને આપણી ગુજરાતી નવલકથાનું સ્વરૂપ કાચું લાગે છે એની પાછળ જવાબદાર પરિબળ ગુજરાતી ગદ્યને ગણાવ્યું. જે પાશ્ચાત્ય સાહિત્યની નવલકથા ગુજરાતી નવલકથાના આરંભના સમયમાં પ્રાપ્ત થાય છે અને એ સારી નવલકથાની કક્ષામાં મૂકાય છે તો એનું કારણ એ લોકો પાસે સારું ગદ્ય હતું. જયારે આપણાં ત્યાં ગદ્યની કાયાપલટ બાકી હતી. આમ ગદ્યની સબળ પરંપરા ન હોવાને કારણે શરૂઆતમાં આપણને નવલકથા નબળી પ્રાપ્ત થાય છે. વિવેચકે સુધારકયુગથી લઈ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલકથામાં આવતાં વિષયવસ્તુ, પાત્રો, રચનારીતિ, ભાષા, યુગચેતના તથા શુદ્ધ નવલકથા અને રૂપરચનાવાદી દષ્ટિએ આંતરચેતના પ્રવાહવાળી નવલકથામાં ઉત્તરોત્તર નોંધપાત્ર કહેવાય એવા પ્રયોગોના લીધે જેટલાં પરિવર્તન નવલકથાના સ્વરૂપમાં આવ્યાં છે એની સદષ્ટાંત ચર્ચા તુલનાત્મક અને ઐતિહાસિક અભિગમ દ્વારા વર્ણનાત્મક પદ્ધતિએ રજૂ કરી છે. વિવેચકને નવલકથામાં જે જે પરિવર્તનો જોવા મળ્યાં એને નોંધ્યાં ત્યારે એમને જોવા મળતી વિશેષતા અને મર્યાદાની પણ નોંધ લીધી છે. આ લેખ ખરેખર આ સમયમાં ઘણો પ્રસ્તુત રહે, કારણ કે લેખમાં ઐતિહાસિક ક્રમમાં નવલકથામાં આવતાં પરિવર્તનોની નોંધ લીધી છે. એમાં પણ જે મુખ્ય પરિબળ નવલકથા સ્વરૂપમાં પરિવર્તન આણવા સક્ષમ બન્યું હોય એને મૂલ્યાંકનપરક ભાષામાં રજૂ કર્યું છે.

**'લોકપ્રિય નવલકથાનું સૌંદર્યશાસ્ત્ર'** લેખમાં 'લોકપ્રિય સાહિત્ય'ની સંજ્ઞા કળા અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચવામાં આવી છે. વિવેચકે આ સંજ્ઞા વિશેની સ્પષ્ટતા ગુજરાતી, ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યના સંદર્ભમાં વિશ્લેષણપરક ભાષામાં રજૂ કરી છે. પશ્ચિમની નવલકથામાં આવતાં વિષયવસ્તુ જેવું વિષયવસ્તુ આપણાં ત્યાંની નવલકથાનું નથી એનો નિર્દેશ વિવેચકે તુલનાત્મક દષ્ટિકોણ વડે રજૂ કર્યો છે. વિવેચકે ઉદાહરણ આપીને સ્પષ્ટતા કરી છે. અશ્વિની ભટ્ટ લોકપ્રિય નવલકથાકાર છે એઓ પાશ્ચાત્ય નવલકથાથી જુદી નવલકથા આપણા સમાજને ધ્યાનમાં રાખીને લખી છે. ટૂંકમાં આપણા સમય, સ્થળ, સમાજ, સંસ્કૃતિના સંદર્ભમાં નવલકથા રચાવી જોઈએ એવો સ્વીકાર તો વિવેચક કરે જ છે. પ્રસ્તુત લેખનું મુખ્ય વિચાર કેન્દ્ર બિંદુ આ રહ્યું છે કે **'તેમની કૃતિઓનું વેચાણ આટલી સંખ્યામાં થાય ખરું ? કૃતિઓ બહુસંખ્ય લોકોને આકર્ષે તે કૃતિઓનું સાહિત્યિક મૂલ્ય સામાન્ય રીતે ઓછું હશે એમ માનીને ચાલવાનાં જોખમ સ્પષ્ટ છે.'**[૬૦] બીજી બાજુ એઓ સાહિત્ય કૃતિ સંદર્ભે કહે છે કે, 'જેને આપણે સાહિત્ય કૃતિ કહીએ છીએ એમાં ભાવકને સર્જક બનવાની ફરજ પડે છે. વળી જે કૃતિ ભાવકને સક્રિય બનાવતી નથી એ કૃતિ રેઢિયાળ જ પુરવાર થાય.' વિવેચક સાહિત્યિકતાને તો સાથે રાખીને જ ચાલે છે. લોકપ્રિય કૃતિ અને સાહિત્ય કૃતિ વચ્ચે જે ભેદ છે એની મૂલ્યાંકનલક્ષી પધ્ધતિએ ચર્ચા કરી લોકપ્રિય નવલકથા સંદર્ભે માત્ર સંકેત કરી આપ્યો. વિવેચકે લોકપ્રિય નવલકથાકાર નવલકથામાં કયા પ્રકારનો સમાવેશ કરતો હોય છે એની ટૂંકમાં નોંધ લઈ ગુજરાતી લોકપ્રિય નવલકથા રચનાર અશ્વિની ભટ્ટની નવલકથા 'આશકામાંડલ' અને 'ઓથાર' વિશે તુલનાત્મક અભિગમ વડે વિવરણાત્મક ભાષામાં સદષ્ટાંતમૂલક ચર્ચાઓ કરી છે. લોકપ્રિય નવલકથાના આરંભ, મધ્ય, અંત, એનાં પાત્રો, ભાષા વગેરે વિશે પણ વિવેચકે જણાવ્યું છે. લોક-પ્રિય નવલકથા ફિલ્મક્ષેત્રે પણ ઉપયોગી નીવડી છે એનો ઉલ્લેખ કર્યો છે. લોકપ્રિય નવલકથામાં કયા કયા પ્રકારની કથાઓનો સમાવેશ થતો હતો. વિવેચકે એ દરેક પ્રકારની કથાઓનો નિર્દેશ કરી આપ્યો છે. પ્રસ્તુત લેખ ખરેખર

ઘણો પ્રસ્તુત સમકાલીન સંદર્ભમાં બની રહે. કારણકે 'લોકપ્રિય સાહિત્ય' વિશે વિવેચકે જે રીતે મૂલ્યાંકન કર્યું છે એવો લેખ ભાગ્યે જોવા મળે. વિવેચકનું વિશાળ વાચન પણ અહીં જોઈ શકાય છે. વિવેચકે ગુજરાતી, ભારતીય, પાશ્ચાત્ય લોકપ્રિય નવલકથાની ચર્ચા એમના સમયસંદર્ભમાં કરી છે. દેશના સાહિત્યની સીમિતતા જોવા મળે તો એના પાછળ જવાબદાર પરિબળનો પણ અછડતો નિર્દેશ કર્યો છે.

**'નવલકથા : કેટલાંક પ્રશ્નો'** લેખમાં નવલકથા સ્વરૂપનો ઉદ્ભવ થયો એ પાછળ કાર્યગત પરિબળો, આ સ્વરૂપ સાથે કથાસ્વરૂપોનું સામ્ય-વૈષમ્ય, સાહિત્યિક અને અસાહિત્યિક પરિબળોએ નવલકથા સ્વરૂપના ઉદ્ભવ પાછળ ભજવેલો ભાગ જેવા ત્રણ પ્રશ્નોના સંદર્ભમાં વિવેચકે સાહિત્યિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં વિગતોની નોંધ લઈ ચર્ચા-વિચારણા કરી છે. વિવેચકે નવલકથા સ્વરૂપ અંગે ચર્ચા કરવા માટે મહાકાવ્યના સ્વરૂપને અને ભારતીય તથા પાશ્ચાત્ય મહાકાવ્યની સામે નવલકથા માટે કહ્યું છે કે, પોતાની પરંપરા પોતીકા સંદર્ભમાં જ જોવી એમ કહ્યું છે. નવલકથાને મહાકાવ્યના સંદર્ભમાં તપાસવું યોગ્ય ન ગણાય એવો વિવેચકનો સૂર છે. નવલકથાના સ્વરૂપ ઘડતરમાં જેનો અમૂલ્ય ફાળો છે. એના સંદર્ભમાં જે-જે નવલકથાકારોએ 'નવલકથા' વિશે જે કહ્યું છે એની વિવેચકે સદષ્ટાંત નોંધ લીધી છે. નવલકથાનો વિષય રોજ-બરોજની જિંદગીમાંથી મળવો જોઈએ એવા નિષ્કર્ષ પર વિવેચક પહોંચે છે.

નવલકથાનું સ્વરૂપ ટ્રેજેડી અને મહાકાવ્યના સ્વરૂપ સાથે સામ્ય દર્શાવે છે. ટ્રેજેડીનું સ્વરૂપ જે સ્થાન ધરાવતું હતું એ સ્થાન નવલકથા સ્વરૂપે લઈ લીધું. વિવેચકે નાટક અને નવલકથાના, મીથ અને નવલકથા સ્વરૂપ વચ્ચે જે સામ-સામા છેડાનો ભેદ છે એને પણ દર્શાવી આપ્યો છે. કથાવાર્તાઓની પરંપરામાં અને નવલકથામાં જોવા મળતાં ઘટકતત્ત્વોની તુલના કરવાનું સૂચન વિવેચક કરે છે. નવલકથાનું સ્વરૂપ પાંગર્યું એ પાછળના પરિબળો વિવેચકે 'નવલકથા સ્વરૂપ' પુસ્તકમાં પણ દર્શાવ્યાં છે જેનું પ્રસ્તુત લેખમાં પુનરાવર્તન થયું છે. નવલકથામાં

જો સાંસ્કૃતિક પરિવેશ આવે તો શુદ્ધતા વિશે પ્રશ્નો થતાં હોય છે. પરંતુ વિવેચકે આ માન્યતા ખોટી પાડી બતાવી છે. ફ્લોબેરની ફ્રેન્ચ નવલકથા 'માદામ બોવારી'નું ઉદાહરણ આપી દર્શાવે છે. નવલકથાકારે નવલકથાના ઘટકતત્ત્વો દ્વારા શકયતાઓ પ્રગટાવવાની છે. નવલકથાકારે શું કાર્ય કરવાનું છે એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે. રચનારીતિ તો નવલકથામાં મહત્ત્વની છે જ પરંતુ એની સાથે કથયિતવ્ય પણ મહત્ત્વનું છે એની ચર્ચા વિવેચકે હેન્રી જેમ્સની વિચારણાના અનુસંધાનમાં રજૂ કરી છે. વિવેચકનો એ નિષ્કર્ષ છે કે, કથયિતવ્યનું પણ મહત્ત્વ આંકવું જોઈએ. નવ્યવિવેચનના પ્રભાવ પહેલાં અને ત્યારબાદ પ્રતીક અને ભાષા અનુષંગે જે પરિવર્તનો જોવા મળ્યાં એનો વિવેચકે નિર્દેશ કર્યો છે. લિરિક અને નવલકથાના સ્વરૂપગત લક્ષણો વચ્ચેના ભેદને રજૂ કરે છે.

નવલકથાની વિભાવના જેમાંથી ઉત્ક્રાન્ત થાય એ તરફનો નિર્દેશ, નવલકથાનું પ્રત્યક્ષ વિવેચન, સંઘટના, સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પ્રયોજાયેલી વિચારણા, નવલકથા સ્વરૂપમાં આવતાં પરિવર્તનો, પાશ્ચાત્ય નવલકથાકારોની નવલકથાનું જગત, ગુજરાતી નવલકથાકારોની નવલકથાનું જગત, સર્જકકર્મ, વિવેચકોને નવલકથાના વિવેચન સંદર્ભે સૂચન જેવા મુદ્દાઓની ચર્ચા વિવેચકે ઐતિહાસિક અભિગમ દ્વારા અને મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂ કરી છે. નવલકથાના વિવેચનમાં કયા કયા અભિગમ અનૂકુળ આવે એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે. વિવેચક આ પ્રકારની ચર્ચા દરમ્યાન એરિસ્ટોટલની ટ્રેજેડી અનુષંગેની વિચારણાનો આધાર લે છે. પ્રસ્તુત લેખમાં વિવેચકે નવલકથાને નાઈટલેમ્પમાં આરામદાયક ખુરશીમાં એક જ બેઠક પૂરી કરી શકાય એવા સ્વરૂપની કહી નથી. પરંતુ વિવેચકે નવલકથા સ્વરૂપને ગંભીર, સભાનતાપૂર્વકના સ્વરૂપ તરીકે સ્વીકાર્યુ છે. વિવેચક પોતે જ કબૂલે છે કે **'આ સ્વરૂપની ગંભીરતાથી ચર્ચા કરનારા બહુ થોડા છે.'**[૬૧] આ વિચારણામાં પોતે પણ આવે, કારણ કે 'નવલકથા સ્વરૂપ' પુસ્તકમાં વિવેચકે નવલકથા સ્વરૂપને ગંભીર માન્યું જ નથી એની ગણના મનોરંજનક્ષેત્રે જ કરી છે. વીસમી સદીમાં નવલકથા સ્વરૂપ વધું વિકસ્યું એનો નિર્દેશ કરી

વિવેચકે નવલકથાના સ્વરૂપ પાસે અપેક્ષા રાખી છે. નવલકથાકાર નવલકથામાં જે શકયતાઓ પ્રગટાવે છે એને વિવેચકે બિરદાવી છે. નવલકથાકારને નીચો આણવો એ એમને યોગ્ય લાગતું નથી. વિવેચક નવલકથાની, એના સ્વરૂપની ચર્ચાના અનુસંધાનમાં ફિલ્મ અને લોકપ્રિય નવલકથા, તથા ભારતના સીમાડા વટાવે એવા મુદ્દાને વિશ્લેષણાત્મક ભાષામાં ચર્ચે છે. વિવેચકનો નવલકથા સ્વરૂપને જોવાનો દષ્ટિકોણ 'નવલકથા' સ્વરૂપ પુસ્તકમાં જુદો રહ્યો છે. જયારે પ્રસ્તુત લેખમાં એઓ નવલકથાને ગંભીર સ્વરૂપ તરીકે સ્વીકારે છે. વિવેચકે નવલકથા સ્વરૂપની ચર્ચા, એને લગતાં અમુક પ્રશ્નોની ચર્ચા પૌરાણિક કાળના મહાકાવ્યોથી લઈને આધુનિક સાહિત્યની નવલકથાના સંદર્ભમાં કરી છે. વિવેચક જેટલાં પણ પ્રશ્નો કરે છે એને તર્કબદ્ધ ભાષામાં સાધારરૂપ ચર્ચે છે. વિવેચકના દષ્ટિબિંદુમાં પરિવર્તન આવતું જોવા મળે છે.

**સર્જકકેન્દ્રી વિચારણા**

**'એઝરા પાઉંડ'** લેખમાં વિવેચકે એઝરા પાઉંડના સર્જક વ્યકિતત્વનો પરિચય કરાવવા માટે જી.એસ. ફ્રેઝરે પાઉંડ વિશે લખેલાં પુસ્તકનો આધાર લીધો છે. બીજી બાજુ વિવેચક શિરીષ પંચાલ એઝરા પાઉંડના સર્જક વ્યકિતત્વને એલિયટ અને 'યુલિસિસ'ના સંદર્ભે ઉપસાવી આપે છે. પાઉંડ કાવ્યને તપાસતી વખતે જે વલણ ધરાવતાં હતાં તે તરફ નિર્દેશ કરી વિવેચકે સર્જક અને વિવેચકનો ધર્મ શું હોય છે એ વાતને મૂકી આપી છે. વિવેચકે પાઉંડના સર્જક વ્યકિતત્વની નોંધ, પાઉંડે બીજા સર્જકોની પ્રતિભાને પ્રકાશમાં આણી, પાઉંડની સર્જનાત્મકલક્ષી વિચારણા, સર્જકની પ્રતિબદ્ધતા વિશેની નોંધ પરિચયાત્મક ભાષામાં રજૂ કરી છે. એમણે સર્જકલક્ષી અભિગમને અપનાવી પાઉંડની સર્જકલક્ષી વિભાવનાને ઉપસાવી આપી છે. પાઉંડનુ make it new અંગેનું વલણ ઘણું પ્રભાવક રહ્યું છે. પાઉંડ અનુવાદ કરતી વખતે make it new ને ઘ્યાનમાં રાખે છે એમાં વિવચેકને કોઈ

મર્યાદા જોવા મળતી નથી. પાઉંડના અંગત વ્યકિતત્વની પણ વિવેચકે તત્કાલીન સમય-સંદર્ભમાં નોંધ લીધી છે. સર્જક તરીકેની શું જવાબદારી હોય છે પાઉંડ એને સમજે છે એની ચર્ચા વિવેચકે સકારણ રજૂ કરી આપી છે. 'યુલિસિસ'નો પ્રચાર કરવામાં પાઉન્ડે જે જહેમત લીધી છે એની પણ નોંધ વિવેચક લે છે. ટેકનિક, સર્જન, ભાષા, વસ્તુવિષયક પાઉન્ડની વિચારણા અને વિભાવનામૂલક ચર્ચાને વિવેચકે ટૂંકમાં સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કર્યા છે. પાઉંડે જે જે વર્ષે જે સાહિત્યિક કાર્યો કર્યા છે એની વર્ષવાર નોંધ લીધી છે. પાઉંડનું વ્યકિતત્વ નિર્ભીકપણે જે કાર્ય પાર પાડતું એની પણ ટૂંકમાં રજૂઆત વિવેચક કરે છે. વિવેચકનો અભિગમ સંપૂર્ણપણે સર્જકલક્ષી અને તુલનાત્મક રહ્યો છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ છે. વિવેચક તત્કાલીન સમયને કેન્દ્રમાં રાખીને પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરે છે.

**'ઝયાં જેનેની સૃષ્ટિમાં'** લેખમાં જેનેની કૃતિઓના અનુસંધાનમાં સર્જક પ્રતિભા, એમની સર્જકતા, એમનું કાર્યક્ષેત્ર, બીજા સર્જકોથી જુદું પડતુ એમનું સર્જન, એમની પાત્રાલેખન શૈલીનો મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ તુલનાત્મક અને સર્જકલક્ષી અભિગમને કેન્દ્રમાં રાખીને વિવરણાત્મક ભાષામાં પરિચય આપ્યો છે. જેનેનું વ્યકિતત્વ કૃતિઓ દ્વારા પ્રગટ થાય છે. એને વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ઉપસાવી આપ્યું છે. ઝયાં જેનેના સર્જનમાં વર્તમાન વાસ્તવિકતાઓની સમસ્યા કેન્દ્રમાં છે. 'અવર લેડી ઓવ ધ ફલાવર્સ' 'ડેથ વોચ', 'The maids', 'the Balcony', 'ધ બ્લેક', 'ધ સ્ક્રીન્સ' કૃતિઓમા આવતાં વિષયવસ્તુ, પાત્ર, શૈલી, ભાષાને કેન્દ્રમાં રાખી સબળ પાસાંઓની ચર્ચા કરી છે. વિવેચક જયાં મર્યાદા જોવે છે ત્યાં નિર્ભીકપણે એનું સૂચન કરે છે.

જેનેની કૃતિમાં આવતાં પાત્રો કપોળકલ્પિતતાનું પરિણામ છે. જેનેની સજાતીય સંબધો વિશેની વિચારણા, એ દિશા તરફ વળવું એની પણ વિવેચકે નોંધ લીધી છે. જેનેનું સર્જન આરંભના સમયમાં એબ્સર્ડ પરંપરા તરફ જાય છે તથા પરંપરાથી વિમુખ પણ જણાય છે. એ બાબતની નોંધ વિવેચકે તર્કબદ્ધ ભાષામાં રજૂ કરી છે. જીવનની કર્દયતા અને મલિનતાને જોવા માટે નવી દષ્ટિ

જેને આપે છે તથા જેનેનું થિયેટરક્ષેત્રે જે યોગદાન છે એની પણ ચર્ચા વિવેચકે સાહિત્યિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. ઝયાં જેને જે ચિત્તની અવસ્થાઓ, પરિસ્થિતિ, ઘટના, મનોમંથનોમાંથી પસાર થયાં છે એનું ટૂંકમાં વિવરણ કરે છે. જેનેની રચનાઓને જોવા માટે વિવેચકે માર્ગ બતાવ્યો છે. જેનેની નવલકથા સફળ કેમ થઈ એનું સદષ્ટાંત મૂલ્યાંકન કર્યું છે. નાટકો પણ સારાં છે છતાં એમાં જે મર્યાદા જોવા મળે છે એનો પણ વિવેચકે ઉલ્લેખ કર્યો છે.વિવેચક લેખના અંતે નોંધ છે કે, જેનેની અમુક વિચારણા વૈયક્તિક લાગે તથા કલાત્મકતાના પણ પ્રશ્નો છે. પરંતુ જેનેનું સર્જન મહત્ત્વનું વિવેચકને પ્રતીતિ થાય છે. જેને નવી દષ્ટિ આપે છે એની નોંધ લે છે. જેને વાસ્તવિકતાને મહત્ત્વ આપે છે. એમાં પણ વર્તમાન વાસ્તવિકતાની સમસ્યાને વાચા એમના નાટકોમાં મળી છે. એની વિવેચકે મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ નોંધ લીધી છે. જેનેની સર્જન સૃષ્ટિ જુદી પડે છે એની વાત પણ મૂકી આપે છે.

**'સુન્દરમ્‌ની કાવ્યભાવના'** પ્રસ્તુત લેખથી વિવેચકની વિવેચનામાં સ્થિત્યંત્તર આવે છે. રૂપરચનાવાદનાં ગૃહીતો સૌ પ્રથમ સુન્દરમ્‌માં જોવા મળ્યાં છે અને એની ઉપપત્તિ પણ એમની કાવ્યભાવનામાં જોઈ શકાય છે એવું પ્રતિપાદન વિવેચકે સુન્દરમના 'અર્વાચીન કવિતા' વિવેચન ગ્રંથને કેન્દ્રમાં રાખીને કર્યુ છે. 'અર્વાચીન કવિતા' વિવેચન ગ્રંથમાંથી કેવી કાવ્યવિભાવના પ્રગટે છે એ પ્રશ્નને તથા કયા પ્રકારની કાવ્યવિભાવનાને કેન્દ્રમાં રાખીને આ ઈતિહાસ લખવામાં આવ્યો છે એ પ્રશ્નની તપાસ કોઈએ કરી નહોતી. વિવેચકે આ કામ હાથમાં લઈ સુન્દરમ્‌ની કાવ્યભાવનાનું ઘડતર, એમના પર પડેલાં પ્રભાવની નોંધ પૂર્વ અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના સંદર્ભમાં લીધી છે. વિવેચકે રૂપરચનાવાદની વિભાવનામૂલક ચર્ચા સુન્દરમ્‌ની કાવ્યભાવના અંતર્ગત રજૂ કરી છે. વિવેચકે સુન્દરમ્‌ના રૂપરચના તરફી અવતરણો ટાંકયા છે અને મૂલ્યાંકનલક્ષી ચર્ચા કરી છે. સુન્દરમ્‌ની કાવ્યભાવના રૂપરચનાવાદ એવા શબ્દનો વિનિયોગ કર્યા વગર કૃતિનિષ્ઠ અભિગમને પુરસ્કારે છે. સુન્દરમ્‌ને ચિંતન સામે વાધો છે એની નોંધ વિવેચક લે છે.

રસના પર્યાયરૂપે રૂપરચનાવાદનો પુરસ્કાર સુન્દરમ્ કરે છે.**'કાવ્યની ચરિતાર્થતા છે રસરૂપે પરિપાક પામવામાં.'**[52] સુન્દરમ્ કાવ્યમાં 'લાગણીને' વધુ મહત્ત્વ આપતાં નથી એવા નિષ્કર્ષ પર વિવેચક પહોંચે છે એની સદષ્ટાંત ચર્ચા પણ આપી છે. મોનરો બિઅર્ડઝલી અને વિલિયમ્સ વિમ્સાટના લેખમાં સમાવિષ્ટ થયેલી વિચારણાનું સામ્ય સુન્દરમ્‌ની કાવ્યભાવના સાથે વિવેચક 'પ્રભાવ'ના અનુષંગે ચર્ચે છે. રૂપરચનાવાદ પશ્ચિમનું અનુકરણ છે, એવા આપેક્ષનો ઉત્તર સુન્દરમ્‌ની કાવ્યભાવનામાંથી મળી રહે. વિવેચક ઉમેરે છે કે, સંસ્કૃત કાવ્યમીમાંસામા પણ રૂપરચનાવાદનો પુરસ્કાર છે. વિવેચક આ વિચારની પૂર્તિ માટે સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણીનું સમર્થન લે છે. વિવેચક સુન્દરમ્‌ના 'ભાષા' અંગેના ખ્યાલને પણ ચર્ચે છે. છંદ, અલંકાર, અર્થ, લય જેવી વર્ણરચનાથી વ્યવહારની ભાષા કાવ્યભાષાથી જુદી પડે છે. છતાં એઓ છંદને કળાની સિદ્ધિ ગણતા નથી. આમ વિવેચકે સુન્દરમ્‌ની કાવ્યભાવના અંગેના દરેક પાસાંને મૂલ્યાકનલક્ષી પદ્ધતિએ ચર્ચે છે. સુન્દરમ્ 'કાવ્યબાની' વિષયને સંકુલ માને છે. એમના મતે બાની સાથે કવિના વ્યકિતત્વનો અને યુગચેતનાનો સંબંધ બાંધી શકાય છે. વિવેચકે આપણા ગુજરાતી સાહિત્ય વિવેચનના ઈતિહાસ સંદર્ભે બાનીના અભ્યાસ અનુષંગે અસંતોષ દાખવ્યો છે. ભવિષ્યમાં આ વિષય પર કામ થાય એની આશા સેવી છે. 'ભાષા' અંગે કવિએ શું તકેદારી રાખવી જોઈએ એની વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરી છે. સંસ્કૃત કાવ્યમીમાંસા અંતર્ગત વિવેચકે સુન્દરમ્‌ની અલંકાર, છંદ, પ્રેરણાની વિભાવનામૂલક નોંધ લીધી છે. સુન્દરમે 'જીવનદશર્ન' સંજ્ઞા અંગે કરેલી ચર્ચા સંદર્ભે સુરેશ જોષીના મતનો આધાર લઈ વિવેચકે મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂઆત કરી છે. 'અનુભૂતિ' અને 'અભિવ્યકિત'ની ચર્ચા પાશ્ચાત્યસાહિત્યિકારોના મંતવ્યોના અનુસંધાનમાં રજૂ કરી છે. સુન્દરમ્ 'પરંપરા'ને વધુ મહત્ત્વ આપે છે. સુન્દરમ્‌ના પરંપરા વિષયક મતોની નોંધ પણ વિવેચક લે છે. સુન્દરમ્ નર્મદથી લઈ આધુનિક કવિઓની મર્યાદા દર્શાવી છે એની નોંધ પણ વિવેચકે હકારાત્મક દષ્ટિકોણ રૂપે જ લીધી છે. સુન્દરમની કાવ્યભાવના 'ગીત' નામના લેખમાં જોઈ શકાય છે. એમની

કાવ્યભાવનાનું ઘડતર ઉત્તમ કૃતિઓથી થયું હોવાના લીધે એઓ આધ્યાત્મિક કવિતામાં જોવા મળતી બજારુંતાને પણ સહન નથી કરતા. આ એમની વિશેષતા કહી શકાય. સુન્દરમ્‌ની કાવ્યભાવનાની પ્રસ્તુતતા ઘણી જ છે. એવો એમનો નક્કર સૂર લેખના અંતની ચર્ચામાંથી પ્રાપ્ત થાય છે. સુન્દરમ્‌ની કાવ્યભાવના જે સમયમાં આ પ્રકારના લેખ લખાયા હતા એ સમયમાં પ્રાપ્ત થઈ શકી હોત તો આજની આપણી સાહિત્યિક ભૂમિકાનું દૃશ્ય જુદું હોત. આમ વિવેચક સુન્દરમ્‌ની કાવ્યભાવના ગુજરાતી સાહિત્ય વિવેચનનું રૂપ પરિવર્તન કરવા માટે સક્ષમ હતી. વિવેચકની સુન્દરમ્‌ના વિવેચનકાર્યને પ્રકાશમાં આણવાની દૃઢતા પ્રસ્તુત લેખમાં જોઈ શકાય છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે.

**'ડેવિડલોજ અને સાહિત્યની વ્યાખ્યા'**, લેખમાં વિવેચકે 'સાહિત્ય'ની વ્યાખ્યા અંગે ઊભા થતાં પ્રશ્નોની ચર્ચા ટૂંકમાં કરી છે. સાહિત્યની વ્યાખ્યા કરવી એ મારા મતે તો શકય જ નથી. ડેવિડલોજે 'સાહિત્ય'ની સંજ્ઞા અનુષંગે જે સામાયિક અંક વાંચી ચર્ચા ચલાવી છે એની મુદ્દાસર અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં નોંધ વિવેચકે લીધી છે. તોદોરોવ સાહિત્યની વ્યાખ્યાના બે પ્રકાર કરે છે. પહેલાં પ્રકારની વ્યાખ્યા પ્રમાણે 'અનુકરણના હેતુ માટે' અથવા બીજી 'ફિકશન' ઉપજાવવા માટે પ્રયોજાતી ભાષા' એટલે સાહિત્ય'. વિવેચકે આ વ્યાખ્યાના અનુસંધાનમાં ભરત અને જગન્નનાથ સાથે એરિસ્ટોટલની વ્યાખ્યાઓની પણ તુલ્યભાવે ચર્ચા રજૂ કરી છે. આ બે વ્યાખ્યાના આધારે જ લેખમાં વિવેચકે બીજા વિચારકોના અનુસંધાનમાં મૂલ્યાંકનલક્ષી પરિચય આપ્યો છે.

'સાહિત્ય'ની વ્યાખ્યા અનુષંગે સાહિત્યિક ઉક્તિમાં વિચિત્રીકરણ, સંવાદિતા, સાહિત્યિક ઉક્તિ, અસાહિત્યિક, અર્થઘટન જેવી વિભાવનાઓની સંસ્કૃત અને પાશ્ચાત્યમીમાંસા અંતર્ગત ચર્ચા રજૂ કરી છે. રોલાંબાર્થ, મુકારોવસ્કી, યાકોબ્સન, તોદોરોવ, હસન જેવાં સાહિત્યિકારો-વિચારકોના મતે સાહિત્યનું વિભાગીકરણ શકય છે કે નથી ? એ અનુષંગેની ચર્ચા વિવેચકે ડેવિડલોજના મંતવ્યો અંતર્ગત રજૂ કરી છે. જે કૃતિ સાહિત્યિકૃતિ છે એ વાચકને ગમે કે ન ગમે એ સાહિત્યિકૃતિ જ રહેશે. પરંતુ ઈતિહાસ

અને ફિલસૂફીની ગણતરી સાહિત્યમાં ભાવકના આધારે થાય છે. આ મંતવ્ય તોદોરવનું છે જેનું મૂલ્યાંકન વિવેચકે પાશ્ચાત્ય અને ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં કર્યું છે. લોજના મંતવ્ય મુજબ સાહિત્યિકૃતિને વાંચવી હોય તો fiction તરીકે વાંચવી. ડેવિડલોજ આ મતનો સ્વીકાર કરે છે. સાહિત્ય કૃતિમાંથી ઉકિતમાં કશું બાદ ન થવું એ fictionality સૂચવે છે. અહીં નવલરામ તરત જ સ્મરણમાં આવે. 'સાહિત્ય'ની વ્યાખ્યા કરવી શકય નથી. 'સાહિત્ય' સંજ્ઞા-વિભાવના વ્યકિતએ વ્યકિતએ જુદી હોય છે. વિવેચકનો આ લેખ સંદિગ્ધ રહ્યો છે. પ્રસ્તુત લેખમાં વિચારોની સૂત્રતામાં ખામી જોવા મળે છે. ભાષાની દષ્ટિએ પણ સંદિગ્ધ રહ્યો છે.

**'કિશોર જાદવની વાર્તાકળા'** વિવેચકનો મુખ્ય અભિગમ સર્જકની કૃતિઓ દ્વારા એમની વાર્તાકળાને ઉજાગર કરી આપવાનો રહ્યો છે. આ વાર્તાકારનું સર્જન, એમની શૈલી, ભાષાકર્મ, પ્રયોગ, ટ્રેકનિક વગેરે લાક્ષણિકતાઓની ચર્ચા નવલકથા, વાર્તાસંગ્રહ અને ટૂંકીવાર્તાના અનુસંધાનમાં વિવેચકે મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂ કરી છે. કિશોર જાદવની કૃતિઓ વિશેનાં મૂલ્યાંકનો-ચર્ચાઓ અને એમની વાર્તામાં જોવા મળતી એકવિધતાની વિવેચકે તર્કબદ્ધ ભાષામાં રજૂઆત કરી છે. વિવેચકે વાર્તાકારની વાર્તામાં આવતાં વિષયો અનુષંગે કે એ પાશ્ચાત્ય સાહિત્યનું અનુકરણ છે. વિવેચકે નોંધ્યુ છે કે, એકલતા, હતાશા અસ્તિત્વહીનતા, શૂન્યતા જેવા વિષયોનું અનુકરણ કર્યું છે એવો આરોપ કરી શકાય. પરંતુ કિશોર જાદવ તો સુરેશ જોષીથી પ્રભાવિત છે એ વાત વિવેચકે કરી છે તો શું સુરેશ જોષી પર આવો આરોપ કરી શકાય ? કે એમણે પણ પાશ્ચાત્ય સાહિત્યનું 'અનુકરણ' કર્યું છે એ સંદર્ભે વિવેચક એવો આરોપ કરી શકે ખરા ? કારણ કે કિશોર જાદવ પર પણ આરોપ કરી શકાય એની સંભાવના જ દર્શાવી છે. એઓ નિષ્કર્ષ પર જતા નથી. કિશોર જાદવની વાર્તાઓની તપાસ કૃતિલક્ષી અભિગમે જ વિવેચકે કરી છે. વિવેચકે વાર્તાના વિષય સંદર્ભે અનુકરણ વિશેનો મત દર્શાવ્યો તો બીજી બાજુ એમનો મત એવો છે કે હતાશા, વિષાદ, અસ્તિત્ત્વહીનતા આપણા યુગની વિશિષ્ટ નીપજ છે. **'અત્યાર સુધી જે જે માળખાઓનું, પરંપરાઓનું વર્ચસ્ હતું તેને ઉશેટી**

**દેવામાં આવ્યા છે એમ કહેવાને બદલે આપણે એમ કહેવું જોઈએ કે બીજી કોઈ દિશાએ જવા માટે આ સર્જક હાલ પૂરતાં એ માળખાંઓનો ઉપયોગ મોકૂફ રાખ્યો છે.'**[૬૩] હવે, આ પ્રકારના વિવેચકનાં નિરીક્ષણ માટે શું કહેવું ? વિવેચકે કિશોર જાદવની અમુક પસંદ કરેલી વાર્તાઓનું મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ અવલોકન રજૂ કર્યું છે. એ વાર્તાઓના મૂલ્યાંકનમાં વિવેચકે વિષયવસ્તુ, ભાષા, પ્રયોગ, પાત્રોના અનુસંધાનમાં સંપૂણપણે કૃતિનિષ્ઠ અભિગમ અપનાવ્યો છે. વાર્તામાં કપોળકલ્પિતતાનો વિનિયોગ, વાસ્તવિકતાને રજૂ કરવાની શૈલી, વાર્તામાં આવતી ભાષા, ગદ્ય, કલ્પનને પણ વિવેચકે મૂલવ્યાં છે. ભાષાશૈલીની દષ્ટિએ 'પોલાણનાં પંખી' અને 'હિપોપોટેમસના ખેલ' વાર્તાને નોંધપાત્ર માની છે. બંને વાર્તાની સૃષ્ટિનું અવલોકન તુલનાત્મક દષ્ટિકોણ વડે રજૂ કર્યું છે. દુર્બોધતાનો વિનિયોગ વાર્તાકાર કરે છે એ બાબતે વિવેચકને વાંધો નથી. એ પાછળનું કારણ 'દુર્બોધશૈલીનું' મૂળ ભાવકની જીવંતતાને યથાવત રાખવાનું રહ્યું છે. આમ વિવેચકે કિશોર જાદવની વાર્તાકળાની વિશેષતા મર્યાદાને નોંધી છે.

**'ઈવ બોનફવાં એક પરિચય'** ઈવ બોનફવાંનો પરિચય, એમના પ્રગટ થયેલાં પ્રથમ અને અન્ય કાવ્યસંગ્રહ, એમના કાવ્યસંગ્રહના થયેલા અનુવાદો, એમના પર પડેલા બ્રેંતોના પ્રભાવ, બીજા સામયિકો દ્વારા ઈનામની પ્રાપ્તિ, બીજા સામયિક દ્વારા વિશેષાંક બહાર પાડવામાં આવેલ, એમનું પોતાનું સામાયિક આ બધાં વિશે વિવેચકે ટૂંકમાં પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરી છે. એમના સર્જક વ્યકિતત્વનું ઘડતર તથા સાહિત્ય તરફ જવાની દિશા પ્રાપ્ત થઈ એની પણ વિવેચકે નોંધ લીધી છે. 'કવિતા' અનુષંગે ઈવ બોનફવાં જે વિભાવના ધરાવે છે એનો નિર્દેશ કર્યો છે. ઈવ બોનફવાં 'કવિતા' દ્વારા માનવીય સંપર્કની પ્રાપ્તિ થવી એવો એમનો સૂર છે એની પણ નોંધ લે છે. 'Critics English and french : And the distance between them' લેખને આધારે વિવેચકે ઈવ બોનફવાંનું સારા વિવેચકમાં સ્થાન છે એમ ઐતિહાસિક કાર્યને લીધે કહ્યું. 'વિશ્વસાહિત્ય'ની વિભાવનામૂલક ચર્ચા વિવેચકે ઈવ બોનફવાંના સંદર્ભમાં આપી છે. ફ્રેન્ચનું સાહિત્યિક વાતાવરણ તત્કાલીન સમયમાં જે પ્રકારનું રહ્યું છે એની ચર્ચા

સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. ઈવ બોનફવાં ચૈતન્યલક્ષી અભિગમને પુરસ્કારે છે એવું નિરીક્ષણ વિવેચકે ઈવ બોનફવાંના કૃતિને જોવાના અભિગમ પરથી આપ્યું છે. નવ્યવિવેચન અને ફ્રેન્ચ વિવેચન એકબીજાના પૂરક બનવાં જોઈએ એવો મત ધરાવે છે. બોનફવાં માનવતાવાદના પુરસ્કર્તા છે એની નોંધ વિવેચકે લીધી છે. 'True Name', 'The watches', 'બ્યુટી' નામના ઈવ બોનફવાંના કાવ્યોનો આસ્વાદાત્મક પરિચય કરાવ્યો છે. વિવેચકનો સંપૂર્ણપણે સર્જનલક્ષી અભિગમ રહ્યો છે. બોનફવાંના કાવ્યો દ્વારા એમની વિશિષ્ટ સર્જકપ્રતિભા દર્શાવી આપી છે.

**ગોવર્ધનરામ ત્રિપાઠી અને 'સરસ્વતીચન્દ્ર'** લેખમાં વિવેચકનાં 'સરસ્વતીચન્દ્ર' નવલકથા વિશેના મંતવ્યોમાં પરિવર્તન જોવા મળે છે. કારણકે સીત્તેરના દાયકામાં વિવેચકનું વિવેચન જુદાં સ્વરૂપે હતું. હવે એમના વિવેચનમાં સ્થિત્યંત્તર જોવા મળે છે એનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. 'સરસ્વતીચન્દ્ર' નવલકથા પહેલાંનો ગુજરાતી નવલકથાનો ઈતિહાસ અને ગદ્ય વિશે ટૂંકમાં ચર્ચા કરે છે. ગોવર્ધનરામ આ નવલકથામાં જે ચિંતન, ઈતિહાસ તથા પાશ્ચાત્ય સાહિત્ય તરફ જાય છે અને એમાનાં અમુક અવતરણો ટાંકે છે એનાં અનુસંધાનમાં ગોવર્ધનરામની સર્જકપ્રતિભાનો પરિચય કરાવ્યો છે. વિવેચકે ગોવર્ધનરામ માટે નોંધ્યું છે કે, એઓ જાણતાં હતાં કે વધારાનું વસ્તુ નવલકથામાં નિરૂપવામાં આવતાં નવલકથાને હાનિ પહોંચશે. પરંતુ એઓ આ વિષય પરત્વે ચિંતા કર્યા વગર જે છે એમની પાસે એ રજૂ કરે છે. આ પ્રકારનું વિધાન કંઈ રીતે થઇ શકે એમ છે? આમ વિવેચકે એમના વ્યકિતત્વના પાસાંને ઉજાગર કરી આપવાનો પ્રયાસ કર્યો છે.

પુરોગામી નવલકથાની પણ ટૂંકમાં નોંધ લીધી છે. વિવેચકે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાનો સમય જણાવ્યો છે. એમણે ગોવર્ધનરામની 'સરસ્વતીચન્દ્ર' નવલકથા વિશેની ભૂમિકાને પણ દર્શાવી આપી છે. આ નવલકથામાં જે જોવા મળ્યું એ ગોવર્ધનરામની ચેતનાને આભારી છે. ગોવર્ધનરામે નવલકથાના પરિમાણને જયાં સંકુલ બનાવવાનું હોય ત્યાં બનાવવામાં રચનારીતિનો સારો વિનિયોગ કર્યો છે એની નોંધ વિવેચકે લીધી છે.

સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીની બાબતમાં ગોવર્ધનરામનું દર્શન સફળ બન્યું છે એ તરફ નિર્દેશ કર્યો છે. આ પ્રકારની એમની વિચારણા પર પુરોગામીઓનો પ્રભાવ છે. ગોવર્ધનરામે સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક પ્રશ્નોને વાચા આપી છે એનું નિરીક્ષણ વિવેચકે તુલનાત્મક દષ્ટિકોણ વડે કર્યું છે. વિવેચકનો અભિગમ કૃતિલક્ષી અને સર્જકલક્ષીની સાથે તુલનાત્મક રહ્યો છે. 'સરસ્વતીચન્દ્ર' નવલકથામાં પાત્રાલેખન અનુષંગે જે મર્યાદાઓ જોઈ એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે. જયાં વિશેષતા જોવા મળી એની પણ સદષ્ટાંત રજૂઆત કરી છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે 'સરસ્વતીચન્દ્ર' કૃતિની સાથે ગોવર્ધનરામની સર્જકપ્રતિભાનું વર્ણનાત્મક નિરૂપણ રજૂ કર્યું છે. વિવેચકે મુખ્ય અને ગૌણ પાત્રોના કાર્યોની ટૂંકમાં મહત્ત્વની નોંધ લીધી છે.

**'સ્વામી આનંદનું જીવનદર્શન'** લેખમાં સ્વામી આનંદનું ઘડતર, એમનો સ્વભાવ, એમની ભાષા, એમનો માનવ અને પ્રકૃતિ પ્રેમ વિશેનો પરિચય વિવેચકે વિવરણાત્મક ભાષામાં આપ્યો છે. આધુનિકતા પ્રત્યેનો દોષ, રુચિની ઉદારતા, પંરંપરા પ્રત્યેનો અનુરાગ, સનાતનતા, શાશ્વતતાનાં મૂલ્યો વિશે સ્વામી આનંદનાં જે મંતવ્યો છે એને વિવેચકે વર્તમાન સમયસંદર્ભમાં પણ મૂલવ્યાં છે. દલિતપ્રજાની સ્થિતિ, સામાન્ય માનવીના કાર્યો વગેરે વિશે સ્વામી આનંદની જે પ્રતિક્રિયા છે એની પણ ચર્ચા કરી છે. ગાંધીજીના કાર્યો પર સ્વામી આનંદે વિવેક શકિતનો વિનિયોગ કરી પુર્નવિચાર કર્યો છે જેની પણ વિવેચકે નોંધ લીધી છે. સ્વામી આનંદના જીવનદર્શનમાં આંતર વિરોધો છે. પરંતુ કયાંક શ્રદ્ધા છે એવા નિષ્કર્ષ પર વિવેચક પહોંચે છે.

વિવેચકે સ્વામી આનંદના જીવનદર્શન અંતર્ગત સ્વામી આનંદની રુચિનો પણ પરિચય સાહિત્યિક સંદર્ભમાં આપ્યો છે. વિવેચકે વર્ણનાત્મક ભાષામાં ચર્ચા વિચારણાને રજૂ કરી છે.

**'જયન્ત પારેખ : સમૃદ્ધ સાહિત્યિક વ્યકિતત્વ'** લેખમાં જયન્ત પારેખના અવસાન બાદ એમનાં સર્જક અને અંતગ વ્યકિતત્વ વિશે ટૂંકમાં પરિચય આપ્યો છે.

જયન્ત પારેખે સુરેશ જોષીના સાહિત્યિક વ્યકિતત્વને ઘડવામાં મોટો ફાળો આપ્યો હતો એની વિવેચકે ટૂંકમાં નોંધ લીધી છે. એમની સાહિત્યિક રુચિ, એમનો વિશેષ રસ નાટય સ્વરૂપમાં, એમનાં દ્વારા થયેલા નાટય રૂપાંતરોની ભજવણી, એબ્સર્ડ નાટકોની સૂઝ, અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ, ગુજરાતીમાંથી અંગ્રેજીમાં થતાં અનુવાદોની ત્રુટિઓ નિસંકોચપણે શિબિરોમાં ચર્ચવી, 'રૂમ નંબર ૯' નાટકને પ્રગટ કરવામાં વધુ સમય વીતાવ્યો, એમની પ્રતિભા અસાધારણ હોવા છતાં સાહિત્યિકક્ષેત્રે અક્ષરદેહે ઓછું પ્રદાન જેવી બાબતોની વિવેચકે સાહિત્યિક, સામાજિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરી એની પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરી. વિવેચકે જયન્ત પારેખ સાથેના વડોદરામાં અને મુંબઈમાં એમને થયેલાં અનુભવોનું નિસંકોચપણે વર્ણન કર્યું છે. વિવેચક આ અનુભવને દર્શાવતાં વધુ ખીલે છે. જયન્ત પારેખનું અનુવાદક્ષેત્રે મહત્ત્વનું યોગદાન છે એની નોંધ વિવેચકે નવલકથા કે અન્ય કૃતિના નામોલ્લેખ સાથે લીધીછે. એમને આધુનિક સર્જકોની ભાષા કૃત્રિમ લાગતી એ તરફ પણ વિવેચકે ઉદાહરણસહ વાતને મૂકી આપી છે. રૂપરચનાવાદને લઈને સુરેશ જોષી, જયન્ત પારેખ અને શિરીષ પંચાલ વચ્ચે થતી ચર્ચાનું પણ નિરૂપણ કર્યું છે. વિવેચકે રૂપરચના, એના વ્યાપાર, એના મૂલ્યની ચર્ચા સાહિત્યિક સંદર્ભમાં રજૂ કરી છે. જયન્ત પારેખ સ્વભાવે હસમુખ અને મળતાવડાં હતાં એવો નિષ્કર્ષ વિવેચકના પ્રસ્તુત લેખમાંથી પસાર થતાં મળે. વિવેચકે અફસોસ વ્યકત કર્યો છે કે જયન્ત પારેખનું સાહિત્યિક લખાણ ઓછું છે. વિવેચક સ્પષ્ટપણે માને છે કે એઓની પ્રતિભા અસાધારણ હતી જેનો પરિચય આવનારી પેઢીને ન થયો.

વિવેચક અહીં જયારે જયન્ત પારેખનો પરિચય આપે છે ત્યારે એવું પ્રતીત થાય છે કે આપણી સામે એઓ બેસીને એમના અનુભવો કહી રહ્યાં હોય. એ શૈલીથી એમણે પરિચય આપ્યો છે.

**'ખિસકોલીઓ અને ખિસકોલીઓ'- એક પરિચય** લેખમાં વિવેચકે ગર્ગેલી રાકોસીની વાર્તાનો પરિચય કૃતિનિષ્ઠ અભિગમે આપ્યો છે. પરંતુ આ વાર્તામાં માનવતાવાદી અભિગમનો વિવેચક પુરસ્કાર કરે છે. કારણકે આ વાર્તામાં માનવતાનું નિકંદન થઈ રહ્યું છે અને પશુતાનો વિજય થઈ રહ્યો છે. કેરી નામની સ્ત્રીનું પાત્ર જ માનવ સંવેદના ધરાવનારું છે. બીજા પાત્રોમાં પશુતા જોવા મળે છે. જેનું વર્ણનાત્મક ભાષામાં વિવરણ વિવેચક કરે છે. વાર્તામાં આવતી કપોળકલ્પિત સૃષ્ટિ, દશ્યો, પાત્રો, વર્ણનો, પ્રયુક્તિની નોંધ વિવેચકે સમકાલીન સર્જકોના અનુસંધાનમાં સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં લીધી છે.

**'રાઈનોસરોસ'-એક સમર્થ રૂપક** લેખમાં વિવેચકે યુજિન યોનેસ્કોનું સર્જક વ્યક્તિત્વ, સર્જકતા, એમના સાહિત્યક્ષેત્રેના યોગદાનની ચર્ચા સમકાલીન સર્જકોની કૃતિની ચર્ચા કરતાં કરતાં, એના વિષય વસ્તુ, અન્ય સર્જકોની શૈલીના અનુસંધાનમાં પરિચયાત્મક ભાષામાં કરી છે. યોનેસ્કોનું લેખન બીજા સર્જકો કરતાં જુદું પડે છે એની સદષ્ટાંત નોંધ લીધી છે. નાટકમાં આવતાં પાત્રોના સ્વભાવની લાક્ષણિકતાઓની નોંધ લીધી છે. વિવેચકે બરાંઝે, ઝયાં, ડેઈઝીના પાત્રો વિશે સૂક્ષ્મતાપૂર્વકનું નિરીક્ષણ કર્યું છે. બરાંઝે અને ઝયાં એકબીજાથી વિરોધાભાસી વ્યક્તિત્વ ધરાવનારા, પાત્રોની ભાષામાં જુદાપણું, દૂરિતનું પ્રતીક ગેંડો, માણસનું ગેંડામાં થતું રૂપાંતર, બૌદ્ધિક અભિગમને ફગાવી આદિમતાનું વર્ચસ્વ, માનવીય ભાષાના બદલે ગેંડાની ભાષામાં વાતચીત, માનવીના અસ્તિત્ત્વની કટોકટી, ભાષાકર્મ વગેરે મુદ્દાઓનો વિવેચકે પરિચય તુલનાત્મક અભિગમે રજૂ કર્યો છે. અહીં કપોળકલ્પિતની સૃષ્ટિ તથા યોનેસ્કોની સાથે બીજા સર્જકોના સર્જનમાં જોવા મળતી સામ્યતા-વૈષ્મયતાનો નિર્દેશ કર્યો છે.

**'બુડેન બ્રૂક્સ : સંધિકાળની એક વિશિષ્ટ નવલકથા'** ટોમસમાનની સર્જકતા વિશે તથા એમણે યુવાવસ્થામાં જે દાર્શનિક પીઠિકાવાળાં કાવ્યો રચ્યાં હતાં એની ટૂંકમાં નોંધ લે છે. આ જર્મન નવલકથાકારે નવલકથામાં પરંપરાગત રચનાગત

પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. નવલકથાનો આરંભ અને અંત બંને જુદા છે. આ કૃતિમાં ત્રણ પેઢીઓ છે. પહેલી પેઢીને કૌટુંમ્બિક પરંપરા માટે ગર્વ હતું. ત્રીજી પેઢી બધું ગુમાવે છે. આમ નવલકથા આરંભમાં અને અંતમાં જુદી દિશામાં ગતિ કરતી જોવા મળે. ટોમસમાન પર બીજા સર્જકોનો પ્રભાવ, 'કલ્ચર એન્ડ એનાર્કિ' નિબંધ સાથે આ નવલકથાની તુલના, ટોનીના જીવનમાં આવતાં સંઘર્ષો અન્ય પાત્રો કરતાં ઘણાં ઘેરાં છે એનું નિરીક્ષણ, વાસ્તવિક ઢાંચાની સાથે પ્રતીકાત્મકતાનો પણ વિનિયોગ, નવલકથાનો સમયગાળો વગેરે મુદ્દાઓને વિવેચક કૃતિનિષ્ઠ અને તુલનાત્મક અભિગમે સામાજિક-સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચે છે.

**યુકિઓ મિશિમાની 'માધમ દ સાદ'** નાટયકૃતિ વિશેના લેખમાં આ નાટયકૃતિની પ્રેરણા નાટયકારને તાત્સુહિકા શિબુસાવા કૃત 'ધ લાઈફ ઑવ ધ માક્કી દ સાદ' જીવનચરિત્ર વાંચીને પ્રાપ્ત થઈ એની વિવેચકે ટૂંકમાં નોંધ લીધી છે. માક્કીનું પાત્ર નાટકમાં કયાંય પણ આવતું નથી પરંતુ સોફાં નામની વેશ્યા, માક્કીની સાસુ મોર્થિયા અને માક્કીની પત્ની રને દ્વારા માક્કી નાટકના કેન્દ્રમાં છે. વિવેચકે નાટયકારની પાત્રાલેખન કળાને વધુ વિગતે તપાસી છે. સર્જક સફળ થયાં છે કે નહિ એની પણ ચર્ચા મૂલ્યાંકનલક્ષી અભિગમે કરી છે. નાટકનો પ્રારંભ, નાટકમાં આવતાં પાત્રોની વર્તણૂંક, લોહીનું કલ્પન, પાત્રોની લાક્ષણિકતા, પાત્રમાં જોવા મળતો વિરોધાભાસ, માનવસંબધની સૂક્ષ્મતા, રનેની વર્તણૂકમાં જોવા મળતો ફેરફાર, નાટકમાં આવતી વિગતોની સાથે ચરિત્રાત્મક લાક્ષણિકતાઓ, માં અને દીકરીનો સંબંધ, બંને બહેનોનો સંબંધ જેવી બાબતોની વિવેચકે નોંધ લઈ આ નાટકનો પરિચય અસંદિગ્ધ ભાષામાં કરાવ્યો છે. વિવેચકની નાટકની વિભાવના પણ આ નાટકના પરિચય દરમ્યાન ઊપસી આવે છે.

### સાહિત્ય ઈતિહાસ લેખન કેન્દ્રી વિચારણા

**'પંડિતયુગનું કથાસાહિત્ય'**લેખમાં વિવેચકે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને કેન્દ્રમાં રાખીને ઐતિહાસિક દષ્ટિકોણથી કૃતિને તપાસતાં કૃતિ પહેલાં અને પછી

કયા પ્રકારની હતી એનું પરિણામ મળી રહે છે એનું સૂચન કર્યું છે. 'સરસ્વતીચન્દ્ર' નવલકથા વિશેના મત-મતાંતરો, દાખલા-દલીલો અને બીજી પાશ્ચાત્ય નવલકથા અને ભારતીય નવલકથા સમકક્ષ 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને તપાસવા અંગે નિર્દેશ કર્યો છે. ગોવર્ધનરામ ત્રિપાઠીનો હેતુ અને ઇતિહાસાચાર્ય શ્રી રાજવડેએ મરાઠી નવલકથા માટે જે કહ્યું એમાં સામ્ય છે એને વિવેચકે દર્શાવી આપ્યો છે. બંનેના મતે કૃતિમાં આપણી પ્રજા, કાળ, આચાર-વિચાર, વર્તમાનચિત્ર, ભાવિપ્રજાનું કલ્પિત ચિત્ર વિવિધ વિષયોના રંગથી આલેખાવું જોઈએ. વિવેચકે તુલનાત્મક દષ્ટિકોણ વડે એને રજૂ કર્યું છે. પંડિતયુગના રમણભાઈ નીલકંઠ, ગાંધીયુગના રામનારાયણ વિ.પાઠક, ઉમાશંકર જોશી તથા આધુનિક યુગના સુરેશ જોષી, સિતાંશુ યશશ્ચંદ્ર અને ચન્દ્રકાન્ત ટોપીવાળાએ 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના કરેલાં વિવેચનની અહીં નોંધ લીધી છે. 'હિન્દુસ્તાન મધ્યેનું ઝૂપડું' જેવી અને અન્ય નવલકથાઓ એ સમયમાં અનુવાદો અને રૂપાંતરોની પડછે દેશી નમૂનાને રજૂ કરે છે એની  પણ વિવેચકે ઐતિહાસિક સંદર્ભમાં નોંધ લીધી છે. 'સરસ્વતીચન્દ્ર' નવલકથા બીજીવાર વાંચતા એમાં ૧ થી ૪ ભાગની સામગ્રીનો એક સાથે વિચાર કરતાં રચનાબંધનો ખ્યાલ ચોકકસપણે  આવે છે એવો વિવેચક પોતાનો અનુભવ કહેતાં હશે એવી ધારણા કરી શકાય છે. વિવેચકે સદષ્ટાંત દર્શાવી આપ્યું છે કે, કળાકારનો જીવ અને નીતિવાદી જીવ બંનેના દર્શન ગોવર્ધનરામમાં થાય છે. સરસ્વતીચન્દ્ર સાથેના અલકકિશોરીના પ્રસંગને લઈને આ વાત મૂકી આપી છે. ગોવર્ધનરામનું નવલકથાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન એ છે કે, જે નવલકથાનો જે રેખાયિત ક્રમ ચાલ્યો આવતો હતો એને તોડે છે. અનુવાદો, રૂપાંતરોના બદલે માનવીને, એની સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને રચના કરી. પરંતુ ગોવર્ધનરામની આ નવલકથાની સૃષ્ટિના પ્રભાવમાં અનુગામીઓ આવી ગયાં અને એનું અનુકરણ કર્યા કર્યું. જે અનુકરણોએ 'સરસ્વતીચન્દ્ર' નવલકથાની સૃષ્ટિનું મૂલ્ય ઓછું કરી નાખ્યું. વિવેચકે પાત્રો, વર્ણનો, ભાષા, ક્રિયાવેગનું નિરીક્ષણ ઐતિહાસિક અભિગમને કેન્દ્રમાં રાખીને જે કર્યું છે. વિવેચકે અંતે સંપૂર્ણ નવલકથાને મૂલ્યાંકનલક્ષી અભિગમે તપાસી આપીને એની વિશેષતા રજૂ કરી છે. વિવેચકે

ગોવર્ધનરામના પ્રદાનનું અવલોકન ઈતિહાસલક્ષી અભિગમે રજૂ કર્યું છે. તુલનાત્મક અભિગમ વડે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને તપાસવાનું સૂચન કર્યું છે. વિવેચકનો દષ્ટિકોણ ઘણો વ્યાપક છે એની પ્રતીતિ પ્રસ્તુત લેખમાંથી પસાર થતાં અચૂકપણે થાય. 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને જોવાની વિવેચકની દષ્ટિ પરિવર્તિત થઈ છે. ગોવર્ધનરામ માટે મનીષી સર્જક એવું વિશેષણ પ્રયોજનાર વિવેચક 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને વ્યાપક ભૂમિકાએ તપાસે છે.

**'સાહિત્યનો ઈતિહાસ અને તેની બદલાતી વિભાવના'** લેખમાં વિવેચક સૂચન કરે છે કે સાહિત્યનો ઈતિહાસ લખતી વખતે તે ભાષાના ઉદ્દ્ભવરૂપ ભાષા સુધી પહોંચવું જરૂરી બને. અન્ય બીજી ભાષાઓના પ્રભાવ, ગુજરાતી અને ઈતિહાસને લગતાં કોશ, લલિતકળા, સાહિત્યની-ઈતિહાસની-યુગ વિભાજનની-કાળની વિભાવના, પરંપરાગત પદ્ધતિ અને નવી લેખનપદ્ધતિ બંનેનું મહત્ત્વ, ગૌણ કવિઓની ઊપેક્ષા ન કરવી જેવા પાંસાઓને કેન્દ્રમાં રાખીને વિવેચકે ઈતિહાસલક્ષી દષ્ટિકોણ વડે વિચારણા રજૂ કરી છે. વીલ ડયુરાં, ઓસ્ટીન વોરેન, રેનેવેલેક, રે.બી.વેસ્ટ જેવા વિદ્વાનો ઈતિહાસ વિશે જે વિચારણા ધરાવે છે એનાં અવતરણો ટાંકે છે. સાહિત્યની બદલાતી વિભાવનાના પ્રશ્નને સાહિત્યના ઈતિહાસ સાથે સાંકળે છે. સાહિત્યના ઈતિહાસની વિભાવના બદલાઈ છે આ કારણોસર પ્રકારનિષ્ઠ, તુલનાત્મક, ઐતિહાસિક અભિગમે ફરીથી વિચાર કરવાની ફરજ પાડી છે એવા સ્પષ્ટ વિધાન વિવેચકે કર્યા છે. વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યને સાથે રાખીને જોવાનો અભિગમ કેળવાયો છે.

વિવેચકે નોંધ્યું છે કે સાહિત્યના ઈતિહાસની વિભાવના જુદી પડે. કારણકે ચૈતન્યલક્ષી વિવેચનાના લીધે સાહિત્યની વિભાવના પરંપરાથી જુદી પડતા સાહિત્યના ઈતિહાસની વિભાવનામાં પરિવર્તન જોવા મળે. વિવેચકે ચન્દ્રકાન્ત ટોપીવાળાના પુસ્તક 'વિવેચનનો વિભાજિત પટ'માં ચર્ચાયેલ યાઉસની વિચારણાના ગૃહીતોનો વિનિયોગ દાખલા-દલીલો અનુષંગે કર્યો છે. કૃતિના ભાવકોને સાહિત્યના ઈતિહાસ સંદર્ભે સાથે રાખવાં પડે એવા નિષ્કર્ષ પર વિવેચક આવે છે. એમાં યાઉસની વિચારણાનો પ્રભાવ ખરો. વિવેચકના મતે 'અનુગામીએ

**પુરોગામીઓને સાચી રીતે ઝીલ્યાં હોય, ખોટી રીતે ઝીલ્યાં હોય, સામાધાનકારી ભૂમિકાએ ઝીલ્યાં હોય કે વિદ્રોહાત્મક ભૂમિકાએ ઝીલ્યાં હોય, પ્રશ્ન રૂપે ઝીલ્યાં હોય કે ઉત્તર રૂપે ઝીલ્યાં હોય- આ બધાનો વિચાર વિમર્શ કરવો પડે.'**[58] નવ્યઈતિહાસવાદ વિશે પણ ટૂંકમાં ચર્ચા કરે છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પાંચ યુગના અનુસંધાનમાં વિવેચકે કહે છે કે આપણી ભૂમિમાં શું અમુક સાહિત્ય સ્વરૂપને રોપી શકયાં છે? આ એમણે કરેલો પ્રશ્ન એવો છે જે વર્તમાન સમયમાં પણ એટલો જ ચર્ચાવો જોઈએ એની અપેક્ષા રહે. સાહિત્યના ઈતિહાસની બદલાતી વિભાવનામાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો જેવી કે સૈદ્ધાન્તિક વિચારણાઓ, નૂતન પરિમાણો, અભિગમો, પદ્ધતિઓને તપાસવાં પડે. વિવેચકની ભાષા અસંદિગ્ધ રહી છે. વિવેચકનો અભિગમ ઈતિહાસલક્ષી વિચારણાને રજૂ કરવાનો રહ્યો છે.

**'વિસંવાદ-સંવાદ'** લેખમાં વિવચકે સાહિત્યિક, રાજકીય, ધાર્મિક સંદર્ભોની સમકાલીનતાના અનુસંધાનમાં ચર્ચા કરી છે. લેખના અંતમાં વિવેચકે ઈતિહાસલક્ષી વિચારણાને રજૂ કરી છે. ઈતિહાસ-લેખન શાસ્ત્રીય પદ્ધતિએ થવું જોઈએ જેનો અભાવ વરતાય છે એની ફરિયાદ કરી છે. આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટેનાં સલાહ-સૂચનો આપ્યાં છે.

**'નવમાં દાયકાની કવિતા'** લેખમાં નવમાં દાયકામાં કવિતા અનુષંગે આવતાં પ્રવાહોનું કવિઓના અનુસંધાનમાં વર્ગીકરણ કરીને ત્રણ પ્રવાહમાં કવિઓને એમની કાવ્યરચનાના સંદર્ભે વિભાજિત કર્યાં છે. વિવેચકે જે પેઢીના કવિઓને કેન્દ્રમાં રાખીને નવમાં દાયકાની કવિતાની વિશેષતા-મર્યાદા દર્શાવી છે. એની ચર્ચા પણ એમના શબ્દોમાં જોઈએ. 'જયારે જયારે આવાં ઐતિહાસિક આલેખનો થયાં છે ત્યારે ત્યારે પુરોગામી કવિતાની આસપાસ જ આપણી વિવેચના ઘુમરાયા કરે છે, આને કારણે નવા કવિઓની ચર્ચા બાજુ પર રહી જાય છે. અહી એ મર્યાદામાંથી બહાર આવવાનો એક પ્રયત્ન કર્યો છે.' નવમાં દાયકાની કવિતાના ત્રણ પ્રવાહ છે. જેમાં ત્રીજા પ્રવાહનાં કવિઓને દીર્ઘકાળથી ચાલી આવેલી પરંપરાઓ વિશે, આધુનિક પરંપરા વિશે, જીવન-જગત વિશે પ્રશ્નો થવા માંડયાં. વિવેચકે ત્રીજા પ્રવાહનાં કવિઓમાં નીતિન મહેતા, લાભશંકર ઠાકર, મનહર

મોદી, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, ભૂપેશ અધ્વર્યુ, ભીખુ કપોડિયા, દિલીપ ઝવેરી, હરીશ મીનાશ્રુ, જયદેવ શુક્લ, મણિલાલ પટેલ, કમલ વોરા, ભરત નાયક, કાનજી પટેલ, અજિત ઠાકોર, જયેન્દ્ર શેખડીવાળા, વિનોદ જોશી, દલપત પઢિયાર, માણેકલાલ પટેલ, ડાયલ ઠાકોર, ચતુર પટેલ, મનોહર ત્રિવેદી, કિસન સોસા જેવા કવિઓની કવિતાની લાક્ષણિકતા જેવી કે પરંપરા સાથેનું અનુસંધાન કે એનાથી ઊફરા જવાનું વલણ, ભાષાકર્મ, આધુનિકતાના પ્રભાવમાં આવીને કે પોતાની હૈયાઉકલતથી, પુરોગામીથી જુદી પડતી ત્રીજા પ્રવાહની કવિ પેઢીની રચનાગત લાક્ષણિકતાની નોંધ લીધી છે. ગીત-ગઝલ, છાંદસ-અછાંદસ સ્વરૂપોનું વૈવિધ્ય, નગરજીવનનું સવેદન, મહાનગરની સંવેદના, ધ્વનિ, અર્થ, લયની શકયતાઓને તાગતી રચનાઓ, કથનાત્મક માળખાંઓનો વિનિયોગ નાટયાત્મક, કથાનાત્મક શૈલીઓનો વિનિયોગ, રુચિનું ઘડતર, પરંપરાને અનુસરે છે કે આધુનિકતાને, અનુકરણથી ગ્રસ્ત, અુનકરણથી ફંટાઈ જનારા, વ્યંજનાના સ્તરે થતી અભિવ્યકિતઓ, વિષયવસ્તુ અને ટેકનિક, અપિરિચિત રહસ્યમય પ્રદેશોની અભિવ્યકિત, તળપદી બાનીનો વિનિયોગ, લયની સૂઝ, પરંપરાગત ગેય સ્વરૂપ, મધ્યકાલીન પરંપરાનું પ્રભુત્વ ગીતોની પરંપરાને આગળ ધપાવનાર જેવી એમની કાવ્યની લાક્ષણિકતાઓના અનુસંધાનમાં નવમાં દાયકાની કવિતાઓને તપાસી છે. વિવેચકે કવિતા અનુષંગે સૂચન પણ કર્યા છે કે, 'કવિતાના ઈતિહાસમાં આ પ્રકારનાં સ્થિત્યંત્તરો વિકાસ માટે અત્યંત અનિવાર્ય ગણાય.' આ દાયકાની કવિતા વિશેનું યોગ્ય ચિત્ર કાવ્યસંપાદન દ્વારા વિશેષ આવી શકે. વિવેચકે સૂચનો કર્યા છે કે કવિતાનું ચિત્ર કેવી રીતે ઊપસી શકે છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. વિવેચકે નવા કવિઓને કેન્દ્રમાં રાખીને નવમાં દાયકાની કવિતાની તપાસ કરી એ સરાહનીય છે.

**સાહિત્યિક પ્રયુક્તિ કેન્દ્રી વિચારણા**

**'પ્રતીક અને પુરાકથાપ્રતીક'** લેખમાં વિવેચકે પ્રતીક અને પુરાકથાપ્રતીક વિશે જે મત મતાંતરો, દાખલા દલીલો થયાં છે એને તુલનાત્મક અભિગમે રજૂ કર્યાં છે. પ્રતીક અને પુરાકથાપ્રતીક સંજ્ઞાને સભાનતાથી જોવાની વાત વિવેચકે કરી છે. કારણકે આ બે સંજ્ઞાને લઈને એના સંદર્ભમાં જોવા મળતી મુશ્કેલીઓને લઈને વિવેચકે એ તારણ આપ્યું કે બંને સંજ્ઞા અનુષંગે સભાનતા રાખવી. વિવેચકને પ્રતીક અને પુરાકથાપ્રતીક વિશે જે ચર્ચા-વિચારણાઓ થઈ છે એમાં સમસ્યાઓ જોવા મળી એની ચર્ચા વિસ્તારપૂર્વક પાશ્ચાત્ય વિચારકોના અનુંસધાનમાં રજૂ કરી છે. રેનેવેલેક અને ઓસ્ટીન વોરેનની વિચારણા તથા પ્રતીક અને પુરાકથાપ્રતીકની ચર્ચા મોટેભાગે કાન્ટની વિચારણાના અનુસંધાનમાં ચર્ચે છે. કાન્ટની ફિનોમિનોલોજીકલ સાહિત્ય વિચારણાની ચર્ચા-વિચારણા અંતર્ગત પ્રતીક અને પુરાકથાપ્રતીકના પાસાંઓને તપસ્યાં છે. પ્રતીક અને પુરાકથાપ્રતીક સંપ્રત્યયો વિશેની ભૂમિકા ઊપસાવી આપી છે. વિવેચકે યુંગ, ફ્રાય, કાસિરેર અને ફેઝર, કોર્નફોલ્ડના મંતવ્યોનો આધાર લઈ આ બે સમ્પ્રત્યયો અંગે જે સામ્ય અને વૈષમ્યના પ્રશ્નો ઊભા થાય છે એને કેન્દ્રમાં રાખીને મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂઆત કરી છે. પરંતુ વિવેચક અહીં પણ સ્પષ્ટ વિધાનો કરતાં કે નિષ્કર્ષ પર પહોંચતા નથી. વિવેચક શકયતા અને સંભવિતતાની વાત પર જ અંતે પહોંચે છે. વિવેચકે ભારોભાર અવતરણો ટાંકયા છે. અહીં એમનો પોતાનો અવાજ સંભળાતો નથી. આ બે સંપ્રત્યયોની ચર્ચા માત્ર પાશ્ચાત્ય સાહિત્યને કેન્દ્રમાં રાખીને જ કરી છે.

**વિવેચનકેન્દ્રી વિચારણા :**

**'અમાનવીકરણ વિશે'** રોબ્બગ્રિયેના 'Dehumanizying Nature' નો ભાવાનુવાદ- લેખમાં વિવેચકે રોબ્બગ્રિયેના નિબંધનો ભાવાનુવાદ કર્યો છે. જેમાં રોબ્બગ્રિયે નવલકથા, નવલકથાકારોની લાક્ષણિકતાઓને કેન્દ્રમાં રાખી પરંપરા અને

વર્તમાન સમયના અનુસંધાનમાં 'માનવતા' અનુષંગે ચર્ચા કરે છે. પરંપરાગત નવલકથાના પાત્રો અને ભાવિ નવલકથાના પાત્રો વિશે પણ વિવેચક નોંધ લીધી છે. 'માનવતા' અનુષંગે ચર્ચા કરી છે. 'માનવતા' અંગે જે પ્રશ્નો કર્યા છે તે અને બીજી બાજુ 'માનવતા' નો પુરસ્કાર કર્યો છે જેવા મુદ્દાઓને વિવેચકે સાહિત્યિક પ્રરિપ્રેક્ષ્યમાં રજૂ કર્યા છે. નવલકથાને વાંચીએ એના કરતાં સિનેમાનું અવતરણ થતાં એ વધુ સ્પર્શે છે એ બાબતને પણ વિવેચકે નોંધી છે. માનવ અને પદાર્થ વચ્ચેના સંબધો, એમાંથી ઊપસતી માનવની ધ્વનિ, ધીમે ધીમે માનવ અને બીજા માનવો વચ્ચેનું વધતું અંતર જેવી ચિંતાજનક બાબતોની માહિતીલક્ષી રજૂઆત કરી છે. એબ્સર્ડ વિશેની કામૂની વિભાવનાને સદષ્ટાંત ચર્ચે છે એની વિવેચક નોંધ લે છે. માનવીને વર્તમાન બીમારી અને વેદનામાંથી બહાર કાઢવાનું સૂચન છે. પ્રસ્તુત લેખમાંથી વસ્તુઓ અને માનવમાં ભેદ છે એ જ ભાવાર્થ નિષપન્ન થાય છે. ભાષા સંદિગ્ધ છે. સાતત્ય ઘણું ઓછું જોવા મળે છે. એક મુદ્દા પર રજૂઆત થતી હોય ત્યાં તો બીજો મુદ્દો આવી જાય. નક્કર વિચાર, કેન્દ્રવર્તી વિચારની પ્રાપ્તિ થતી નથી.

**'અધ્યાપકીય વિવેચન એટલ વહીવંચાગીરી?'** લેખમાં વિવેચકે અધ્યાપકોની આર્થિક કમાણી કરવા બદલ ઝાટકણી કરી છે. ગુજરાત યુનિવર્સિટી અને અન્ય યુનિવર્સિટીઓ નવા પ્રશ્નપત્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓ સર્જે છે. એમાં જવાબદાર અધ્યાપકો સામે રોષ પ્રગટ કર્યો છે. વિવેચકોની જવાબદારી ખરેખર શું હોય છે એનાથી પણ વિવેચક અવગત કરાવે છે. 'નિબંધ' સ્વરૂપનું પ્રશ્નપત્ર યુનિવર્સિટીમાં દાખલ થતાં અમુક અધ્યાપકો વિદ્યાર્થીઓના ઉપયોગમાં આવે એવાં 'સાહિત્યિક નિબંધો' અને '૩૭ સાહિત્યિક નિબંધો' નામના પુસ્તક બહાર પાડતાં એમનાં ધ્યેય કેવાં અપ્રમાણિક છે એની કડકમાં કડક આલોચના કરી છે. 'સાહિત્યિક નિબંધો' પુસ્તકને કેન્દ્રમાં રાખીને અધ્યાપકોની વહીવંચાગીરી કેવી ફેલાઈ છે એની ચર્ચા નિર્ભીકપણે સદષ્ટાંત કરી છે. આ પુસ્તકમાં લાંબા અવતરણો છે. દલપત-નર્મદની કવિતા, નવલકથા અને મહાનવલ વચ્ચેનો ભેદ, કથાસાહિત્યના પાત્રાલેખનની ચર્ચા, વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી રૂપ બનતાં અવતરણો જે એક મત પર જુદા જુદા મંતવ્યોને રજૂ કરે છે જેવા પ્રશ્નો વિવેચક

મૂલ્યાંકનલક્ષી અભિગમે ચર્ચે છે. કયા કયા પ્રશ્નોને પુસ્તકમાં ટાળવામાં આવ્યાં છે એની પણ નોંધ લીધી છે. સમકાલીન કૃતિની વાત કરતાં હાસ્યાસ્પદ બને છે તથા મોટાભાગે સમકાલીન પ્રવાહોને ટાળ્યાં છે એ તરફ વિવેચકે નિર્દેશ કર્યો છે. વિવેચકે કડક ભાષામાં કહ્યું છે કે, **'સાહિત્યના કોઈપણ નિષ્ઠાવાન અધ્યાપકે વિદ્યાર્થીઓને વાંચવા માટે આવા પુસ્તકોની ભલામણ કરવી ન જોઈએ તેમજ લાયબ્રેરીમાં આવાં પુસ્તકો વસાવવાં પણ ન જોઈએ'**[૬૫] વિવેચકની ભાષા અસંદિગ્ધ રહી છે. બીજા બધાં લેખોમાં એઓ અમુક વાર નિષ્કર્ષ પર નથી પહોંચતા માત્ર સંભવિતતા જ દર્શાવી આપે છે. જયારે પ્રસ્તુત લેખમાં તો એઓ સ્પષ્ટ ભાષામાં નકાર કરતાં જોવા મળે છે. એમનું આ પ્રકારનુ વલણ ઓછું જોવા મળે છે. જેની અત્યારના સમયમાં ખૂબ જરૂર છે.

**'બાલાવબોધી વિવેચન'** વિવેચકે પ્રસ્તુત લેખ અનંતરાય રાવળની સમગ્ર વિવેચનાના સંદર્ભે સમીક્ષાત્મક ભાષામાં આપ્યો છે. વિવેચકનું માનવું છે કે, સૈદ્ધાન્તિક વિવેચનાને નવા પરિપ્રેક્ષ્યમાં તપાસવી જોઈએ. વિવેચકે અનંતરાય રાવળની વિવેચનાને રૂપરચનાવાદી અભિગમે તપાસી છે. વિવેચકે અનંતરાય રાવળની વિવેચનલક્ષી સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિચારણાની કડક આલોચના કરી છે. વિવેચકે તર્કબદ્ધ ભાષામાં અનંતરાય રાવળની સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચનામાં જોવા મળતી મર્યાદાઓને સાધારરૂપે રજૂ કરી છે. એમણે અનંતરાય રાવળની વિવેચનના માટે ફરિયાદ છે કે, એમણે પ્રસંગાનુસાર વિધાનો કર્યા છે છતાં એઓ પોતાની માન્યતાઓમાંથી એક ડગલું પણ આગળ વધતાં નથી. અનંતરાય રાવળની વિવેચના નીતિવાદી, ઉપયોગિતાવાદી દષ્ટિકોણ ધરાવે છે. **'કવિતાને સ્વસ્થાતાનું સર્જન અને નવલિકાને દોડધામના યુગનું સર્જન માનવાની આ ભૂલ નરસિંહરાવની ભૂલનું પુનરાવર્તન છે.'**[૬૬] અનંતરાય રાવળની વિચારણામાં સ્વરૂપ અંગે જે માન્યતાઓ છે એની વિવેચકે સદષ્ટાંતમૂલક ચર્ચા કરી છે. પરંતુ વિવેચકનું 'નવલકથા સ્વરૂપ' નું પુસ્તક જોતાં ખ્યાલ આવે છે કે વિવેચકના મતે પણ નવલકથાનું સ્વરૂપ રાત્રે આરામ ખુરશીમાં સૂતાં સૂતાં લાઈટ લેમ્પના અજવાળામાં વાંચી શકાય એવું સ્વરૂપ છે. તો વિવેચકના આવા વિચારથી નવલકથા સ્વરૂપ અંગે

એમને શું અભિપ્રેત હશે એનો ખ્યાલ આવે છે. અનંતરાય રાવળની વિવેચનલક્ષી વિચારણામાં વિવેચકે જે-જે દોષ જોયાં છે એને પદ્ધતિસર ચર્ચે છે. વિવેચકના મતે વ્યાપક સન્દર્ભે જ કૃતિનું મૂલ્યાંકન અને સિદ્ધાંતોની તપાસ કરવી જોઈએ. અનંતરાય રાવળ સાહિત્યને જીવનનું પ્રતિબિમ્બ માને છે. એઓ સાહિત્યમાં જીવનનું રૂપાન્તર થતું હોય એને સ્વીકારવા તૈયાર થતાં નથી. કવિતાની સ્વાયત્તતાને સ્વીકારવા માંગતા નથી. વિવેચકે અનંતરાય રાવળની આ પ્રકારની ચર્ચા આર્નલ્ડની વિચારણાના સંદર્ભે કરી છે. અનંતરાય રાવળ ભાવક અને કર્તા બંનેને કેન્દ્રમાં રાખીને વિવેચન કરે છે. જ્યારે વિવેચક સાહિત્યનું માધ્યમ ભાષાને મહત્ત્વ આપે છે. વિવેચકે 'ભાવક'ના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા ઉચિત પરિપ્રેક્ષ્યમાં કરી છે. રોબ્બગ્રિયે વસ્તુલક્ષી કૃતિ રચીને ભાવકોને ભયસ્થાનમાંથી ઉગારે છે. વિવેચક રોબ્બગ્રિયેના આ પ્રકારના વલણથી સંમત પણ થાય છે. પરંતુ વિવેચક શિરીષ પંચાલનું 'રૂપરચનાથી વિઘટન' પુસ્તક જીવન, માનવ, માનવતા અને સર્જકની પ્રતિબદ્ધતાને કેન્દ્રમાં રાખીને લખાયું છે. વિવેચકનો સાહિત્યિક અભિગમ બદલાય છે.

અનંતરાય રાવળ કાવ્યમાં કે કૃતિમાં આવતી સામગ્રીને મહત્ત્વ આપે છે. એઓ અભિવ્યક્તિ પર ભાર મૂકતાં નથી. વિવેચકને આ બાબતે જ એમનાથી ફરિયાદ છે કે 'અભિવ્યક્તિ'ને મહત્ત્વ કેમ આપતાં નથી. વિવેચકનો કૃતિ તપાસવાનો અભિગમ દૃષ્ટિકોણ રૂપરચનાવાદી, કૃતિનિષ્ઠ કે વસ્તુલક્ષી જ રહ્યો છે. અનંતરાય રાવળના મતે 'સરસ્વતીચન્દ્ર' કૃતિએ નવકલથા સ્વરૂપનું સાહિત્ય સ્વરૂપ નિયત કરી નાખ્યું છે. વિવેચક શિરીષ પંચાલે પણ મોટા ભાગનાં સૈદ્ધાન્તિક કે પ્રત્યક્ષ વિવેચન લેખોમાં સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણીની કૃતિઓ કે એમની વિચારણાઓ દ્વારા અન્ય વિવેચકોની વિચારણાને કે અન્ય કૃતિને મૂલવવાનો પ્રયત્ન કર્યો જ છે. અનંતરાય રાવળ વસ્તુની મૌલિકતાને જ સાહિત્યિકતા માની લે છે. વિવેચકે એની સદષ્ટાંત ચર્ચા કરી છે. અનંતરાય રાવળ વિપુલ જથ્થાને મહત્ત્વ આપે છે પરંતુ રૂપરચનાને નહિ. એની સામે વિવચેકને વાંધો છે. સમગ્ર કૃતિને કેન્દ્રમાં ન રાખતાં પાત્રો, પ્રસંગો, વસ્તુસંકલનને જ કેન્દ્રમાં રાખે છે તથા અમુક

વાર એઓ માત્ર પાત્રલેખનને મહત્ત્વ આપે છે એની સામે વિવેચકને ફરિયાદ છે. પાત્રાલેખન પર જ ધ્યાન કેન્દ્રિત કરતાં એ પાત્ર સમગ્ર કૃતિમાં કેવી રીતે મહત્ત્વનું બને છે એની ચર્ચા ઉપેક્ષા પામે છે. વિવેચક ભાષાને વધુ મહત્ત્વ આપે છે જયારે અનંતરાય રાવળ ભાષાને મહત્ત્વ આપતાં નથી એની નોંધ વિવેચકે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના અનુસંધાનમાં લીધી. જીવન અને સાહિત્ય એમની વિવેચનામાં પર્યાયવાચક બની રહે છે. વિવેચકના મતે 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના પાત્રોને કસોટીની ભૂમિકાએ ચડાવીને તપાસવાનાં હતાં જે અનંતરાય રાવળ કરતાં નથી. વિવેચકને આ મુદ્દા પરત્વે વાંધો છે. કારણકે અનંતરાય રાવળ પાત્રોને કસોટીએ ચડાવતાં નથી આથી પાત્રને નવું પરિમાણ મળતું નથી. અનંતરાય રાવળ કૃતિને મૂલવવા માટે ઐતિહાસિક અભિગમને મહત્ત્વ આપે છે. પરંતુ વિવેચકે દર્શાવી આપ્યું છે કે વિવેચક અનંતરાય રાવળ કૃતિમાં સ્થૂળ ઐતિહાસિકતાને જ મહત્ત્વ આપે છે. વિવેચકે આ મુદ્દા પરત્વે ઘણાં સૂચનો કર્યો છે. ગુજરાતી નવલકથા 'સરસ્વતીચન્દ્ર' અને નાટક 'રાઈનોપર્વત'ના પાત્રોની તુલના પાશ્ચાત્ય કૃતિઓના પાત્રો સાથે કરતાં વિવેચકને પ્રશ્નો થયાં છે. એનું કારણ વિગતે ચર્ચા કરી નથી. અનંતરાય રાવળે મધ્યકાલીન સાહિત્યનો ઈતિહાસ લખ્યો છે. એમાં પણ ઘણાં દોષો એમણે દર્શાવી આપ્યાં છે. અનંતરાય રાવળની વિવેચનામાં સાહિત્ય-ચર્ચા અને સમકાલીન પ્રશ્નો જોવા મળતાં નથી. વિવેચકે અનંતરાય રાવળની વિવેચના પ્રતીતિકર લાગતી નથી એનો ઉચિત પરિપ્રેક્ષ્યમાં નિર્દેશ કરી આપ્યો છે. પરંતુ લેખના અંતે વિવેચકે અનંતરાય રાવળની 'વિવેચન' અંગેની વિભાવનાનો ઉલ્લેખ કરી વિશેષતાઓ દર્શાવી આપી છે. વિવેચકે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની વિવેચનલક્ષી વિચારણાની પણ આ પ્રકારે કડક આલોચના કરી જ છે. વિવેચકની પદ્ધતિ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક રહી છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ છે. એમનો અભિગમ કૃતિનિષ્ઠ છે.

**'શોધ તરીકે ટ્રેકનિક'** લેખમાં માર્કશોરરની વિચારણાનો ભાવાનુવાદ છે. કૃતિમાં આવતી સામગ્રી એટલે અનુભવ. **'સામગ્રી કે અનુભવ અને સિદ્ધસામગ્રી કે કલામાં જે ભેદ છે તે ટ્રેકનિકનો છે.'**[૫૭] માહિતીલક્ષી પદ્ધતિએ વર્ણનાત્મક ભાષામાં

ટ્રેકનિક વિશે રજૂઆત કરી છે. ટ્રેકનિક લેખકના અનુભવને ઘાટ આપે. બધાની ટ્રેકનિક સરખી હોતી નથી. કવિતા અને નવલકથાની ટ્રેકનિકના અનુસંધાનમાં તપાસ કરવાનું સૂચન કર્યું છે. ટ્રેકનિક દ્વારા સામગ્રીને રૂપ અપાય છે. અનુભવના ખડકલા સિવાયને ટ્રેકનિક કહી શકાય જેવી લાક્ષણિકતાઓ ટ્રેકનિક અનુષંગે નોંધી છે. ટ્રેકનિકનો વિનિયોગ પાશ્ચાત્યમાં કયા સર્જકો કરે છે એની જ વાત અહીં રજૂ કરી છે. કારણકે માર્કશોરરનો જ પ્રસ્તુત લેખ છે. વેલ્સની કૃતિમાં જીવનના મહત્ત્વના વિષયો છે પરંતુ કલા નથી. જોયસની 'The Portrait of the Artist as a young man' અને 'યુલિસિસ' ને શૈલીના અનુસંધાનમાં તપાસે છે. **'જો કલાકાર પોતાના માધ્યમ પ્રત્યે નિષ્ઠા ધરાવતો હોય તો બંને સ્તર એકી સાથે વસ્તુલક્ષી બની શકે છે એમ જોયસ જેવા લેખકે આપણને બતાવી આપ્યું છે.'**[૫૮] જોયસે કરેલા પ્રદાનની મહત્તા દર્શાવી છે. હેમિંગ્વે આરંભના સમયમાં સર્જનાત્મક શૈલી, ભાષાને મહત્ત્વ આપે છે અને અંતે એઓ સામાજિક વિષય તરફ ઢળે છે, ને એમની શૈલી ભાંગી પડે છે. આ લેખ ટ્રેકનિકની મહત્તા સ્થાપી આપે છે જેનો વિવેચકે ભાવાનુવાદ કર્યો છે.

**'વિવેચક વિશે થોડુંક'** લેખમાં વિવેચનની પદ્ધતિ, વિવેચનનું કાર્ય, વિવેચનમાં શાસ્ત્રીયતાનો અભાવ, વિવેચનની ભાષાનું ઘડતર, વિવેચનના વિવિધ અભિગમો, જેવા મુદ્દાઓની ચર્ચા ગુજરાતી વિવેચન સાહિત્યની પરંપરા અને સમકાલીન પ્રવાહોના અનુસંધાનમાં રજૂ કરી છે. વિવેચકના મતે વિવેચકોએ વિવેચન વિશે ધ્યાનમાં રાખવા જેવી બાબતોની નોંધ આ પ્રમાણે છે. વિવેચનને આત્મલક્ષીને બદલે વસ્તુલક્ષી બનાવવા માંગતા હોઈએ તો એની એ કૃતિને તપાસવાના જુદા-જુદા દષ્ટિકોણ હોઈ શકે. વિવેચનમાં મહત્ત્વનો પ્રશ્ન દષ્ટિકોણનો નથી પરંતુ વિવેચનની પદ્ધતિનો છે એવું મંતવ્ય વિવેચક ધરાવે છે. તો એક પ્રશ્ન થાય કે તો દષ્ટિકોણનું કોઈ મહત્ત્વ જ નહીં ? મનોવૈજ્ઞાનિક અભિગમની વર્ણનાત્મક ભાષામાં ચર્ચા-વિચારણા કરી છે. વિવેચકોની પદ્ધતિમાં સફળતા એમની ભાષા દ્વારા પ્રાપ્ત થતી હોય છે. એક વાત તો સ્પષ્ટ થઈ કે વિવેચક દષ્ટિકોણ કરતાં વિવેચનની પદ્ધતિને મહત્ત્વ આપે છે. વિવેચકે વિવેચકોની

ભાષામાં વિરોધાભાસી તત્ત્વ જોવા મળે છે એની સદષ્ટાંત ચર્ચા રા.વિ.પાઠકે કરેલ ન્હાનાલાલના 'વિશ્વગીત' અને 'સરસ્વતીચન્દ્ર'ના અનુસંધાનમાં રજૂ કરી છે. નવલકથા અને કવિતાને એક જ સ્તરે ત્યારે તપાસી શકાય જયારે બંને સ્વરૂપો ભાષા દ્વારા રચાયાં હોય. વિવેચક ભાષાને વધુ પ્રાધાન્ય આપે છે. વિવેચકનું કામ સારી અને ઉત્તમકૃતિ વચ્ચે ભેદ જોવાનું છે, એ વિચાર અનુષંગે એમણે સૂચન કર્યું છે. પ્રસ્તુત લેખમાં વિવેચકનો ઉદ્દેશ એ રહ્યો છે કે વિવેચકો સભાનતાપૂર્વક વિવેચન કરે.

**'સમકાલીન માનવીનો જીવનસંગ્રામ'** લેખમાં 'Terence Press' ના 'The survivor' નામના લેખને આધારે પ્રસ્તુત લેખમાં માનવી પોતાની માનવીયતાને ટકાવી રાખવા માટે જે પુરુષાર્થ કરે છે એની વર્ણનાત્મક ભાષામાં ચર્ચા પાશ્ચાત્ય કૃતિઓના નાયકના સંઘર્ષોની સામે ઝંઝૂમવાના પ્રયાસોના અનુસંધાનમાં રજૂ કરી છે. આ યુગમાં માનવી ભય, શૂન્યતા, દુષ્ટતામાં પોતાના અસિતત્ત્વને ટકાવી રાખવા માટે ઝંઝૂમે છે. એની વિવરણાત્મક રજૂઆત સોલ બેલોની, કામૂ, માલામુડ, સોલ્ઝે નિત્સીન જેવા સર્જકો તથા 'The plague' જેવી કૃતિના પરિપ્રેક્ષ્યમાં કરી છે. કૃતિના નાયકોને કેન્દ્રમાં રાખીને માનવજીવન, માનવીયતાની વાત કરી છે. દોસ્તોએવસ્કીની 'House of the Dead' દ્વારા પણ માનવી જે સંઘર્ષ કરે છે એની જ નોંધ લીધી છે. પ્રસ્તુત લેખમાં પાશ્ચાત્ય કૃતિઓના સંદર્ભમાં માનવી, એનું જીવન, એનો સંઘર્ષ વગેરેની નોંધ લીધી છે.

**'આધુનિક માનવીય સન્દર્ભ અને હન્ના આરેન્ડ્ટ'** લેખમાં કૃતિલક્ષી ચર્ચા અને સાહિત્યનો ઈતિહાસ લખતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતોનું સૂચન, રૂપરચનાવાદી અભિગમની સ્પષ્ટતા, રૂપાન્તર અને રૂપાન્તરની પ્રક્રિયા, માનવની છબિ જેવા મુદ્દાઓ વડે ભૂમિકા બાંધીને હન્ના આરેન્ડ્ટના પુસ્તક 'ધ ઓરીજીન્સ ઓવ ટોટલીટરીઅનીઝમ'ના અનુસંધાનમાં માનવીય સંદર્ભ, માનવીય અધિકારની ચર્ચા સાહિત્યિક, સમાજિક, રાજકીય, આર્થિક પરિપ્રેક્ષ્યમા કરી છે. વિવેચક હન્ના આરેન્ડ્ટના પુસ્તકમાં વિભાજિત ત્રણ ભાગનું મૂલ્યાંકન વર્ણનાત્મક ભાષામાં કર્યું છે. માનવીની બે બાજુ, માનવીનું સત્યાનાશ કરનારા, યહુદીઓ પર જે જુલમ થાય

છે એવા મુદ્દાઓને રાજકીય, સામાજિક સંદર્ભે અન્ના હારેન્ડટ્ અને વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં મૂલવ્યાં છે. યહુદીઓને જે સહન કરવાનું થયું અને કેવી રીતે એમનો બચાવ કરવા માટે ફિલસૂફો અને વિદ્વાનો આગળ આવ્યાં તથા એમાં મુખ્ય ડ્રાયફસનું શું મહત્ત્વ રહ્યું એની ચર્ચા રજૂ કરી છે. અન્ના હારેન્ડટના પુસ્તકના બીજા ખંડમાં સામ્રાજયવાદની ચર્ચા કરી છે. જર્મનોની સાથે સાથે અંગ્રેજો, ફ્રેન્ચો, ડચ, વાલંદા પણ જુલમગાર હતા. રંગભેદની વાત રજૂ કરવા માટે હન્ના આરેન્ડટ્ જે પુસ્તકનો ઉપયોગ કરે છે એનું સૂચન વિવેચકે કર્યું. માનવીની હત્યા અને પ્રાણીની હત્યામાં કોઈ ભેદ ન કરવામાં આવ્યો. વિવેચકે ત્યાંના સળગતાં પ્રશ્નને જે રીતે રજૂ કર્યો છે એના પરથી તો માનવીના અસ્તિત્ત્વ પર પ્રશ્ન ઊભો થાય કે મનુષ્યની સ્થિતિ અને પ્રાણીની સ્થિતિમાં કોઈ જ ફરક નથી ? માનવી જેવો છે એવો બતાવવામાં પણ સર્જકોમાં હિંમત હોવી ખપે એ મહત્ત્વની બાબત અંગે ભારતીય પ્રજાઓના સંદર્ભમાં ચર્ચા રજૂ કરી છે. ત્રીજા ભાગમાં એકહથ્થુ સત્તાની ચર્ચા કરે છે. જેમાં સરમુખત્યારશાહીએ વ્યકિત સ્વાતંત્ર્યની જે દશા કરી એને વર્ણવી છે. વિવેચકે વિસ્તારપૂર્વક વિવરણ કર્યું છે. આરેન્ડટ્ રૂપરચનાવાદી અભિગમને માનવતાવાદી અભિગમથી જુદો માને છે. એની સામે વિવેચક રૂપરચનાવાદી અભિગમને માનવતાવાદી અભિગમની સામેનો અભિગમ છે એમ સ્વીકારતાં નથી. જેની ચર્ચા વિવેચકે પાશ્ચાત્ય સર્જકો ચિંતકો વિચારકોના અનુસંધાનમાં રજૂ કરી છે. માનવી પર, એના અધિકારો પર, એના વ્યકિત સ્વાતંત્ર્ય પર જે પ્રહારો થયાં છે એની વાત વિવેચકે હન્ના આરેન્ડટ્ના પુસ્તકના આધારે રજૂ કરી છે. માનવી કેવી રીતે હ્રાસ થતો ગયો એ પાછળ કાર્યગત પરિબળોને પણ નોંધ્યા છે. વિવેચકે માનવીની દશા, એમાં જવાબદાર પરિબળોની પણ નોંધ લઈ વાસ્તવિક પરિસ્થિતિથી અવગત કરાવવાનો પ્રયાસ કર્યો છે.

**'વિવેચકનું કર્તવ્ય'** લેખ જયોર્જ સ્ટેનરની 'વિવેચકના કર્તવ્ય' વિશેની વિચારણાને રજૂ કરતો લેખ છે. જેમાં કૃતિઓને તપાસવાં માટે કયા પ્રકારના અભિગમો, પદ્ધતિઓ, દષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખવા એની નોંધ લેવામાં આવી છે.' 'કૃતિ' ને તપાસતી વખતે ભૂતકાળ, વર્તમાન, ભવિષ્યકાળને ધ્યાનમાં રાખીને

ચર્ચાઓ કરવી એનું સૂચન કર્યું છે. સૌથી વધુ ભાર કૃતિની તપાસ માટે આસ્વાદનો માર્ગ ચીધવો એ વાત પર આપ્યો છે. વિવેચક જયારે જયોર્જ સ્ટેનરની વિચારણાનો અમલ પ્રત્યક્ષ વિવેચનના અનુસંધાનમાં કરે છે.

**'નવી નવલકથા વિશે'** લેખમાં જહોન સ્ટોરોકની નવલકથા વિષયક વિચારણાને કેન્દ્રમાં રાખવામાં આવી છે. નવલકથા સ્વરૂપની ચર્ચા સામાજિક, રાજકીય, સાહિત્યિક, અન્ય કળાઓના અનુસંધાનમાં કરી છે. નવી નવલકથામાં માનવ, ટ્રેકનિક, વસ્તુસંકલના, ચરિત્રને કેવી રીતે પ્રયોજવામાં આવે છે, એની નોંધ સમકાલીન સંદર્ભમાં લીધી છે. નવલકથા પર વિજ્ઞાનની કેટલી હદે અસર પડી છે ? એનું શું પરિણામ આવ્યું છે ? એ પ્રશ્નોની ચર્ચા વિવેચકે 'નવલકથા' સ્વરૂપના અનુસંધાનમાં કરી છે.

**'વિવેચનની પદ્ધતિ'** પ્રસ્તુત લેખમાં વિવેચકે વિવેચનની પદ્ધતિના અનુસંધાનમાં વ્યાપક ભૂમિકાએ ચર્ચા-વિચારણા કરી છે. એમણે મોટાભાગે પાશ્ચાત્ય વિચારકોના મંતવ્યોના અનુસંધાનમાં જ વિવેચનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની માંડણી અને એની ચર્ચા રજૂ કરી છે. વિવેચકે વિવેચનની શાસ્ત્રીયતા, વિવેચકના દષ્ટિકોણ, કૃતિની તપાસ, ભાષાનું મહત્ત્વ જેવા પ્રશ્નોના સંદર્ભમાં વર્ણનાત્મક પધ્ધતિએ તર્કબદ્ધભાષામાં સાધારરૂપ રજૂઆત અને ચર્ચાઓ કરી છે. વિવેચકે વિવેચનનું વિવેચન થાય એના સંદર્ભમાં ઘણાં સૂચનો કર્યાં છે. કારણ કે એના વિશે ખાસ કોઈ ચર્ચા થયેલી જોવા મળતી નથી. સાહિત્યનું મૂલ્યાંકન વિવેચન કરે છે પણ વિવેચનનું વિવેચન થઈ શકે એ પ્રકારની વિવેચન વિશેની સૈદ્ધાન્તિક પીઠિકાને ઘડવામાં તર્કશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર જેવા અન્ય શાસ્ત્રો મહત્ત્વનો ફાળો ભજવવાનાં. આમ વિવેચકે વિવેચનની પદ્ધતિ અનુષંગેની ચર્ચા-વિચારણાને વ્યાપક ભૂમિકાએ જઈ રજૂ કરી છે. વિવેચકે વિવેચન જગતમાં ઉદ્‌ભવતા નાના મોટાં દરેક પ્રશ્નોને આવરી લીધાં છે. વિવેચકનું નિરીક્ષણ છે કે વિવેચકની પદ્ધતિ વિશે સ્વીકાર્ય અને અસ્વીકાર્યનો પ્રશ્ન પૂછાવો જોઈએ એના વિકલ્પમાં વિવેચક વિશે જ પ્રશ્નો ઊઠે છે. વિવેચક કહે છે કે આત્મલક્ષી પ્રશ્નો અને એવા અભિગમથી દૂર રહેવું જોઈએ. આર.એસ.ક્રેન અને એમ.એચ.અબ્રામ્સ, જયોર્જ સ્ટેઈનરના

વિવેચક, વિવેચન, એની પદ્ધતિ, અભિગમ વિશેનાં મંતવ્યોનો આધાર લઈ વિવેચક તાર્કિક પદ્ધતિએ ચર્ચા કરે છે.

વિવેચન વિશે થતી ચર્ચાઓનું ચિત્ર કેવું નકારત્મક ઊભું થતું હોય છે એ દર્શાવી આપ્યું છે. અંગત મમત્ત્વ, પૂર્વગ્રહો, રુચિને કારણે વિવેચન પદ્ધતિ વિશે નહિ પરંતુ વિવેચકો વિશે લખાણો જોવા મળે. વિવેચકની અને વિવેચનની ભાષા વિશે વિવેચકે ઉચિત પ્રરિપ્રેક્ષ્યમાં ચર્ચાઓ કરી છે. વિવેચકનું માનવું છે કે 'કોઈ વિવેચકની પદ્ધતિમાં રહેલાં અતાર્કિકતા, માપદંડોની અસંગતિ, વિરોધાભાસનું કારણ વિવેચકની ભાષામાં કોઈ nucleus ના અભાવમાં રહેલું છે.' વિવેચકને અપેક્ષા છે કે કવિતા અને નવલકથાનું વિવેચન કોઈ એક સામાન્ય સ્તર પર રહીને કરવું જોઇએ. અહીં ભાષા કેન્દ્રમાં રહે છે. આ પ્રકારની વિવેચનલક્ષી વિચારણામાં વિવેચકની પદ્ધતિ જ એમણે કેન્દ્રમાં રાખી છે. વિવેચક શિરીષ પંચાલ પર સુરેશ જોષીની વિચારણાનો પ્રભાવ જોવા મળે છે.

**'ગુજરાતી સાહિત્યનાં સાંપ્રત વલણો'** લેખમાં વિવેચકે ગુજરાતી સાહિત્યની પરિસ્થિતિ અનુષંગે સમકાલીન સંદર્ભમાં મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ ચર્ચા રજૂ કરી છે. જેમાં વિવેચકે બધાં જ સાહિત્ય સ્વરૂપોને કેન્દ્રમાં રાખીને સર્જન અને વિવેચનની બંને બાજુઓને દર્શાવી આપી છે. જયાં કટોકટી છે ત્યાંનો પણ નિર્દેશ કરી આપ્યો છે. પરંતુ બીજી બાજું સંતોષજનક પરિસ્થિતિનો પણ ઉલ્લેખ કરે છે. જેની વિવેચકે નોંધ તુલનાત્મક અભિગમે લીધી છે. વિવેચકનું કહેવું છે કે આધુનિક ગુજરાતી કવિતા અને ટૂંકીવાર્તાના સ્વરૂપો સારી રીતે વિકસ્યાં છે. પરંતુ ૧૯૫૫ની કવિતાએ ટ્રેકનિક અને અનુભૂતિની નવી શકયતાઓ પ્રગટાવી હતી. એ પછીના બે દાયકાની કવિતા સંદર્ભે વિવેચકને પ્રશ્નો થયાં છે. આ પરિસ્થિતિમાં ગુલામમોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, સિતાંશુ યશશ્ચંદ્ર, રાજેન્દ્ર શુકલ, રાવજી પટેલ , રમેશ પારેખ જેવા કવિઓએ પોતાનું આગવું સ્થાન બતાવ્યું છે. વિવેચકે કવિતાના સાંપ્રત વલણોની બંને સારી અને નરસી બાજુઓ બતાવી આપી છે.

સુરેશ જોષીની વાર્તા અને વિવેચનના ખોટાં અર્થઘટનો થયાં એની અસર બંને સ્વરૂપો પર ખોટી રીતે પડી જેનો વિવચકે નિર્દેશ કર્યો છે. વિવેચક બીજી બાજુ

ટૂંકીવાર્તાનું સ્વરૂપ સમૃદ્ધ કરનાર કિશોર જાદવ, મધુરાયની વાર્તા અનુષંગે નોંધ લે છે. વિવેચકે અન્ય સ્વરૂપો નિબંધ, વિવેચન, સામયિકની કોટોકટીભરી પરિસ્થિતિનો ચિતાર સમકાલીન સાહિત્યિક સંદર્ભમાં આપ્યો છે. વિવેચકે સાંપ્રત સમયની સાહિત્યિક કટોકટીભરી પરિસ્થિતિમાં પણ સાહિત્યિક સર્જન પ્રોત્સાહન પૂરું પાડે એ રીતે થાય છે જેની નોંધ મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ લીધી છે. વિવેચકનો અભિગમ જ તુલનાત્મક રહ્યો છે. વિવેચકનો આશય પ્રસ્તુત લેખમાં એ રહ્યો છે કે, મનુષ્ય સાહિત્ય તરફ અભિમુખ થાય. વિવેચકે સાહિત્યિક સમકાલીન પરિસ્થિતિનો પરિચય કરાવ્યો છે.

**'થોડો વિવેચન વિચાર'**માં રસસીમાંસાનું ક્ષેત્ર સાહિત્ય વિવેચન માટે ઉપકારક સાબિત થઈ શકે કે નહિ એની તપાસ થવી જોઈએ. એવા સૂચન સાથે વિવેચકે રસમીમાંસાને સાહિત્ય વિવેચનની સાથે લઈને ચાલવું જોઈએ એવી ભૂમિકા રજૂ કરી છે. સૈદ્ધાન્તિક વિવેચન અને પ્રત્યક્ષ વિવેચન બંને પ્રકારના વિવેચનમાં કસોટી થતી હોય છે એની સમજૂતીપરક વિચારણા સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચી છે. વિવેચનાત્મક લખાણોમાં જે વિધાનો થતાં હોય છે. એ વિધાનો વિવેચકે દર્શાવીને એક-એક વિધાનની મૂલ્યાંકનપરક ભાષામાં સમજૂતી આપી, કે શું કામ આવા વિધાનો વિવેચકો તરફથી થતાં હોય છે. આવા વિધાનોની અસર ભાવકો પર પણ પડતી હોય છે એની વાત વિવેચકે તર્કબદ્ધ ભાષામાં સાધારરૂપે મૂકી આપી છે. વિવેચકે મોટાભાગની ચર્ચા-વિચારણા રસમીમાંસાના અનુસંધાનમાં જ દર્શાવી આપી છે. વિવેચકનો અભિગમ વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચારણાઓને રજૂ કરવાનો રહ્યો છે.

**'અર્વાચીન કૃતિસંચયો : પદ્ધતિ અને પ્રશ્નો'** વિવેચકે પ્રસ્તુત લેખમાં સંપાદકના અભિગમ, સંપાદકોની સૂઝ-બૂઝ, સંપાદકોની વિષય પસંદગી, સંપાદનમાં ફિલસૂફી-વિવેચન-સાહિત્યનો ઈતિહાસ આ ત્રણ પદ્ધતિ ઉમેરાતાં સંપાદકની એ વિશેષતા બની જાય છે એના અનુસંધાનમાં ગદ્ય અને પદ્યને લગતા સંપાદનો, સર્જનકેન્દ્રી અને સ્વરૂપકેન્દ્રી સંપાદન કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો જેવાં સાહિત્યિક પ્રશ્નોને તર્કબદ્ધ ભાષામાં રજૂ કર્યા છે. વિવેચકે અમુક

ગુજરાતી ટૂંકીવાર્તાના જે સંપાદના થયાં છે એની મૂલ્યાંકનપરક પદ્ધતિએ ચર્ચા-વિચારણા કરી છે. જેમાં સંપાદન કયા વર્ષમાં થયાં છે, કયા સંપાદકે કયાં વાર્તાકારોને હાંસિયા મૂકી અંગત રુચિના કારણોસર બીજા વાર્તાકારોને મહત્ત્વ આપ્યું, બીજા સંપાદકોના સંપાદનની તુલના દ્વારા બે-ચાર વર્ષમાં એક જ સમયગાળાના સંપાદકોના સંપાદનની તપાસ, વાર્તાની પસંદગી દરમ્યાન વાર્તાકારોના વલણ જેવી બાબતોના આધારે સંપાદન કાર્યને કેવી રીતે સારું કરી શકાય એની ચર્ચા વિવેચકે કરી છે. રાજકારણ અને પ્રકાશનના અર્થકારણનો ભોગ બન્યા વગર સંપાદકે એનો ધર્મ યાદ રાખીને કાર્ય કરવાનું છે. એવી વિવેચકે સમજૂતીપરક ભાષામાં વૈજ્ઞાનિક અભિગમ રાખીને ચર્ચા વિચારણા સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. સંપાદક અને સંપાદન માટે સૂચનો કર્યાં છે.

**'આધુનિક ગુજરાતી કવિતા-૧'** લેખમાં કવિતા વિષયક ગેરસમજ જે આધુનિક યુગમાં ફેલાઈ છે એ માટે વિવેચકે ચિંતાજનક પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. એમાંથી બહાર આવવા માટેના સૂચનો સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કર્યાં છે. અન્ય સાહિત્યિક સ્વરૂપોની તુલનાએ કવિતા લખવી ઘણી સરળ થઈ ગઈ છે અને એને સામાયિકમાં પ્રકાશિત કરવું એનાથી પણ સરળ. અન્ય સામયિકોને જે સંઘર્ષ કરવો પડે છે એ 'કવિતા' અને 'કવિલોક' ને કરવો પડતો નથી એમ કહી વિવેચકે આધુનિક ગુજરાતી કવિતાની પરિસ્થિતિ અને સામયિકો પર કટાક્ષ કર્યો છે. 'કવિતા'નું સ્વરૂપ ચિંતાજનક છે એની પાછળ કાર્યગત પરિબળોમાં સાહિત્યિક સંસ્થાઓની આર્થિક સહાય, નબળાં કાવ્યસંગ્રહોની પ્રસ્તાવનાઓ લખનારાં, સામાન્ય કૃતિઓની સમીક્ષા કરનારા વિવેચકો, રાજકરણના લીધે ઊભા થયેલાં જૂથવાદે ભાગ ભજવ્યો છે. આધુનિક ગુજરાતી કવિતાની ચર્ચાના અનુસંધાનમાં વિવેચકે ગુજરાતી કવિતાનું ચિત્ર સ્પષ્ટ નથી એવું તારણ આપ્યું એ કેટલે અંશે યોગ્ય છે ? સાચી કવિતાની પુનઃપ્રતિષ્ઠાની વાત કરી વિવેચકે સમગ્ર સાહિત્યને ગંભીરતાથી લેવું જોઈએ એના અનુંસંધાનમાં રેનેવેલક ના 'એટેક ઓન લિટરેચર' નો આધાર લઈ અમુક વિગતોની નોંધ કરી છે. સાહિત્ય અને ભાષા પર આક્રમણ થયાં છે એની નોંધ પણ રેનેવેલેકના પુસ્તકના સંદર્ભમાં લીધી છે. આધુનિકતા,

આધુનિક સાહિત્ય વિશેના અન્યના મતો, દલીલો, સૂચનો, કવિતાએ અગણિત વિરોધા વચ્ચે કામ કરવાનું છે, કવિતાનું ક્ષેત્ર સંકોચાયુ છે, અનુવાદો દ્વારા ભાષા ઘડાય છે, પરંતુ હવે તો અુનવાદો પણ ખરાબ થવા લાગ્યાં છે, ઉત્તમ કવિતા તરફ વળવું જોઈએ જેવી સમકાલીન સાહિત્યિક બાબતોના અનુસંધાનમાં વિવેચકે ગુજરાતી કવિતાની સમકાલીન પરિસ્થિતિથી અવગત કરાવ્યાં છે. ગુજરાતી કવિતા સામે કેવા પ્રકારની મુશ્કેલીઓ છે એની રજૂઆત પણ તાર્કિક પદ્ધતિએ કરી છે.

**આધુનિક ગુજરાતી કવિતા-૨** યુરોપમાં અને ભારતમાં આધુનિકતાના મંડાણ કયારે અને કયાં કારણોસર થયાં એની ચર્ચા સર્જકો, સાહિત્યિક કૃતિઓ, તત્કાલીન પરિસ્થિતિના અનુસંધાનમાં કરી છે. આધુનિક કવિતાની ચર્ચા કરતાં પહેલાં વિવેચક અર્વાચીન કવિતાની ચર્ચા વ્યાપક દષ્ટિકોણથી ભારતીય અને ગુજરાતી સાહિત્યિક સંદર્ભમાં કરે છે. રવીન્દ્રનાથના સાહિત્યિક પ્રદાનની નોંધ વિગતે લીધી છે. પાશ્ચાત્યનો પ્રભાવ ઝીલ્યો એનો વાંધો નથી પરંતુ પોતાનું સ્થાન સત્વ પણ બતાવી આપવાનું હોય એવો સૂર વિવેચક આ પ્રકારની ચર્ચા દરમ્યાન પૂરાવે છે. આધુનિક કવિતાને આગળ લઈ જવી હોય તો એ કવિએ 'સામૂહિક માધ્યમોના ઢોલ-નગારામાં સભાન રહીને ભૂતકાળને પણ ફંફોસવો પડે.' એવું સૂચન કરી વિવેચકે સારા સંપાદનો જોવાનું કહ્યું છે. વિવેચકે ઐતિહાસિક પદ્ધતિએ ચર્ચા-વિચારણાને પૂર્વ-પાશ્ચાત્ય સાહિત્ય અને તત્કાલીન વાતાવરણમાં સર્જાયેલી ઘટનાઓના અનુંસધાનમાં મૂલ્યાંકનપરક ભાષામાં રજૂ કરી છે. વિવેચકની ભાષા અમુક અંશે સંદિગ્ધ પ્રતીત થાય છે.

**ગુજરાતી ટૂંકીવાર્તા : પૂવાર્ધ** પ્રસ્તુત લેખમાં વિવેચકે ગુજરાતી ટૂંકીવાર્તાનું સ્વરૂપ જે રીતે ધીમે ધીમે ઉત્ક્રાન્ત થતું આવ્યું છે એનો ઐતિહાસિક અને તુલનાત્મક અભિગમ દ્વારા સમજૂતીપરક ભાષામાં આલેખ આપ્યો છે. ભારતીય ટૂંકીવાર્તા અને પાશ્ચાત્ય ટૂંકીવાર્તાનું ઘડતર, એમાં ભાગ ભજવનાર સર્જકોની નોંધ ટૂંકમાં લીધી છે. ગુજરાતી ટૂંકીવાર્તાના વાર્તાકારો આરંભે સ્વરૂપ, એના માધ્યમ વિશે સભાન નહોતાં એની નોંધ તુલનાત્મક દષ્ટિકોણ વડે સચોટ રીતે દર્શાવી આપી છે. અંબાલાલ દેસાઈ, ધનસુખલાલ મહેતા, ધૂમકેતુ, કનૈયાલાલ મુનશી, મલયાનિલ,

રા.વિ.પાઠક, મેઘાણી, સુન્દરમ્, ઉમાશંકર જોશી, ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ, બકુલેશ, જયંત ખત્રી, જયંતિ દલાલ જેવા વાર્તાકારોની વાર્તાસૃષ્ટિ, એમની શૈલી, વાર્તામાં આવતી ઘટના, પાત્રો, માધ્યમની સભાનતા, રચનારીતિના પ્રયોગો, વાસ્તવિકતાનું થતું રૂપાંતર ભાષાને લઈને સૂઝ અને સમજ, વિષય વૈવિધ્ય, પાત્ર વૈવિધ્ય, સ્થળકાળ વૈવિધ્ય, ગ્રામીણ પરિવેશ, તળપદી ભાષા, દીનદલિતોની સમસ્યાઓનું આલેખન, પરંપરાગત અને આધુનિકતાનું થતું નિરૂપણ, વાતાવરણ, જેવા ઘટકોનો કળાત્મક વિનિયોગ કર્યો છે કે નથી એની તપાસ મૂલ્યાંકન લક્ષી પદ્ધતિએ રજૂ કરી છે. વાર્તાકારોની વાર્તાસૃષ્ટિમાં તુલનાત્મક અભિગમ દાખવીને સામ્ય-વૈષમ્ય પણ તર્કબદ્ધ ભાષામાં તટસ્થપણે રજૂ કર્યું છે. વિવેચકનો આ લેખ ગુજરાતી ટૂંકીવાર્તાની ગતિવિધિ જાણવા માટે ખૂબ જ ઉપકારક થઈ રહે એની દઢ પ્રતીતિ કરાવી જાય છે. વિવેચકની ઈતિહાસની વિભાવના પણ પ્રસ્તુત લેખમાંથી ઉપસી આવે છે.

વિવેચકની અન્ય પ્રવૃત્તિમાં સમાવેશ પામતી પ્રવૃત્તિઓ જેવી કે, ‘એતદ્’ સામયિકમાં વિવેચકનો સંવાદ ‘અને છેલ્લે’ તથા ‘સમીપે’ સામયિકમાં ‘વાત આપણા સૌની’ સંવાદ સાહિત્યિક, રાજકીય, સામાજિક, સાંપ્રત સમયગાળાને, લલિતકળા, ચિત્રકળાને કેન્દ્રમાં રાખીને સંવાદાત્મક ભૂમિકાએ રજૂ કરે છે. વિવેચકનો આ સંવાદ ભાવક સાથે છે. વિવેચકની પ્રતિબદ્ધતા શું હોય છે એની પ્રતીતિ આ પ્રકારનો સંવાદ કરાવી જાય છે.

**શિરીષ પંચાલે અગ્રંથસ્થ સૈદ્ધાન્તિક લેખો ઉપરાંત સૈદ્ધાન્તિક વિવેચન ગ્રંથો પણ આપ્યાં છે. જેમાં શિરીષ પંચાલની વિવેચનામાં વિવિધ સ્થિત્યંત્તરો જોવા મળે છે.**

ડૉ.સુમનશાહ દ્વારા સમ્પાદિત સાહિત્ય સ્વરૂપ પરિચય શ્રેણી અંતર્ગત વિવેચક શિરીષ પંચાલે ‘નવલકથા’ સ્વરૂપ પુસ્તકનું લેખન કાર્ય કર્યું છે. આ પુસ્તક છ પ્રકરણમાં વિભાજિત છે. વિવેચકનો આ પુસ્તક વિશેનો મૂળ આશય નવલકથાના સ્વરૂપ અંગે જે ચર્ચા–વિચારણાઓ થઈ છે એને આધારે નવલકથા

સ્વરૂપને મૂલવવાનો રહ્યો છે અને ચર્ચા કરતી વખતે વિવેચક નવલકથા સ્વરૂપ અંગે પોતાના મંતવ્યો પણ આપતાં જાય છે. પ્રથમ પ્રકરણમાં નવલકથા : સાહિત્યિક પ્રકાર કે અસાહિત્યિક પ્રકાર ?, બીજા પ્રકરણમાં નવલકથા તેના ઘટકતત્ત્વોના સંદર્ભે, પ્રકરણ ત્રીજામાં થોડુંક ગુજરાતી નવલકથા વિશે, પ્રકરણ ચોથામાં પરભાષાની કેટલીક નવલકથાઓ, પ્રકરણ પાંચમાં ગુજરાતી ભાષાની કેટલીક નવલકથાઓ, તથા છઠ્ઠું પ્રકરણ ઉપસંહારનું છે.

પ્રથમ પ્રકરણમાં નવલકથાનો ઉદ્ભવ, એના પાછળ કાર્યગત પરિબળો, નવલકથાનો વિકાસ, નવલકથા લોકપ્રિય બની જેવી વિગતોના સંદર્ભમાં નવલકથાના સ્વરૂપ અંગે તુલનાત્મક અભિગમે અને કૃતિનિષ્ઠ અભિગમે ચર્ચાઓ કરી છે. વિવેચકે નવલકથા સ્વરૂપ માટે સૂચનો કર્યા છે કે જો એને રચના તરીકે સ્થાપવી હોય તો **'એમાં કશુંક બને છે અને એ જે બને છે તે અચૂક રીતે બને છે એટલું સ્વીકારવું જોઈએ.'**[૫૯] વિવેચક નવલકથામાં વાસ્તવિકતાની સાથે પ્રમાણભૂતતાને મહત્ત્વનું માને છે. વાસ્તવવાદી નવલકથા અને પ્રતીકવાદી નવલકથા વચ્ચેનો ભેદ દર્શાવી આપ્યો છે. વિવેચકે નવલકથાને સાહિત્ય અને સાહિત્યની વચ્ચે ઝૂલતાં પ્રકાર તરીકે ઓળખાવ્યો છે. એટલે એનો અર્થ આપણે અર્ધસાહિત્યિક સ્વરૂપ કરી શકીએ. વિવેચક સ્પષ્ટપણે કહેતાં નથી માત્ર સંકેત કરે છે. નવલકથા કથયિતવ્યની વિશિષ્ટતાને લીધે પ્રભાવક બને છે એમ વિવેચકનું માનવું છે. રૂપરચનાવાદી વિવેચક કલીન્થ બ્રૂકસના મતને પણ જણાવે છે કે, આપણે પરિવેશમાં જીવીએ છે એનાથી પર રહીને નવલકથાને સર્જી ન શકાય. આમ નવલકથા એના ઘટકતત્ત્વોના સંદર્ભે વિશિષ્ટ બને છે એ વાતનો તો વિવેચક પણ સ્વીકાર કરે છે.

બીજા પ્રકરણમાં વિવેચકે નવલકથાના ઘટકતત્ત્વો સંદર્ભે પાશ્ચાત્ય અને સંસ્કૃત વિચારકોના અનુસંધાનમાં ચર્ચાઓ કરી છે. વિવેચકના મતે નવલકથા કરતાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ ગંભીર છે. એનો અર્થ એ થાય કે વિવેચક નવલકથાને ઊતરતી કક્ષાનું સ્વરૂપ માને છે. એમણે વસ્તુસંકલના, પાત્રાલેખન, કથનકેન્દ્ર ઘટકતત્ત્વોની ચર્ચા પાશ્ચાત્ય વિચારકો અને 'સરસ્વતીચન્દ્ર', 'દિવ્યચક્ષુ', 'છિન્નપત્ર' ગુજરાતી

નવલકથાના અનુસંધાને કરી છે. વસ્તુસંકલના ઘટકતત્ત્વરૂપે જુદાં-જુદાં પ્રકારે દરેક જમાને જુદી–જુદી રીતે પ્રવૃત્ત થાય. આ મુદ્દા પરત્વેની ચર્ચા ગુજરાતી, ભારતીય, પાશ્ચાત્ય નવલકથાઓના સંદર્ભે કરી છે. વિવેચકે વસ્તુસંકલનાના મહત્ત્વને સમજાવવા માટે સદષ્ટાંત ચર્ચા કરી છે કે, 'સરસ્વતીચન્દ્ર' નવલકથામાં વસ્તુસંકલના વરતાય અને 'છિન્નપત્ર' નવલકથામાં ન પણ વરતાય. કોઈ વિચારક વસ્તુસંકલનાને વધુ મહત્ત્વ આપે છે, તો કોઈ પાત્રાલેખનને મહત્ત્વ આપે છે એની નોંધ ઉચિત પરિપ્રેક્ષ્યમાં વિવેચક લે છે. એરિસ્ટોટલ વસ્તુસંકલનાને, ઈ.એમ.ફોર્સ્ટર પાત્રાલેખનને મહત્ત્વ આપે છે. વિવેચકે આવા અન્ય વિચારકોના મંતવ્યો સદષ્ટાંતમૂલક જણાવ્યાં છે.

વિવચકે પાત્રાલેખન સંદર્ભે અન્ય વિચારકોના મંતવ્યોને જણાવ્યાં છે. વિવેચક પોતે નવલકથામાં પાત્રાલેખન વગર ન ચાલે એવો મત ધરાવે છે. સાદા પાત્રો અને પરિમાણસભર પાત્રોની ચર્ચા 'દિવ્યચક્ષુ' અને 'સરસ્વતીચન્દ્ર' નવલકથાના સંદર્ભમાં કરી છે. નવલકથામાં પાત્રો અનુષંગે નવલકથાકાર કંઈ રીતે કાર્ય કરતો હોય છે એની ચર્ચા પણ વિવેચકે કરી છે. નવલકથામાં માનવ કહી શકાય એવા પાત્રો સર્જવાનું સૂચન વિવેચક કરે છે. અહી વિવેચકનો માનવતાવાદી અભિગમને પુરસ્કારતો વિચાર જોવા મળે છે.

ટેકનિકનો પ્રશ્ન કથનકેન્દ્રના સંદર્ભે ચર્ચે છે. કથનકેન્દ્રનું મહત્ત્વ હેન્રી જેમ્સે કરી આપ્યું ત્યાર પછી કથાસાહિત્યની વિવેચનામાં એનું મહત્ત્વ થવા લાગ્યું. કથનકેન્દ્રની શકયતાઓ, કથનકેન્દ્રના અનુસંધાનમાં ભાષાના સ્તરોનો થતો વિનિયોગ જેવાં પ્રશ્નોને વિવેચક પાશ્ચાત્ય અને ગુજરાતી નવલકથાના સંદર્ભમાં ચર્ચે છે. વિવેચકના મતે કથનકેન્દ્રનો કૃતિ સંદર્ભે વિનિયોગ કરવા માટે સામાન્ય નિયમ એ છે કે, **'લેખક પાસે જે સામગ્રી છે તેની વધુમાં વધુ શકયતાઓ જે કેન્દ્ર ઉપર ઉભા રહીને થઈ શકે તે કેન્દ્ર લેખકે પસંદ કરવું જોઈએ.'**[७०] વિવેચકે સૂચન કર્યું છે કે નવલકથાનું વિશ્વ ભાષા વડે જુદું પડે છે. આમ, વિવેચકે નવલકથાના ઘટકતત્ત્વોનું મૂલ્ય ચર્ચાઓ દ્વારા દર્શાવી આપ્યું છે.

ત્રીજા પ્રકરણમાં ગુજરાતી નવલકથાની ગતિવિધિનો પરિચય ઐતિહાસિક સંદર્ભમાં કરાવી આપ્યો. અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં યુગોમાં પ્રાપ્ત થયેલી નવલકથાઓની વિશેષતા-મર્યાદાની સદષ્ટાંતમૂલક નોંધ લઈ ચર્ચા કરી છે. વિવેચકના મતે આપણી ગુજરાતી નવલકથાની પરિસ્થિતિ માટે જવાબદાર અંગ્રેજ ઈન્સપેકટર રસેલ સાહેબ છે, જેણે નંદશંકરને વોલ્ટર સ્કોટના રવાડે ચડાવ્યાં. એમનામાં અંગ્રેજી ભાષાની નવલકથા ગુજરાતી નવલકથા કરતા વિશેષ છે એનું કારણ એમની પાસે દીર્ઘકાલીન ગદ્યપરંપરા છે. વિવેચકે ‘કરણઘેલો’, ‘સરસ્વતીચન્દ્ર’ નવલકથાથી કંઈ રીતે એકબીજાથી જુદી પડે છે એની પણ ચર્ચા કરી છે. ‘સરસ્વતીચન્દ્ર’ નવલકથાની પાત્રનિરૂપણશકિત, દશ્યયોજના એનો વિશેષ બને છે. મર્યાદારૂપ ગોવર્ધનરામમાં રહેલો મનીષી સર્જક છે. આમ વિવેચકે દરેક યુગની નવલકથામાં જોવા મળતી ગતિવિધિનો પરિચયાત્મક આલેખ આપ્યો છે અને સૂચનો કર્યાં છે કે, આપણે શું કરવું જોઈતું હતું. નવકલથાની દિશામાં પરિવર્તન લાવનાર તરીકે સુરેશ જોષીના સર્જનકાર્યની વિશેષતાની નોંધ લે છે. પરંતુ વિવેચક શિરીષ પંચાલ કહે છે કે, પ્રથમ પ્રકરણમાં વસ્તુસંકલના સંદર્ભે ‘સરસ્વતીચન્દ્ર’માં એનો પરિચય થાય પણ ‘છિન્નપત્ર’ નવલકથામાં ન થાય. તો સુરેશ જોષીની નવલકથા એમની દષ્ટિએ કંઈ રીતે વિશેષ બને છે? માત્ર નવી દિશાઓ ચીધે છે માટે ? વિવેચકે ગુજરાતી નવલકથાનાં વલણોની તપાસ કરી એના આધારે ગુજરાતી નવલકથાની અવદશાનો ખ્યાલ આવે છે. વિવેચકનો મુખ્ય પ્રશ્ન એ છે કે નવલકથાકારે જીવનના વિશાળ સન્દર્ભ સાથે કેમ પનારો ના પાડયો ? વિવેચકે અંતે નવલકથાના સંદર્ભમાં આપણો સમાજ, એની વૃત્તિની જે વાત કરી એના સાથે હું પણ સંમત છું કે, આપણી પ્રજા જીવનનાં ઘણાં અનુભવોને અનુભવી શકી નથી. જે રીતે પાશ્ચાત્ય સર્જકો અનુભવી શકયાં છે. વિવેચકનો નવલકથા અનુષંગેનો સૂર નિરાશાજનક છે એમના મતે આપણી પાસે ગુજરાતી નવલકથાનું પ્રતિનિધિત્વ કરે એવી કોઈ નવલકથા નથી. આ પ્રકારનું એમણે કરેલું વિધાન એમનું આત્યંતિક વલણ દર્શાવી આપે છે.

ચોથા પ્રકરણમાં પરભાષાની કેટલીક નવલકથાઓને એના વિષયવસ્તુ, પાત્રાલેખન, વર્ણનો, વાતાવરણના અનુસંધાનમાં ચર્ચી છે. 'માદામ બોવારી', 'ધ ઈડિયટ', 'ધ ફ્રેન્ચ લેફટનન્ટ્સ વુમન', 'બનગરવાડી', 'આરોગ્યનિકેતન' ને તપાસતી વખતે વિવેચકની પદ્ધતિ આસ્વાદમૂલક રહી છે. કૃતિને કલાકૃતિ બનતાં અટકાવે એનાં કારણો પણ નવલકથાઓની ચર્ચા દરમ્યાન જણાવતાં જાય છે. આ નવલકથાઓની પસંદગી એટલે માટે કરી કે આ નવલકથાઓ દ્વારા સાહિત્ય જગતમાં વળાંક આવ્યો છે. જે નવલકથા સાહિત્યમાં પરિવર્તન લાવી છે, વિષય સંદર્ભે કે પાત્ર સંદર્ભે કે ટેકનિક સંદર્ભે એની અચૂક નોંધ વિવેચકે ઉચિત પરિપ્રેક્ષ્યમાં લીધી છે.

પાંચમા પ્રકરણમાં વિવેચકે ગુજરાતી ભાષાની કેટલીક નવકલથાઓ ઐતિહાસિક ક્રમમાં મૂલવી છે. વિવેચકનો નવલકથાને તપાસતી વખતે કૃતિકેન્દ્રી અભિગમ રહ્યો છે. વિવેચકે તુલનાત્મક અભિગમે સમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી નવલકથાઓની સમીક્ષા કરી છે. ઘટકતત્ત્વોના સંદર્ભે નવલકથાઓની વિશેષતા-મર્યાદાને દર્શાવી આપી છે.

છઠ્ઠાં પ્રકરણ ઉપસંહારમાં વિવેચકે ફરિયાદ કરી છે કે, પરંપરાગત નવલકથાઓની શકયતા તાગી શકયા નથી. તો અસ્તિત્ત્વવાળી કે બીજી આધુનિક સમયની નવલકથાની વાત કરવાનો અર્થ નથી. વિવેચક 'નવલકથા' સ્વરૂપ પાસે કળાત્મકતાની અપેક્ષા રાખે છે, પણ એની વિગતે ચર્ચા કરતાં નથી. વિવેચકે 'નવલકથા' સ્વરૂપનું પુંસ્તક આપ્યું એ ખરેખર આજના સમયમાં પ્રસ્તુત બની રહે છે. વિવેચકે પ્રકરણ ચાર અને પ્રકરણ પાંચમાં સમાવિષ્ટ નવલકથાઓના સ્વતંત્ર લેખ પણ કર્યા છે, ત્યારે પ્રસ્તુત લેખમાં એમની વિવેચનલક્ષી વિચારણામાં ચોકકસ ભેદ જોવા મળે. વિવેચકના 'નવલકથા' સ્વરૂપ અંગેના વિભાવોમાં ભેદ જોવા મળે છે. 'નવલકથા' સ્વરૂપ પરિચય શ્રેણીમાં એઓ નવલકથાને અર્ધસાહિત્યિક સ્વરૂપ જ માને છે. જયારે 'નવલકથા' અનુષંગેના પ્રત્યક્ષ વિવેચનના લેખોમાંથી પસાર થતાં પ્રતીત થાય છે કે એઓ નવલકથાને ગંભીર સ્વરૂપ માને છે. વિવેચકની આ

પ્રકારની વિચારણામાં સ્થિત્યંત્તર આવવાનું કારણ પાશ્ચાત્ય નવલકથાકારોનો થતો જતો પરિચય.

શિરીષપંચાલના શોધનિબંધનું શીર્ષક **'કાવ્યવિવેચનની સમસ્યાઓ'** એમના શોધનિબંધ માટે સૂચક બની રહે છે. આ શોધનિબંધમાં એમની સૌથી મોટી ફરિયાદ જ એ છે કે ગુજરાતી કાવ્યવિવેચને પોતાના આધારસ્થાનો, સ્ત્રોતસ્થાનો પૂરેપૂરાં તપાસ્યાં નથી. વિવેચકે રૂપરચનાવાદી અભિગમે નર્મદથી માંડીને અત્યાર સુધીના વિવેચકોની કાવ્યવિચારણાઓની તપાસ ઐતિહાસિક પદ્ધતિએ રજૂ કરી છે. એમ જોવા જઈએ તો સુરેશ જોષી દ્વારા પુરસ્કૃત રૂપરચનાવાદી અભિગમનો પ્રભાવ આ શોધનિબંધમાં ચોકકસપણે દરેક પ્રકરણમાં જોઈ શકાય છે. આ શોધનિબંધ છ પ્રકરણમાં વિભાજિત છે. જેમાં પ્રથમ પ્રકરણ ભૂમિકાનું, બીજું રૂપરચના, ત્રીજુ ભાષા, ચોથું અલંકારરચના અને પ્રતીકરચના તથા પાંચમું જીવનદર્શન અને છઠ્ઠું ઉપસંહારનું છે.

પ્રથમ પ્રકરણમાં વિવેચકે સૈદ્ધાન્તિક પીઠિકાની ચર્ચા એક તો વિલ્યમ વિમ્સાટના મતના આધારે કરી છે. બીજી બાજુ પોતાનું વલણ પણ દર્શાવ્યું છે, કે સૈદ્ધાન્તિક પીઠિકામાં પરિવર્તન કાવ્યમાં આવતાં પરિવર્તનથી પણ થતું હોય છે. વિવેચકની વિશેષતા કહો કે મર્યાદા એઓ અમુક વખતે સચોટ નિષ્કર્ષ પર પહોંચતા નથી અને સંભવિતતા તથા શકયતાઓ દર્શાવી આપે છે. સૈદ્ધાન્તિક પીઠિકાના બદલે પરિભાષાને અપાતું વધુ પડતું મહત્ત્વ, કાવ્યનાં ઘટકતત્ત્વોની ચર્ચાના બદલે જીવન-નીતિ-તત્ત્વજ્ઞાન, કવિતાની સ્વાયત્તતા, કવિતા, રીતિ, રસાસ્વાદનાં મૂલ્યો, જીવનમૂલ્યો અને 'એસ્થેટિક ઓબ્જેકટ' જેવાં પ્રશ્નોની ચર્ચા વિવેચકે ઐતિહાસિક પદ્ધતિએ અને તુલાનાત્મક પદ્ધતિએ રૂપરચનાવાદી અભિગમે સંસ્કૃતમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના અનુંસંધાનમાં રજૂ કરી છે. વિવેચકે નર્મદથી અત્યાર સુધીના કાવ્યવિવેચનમાં જોવા મળતી સમસ્યાઓ સંદિગ્ધતાઓને વિવેચકોના વિચારોના સંદર્ભે મૂલવ્યાં છે. આઈ.એ.રિચડ્ર્ઝના મતનો આધાર લઈ કૃતિનિષ્ઠ વિવેચનનો પુરસ્કાર કરે છે. આ જ કાવ્યવિવેચનની સમસ્યાનો હલ છે એવો સૂર વ્યકત કરે છે.

સુન્દરમની કાવ્યવિચારણામાં રૂપરચનાવાદના બીજ પડયાં છે પણ એની ચર્ચા થઈ નથી એનો રંજ વ્યકત કરે છે. કવિકર્મની વિભાવના, આશયમૂલક ભ્રાન્તિની ચર્ચા-વિચારણાને ગુજરાતી વિવેચકો અને પાશ્ચાત્ય મીમાંસકોના અનુસંધાનમાં મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂ કરી છે. કોલરિજની કાવ્ય, કવિચિત્ત, સામાન્ય માણસના ચિત્તને લગતી વિચારણા તથા કવિતાની ભાષા અને કળાના માધ્યમની ઉપેક્ષા કરી કલ્પનાનું મહત્ત્વ કર્યું જેવી વિચારણાની નોંધ લીધી છે. એલિયટ એ વિચારણાઓને સુધારે છે એનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રકરણમાં એમના શોધનિબંધનો હેતુ ઉપસતો જોઈ શકાય.

બીજા પ્રકરણમાં સુધારક યુગથી અત્યાર સુધીમાં કવિતાને તપાસવા માટે રૂપરચનાવાદી અભિગમનો જે-જે વિવેચકોએ વિનિયોગ કર્યો હોય એવા મુખ્ય-મુખ્ય વિવેચકોના વિચારવલણોના આધારે મૂલ્યાંકન કર્યું છે. વિવેચકનું માનવું છે કે કાવ્યવિવેચનમાં રૂપરચનાને પ્રાધાન્ય મળવું જોઈએ. કવિતાની તપાસ આ અભિગમ અંતર્ગત થવી જોઈએ એવો એમનો આગ્રહ હોવા છતાં ગુજરાતી કાવ્યવિવેચનમાં જે અભિગમોને કેન્દ્રમાં રાખીને વિવેચના થઈ છે એનો આગ્રહપૂર્વક દઢતાથી નકાર કરતાં નથી. કોઈ પણ સમયગાળાના કોઈ એક વિવેચકના વિચાર વલણોને સમગ્રતાથી તપાસે છે. સંસ્કૃત અને પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાને એનું મૂલ્યાંકન કરે છે. અમુક વાર જયારે એઓ વિવેચકોની વિચારણાઓ, એમના દષ્ટિબિંદુઓનું અર્થઘટન કરે છે ત્યારે એમની વિચારણામાં વિરોધાભાસ પણ જોઈ શકાય છે. જેમકે કાન્તની કવિતા અનુષંગે રૂપરચનાના પ્રશ્નને અવગણવામાં આવ્યો એમ કહી બીજી બાજુ કહે છે કે કાન્તની કવિતાની અવગણના સદંતર થઈ નથી માટે આનંદશંકર ધ્રુવની વિવેચનામાં રૂપરચનાનો પ્રશ્ન પ્રથમ વખત જોવા મળે છે. સુધારકયુગમાં રૂપરચનાની ચર્ચા ખાસ કંઈ થઈ નથી. પંડિતયુગમાં કવિતાના ઘટકતત્ત્વોની સૂઝ વિશદ બને છે. પરંતુ રૂપરચનાનો પ્રશ્ન સ્પષ્ટરૂપે ચર્ચાતો નથી. ગાંધીયુગમાં રૂપરચનાની ચર્ચા-વિચારણા સ્પષ્ટરૂપે થતી જોવા મળે પરંતુ આધુનિક વિવેચનાએ રૂપરચનાને કેન્દ્રમાં રાખીને વિવેચન કર્યું અને એ વિભાવના ત્યાં સ્પષ્ટ જોવા મળી. આધુનિક વિવેચનની દિશા રૂપરચના તરફ વળી

એનો પૂરેપૂરો શ્રેય વિવેચકે સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણીને આપ્યો છે. સુરેશ જોષીની રૂપરચનાવાદી વિચારણાને પ્રસ્થાપિત કરવા માટે એરિસ્ટોટલની રૂપાન્તર પ્રક્રિયાની અને સુઝાન લેંગરની કળાકૃતિના અંખડ પુદ્‌ગલ વિશેની વિચારણાનો આધાર લઈ વિશ્લેષણાત્મક રજૂઆત કરે છે. વિવેચકે રૂપરચનાવાદી વિચારણાની ચર્ચા ઉમાશંકર જોશી અને સુરેશ જોષીના અનુસંધાને વિસ્તૃત રીતે સંસ્કૃત અને પાશ્ચાત્યમીમાસંકોની વિચારણાના ઉપક્રમે રજૂ કરી છે. આ વાતના અનુસંધાનમાં પાશ્ચાત્ય વિચારકો અને ગુજરાતી વિવેચકોના મંતવ્યોને નોંધ્યા છે.

આધુનિક વિવેચનમાં રૂપરચનાવાદી વિવેચના પર વધુ ભાર મૂકાયો. ઉમાશંકર જોશી પણ સંઘટનાની તપાસ પૂરી થયા પછી દર્શનની વાત કરે છે. વિવેચક સ્વીકારે છે કે રૂપરચનાની સમસ્યા પ્રમુખ વિવેચકોને પણ હંફાવે છે. સુરેશ જોષીના રૂપરચનાવાદી વિચારણાના આગ્રહનું પરિણામ કેવું વિચિત્ર હોઈ શકે એની તર્કબદ્ધ ભાષામાં સાધારરૂપ ચર્ચા કરી છે. સુરેશ જોષીના મતે રૂપરચના સિદ્ધ થઈ જાય તો કોઈ કવિની બે પંકિત પણ મહાકાવ્ય બની જાય. વિવેચક આ વાત સાથે સંમત થતા નથી. અહીં એમને જોખમ લાગે છે માટે રૂપરચનાવાદી અભિગમને મહત્ત્વ આપનારા સ્ટીફન પીપરને ટાંકીને કહે છે કે **'કળાકૃતિને મહાન બનાવવામાં આવાં પરિમાણ મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે, લિરિકની સરખામણીમાં નાટકમાં કે મહાકાવ્યમાં જોવા મળતી કવિતા નિઃશક ઊંચી કક્ષાની હોય છે.'**[૭૧]

રૂપરચનાવાદી અભિગમના લીધે જે ભોગ આપવો પડયો એ પણ એઓ જાણે છે. એમનું માનવું છે કે, **'રૂપરચનાની વિભાવનાને જો આપણે સ્થાપિત કરવા માગતાં હોઈએ તો વિવેચનનો અભિગમ સાથે સાથે માનવતાવાદી પણ હોવો ઘટે'**[૭૨] આમ વિવેચકે રૂપરચનાનાં ભયસ્થાનોનો પણ નિર્દેશ કર્યો છે.

ત્રીજા પ્રકરણમાં વિવેચકે ભાષાની સમસ્યાને લઈને જે ચર્ચા કરી છે એમાં એમની છંદ વિષયક વિચારણામાં વિરોધાભાસ જોવા મળે છે. એક બાજુ એમનું માનવું છે કે સંસ્કૃત પ્રચુર છંદો ગુજરાતી ભાષાના બંધારણને પ્રતિકૂળ નીવડે છે. બીજી બાજુ એમનું એમ કહેવું છે કે, **'અછાંદસના માર્ગે જતાં પહેલાં છંદનું સબળ**

**શસ્ત્ર ફગાવી દેવાનાં ભયસ્થાનની ચકાસણી દરેક કવિએ પોતપોતાની રીતે કરવા જેવી ખરી'**[૭૩] વિવેચક એમ જોવા જઈએ તો છંદને જરૂરી તો માને જ છે.

સુધારકયુગ કરતા પંડિતયુગમા ભાષાનાં પુનર્વિધાનની વાત કરતા વિવેચકો જોવા મળે છે. સુધારકયુગમાં નવલરામમાં ભાષા સંદર્ભે સભાનતા હતી પરંતુ, એમનો નીતિવાદી અભિગમ વિવેચનમાં આડે આવતો જોવા મળે. જયારે રમણભાઈ નીલકંઠ ભાષાના પુનર્વિધાનની વાત કરે છે પરંતુ વામનના રીતિ વિચારનો અસ્વીકાર કરે છે. બ.ક.ઠાકોરે ભાષાની દુર્બોધતા, ભાષાને અર્પતી નવીનતા જેવી વિચારણાઓ પાશ્ચાત્યમીમાંસાના અનુસંધનામાં કરી છે. પંડિતયુગના ત્રણ કવિમાં કાન્ત, નાનાલાલ, બ.ક.ઠાકોરે કવિતા પ્રત્યે સભાનતા દાખવી છે એની વિવેચકે વિગતે મૂલ્યાંકનલક્ષી નોંધ લીધી છે. ઉમાશંકર જોષીની કાવ્યવિચારણા પર ક્રૌચેનો પ્રભાવ પડયો છે છતાં એમનું ગૃહીત એમને માન્ય નથી એની સદષ્ટાંત નોંધ લીધી છે. **'કાવ્યને પહોંચવા માટે ભાષા દ્વારા કામ પાડવાનું રહે છે.'**[૭૪] રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત કવિતામાં ભાષાને નવું પરિમાણ આપે છે. સુરેશ જોષી રૂપરચનાની સાથે ભાષાના પ્રશ્નને તાર સ્વરૂપે ચર્ચે છે. સુરેશ જોષીની ભાષાલક્ષી વિચારણાની વિસ્તૃત રીતે વર્ણનાત્મક રજૂઆત કરી છે. હરિવલ્લભ ભાયાણી એ માધ્યમની તપાસના અનુસંધાનમાં એક તો અર્થસંબધો અને શબ્દ શકિતઓને તથા કાવ્યમાં અર્થની રમણીયતાને મહત્ત્વ આપ્યું. રા.વિ.પાઠકની 'શૈલી' વિષયક વિચારણાને એઓ પુરસ્કારે છે માટે વિવેચક કહે છે કે પુરોગામીની વિચારણાને અનુગામી હંમેશા સંસ્કારે છે, પુરસ્કારે છે. વિવેચકે બંને વિવેચકોની વિચારણાની તુલના કરીને હરિવલ્લભ ભાયાણીએ કેવી રીતે રા.વિ.પાઠકની વિચારણાને પુરસ્કારી છે એની સદષ્ટાંતમૂલક ચર્ચા કરી છે. આ પ્રકારની વિવેચકની વિચારણા પર હરિવલ્લભ ભાયાણીની ભાષાલક્ષી વિચારણાનો પ્રભાવ પડયો છે એમ કહી શકાય. હરિવલ્લભ ભાયાણી વિશે વિવેચકે પ્રત્યક્ષ અને સૈદ્ધાન્તિક વિવેચના કરી છે એના પરથી આ તારણ પર જઈ શકાય છે.

સુમન શાહની ભાષાલક્ષી વિચારણાની તપાસ એમણે કરેલાં ન્હાનાલાલના કાવ્યો અંતર્ગત રજૂ કરી છે જેમાં સુમનશાહે પસંદ કરેલાં કાવ્ય યોગ્ય છે કે નથી

એની તથા મૂલ્યાંકનની સાહિત્યિક પરિપ્રક્ષ્યમાં નોંધ લીધી. વિવેચકે સંરચનાવાદ અને ભાષાવિજ્ઞાનલક્ષી અભિગમથી ચેતવ્યાં છે. ભાષાવિજ્ઞાનલક્ષી અભિગમે કૃતિને તપાસતાં માત્ર વ્યાકરણ જ હાથમાં આવે છે એ વાતની નોંધ લઈ વિવેચકે દષ્ટાંત આપ્યું છે કે, J.McH. Sinclair એ ફિલિપ લારકિન કૃત 'ફર્સ્ટ સાઈટ'નું ભાષા વૈજ્ઞાનિક પૃથ્થકરણ કર્યું હતું. આ ચર્ચા માત્ર વર્ણાત્મક ભૂમિકાએ કરી હોવાનો દાવો થયો હોવા છતાં એમાં મૂલ્યવાચક અભિગમ પ્રવેશ્યાનું એફ.ડબલ્યુ બેટસને સદષ્ટાંત બતાવી આપ્યું છે.

સંસ્કૃતમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના મીમાંસકોના આધારે ભાષાલક્ષી વિચારણાની વિશદ્ ચર્ચા-વિચારણા અને ગુજરાતી વિવેચકોના ભાષાલક્ષી મતો સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂ કરે છે.

ચોથા પ્રકરણમાં વિવેચકે 'અલંકાર' સંજ્ઞાની સ્પષ્ટતા સંસ્કૃત અને પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાને પોતાના દષ્ટિબિંદુ મુજબ મૂલ્યાંકનપરક ભાષામાં કરી છે. સંસ્કૃત કાવ્યમીમાંસાની 'અલંકાર' વિષયક વિચારણાનો આલેખ આપતી રજૂઆત આ પ્રકરણમાં મળે. વિવેચકે પશ્ચિમની 'Metaphor', 'Irony', 'Symbol'ની ચર્ચા પાશ્ચાત્યમીમાંસકોના મતના અનુસંધાનમાં રજૂ કરી છે. સુરેશ જોષીએ પણ એમની વિવેચનલક્ષી વિચારણાઓમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરી છે એની પ્રતીતિ એમના વિવેચન ગ્રંથમાંથી પસાર થતાં થાય. વિવચકે પણ સુરેશ જોષીના પ્રભાવે પશ્ચિમી સંજ્ઞાઓની ચર્ચા સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરે છે. આ પ્રકરણમાં પણ વિવેચક નર્મદથી લઈ અત્યાર સુધીમાં અલંકારરચના અને પ્રતીક-રચના અનુષંગે જે ચર્ચા વિચારણા થઈ છે એની તપાસ મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂ કરી છે. ઐતિહાસિક પદ્ધતિએ અલંકાર અને પ્રતીકરચનાની ચર્ચાને સંસ્કૃત, ગુજરાતી અને પાશ્ચાત્ય વિવેચકો - મીમાંસકોના અનુસંધાનમાં ઉપસાવી આપી છે.

પાંચમા પ્રકરણમાં વિવેચકે 'જીવનદર્શન' સંજ્ઞાને લઈને જે સમસ્યાઓ સાહિત્યમાં જોવા મળે છે એની સ્પષ્ટતા કરી આપવાનો તર્કબદ્ધ ભાષામાં પ્રયાસ કર્યો છે. વિવેચકે 'દર્શન' સંજ્ઞાને તત્ત્વજ્ઞાન અને સાહિત્યમીમાંસાના અનુસંધાનમાં મૂલવવાનો અને સ્પષ્ટ કરી આપવાનો પ્રયત્ન કર્યો છે. એમ પણ ઐતિહાસિક ક્રમે

જ ગુજરાતી વિવેચકો, સંસ્કૃત અને પાશ્ચાત્ય મીમાંસકોના મતોના અનુસંધાનમાં 'જીવનદર્શન' સંજ્ઞાને વર્ણનાત્મક ભાષામાં મૂલવી છે. વિવેચકના મતે કૃતિમાં દર્શન અને વર્ણન સંવાદી હોવા જોઈએ. વિવેચકે કવિનું દર્શન અને ફિલસૂફના 'દર્શન' વચ્ચેનો ભેદ દર્શાવી આપ્યો છે. વિવેચક કાવ્યરચનાને મહત્ત્વ આપે છે. કાવ્યનાં ઘટકતત્ત્વોમાંથી જીવનદર્શન ઉત્ક્રાન્ત થવું જોઈએ એવા ઉમાશંકર જોશીના મત સાથે વિવેચક સંમત થાય છે. સુરેશ જોષી કળાને જ જીવનમૂલ્ય માને છે. આમ વિવેચકે વિવેચકોના મત અનુસાર 'જીવનદર્શન' સંજ્ઞાનું સ્પષ્ટીકરણ કરી આપ્યું છે.

પ્રકરણ છઠ્ઠું ઉપસંહારનું છે. વિવેચકે પુષ્કળ વાચન કર્યું છે એની પ્રતીતિ બીજા પ્રકરણોમાં તો થાય છે. પરંતુ એની દૃઢ પ્રતીતિ આ પ્રકરણ કરાવી જાય છે. આ પ્રકરણમાં એમણે તારણો રજૂ કર્યા છે. આપણા ગુજરાતી સાહિત્ય વિવેચન પર પશ્ચિમની મીમાંસાનો પ્રભાવ સંસ્કૃતમીમાંસા કરતા વધુ રહ્યો છે એની વિગતે નોંધ લીધી છે, તથા વિવેચકે એનો અભ્યાસ કરવા માટે બહોળા પ્રમાણમાં વાચન કર્યું છે. આ શોધનિબંધની ભાષા મૂલ્યાંકનલક્ષીની સાથે તર્કબદ્ધ રહી છે. વિવેચકે દલીલો, સૂચનો, સમર્થનોની તર્કબદ્ધ ભાષામાં રજૂઆત કરી છે. એમના લખાણમાંથી એમનો પોતાનો સૂર સંભળાય છે. પરંતુ એ વાત પણ સ્વીકારવી રહી કે સુરેશ જોષીની રૂપરચનાવાદી વિચારણાનો પ્રભાવ એમની વિચારણા પર પડયો છે એમાં કોઈ બે મત નથી.

આ શોધનિબંધ સંશોધને કેવી શિસ્ત અને સજ્જતા કેળવવી જોઈએ એનો પરિચય આપી જાય છે. આ શોધનિબંધની ચન્દ્રકાન્ત ટોપીવાળાએ 'ગ્રન્થ ઘટન'માં સમીક્ષા કરી છે. એ સમીક્ષામાં ચન્દ્રકાન્ત ટોપીવાળાનો અભિગમ સંપૂર્ણપણે ભાષાલક્ષી રહ્યો છે. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ મહ્દઅંશે શિરીષ પંચાલના આ શોધનિબંધની મર્યાદાઓ દર્શાવવાનું જ કાર્ય કર્યું છે. પરંતુ એમના જેવા વિવેચક પાસે અપેક્ષા રહે કે શિરિષ પંચાલના આ શોધનિબંધનું કાર્ય ઘણું મહત્ત્વનું ગુજરાતી કાવ્યવિવેચન માટે બની રહે એમ છે એ તરફનો નિર્દેશ કરી આપવો જોઈએ. આ શોધનિબંધની પ્રસ્તુતતા આજે પણ છે. કારણ કે આવા શોધનિબંધ જેવા ઓછા

શોધનિબંધ જોવા મળે છે. હા, એક વાત એ પણ છે કે અમુક વિવેચકોની વિચારણાને એઓ સમકાલીન સંદર્ભમાં તપાસતાં નથી અને એમના પર રૂપરચનાવાદી અભિગમ થોપવાનો પ્રયત્ન કરતાં હોય એવું પણ આ શોધનિબંધમાંથી પસાર થતાં જણાય છે જે કેટલું યોગ્ય ગણાય ?

સાહિત્ય અકાદમી, દિલ્લીઃ પ્રકાશન શ્રેણી અને ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે ભારતીય સાહિત્યના નિર્માતા 'બ.ક.ઠાકોર'ના સર્જનાત્મક અને સાહિત્ય વિવેચનને લગતાં પુસ્તકનું લેખનકાર્ય વિવેચક શિરીષ પંચાલે કર્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં છ પ્રકરણ છે. પ્રથમ પ્રકરણ પ્રારંભિક ભૂમિકા, બીજા પ્રકરણમાં સર્જનાત્મક વ્યકિતત્વ, ત્રીજા પ્રકરણમાં બ.ક.ઠાકોરની કવિતા, ચોથા પ્રકરણમાં બ.ક.ઠાકોરનું સાહિત્ય વિવેચન તથા છેલ્લા બે પ્રકરણ ઉપસંહાર અને ગ્રંથસૂચિ માટે ફાળવ્યાં છે.

પ્રથમ પ્રકરણમાં પંડિતયુગનો આરંભ, પંડિતયુગના સર્જકો સંસ્કૃત સાહિત્ય અને મીમાંસા તથા પાશ્ચાત્યમીમાંસાના અભ્યાસી, સર્જકોની જુદી તથા નિજી દષ્ટિનો ઉલ્લેખ, ગુજરાતી સાહિત્યને તે સમયના સંદર્ભમાં તથા પોતાની વ્યકિતમત્તતા દ્વારા સ્થાપિત કર્યુ એની ચર્ચા પરિચયાત્મક ભાષામાં કરી છે. આ પ્રકરણ સાંસ્કૃતિક ઐતિહાસિક અભિગમને વધુ અનુસરે છે.

બીજા પ્રકરણમાં બ.ક.ઠાકોરનો જીવનવૃતાંત, એમનો અભ્યાસકાળ, એમના ઘડતરમાં ભાગ ભજવનાર શિક્ષકો, એમની સામાજિક, સાંસ્કૃતિક વિચારસણી, એમના સંપર્કમાં આવેલા વ્યકિતઓ, એમની કાવ્યભાવના, એમના સર્જક વ્યકિતત્વનું ઘડતર જેવી વિગતોની વિવચકે વિગતપ્રચુર ભાષામાં રજૂઆત કરી છે. વિવેચકે કહ્યું છે કે બ.ક.ઠાકોરનું સર્જક વ્યકિતત્વ એમના અધ્યાપક તરીકેના વ્યકિતત્વનાં વિકાસ પહેલાં વિકસવા માંડયું હતું. બ.ક.ઠાકોરની સ્વાભાવિક લાક્ષણિકતાઓનો ટૂંકમાં પરિચય આપ્યો. વિવેચકે બ.ક.ઠાકોરના સર્જક વિવેચકો સાથે, એમના અન્યમિત્રો સાથે, એમની પત્ની સાથેના સંબધો વિશે નોંધ લીધી છે. વિવેચકના શબ્દોમાં બ.ક.ઠાકોરનું વિવેચન વધુ પ્રગલ્લભ બન્યું.'જો ગુજરાતી સાહિત્ય વિવેચન વધુ પ્રમાણિક, વધુ નિખાલસ અને વધારે પ્રગલ્ભ બન્યું

**હોય તો તે તેમની દઢ, દુર્ધષ વ્યકિતતાને કારણે.'**[૭૫] આમ વિવેચકે બ.ક.ઠાકોરનાં સર્જક વ્યકિતત્વ ઘડતર વિશે વિસ્તારપૂર્વકની ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

ત્રીજા પ્રકરણમાં બ.ક.ઠાકોરના પુરોગામી અને સમકાલીન કવિઓની કવિતાઓનો પ્રભાવ ભાવક પર વધુ કે ઓછી માત્રામાં પડયો એના સંદર્ભમાં નોંધ લઈ, એઓ બ.ક.ઠાકોરની કવિતા કેવા પ્રકારનું સ્થાન ધરાવે છે એની તપાસ કરે છે. બ.ક.ઠાકોરના કાવ્યવિષય, એમની કાવ્યભાવના, એમનું સોનેટક્ષેત્રનું પ્રદાન મૂલ્યાંકનલક્ષી ભાષામાં નોંધ્યું છે. બ.ક.ઠાકોરનાં મતે કાવ્ય નબળું લખીએ તો વાંધો નહિ, પણ કોઈના અનુકરણ દ્વારા ન લખવું. એમની કવિતામાં ઓજસ ગુણ જોવા મળે છે એની નોંધ લઈ વિવેચક જણાવે છે કે, એમની કવિતા માટે ભાવકની રુચિ કેળવાયેલી હોવી જોઈએ. બ.ક.ઠાકોર વસ્તુલક્ષી કવિતાના સમર્થક છે અને તે કેમ વસ્તુલક્ષી કવિતાના સમર્થક છે એનું કારણ પણ વિવેચક જણાવે છે. એમણે બ.ક.ઠાકોરનું વ્યકિતત્વ પણ કવિતા અંગેની ચર્ચા-વિચારણા દરમ્યાન ઉપસાવી આપ્યું છે. **'બળવંતરાય ઠાકોર કવિ તરીકેની પોતાની મર્યાદાઓથી ખાસ્સા સભાન હતાં. એટલે એમને સ્વીકાર્ય એવો કાવ્યાદર્શ તો 'કાન્ત'ની કવિતામાં જ જોવા મળે એમ હતો પણ તે માર્ગે જવામાં પોતાની વૈયકિતક વિશિષ્ટતા અળપાઈ જવાનો ડર લાગ્યો.'**[૭૬] વિવેચકે બ.ક.ઠાકોરનાં 'ભણકારા', 'પ્રમેનો દિવસ', 'પ્રેમની ઉષા', 'જૂનું પિયરઘર', 'વધામણી' કાવ્યસંગ્રહ અને અમુક કાવ્યોની સ્વતંત્ર સમીક્ષા કંરી છે. વિવેચકનો અભિગમ બ.ક.ઠાકોરનાં કાવ્યોની તપાસ કરતી વખતે આસ્વાદમૂલક અને કૃતિનિષ્ઠ રહ્યો છે. વિવેચકે બ.ક.ઠાકોરના પુરોગામી અને સમકાલીનોની ચર્ચા દરમ્યાન મોટા ભાગે પુનરાવર્તન કર્યું છે એની પ્રતીતિ થાય છે. બ.ક.ઠાકોરની તુલનાએ નાનાલાલે વધુ કાવ્યો રચ્યાં હતાં. પરંતુ બ.ક.ઠાકોરની કાવ્યરચનાએ ગુજરાતી કાવ્યસાહિત્યની દિશા બદલી નાંખી.

ચોથા પ્રકરણમાં પણ વિવેચકે ગુજરાતી સાહિત્યમાં કાવ્યસર્જન અને વિવેચનની સ્થિતિ વિશેનો ટૂંકમાં પરિચય સાહિત્યિક સંદર્ભમાં આપ્યો છે. પંડિતયુગનાં સર્જકો અને વિવેચકોએ પરંપરાને આત્મસાત કરી હતી એનું કારણ પણ વિવેચકે જણાવ્યું છે કે, પરંપરાને આત્મસાત કર્યા વગર સર્જન-વિવેચનનો

વિકાસ નથી થવાનો એવી પ્રતીતિ થઈ ગઈ હતી. બ.ક.ઠાકોરે 'કવિતા શિક્ષણ' વિવેચનસંગ્રહ આપ્યો. એમાં સમાવિષ્ટ વિચારણાની નોંધ વિવેચક લે છે. બ.ક.ઠાકોર તટસ્થ વિવેચનાની અપેક્ષા રાખે છે. બ.ક.ઠાકોર કવિને પણ પોતાની કવિતા માટે સજાગ રહેવાનું કહે છે. અને અનુવાદ પ્રવૃત્તિ વિશેના એમના મંતવ્યો પણ ટાંકે છે. બ.ક.ઠાકોરની દૃષ્ટિએ **'માત્ર પ્રાંતીય ભાષાઓના અભિમાનથી પ્રેરાઈને આપણી જ ભાષાના સાહિત્ય જગતમાં પૂરાઈ રહેવું ન જોઈએ'**[૭૭] વિવેચકનું આ સંદર્ભે કહેવું છે કે એમનો આદર્શ ગઅથેની જેમ વિશ્વસાહિત્ય તરફનો છે. એઓ અનેક ભાષાઓમાંથી સારા-ઉત્તમ સાહિત્યને લાવવાની વિચારણા ધરાવે છે. વિવેચકે બ.ક.ઠાકોરની વ્યાપક દૃષ્ટિનો પરિચય સાહિત્યિક સંદર્ભમાં કરાવી આપ્યો છે. બ.ક.ઠાકોરની કવિ વિષયક વિચારણા Universal છે. જેની વિવેચકે સંસ્કૃતમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાનમાં ચર્ચા-વિચારણા કરી છે. બ.ક.ઠાકોરની સાહિત્યિક રુચિનાં ઘડતરમાં એમના પાડોશમાં રહેતી ઝક્કલનો ફાળો વિશેષ છે, વિવેચકે જેની નોંધ વિગતે લીધી છે. બ.ક. ઠાકોર સાહિત્યનો અભ્યાસ માત્ર સાહિત્યિક સંદર્ભમાં ન કરતાં, એઓ તો સાહિત્યનો અભ્યાસ બીજી બધી વિદ્યાશાખાના ક્ષેત્રોને સાંકળીને કરે છે. બ.ક.ઠાકોર સાહિત્ય અને જીવનને અલગ પાડીને જોઈ ન શકાય એવો મત ધરાવે છે. **'સાહિત્ય પ્રવૃત્તિ જીવનની બીજી પ્રવૃત્તિઓથી અલગ પાડી શકતી નથી. મોતીથી મોતીનું પાણી જુદું પડે તો જ જીવનવ્યવહારથી સાહિત્યને જુદું પાડી શકિયે. સાહિત્ય જીવન વડે છે, જીવન માટે છે, જીવનની સમુત્ક્રાંતિ છે, સમુત્ક્રાંતિનું પ્રેરક, સંયોજક નિયામક બળ છે.'**[૭૮] વિવેચકે એમની સાહિત્યિક વિચારણાની સદૃષ્ટાંતમૂલક નોંધ લીધી છે. બ.ક.ઠાકોરની કાવ્યબાની, ઉપકવિ-મહાકવિ, વિચારપ્રધાનતાને અનુષંગેની જે જે વિચારણાઓ છે એને વિવેચકે તર્કબદ્ધ ભાષામાં વિવરણાત્મક પદ્ધતિએ એમની વિચારણાના ઉદ્ધરણો લઈને ચર્ચા કરી છે. બ.ક.ઠાકોરની વિવેચક પ્રતિભાનો સદૃષ્ટાંત પરિચય વિવેચક કરાવે છે. **'બ.ક.ઠાકોરની જેમ અળખામણાં થઈને પણ વાત તો સ્પષ્ટ રીતે કરવી જોઈએ.'**[૭૯]. **'વિવેચના કલાસખી છે તેમ શાસ્ત્રસખી પણ છે. કવિતા અને સાહિત્યિ કૃતિઓના ગુણ-દોષ, જાતિ, પ્રકાર, સિદ્ધિ, કલા**

**સામગ્રી આદિ તપાસવાં અને એ વિવેચનનું પ્રિય કાર્ય છે.'**[80] બ.ક.ઠાકોરની વિવેચનામાં ઘણાં અભિગમોનો સ્વીકાર છે એની નોંધ વિવેચકે લીધી છે. બ.ક.ઠાકોરે 'લિરિક' ગ્રંથમાં ગુજરાતી દૃષ્ટાંતોના બદલે અંગ્રેજી દૃષ્ટાંતો જ વધુ ટાંકયા છે. જેની ભૂલ એમને પાછળથી સમજાઈ હતી એની વાત વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં લીધી છે. પરંતુ અહીં એક પ્રશ્ન મને થાય છે વિવેચક શિરીષ પંચાલના સંદર્ભે કે એમણે આરંભના વર્ષોમાં અને મધ્યમાં પણ પાશ્ચાત્ય સાહિત્ય અને મીમાંસાના જ ગુણ ગાયા છે તો એમને આવો પસ્તાવો થયો હોય એની કબૂલાત એમના વિવેચનમાં જોવા મળતી નથી.

વિવેચકે બ.ક.ઠાકોરના 'વિવેચન' વિશેના પુસ્તકોનો વિનિયોગ કર્યો છે ખરો, પરંતુ એમની ચર્ચામાં સાતત્ય જોવા મળ્યું નથી. જેમ કે જયાં નાનાલાલની શોકસભાના પ્રસંગની વાત કરે છે, એના પહેલાં વિવેચનલક્ષી વિચારણાઓની ચર્ચા કરી હોય ત્યારબાદ તરત કવિઓ અને કવિતા વિશે ચર્ચા કરવા લાગી જાય છે. આમ કરવાથી એમની બ.ક.ઠાકોર વિશેની ચર્ચા વિચારણાઓમાં સાતત્ય જોવા મળતું નથી. બ.ક.ઠાકોરે ગુજરાતી સાહિત્યનું એક નાટક 'રણછોડલાલ અને બીજા નાટકો' તથા કાલિદાસના 'મેઘદૂત' નાટકની ગંભીરતાપૂર્વક ચર્ચા કરી છે, એની વિવેચકે નોંધ લીધી છે.

બ.ક.ઠાકોરનો કવિ કરતાં વિવેચક તરીકેનો પ્રભાવ વધુ રહ્યો છે. વિવેચક શિરીષ પંચાલ બ.ક.ઠાકોરની વિવેચનાની તપાસ કરતી વખતે ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિકોણ ધરાવે છે. વિવેચકની રુચિ પૂર્વ અને પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રોથી ઘડાયેલી છે તે બ.ક.ઠાકોરના અભ્યાસ દરમ્યાન પ્રતીત થાય છે. સાહિત્યમાં જે પ્રશ્નો ચર્ચાતા આવ્યાં છે. કળા અને નીતિ, કવિતા, ભાષા, શૈલી, કાવ્યબાની, કૃતિનું વિષયવસ્તુ સંદર્ભેની બ.ક. ઠાકોરની વિવેચનલક્ષી વિચારણાને મૂલવી છે. વિવેચકની ભાષા સમજૂતીપરક રહી છે.

પ્રસ્તુત પુસ્તકનાં છેલ્લા પ્રકરણમાં વિવેચક બ.ક.ઠાકોરે કરેલાં સંપાદન, ટૂંકીવાર્તાક્ષેત્રે કરેલા પ્રદાન, તથા અન્ય એમના કાર્યને નોંધે છે. વિવેચકે પ્રસ્તુત પુસ્તકનું લેખનકાર્ય કરવા માટે બ.ક.ઠાકોરના 'કવિતા શિક્ષણ', 'નવીન કવિતા

વિશના વ્યાખ્યાનો', 'લિરિક', 'પ્રવેશકો ૧,૨' વિવેચન પુસ્તકનો આધાર લીધો છે. બીજા પ્રકરણમાં વિવેચકે સર્જકલક્ષી અભિગમે બ.ક.ઠાકોર વિશે નોંધ લીધી છે. ત્રીજા અને ચોથા પ્રકરણમાં વિવેચકનો કૃતિનિષ્ઠ અને તુલનાત્મક અભિગમ જોવા મળે છે. પાંચમું પ્રકરણ ઉપસંહારનું છે. છઠ્ઠા પ્રકરણમાં ગ્રંથસૂચિ છે. આમ વિવેચકે બ.ક.ઠાકોર વિશે સમગ્રતયા અભ્યાસ કર્યો છે એની દૃઢ પ્રતીતિ કરાવનારું આ પુસ્તક છે.

**'વાત આપણા વિવેચનની'** વિવેચન ગ્રંથમાં વિવેચકે છ વિવેચકો બળવંતરાય ઠાકોર, રામનારાયણ પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ્, સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણીના વિવેચનમાં જે અપ્રકાશિત સ્થાનો છે એને પ્રકાશમાં આણી ચર્ચા-વિચારણા કરવાનો ઉપક્રમ રાખ્યો છે. વિવેચકનો પુરુષાર્થ આ વિવેચકોની વિવેચક પ્રતિભાને વધુ ઉપસાવી આપે છે. વિવેચકે છ વિવેચકના વિવેચનકાર્યને વર્ણનાત્મક ભાષામાં મૂલવ્યું છે. છ વિવેચકોની સાહિત્યિક-ભાવનાનું ઘડતર, એમનાં પર બીજાં ભારતીય અને પાશ્ચાત્યમીમાંસકોનો પડેલો પ્રભાવ, એમની વિવેચન પદ્ધતિ, સિદ્ધાંત અને પ્રત્યક્ષ વિવેચનલક્ષી વિચારણાઓ, એમની તટસ્થતા અને તાદાત્મયતા, જીવનદર્શન, દર્શન, અલંકારરચના અને પ્રતીકરચના, સાહિત્યિક કૃતિની સ્વાયત્તતા, ભાષા, કલ્પન, પ્રતીક, રૂપરચના, દુર્બોધતા, સંક્રમણ, પાત્રાલેખન, પરિભાષાલક્ષી ચર્ચા વગેરેની ચર્ચા-વિચારણાને કેન્દ્રમાં રાખીને વિવેચકે છ વિવચેકોની વિવેચક પ્રતિભાને પ્રકાશમાં તો આણી જ છે સાથે સાથે છ વિવેચકોના વિવેચનમાં જોવા મળતાં વિશેષતારૂપ પાસાંઓને પણ દર્શાવી આપ્યાં છે. આ વિવેચન ગ્રંથમાં વિવેચકે આપણી વિવેચન પરંપરાને પુરસ્કારી છે. આ પુસ્તકનું શીર્ષક જ આ વાતની પૂર્તિ કરી આપે છે. આ ગ્રંથમાં પ્રમુખ વિવેચકોની સાહિત્યિક વિવેચનાત્મક વિચારણાને સર્જકલક્ષી અને તુલનાત્મક અભિગમે રજૂ કરી છે. વિવેચકે રૂપરચનાવાદી અભિગમનો નકાર કર્યો નથી પરંતુ માનવતાવાદી અભિગમને પણ પુરસ્કાર્યો છે. વિવેચકની પદ્ધતિ મૂલ્યાંકનપરક અને વિશ્લેષણાત્મક રહી છે. વિવેચકની વિશેષતા એ છે કે એઓ તર્કબદ્ધ ભાષામાં વિવેચકોની વિચારણાને રજૂ કરે છે.

બળવતંરાય ઠાકોરની વિવેચનલક્ષી વિચારણાને રજૂ કરવા માટે વિવેચકે પોતાના જ પુસ્તક 'બ.ક.ઠાકોર' (૨૦૦૪-પ્ર.આવૃતિ) સાહિત્ય અકાદમી,દિલ્હી : પ્રકાશન શ્રેણીનો આધાર લઈ આધાર લઈ બ.ક.ઠાકોરના વિવેચનકાર્યને મૂકી આપ્યું છે. છતાં અહીં બ.ક.ઠાકોરનુ વિવેચક વ્યકિતત્વ ટૂંકમાં બતાવી આપીશ. કારણકે વિવેચકનું કાર્ય શું હોય છે એમની પાસેથી જાણવા જેવું છે. 'ભદ્રંભદ્ર' નવલકથામાં મણિલાલ દ્વિવેદીના ઠઠ્ઠાચિત્ર દ્વારા રમણભાઈએ ઠેકડી ઊડાવી છે. એના અનુષંગે કડક આલોચના કરી છે. એમણે બીજી બાજુ જેની કડક આલોચના કરી છે, એની વિશેષતાનું પણ મૂલ્ય દર્શાવી આપ્યું છે. જેમકે, પશ્ચિમની સાહિત્ય વિવેચના અને ભારતીય સાહિત્ય વિવેચનાના તુલનાત્મક અભ્યાસનું શ્રેય બ.ક.ઠાકોરે રમણભાઈ નીલકંઠને આપ્યું જ હતું એની નોંધ વિવેચકે સદષ્ટાંત લીધી છે. આમ વિવેચકનો ધર્મ શું હોય છે એનું પ્રતિપાદન વિવેચકે બ.ક.ઠાકોરની પ્રત્યક્ષ વિવેચના દ્વારા દર્શાવી આપ્યું છે.

રામનારાયણ પાઠકની 'કળા વિષયક' વિચારણાને વિસ્તૃતરૂપે ચર્ચી છે. વિવેચક રા.વિ.પાઠક શાસ્ત્રીય કળાની સાથે સૂક્ષ્મકળાની પણ ચર્ચા કરે છે. વિવેચકે રામનારાયણ પાઠકની વિવેચનાના દરેક પાસાંને મૂલવ્યાં છે અને વિશેષતા મર્યાદાની દષ્ટાંતમૂલક ચર્ચાને રજૂ કરી છે. રા.વિ.પાઠક ભારતીય પરંપરાને ચાહનારાં હતાં એની ચર્ચા બ.ક.ઠાકોર અને રમણભાઈ નીલકંઠના સાહિત્યિક વલણના સંદર્ભમાં રજૂ કરી છે. ઉમાશંકર જોશીની કાવ્યવિચારણામાં તબક્કાવાર આવેલાં સ્થિત્યંત્તર અનુસાર વિવેચકે ચર્ચા કરે છે. એમની વિવાદ સર્જતી સંજ્ઞાઓની પણ વિવેચકે તપાસ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં જ રજૂ કરી છે. સુન્દરમ્‌ની સાહિત્યિક વિચારણામાં 'રૂપરચનાવાદ'ની ઉપપત્તિઓ અને એ અભિગમ વિશેની સભાનતા જોવા મળી છે. વિવેચકે સુન્દરમ્‌ના આ અભિગમને પ્રકાશમાં આણવા માટે 'સુન્દરમની કાવ્યભાવના' નામનો લેખ પણ કર્યો છે. સુન્દરમ્‌ની રૂપરચનાલક્ષી વિચારણાને પ્રકાશમાં આણવાનો શ્રેય વિવેચકને જાય છે. કારણકે એમની પહેલાં સુન્દરમ્‌ની વિવેચનલક્ષી વિચારણાનો સૂક્ષ્મ અભ્યાસ મહદ્‌અંશે જોવા જઈએ તો થયો જ નથી. વિવેચકના મતે સુરેશ જોષી ભલે રૂપરચનાવાદનાં

પુરસ્કર્તા હોય પરંતુ એમનો પહેલેથી ફિનોમિનોલોજીકલ અભિગમ રહ્યો છે એની ચર્ચા વિવેચકે સાહિત્યિક પ્રરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. વિવેચકે સુરેશ જોષીના અર્વાચીન ગુજરાતી સાહિત્યના વલણ સામે પણ પ્રશ્ન ઊઠાવ્યો છે. સુરેશ જોષીને ગાંધીયુગ જ નહિ પરંતુ અર્વાચીન ગુજરાતી સાહિત્ય પ્રત્યે અસંતોષ હતો જે વિવેચકના મતે એમનું આત્યંતિક વલણ છે. આમ, વિવેચકનો આ ગ્રંથમાં નિર્ભીક સૂર પણ જોવા મળે છે. સુરેશ જોષીએ અસ્તિત્ત્વાદી ચિંતકો વિચારકોનો પરિચય કરાવ્યો એને આવકારે છે. આમ, વિશેષતા-મર્યાદા બંનેનો નિર્દેશ કરી આપે છે. હરિવલ્લભ ભાયાણીની કૃતિનિષ્ઠ વિચારણા, કાવ્યભાષા અંગેની વિચારણા, રશિયન સ્વરૂપવાદનો પરિચય, રા.વિ.પાઠકની 'વર્ણ' અંગેની વિચારણાને હરિવલ્લભ ભાયાણીએ પુરસ્કારી છે. ભારતીયમીમાંસકો પાશ્ચાત્યમીમાંસકોથી કંઈ રીતે ચઢિયાતાં છે એની નોંધ વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં લીધી છે. હરિવલ્લભ ભાયાણીની વિવેચનલક્ષી વિચારણાને તર્કબદ્ધભાષામાં રજૂ કરી છે. 'વાત આપણા વિવેચનની' વિવેચન ગ્રંથમાં વિવેચકે છ વિવેચકોની વિવેચનલક્ષી વિચારણાને જે રીતે મૂલવી આપી છે એના પરથી એટલું તો ચોકકસપણે અનુભવાય છે કે ગુજરાતી વિવેચન પરંપરા સમૃદ્ધ છે. વિવેચકનો સૂર પણ આ જ છે. આપણે પાશ્ચાત્ય સાહિત્ય અને મીમાંસા તરફ જઈએ છે એ ખોટું નથી પરંતુ ગુજરાતી વિવેચન પરંપરાને હાંસિયામાં મૂકી દેવું તે શાંખી શકાય એમ નથી. વિવેચકે પદ્ધતિસર વિવેચકોનાં પ્રદાનને સહૃદયતા પૂર્વક મૂલવી આપ્યું છે.

**'રૂપરચનાથી વિઘટન'** સૈદ્ધાન્તિક પુસ્તકમાં સમાવિષ્ટ **'કૃતિની રૂપરચનાથી કૃતિના વિઘટન સુધી'** લેખમાં વિવેચક કહે છે કે આપણી પાસે પાશ્ચાત્યમીમાંસાની વિચારસરણી તો નહિ પરંતુ પૂર્વની વિચારણાઓનો પણ પરિચય નથી. એમ જણાવી વિવેચક અભિનવગુપ્તના મતને ટાંકીને કહે છે કે, **'વિવેક સોપાન પરમ્પરાને કારણે જ આપણી બુદ્ધિ પ્રમાદ સેવ્યા વિના ઊર્ધ્વારોહણ કરે છે અને અર્થ સત્યને પામે છે.'**[૮૧] પ્રસ્તુત લેખમાં વિવેચકે નવ્યવિવેચન, ચૈતન્યલક્ષી, રશિયન સ્વરૂપવાદી, અનુ-આધુનિક, વિઘટનલક્ષી વિવેચનાની વિસ્તૃત ચર્ચા સદષ્ટાંતરૂપે રજૂ કરી છે.

નવ્યવિવેચનલક્ષી વિચારણામાં કળાની સ્વાયત્તતા, ભાષાને મહત્ત્વ, કૃતિની તપાસ ઘટકોના સંદર્ભે, કૃતિ સિવાયના બધા આધારનો છેદ ઉડાવ્યો, જેવી બાબતો મહત્વ ધરાવે છે. વિવેચકે સમજૂતીપરક ભાષામાં ભૂમિકાની ચર્ચા કરી છે. નવ્યવિવેચનના પ્રણેતા કલીન્થ બ્રુશ્રકસના મતનો, એલિયટના મતનો પણ આધાર લઈ ચર્ચાને વિસ્તારી છે. નવ્યવિવેચનના અભિગમની સૂક્ષ્મ સ્તરે વિચારણાને દર્શાવી આપી છે.

વિવેચકે નવ્યવિવેચનાની સામે ચૈતન્યલક્ષી વિવેચનાએ જે પડકાર ફેંકયો એની તુલનાત્મક દષ્ટિકોણ વડે ચર્ચા કરી છે. ચૈતન્યવાદી અભિગમના પુરસ્કર્તાઓના નામનો ઉલ્લેખ પણ કર્યો છે. જેમકે, **'માર્શલ રેમોં, જયોર્જ પુલે, જે.હિલિસ મિલર, આલ્બેર બેંગુઈ, મોરિશ બ્લાન્સો, જયાં સ્ટારોબિન્સકી.'**[૮૨] આ અભિગમ માનવતાવાદી અભિગમ તરીકે પણ ઓળખાય છે. આ અભિગમ જ આજના સમયમાં શ્રેષ્ઠ અભિગમ છે એવો સૂર સંપૂર્ણ લેખમાં વિવેચકનો રહ્યો છે. આ વિવેચના સ્વાયત્તતા પર ભાર મૂકે છે. આ ગૃહીત સિવાય ચૈતન્યવાદી અભિગમ નવ્યવિવેચનના સામેનો અભિગમ છે એવો મત વિવેચકે દર્શાવ્યો છે. નવ્યવિવેચકો સાહિત્યને અપૌરુષેય ગણાવે છે. જયારે એની સામે ચૈતન્યવાદી વિવેચકો સાહિત્યને પૌરુષેય ગણાવે છે. નવ્યવિવેચકો 'પ્રતીક' જેવી યુકિતને મહત્ત્વ આપે છે એની સામે ચૈતન્યવાદી વિવેચક શંકાની દષ્ટિએ જુએ છે. નવ્યવિવેચન દ્વારા સાહિત્ય અને જગત વચ્ચે વિરોધ ઊભો થાય છે. વિવેચકે તુલનાત્મક અભિગમ વડે બંને અભિગમોના સામ્ય-વૈષ્મયને અવલોકી રજૂ કર્યા છે. તથા રશિયન સ્વરૂપવાદ નવ્યવિવેચનલક્ષી વિવેચનાની દિશા તરફ જતો નથી, એની નોંધ કરી વિવેચક કહે છે, **'જગત સાથેનો સંબંધ જતો કર્યા વિના તેઓ સાહિત્યની સ્વાયત્તતા સિધ્ધ કરવા મથ્યા.'**[૮૩] રશિયન સ્વરૂપવાદીઓ પણ સાહિત્યની સ્વયંપર્યાપ્તતા, ભાષા, ટ્રેકનિક, કાવ્યની પરિવર્તનશીલતા સમય પર આધારિત, ઐતિહાસિક સંઘર્ષ, કાવ્યની નિશ્ચિત વ્યાખ્યા ન હોય, માનવ સંઘર્ષનો મહિમા વગેરે મહત્ત્વનાં ગૃહીતો પર વિચારણા કરે છે. વિવચકે રશિયન સ્વરૂપવાદી વિચારણાની વિશેષતાની સાથે મર્યાદાને પણ ચર્ચી છે. દષ્ટાંત રૂપે **'અનુઆધુનિક વિવેચના રશિયન સ્વરૂપવાદનાં**

SMT. HANSA MEHTA LIBRARY

**ગૃહિતોને માન્ય ન રાખી શકે. કારણ કે એ વિવેચના એ પણ કૃતિના વિશાળ સંદર્ભને ધ્યાનમાં ન રાખ્યો.'**[84] વિવેચક વિચારણાને રજૂ કરતી વખતે નવ્યવિવેચન અને રશિયન સ્વરૂપવાદ દ્વારા જે કૃતિ સિવાયના સંદર્ભોને જતાં કરવા પડયાં એની સવિગતે મૌલિક વિચારણા રજૂ કરી છે. નવ્યવિવેચન અને રશિયન સ્વરૂપવાદનો અસ્વીકાર ન થાય એવું જયારે વિવેચક કહે છે ત્યાં એમની વિચારણામાં વિરોધાભાસ જોવા મળે.

ઉપરોકત વિચારણા બાદ વિવચકે સંચરનાવાદી અભિગમની ચર્ચાસાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. આ વિચારણાનું ગૃહીત, લક્ષણ, અભિગમની બૃહદ્તા વગેરેની ચર્ચા સાહિત્ય સ્વરૂપના સંદર્ભમાં કરી છે. નવ્યવિવેચનાનો વિરોધ કયા કારણોસર, કયા પરિબળો હેઠળ થયો એની વિવેચકે પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસાના પરિપ્રેક્ષ્યમાં મૂલવણી કરી છે. વિવેચકે વિઘટનનાં મુદ્દાની ચર્ચા સર્જક અને વિવેચક અનુષંગે કરી છે. જેમાં નિર્માણની પ્રક્રિયા કેન્દ્ર સ્થાને છે. નવ્યવિવેચન અને વિઘટનની તુલના દ્વારા વિવેચક બંનેનાં અભિગમોની સ્પષ્ટતા કરી આપે છે. વિવેચકે આર્નલ્ડના કાવ્યની ચર્ચા 'વિઘટન'ને અનુલક્ષીને જ થઈ છે એની નોંધ લીધી છે. 'વિઘટન'એટલે શું? એની વિભાવનાને સમજાવવા માટે વ્યવહાર જગતનાં ઉદાહરણો આપીને ચર્ચા કરી છે. તથા સુન્દરમનાં કાવ્યનું વિઘટન કરવું હોય તો કેવી રીતે થાય એની વિવેચકે સદષ્ટાંત રજૂઆત કરી છે. વિવેચકની પ્રતિભા કેવી હોવી જોઈએ એની સૂઝ અને સમજ દર્શાવી આપ્યાં છે. લેખના અંતે વિવેચક સ્પષ્ટ પણે કહે છે કે, આ જમાનામાં માનતાવાદી અભિગમને પુરસ્કારવાનો હોય. ટૂંકમાં આપણા જમાનામાં માનવ હાંસિયામાં ધકેલાય રહ્યો છે તો એને કેન્દ્રમાં લાવવાનો છે. **'વિવેચનનો એક માત્ર અભિગમ માનવતાવાદી હોવો જોઈએ- બહુ વિશાળ અર્થમાં'**[85] વિવેચકની વિચારણામાં આ સૌથી મોટું સ્થિત્યંતર જોવા મળે છે કે, એઓ માનવતાવાદી અભિગમને પુરસ્કારે છે.

**'સાહિત્યનો મૃત્યુઘંટ ?'** પ્રસ્તુત લેખમાં વિવેચકે ઈશ્વરની પદવી કેવી રીતે કવિને મળી એની ભૂમિકા પરિચયાત્મક ભાષામાં રજૂ કરી છે. નિત્શેની ઈશ્વરના મરણની ઘોષણા, કવિ ઈશ્વર તરીકે ઓળખાતો, ઈશ્વરની પૂર્ણતા કવિમાં નથી

છતાં કવિની સૃષ્ટિની પૂર્ણતા જેવાં મુદ્દાઓની વિવેચકે સાહિત્યિક સંદર્ભે વિચારણા રજૂ કરી છે. 'કવિ' વિશેની વિભાવનાનું અનુસંધાન રોમેન્ટિકો, ફિનોમિનોલોજી તથા ભારતીય અલંકાર વિષયક વિચારણા સાથે કરી કવિની સૃષ્ટિ એ સમાધિનો અનુભવ કરાવે છે એ સંદર્ભે વિવેચકે તુલનાત્મક દષ્ટિકોણ વડે ચર્ચાઓ કરી છે.

'પ્રતીક' સંજ્ઞાની વિચારણા, યુરોપ-અમેરિકામાં પ્રવર્તી રહેલી ક્રાન્તિકારક વિચારણા, સાહિત્ય અને જીવનને સાથે એક ભૂમિકાએ જોવાની વિચારણા, સંરચનાવાદી વિચારણા, કળાની વિશિષ્ટતાનો અસ્વીકાર કરતી એને લગતી વિચારણાને વિવેચકે સાહિત્યિક-સામાજિક સંદર્ભમાં ચર્ચી છે.

વિવેચકે ચૈતન્યલક્ષી અને અનુઆધુનિક વિષયક વિવેચનલક્ષી વિચારણાનો નિર્દેશ કરતી વખતે સર્જકના અસ્તિત્ત્વને તો સ્વીકાર્યું પરંતુ એમણે 'કૃતિ'ને પણ એટલું જ મહત્ત્વ આપ્યુ છે. વિવેચક 'કૃતિ'ને મહત્ત્વ આપે છે. એ વિચારણાનાં બીજ એમનાં શોધનિબંધના પુસ્તકમાં જોઈ શકાય છે. વિવેચકે એમના શોધનિબંધમાં રૂપરચનાવાદી અભિગમને જ કેન્દ્રમાં રાખીને કૃતિ સિવાયના અન્ય સંદર્ભોને લઈને ઘણાં પ્રશ્નો ગુજરાતી વિવેચન પરંપરાના સંદર્ભમાં ઊભા કર્યા છે. પરંતુ 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં વિવેચક માનવતાવાદી અભિગમને પુરસ્કારે છે. **'જો અનુઆધુનિકો એમ માનતાં હોય કે માનવી રૂપો સર્જતો જ નથી તો હવે સાહિત્યનો અને વિવેચનનો અન્ત આવી નથી ગયો ?'**[૬૬] વિવેચકનો સૂર અહી જોવા મળે છે કે એઓ સમકાલીન સાહિત્ય વિશે ચિંતિત છે. વિવેચકની આ વાત સાથે હું સંમત છું. પરંતુ પ્રશ્ન થાય કે વિવેચકે સમકાલીન સમયસંદર્ભને ધ્યાનમાં રાખીને સાહિત્ય અને જીવનને સાંકળવાની વાત કરી તો ગુજરાતી વિવેચન પંરપરાને એના સમય સંદર્ભમાં કેમ તપાસી નહિ ? માનવીને ચિહ્નમાં ફેરવી નાખનારાં દરેક પરિબળોનો નિર્દેશ તથા હાર્ટમેને આધુનિક વિવેચકો માટે કહ્યું છે એઓ સાહિત્યનો નાશ કરી રહ્યાં છે એની ચર્ચા વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યિક સંદર્ભમાં કરી છે. કવિતાને જીવનથી અલગ કલ્પી ન શકાય એ માટે વિવેચકે બીજી લલિતકળાઓની લાક્ષણિકતાની ચર્ચા તુલનાત્મક અભિગમ વડે રજૂ કરી છે.

વિવેચક સ્પષ્ટ પણે કહે છે કે, **'કવિતાને સાહિત્યને આપણા જનજીવન સાથે સંબંધ નહી હોય તો તો એ ફેંકાઈ જ જશે'**[૮૭] સમકાલીન સાહિત્ય જોતાં વિવેચકને અનુભૂતિ થઈ કે સાહિત્યનો શું અંત છે ? આ અંતને રોકવા માટે જીવન અને સાહિત્યને સાથે રાખવાં પડશે. વિવેચકના લેખનું શીર્ષક જ 'સાહિત્યનો મૃત્યુઘંટ' ઘણું કહી દે છે.

વિઘટનવાદીઓની સાહિત્ય પ્રત્યેની વિભાવનાને વિવેચકે હિલિસ મિલરની વિચારણાના અનુસંધાનમાં રજૂ કરી છે. જેમાં મિલર વિચારણાની માંડણી માટે ઝાક દેરિદાના નિબંધનો આધાર લે છે એનો વિવેચકે નિર્દેશ કર્યો છે. વિવેચકે ત્યારબાદ રૂપરચનાવાદી અભિગમની લાક્ષણિકતાની તરાહો દર્શાવી આપી છે. કૃતિ બીજા સંદર્ભો સાથે જોડાયેલી છે એ ચર્ચા અંતર્ગત વિવેચક દેરિદા અન ફૂકોની વિચારણાનો સમાવેશ કરે છે. તથા એમનાં પહેલાં એલિયટ અને જેરાલ્ડ ગ્રાફે કરી હતી એનો પણ એમણે નિર્દેશ કર્યો છે. વિવેચકે વિઘટનવાદીઓની વિશેષતા સાથે મર્યાદાને તર્કબદ્ધ ભાષામાં સાધારરૂપ રજૂ કરી છે. અર્થઘટનોની બહુલતા વિશે પણ વિવેચકે સદષ્ટાંત ચર્ચા રજૂ કરી છે. દષ્ટાંતરૂપે 'મેટમોર્ફોસીસ' કૃતિને કેન્દ્રમાં રાખીને અર્થઘટન વિશે સ્પષ્ટતા કરી છે. સર્જક અને વિવેચકની જવાબદારી વિશે આંશિક નિર્દેશ કર્યો છે તથા વિઘટનવાદીઓએ સર્જકનો છેદ છેડાવ્યો એની ચર્ચા પાશ્ચાત્ય સાહિત્ય સંદર્ભમાં કરી છે. આ વિઘટનવાદીઓ વાચકો દ્વારા સર્જકનો છેદ ઉડાવે છે એની નોંધ વિવેચકે કરી છે. કૃતિથી, સર્જકથી, કવિની સામગ્રીથી દૂર રહેવાનો પ્રયત્ન સાહિત્યનો નાશ કરી નાખવાં માંગે છે. વિવેચકની આ પ્રકારની વિચારણાઓ માનવતાવાદી અભિગમને પ્રકાશમાં આણે છે. 'સાહિત્યનો મૃત્યુઘંટ?' માં સર્જકને વિવેચકને સમકાલીન સાહિત્ય પ્રત્યે સભાન કર્યા છે. એ લોકોની જવાબદારી શું હોવી જોઈએ તેનાથી પણ અવગત કર્યા છે.

વિવેચકનો અભિગમ સંપૂર્ણપણે માનવતાવાદીની સાથે તુલનાત્મક રહ્યો છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ અને શાસ્ત્રીય રહી છે. વિવેચકે પાશ્ચાત્ય વિચારકોનો મહ્‌દઅંશે વિનિયોગ ચર્ચા અનુષંગે કર્યો છે. પ્રસ્તુત લેખમાં એકાદ બે જગ્યાએ સંસ્કૃત કાવ્યમીમાંસકોની વિચારણાનો ઉલ્લેખ વિવેચક કરે છે. પ્રસ્તુત લેખ આજનાં

સમયમાં ઘણી પ્રસ્તુતતા ધરાવે છે. કારણ કે આજનો માનવી મનોરંજનના સાધનો મળતાં સાહિત્યથી વિચ્છેદાઈ ગયો છે. સસ્તા મનોરંજન કરતાં સાહિત્ય પ્રત્યે મુખ્ય આકર્ષાય એવું કરવાનો સમય ખરેખર આવી ગયો છે. એવો ગંભીર સૂર પ્રસ્તુત લેખમાં વિવેચકે વ્યકત કર્યો છે.

**'સર્જક કોને જવાબદાર'** લેખમાં સર્જકની જવાબદારી સમકાલીનો પ્રત્યે હોય છે. એ સંદર્ભમાં વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચાને-વિચારણાને રજૂ કરી છે. પ્રસ્તુત લેખમાં પણ વિવેચકે સર્જકને સમાજની નિકટ જવું પડશે એવો સૂર સમકાલીનતાને જોતાં રજૂ કર્યો છે. સર્જક એ રાજ્ય, સમાજ, વિદ્યાપીઠથી મોં ફેરવે છે. કારણકે વિવેચકના મતે આ સંસ્થાઓ બોદી પડી ગઈ. આ સમયમાં સર્જક પોતાની જાતને વફાદાર રહેતાં, ભવિષ્યને સર્જક વફાદાર રહે, તે સમકાલીનતા માટે ગંભીર છે. ભવભૂતિનો સમય અલગ હતો. અત્યારનો સમય અલગ છે. વિવેચક સમયની ગંભીરતાને સમજે છે માટે જ એઓ સમય સૂચકતાને અનુસરવું એવો નિર્દેશ સર્જકને વિવેચકને કરે છે. કવિતાની પ્રભાવકતા સમાજ પર હોય છે, તે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ મદ્દાની ચર્ચા-વિચારણા માટે વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યના વિચારકો-ચિંતકો મેકલિશ અને બ્રુકસના મંતવ્યોનો આધાર લઈ સાહિત્યિકારની જવાબાદારીને જણાવી આપી છે. **'સમાજમાં જયારે જયારે કટોકટી વ્યાપે ત્યારે પ્રજા સર્જક પાસે માર્ગદર્શનની અપેક્ષા રાખે છે.'**[૮૮] સર્જક પ્રજાને માર્ગ ચીધનારો છે. જયારે વિવેચકના શોધનિબંધમાં તો આ પ્રકારની વિચારણા સામે વિવેચકને ઘણા પ્રશ્નો ઉદ્ભભવ્યાં હતાં. પરંતુ વિવેચક પ્રસ્તુત લેખમાં જે પ્રકારે ચર્ચા-વિચારણા કરે છે એના પરથી ખ્યાલ આવે છે કે, એઓ હવે સમયસંદર્ભમાં સાહિત્યને તપાસવું પડશે એ દિશામાં જઈ રહ્યાં છે. સર્જકની જવાબદારી સમકાલીન સમયસંદર્ભમાં લાભશંકર ઠાકરના કાર્યો દ્વારા સ્પષ્ટ કરે છે. **'લાભશંકર ઠાકર જેવા કવિ વર્તમાનપત્રની કોલમનો સદપયોગ કરી શકયા છે તે આનંદની વાત છે.'**[૮૯] આમ સર્જક અને સમાજ બંનેને એક ધરી પર લાવવાનો ઉપક્રમ વિવેચકનો પ્રસ્તુત લેખમાં રહ્યો છે. વિવેચકે સમકાલીન સમયના સર્જકોની વાત આપણાં અને પાશ્ચાત્ય સાહિત્યના સંદર્ભમાં કરી છે.

સાહિત્ય સાથે બીજા સંદર્ભોને સાથે રાખીને જ સાહિત્ય રચવું એવો સૂર એમની સંપૂર્ણ વિચારણામાંથી પ્રાપ્ત થાય છે. વિવેચકની માનવી માટેની ચિંતા ઘણી જ પ્રસ્તુત લેખમાં જોવા મળે છે. **'થર્બરની જેમ નીતિકથાઓ લખવી હોય તો એ, સમગ્ર સમાજને લક્ષમાં રાખીને બૃહત નવલ પણ રચી શકાય. ગમે તે માધ્યમ દ્વારા પેલા માનવીની છબિ મૂર્ત કરવાની છે એ વિસરાય નહીં'**[૯૦]. આમ વિવેચક સાહિત્યમાં માનવી, એની છબી, સમાજને મહત્ત્વ આપે છે. કારણ કે આ સમયમાં જો માનવીને મૂર્ત કરવામાં ન આવ્યો તો સાહિત્યની દશા ભવિષ્યમાં શું હશે એ પ્રશ્ન પ્રસ્તુત લેખમાં કેન્દ્રવર્તી બને છે.

વિવેચકે **'સર્જક ગુફાવાસી'** લેખમાં સર્જક વિશેની વિભાવનાને સંસ્કૃતિના કેન્દ્રમાં ચર્ચી છે. સર્જકના એકાંત વિશે પણ તેમણે સ્પષ્ટીકરણ કરી આપ્યું છે. માનવસંદર્ભની ઉપેક્ષા આ સમયમાં કરવી યોગ્ય નથી. એ મુદ્દાને પ્રસ્તુત લેખમાં પણ સૂક્ષ્મતાની ભૂમિકાએ ચર્ચે છે. **'સર્જન કરતી વખતે ભલે તે પોતાની આસપાસના માનવસંદર્ભનું રૂપાંતર કરે પણ સર્જન કર્યા પછી એ માનવસંદર્ભની ઉપેક્ષા તો કરી શકતો નથી. જો કે માનવસંદર્ભની ઉપેક્ષા તો સર્જન દરમિયાન પણ કરી ન શકે.'**[૯૧] 'સાહિત્ય'માં માનવસંદર્ભને ઈચ્છીએ તો પણ તેની ઉપેક્ષા થઈ શકે એમ નથી. એ વિચારણાને પુરસ્કારી છે. સર્જકનાં ગુફાવાસી વ્યક્તિત્વનાં મૂળ કાન્ટની વિચારણામાં તથા કાન્ટની વિચારણાથી પ્રભાવિત વિલિયર આદમ્સના નાટકમાં જોવા મળે છે. વિવેચક એનો નિર્દેશ સાહિત્યિક સંદર્ભમાં કર્યો છે. ભારતમાં સલ્તનતની સ્થાપના પછીના સમયગાળામાં સર્જાયેલી પરિસ્થિતિ, સર્જક અને સમાજ વચ્ચે કોઈ અંતર નહિ, ઔદ્યોગિકીકરણ, કાયદાઓ તથા અસમાનતાઓ વધતા સમગ્રતાને બદલે સીમિતતાને પ્રાધાન્ય મળ્યું. સર્જક સમગ્રતાને બાજુ પર મૂકીને પોતાના જગત તરફ વળ્યો. આમ વિવેચકે રૈખિક ક્રમમાં સર્જકની વિભાવનામાં આવતાં જે પરિવર્તનો છે એની નોંધ સમયસંદર્ભમાં લીધી છે.

વિવેચકે વ્યવહારજીવનમાં બનતી ઘટતી વાસ્તવિકતાઓની પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરી. સર્જક બાહ્યજગતથી મોં ફેરવીને પોતાના જગતને જોતો

થયો. એમાં સર્જકના એકાન્તને પોષનાર આધુનિક સાહિત્યનો વિવેચકે ઉલ્લેખ કર્યો છે. વિવેચકનો મૂળ કેન્દ્રી વિચાર પ્રસ્તુત લેખમાં સર્જક સંદર્ભે છે. સર્જકે સમાજની નિકટ, એની પાસે જવું પડશે. સર્જક સંસ્કૃતિથી વિમુખ થાય એ પોષાય એમ નથી. વિવેચકે સર્જકનું દાયિત્વ શું હોવું જોઈએ એનો પણ નિર્દેશ કર્યો છે. પ્રસ્તુત લેખમાં પણ વિવેચકનો અભિગમ સમાજાભિમુખ અને માનવતાવાદી રહ્યો છે.

વિવેચકે કળાની સ્વાયત્તતાનો પુરસ્કાર એમના શોધનિબંધમાં કર્યો છે. એની સામે 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં માનવસંદર્ભનો પુરસ્કાર કરતાં જોવા મળે છે. એમની વિચારણામાં સમયસંદર્ભે આ સ્થિત્યંત્તર જોવા મળ્યું. વિવેચકે સમકાલીન પરિસ્થિતિને પારખી લીધી કે સર્જક જો સમાજ પ્રત્યે જવાબદાર નહી થાય તો સાહિત્યનું અસ્તિત્ત્વ રહેશે ખરું ? આ પ્રશ્ન જ એમની વિચારણાની કેન્દ્રમાં રહ્યો છે.

**'અનુઆધુનિકતા એટલે પરંપરાભંજકતા?'** લેખમાં અનુઆધુનિકતાની ચર્ચા હોય કે આધુનિકતાની કે પછી રોમેન્ટિસિઝમ હોય, આ વાદો પરંપરાના વિદ્રોહરૂપે જ આવ્યાં હતાં એની ચર્ચા કરી છે. વિવેચક આ વિચાર રજૂ કર્યા બાદ અનુ-આધુનિકતા સંદર્ભે કહે છે કે, **'અનુઆધુનિકતાનો અર્થ મૂળભૂત ગૃહીતોને ફગાવી દેવાનો થતો હોય તો વાસ્તવમાં એમ બનવા પામ્યું છે ખરુ ?'**[૯૨] વિવેચકનો આ પ્રકારે વિચારને રજૂ કરવાનો હેતુ એટલો છે કે કોઈપણ યુગ હોય કે વાદ હોય એમાં પરંપરાના ગૃહીતોને કે, મૂળભૂત ગૃહીતોને ફગાવી શકાતા નથી. આધુનિક અને અનુઆધુનિક અભિગમોના મૂળમાં રોમેન્ટિસિઝમ જોવા મળે છે.

વિવેચકે આજના સમયમાં 'અર્થ' સામે વિદ્રોહ છે એની ચર્ચા કૃતિના સંદર્ભમાં કરી છે. કૃતિનો માત્ર એક જ અર્થ કરવો તે યોગ્ય નથી તથાપિ કૃતિના એકદેશી અર્થનો વિદ્રોહ કરવાનો છે. સમગ્ર અર્થને તો સ્વીકારવાનો છે, પુરસ્કારવાનો છે. પ્રસ્તુત લેખમાં મૂળ કેન્દ્રી વિચાર જ એ છે કે અનુઆધુનિકતા પરંપરા સાથે કોઈ સંબધ ધરાવે છે? આ પ્રશ્નને ચર્ચવા માટે વિવેચકે ગ્રાફના 'ધ મીથ ઓવ્ ધ પોસ્ટ મોડર્નીસ્ટ બ્રેકથ્રૂ' લેખનો આધાર લીધો છે. ગ્રાફ પાશ્ચાત્ય વિવેચકોને કેન્દ્રમાં રાખીને આધુનિકતાની ચર્ચા કરે છે. વિવેચકે ગ્રાફની ચર્ચા

દરમ્યાન રૂપરચનાવાદી અભિગમને નવ્ય વિવેચન સાથે સરખાવ્યો છે. ગ્રાફના મતે અનુઆધુનિક વિવેચના રોમેન્ટિસિઝમની જ લાક્ષણિકતા ધરાવે છે. એમના મતે ગ્રાફ **'સાહિત્યને એક બૃહદ સાંસ્કૃતિક સંદર્ભની પડછે મૂકી આપે છે.'**[૯૩] વિવેચકે અનુઆધુનિકતાવાદીઓની લાક્ષણિકતાને પાશ્ચાત્ય સાહિત્યના સંદર્ભે ચર્ચી છે. મન એક પ્રશ્ન થાય છે કે ગુજરાતી સાહિત્ય વિવેચન કે પૂર્વમીમાંસાની વિચારણાને અહી અવકાશ નથી ? કે આપણે પાશ્ચાત્યના જ સંદર્ભો લેવા પડે ? શું એ લોકો આપણા સાહિત્યના આધારે એ લોકોના સાહિત્યને મૂલવે છે ? કદાચ આમ કરવાનું કારણ જ આપણે ઉછીના વાદ માંગી લાવ્યાં છે તે હોઈ શકે. વિવેચક આ લેખના અંતે આપણા ગુજરાતી સાહિત્યની ટૂંકમાં ચર્ચા સમકાલીન સમયસંદર્ભ અંતર્ગત કરી છે. ટૂંકમાં અનુઆધુનિકો જે પોતે પરંપરાનો વિદ્રોહ કરે છે એવી માન્યતા ધરાવનાર સામે જયાં ગ્રાફની વિચારણાને રજૂ કરે છે. અનુઆધુનિકો પહોંચે છે ત્યાં પરંપરાવાદીઓ પણ પહોંચ્યા હતા. આ વિચારણા વર્તમાનની ભૂમિકાને કેન્દ્રમાં રાખીને રજૂ કરી છે.

વિવેચક શિરીષ પંચાલે ગ્રાફને કેન્દ્રમાં રાખીને 'અનુ-આધુનિક'કળાના પ્રયોજનોની ચર્ચા પાશ્ચાત્ય સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરે છે. અનુઆધુનિક સર્જકો અને અનુઆધુનિક વિવેચકોના મતે 'અનુઆધુનિક સાહિત્ય' શું છે એની પણ સ્પષ્ટતા વિવેચકે સદષ્ટાંત કરી આપી છે. અનુ-આધુનિકો પોતાનાં પુરોગામીને જ અનુસર્યા છે એવો નિષ્કર્ષ વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યની ચર્ચાના અંતે આપ્યો છે.

જયારે આપણાં ગુજરાતી સાહિત્યની પરિસ્થિતિ સાહિત્યિક સંદર્ભે જે છે એને તુલનાત્મક અભિગમ વડે ચર્ચી આપણા સંદર્ભે અનુઆધુનિકતાને ઉપજાવવાની વાત કરી છે. આ ચર્ચાને અનુલક્ષીને વિવેચકે ભૂપેન ખખ્ખરનું અવતરણ ટાંકયુ છે.

વિવેચકના મતે કોઈપણ પ્રકારનું સાહિત્ય હોય એ પોતાની પરંપરા, પુરોગામીઓનો ગમે એટલો વિદ્રોહ કરે તો પણ એનાથી મોં ફેરવી શકતો નથી. એની ચર્ચા-વિચારણાનો વિવેચકે નિર્દેશ કર્યો છે. વિવેચક પ્રસ્તુત લેખમાં પણ માનવતાવાદી અભિગમને પુસ્કારે છે. **'વ્યક્તિ માટેનો આદર, વિશ્વબંધુત્વ,**

**તાર્કિક સુસંગતાઓ, રાજકીય વ્યવસ્થાઓ આ બધું ફગાવી દઈને કેટલું સિદ્ધ કરી શકશે?'**[૯૪] આમ સાહિત્યની સાથે સમાજ મનુષ્યને સાંકળી આપે છે.

**'સાહિત્યનુ સમાજશાસ્ત્ર'** લેખમાં વિવેચકે સાહિત્યની દુર્બોધતા, ગુજરાતી પ્રજાની તુલનાએ મરાઠી અને બંગાળી પ્રજાનો સાહિત્ય સાથે ગાઢ સંબધ, લોકપ્રિય સાહિત્ય તરફ વધુ ઢળ્યાં એનું કારણ સમકાલીન પરિસ્થિતિ જવાબદાર, ટીવી, ટેપરેકોર્ડર, સાહિત્ય પ્રત્યે અરુચિ જાગવી, સામયિકો, પુસ્તકોનું વધુ વેચાણ પણ આશ્ચર્ય પમાડે, પુસ્તકોનાં વેચાણનાં આંકડા જોવાની વાતના અનુસંધાનમાં વિવેચકે સાહિત્યના સમાજશાસ્ત્રને તપાસવાં માટે ઉપરં જણાવેલ મુદ્દાઓને સાહિત્યિક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં મૂલવ્યાં છે.

'સાહિત્ય' સંજ્ઞાની વિચારણા વિવેચકે વ્યાપક અર્થમાં કરી. કારણકે 'સાહિત્ય'ની વિભાવના યુગે-યુગે, સમાજ-સમાજે જુદી હોય છે. વિવેચકે સમાજની દેખાડાં કરવાની બાજુને નિર્મમપણે રજૂ કરી છે.જેની ખરેખર આ જમાનામાં પણ પ્રસ્તુતતા જોવા મળે છે. પુસ્તકનાં સુશોભનની, એના વેચાણની પશ્ચિમમાં જે પરિસ્થિતિ છે તે અંગેની, પુસ્તકો માત્ર શોખ ખાતર વસાવવામાં આવે છે એની ચર્ચા વિવેચક તર્કબદ્ધ ભાષામાં મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂ કરી છે. એમના મતે **'આ બધા પ્રયત્નો પાછળ સમાજમાં ઊંચા દેખાવા માટેની માન્યતા કામ કરતી હોય છે.'**[૯૫] સાહિત્યના બધા સ્વરૂપોમાં નવલકથા, વર્તમાનપત્રોમાં આવતી કોલમો, ભવ્ય કાર્યક્રમો જે સર્જકની પ્રતિષ્ઠા વધારે એવી વાતોનો મહિમા કેવો હોય છે એની નોંધ લીધી છે. વિવેચક તો આની નકારાત્મક બાજુથી અવગત છે જ. વિવેચક સાહિત્યના સમાજશાસ્ત્રને સમજાવવા માટે સાહિત્ય પાસે જનારાના સૂક્ષ્મ તાણાંવાણાંને તપાસે છે, ચકાસે છે. અમેરિકામાં નવલકથા પ્રગટે ત્યાંની પરિસ્થિતિ વેચાણ સંદર્ભે આપણી ગુજરાતની પરિસ્થિતિ કરતાં તદ્દન વિપરિત હોય, ત્યાં ધૂમ વેચાણ થાય છે. જયારે અહી નવલકથાનું ઓછું વેચાણ થાય છે. આમ વિવેચક તુલનાત્મક દષ્ટિકોણ વડે 'સાહિત્ય' અંગે પ્રવર્તતી જુદી-જુદી સમજનું સ્પષ્ટીકરણ આપ્યું છે. ધૂમ વેચાણ થાય છે એમાં જવાબદાર પરિબળરૂપે પુસ્તકનો પ્રચાર કેવો કરવામાં આવે છે એના પર આધારિત છે. છાપામાં આવતી સમીક્ષા પણ રૂપિયા

પૈસાના કેન્દ્રમાં રાખીને થતી હોય છે. વિવેચકે અમેરિકા-યુરોપની વરવી પરિસ્થિતિનું આલેખન કરીને બતાવી આપ્યું કે લોકો જે સમજે છે કે ત્યાં પુસ્તકો વધુ વંચાય છે એ પાછળની હકીકતથી અવગત નથી હોતા. વિવેચક એનાથી અવગત કરાવે છે. સાહિત્યનું સામજશાસ્ત્ર ઘણી બધી રીતે ચર્ચાય એમ કહી વિવેચકે બધાના મૂળમાં અર્થકારણનો નિર્દેશ કરી આપ્યો છે. ટૂંકમાં વિવેચક આ પરિસ્થિતિની વ્યથાને રજૂ કરે છે. **'આ અનિષ્ટનો સ્વીકાર કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. સાહિત્યમાં સ્થાન પામતો સમાજ, માનવી. એ બધા પ્રશ્નો તો ત્યાર પછી ઊભા થતા હોય છે.'**[૯૬] વિવેચકે 'સાહિત્ય' અંગે પ્રવર્તતી દરેક પ્રકારની ચર્ચા-વિચારણાનો અહીં ટૂંકમાં સમાવેશ કર્યો છે. આપણે એટલું તો સ્વીકારવું જ રહ્યું કે 'સાહિત્ય'ના વેચાણમાં પણ રૂપિયાનું ઘણું મહત્ત્વ છે. આમ આવી પરિસ્થિતિમાં સાહિત્યની આ દશા છે ? તો મનુષ્યનું સ્થાન કયાં ? આ પ્રશ્નની ચર્ચાનો અવકાશ ખપે.

**'સાહિત્યના વ્યાપક સંદર્ભો'** લેખમાં કળાકૃતિની અસર ભાવકને વધુ થાય છે કે કળાકારને એ વિષય પરત્વે ચર્ચા મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ કરી છે. વિવેચક 'રુચિ' ના પ્રશ્નની ચર્ચા કરવા માટે લિયો સ્ટેઈનબર્ગના 'કન્ટેમ્પરરી આર્ટ્સ એન્ડ ધ પ્લાઈટ ઓવ ઈટ્સ પબ્લીક' લેખનો આધાર લીધો છે. 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં સમાવિષ્ટ થયેલા દરેક લેખનો મૂળ વિચાર જ એ છે કે **' સમાજ કળા સાથેનો સંબંધ ગુમાવી બેઠો છે.'**[૯૭] વિવેચક સમકાલીન સાહિત્યને પાંગળુ કહે છે. આ વિચારને રજૂ કરવા માટે કેનેથ કલાર્કની વિચારણા સમાજ અને કળા વિશેની છે એનો આધાર લે છે. **'સમાજમાં જયારે બહુમતીને કળા અત્યન્ત અનિવાર્ય લાગે, તેમની માન્યાતાઓના સમર્થન માટે કળા જરૂરી વરતાય, મહત્ત્વની ઘટનાઓ વિશે જયારે કળા કોઈ જાણકારી પૂરી પાડે અને જયારે અગોચરને ગોચર બનાવે ત્યારે કળા અને સમાજ વચ્ચેના સંબંધો આરોગ્યપ્રદ બને.'**[૯૮] જયારે આજે કળા-સાહિત્યમાં સંબંધો આરોગ્યપ્રદ નથી રહ્યાં. એની વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ફરિયાદ કરી છે. આ વિચારણાને વિસ્તૃત રૂપે વિવેચકે ચર્ચવા માટે રસ્કિન, જહોન ડયૂઈના મંતવ્યોને અનુલક્ષીને મૂલ્યાંકનપરક ભાષામાં નોંધ લીધી છે. અમેરિકાના

સાહિત્યમાં આવતા વિષયવસ્તુની ટૂંકસાર નોંધ રજૂ કરે છે. આપણાં સાહિત્યે સમસામાયિક વિષયને કૃતિમાં રજૂ ન કર્યો એની પાછળ જવાબદાર વિવેચકો પણ હતાં એની પણ નોંધ વિવેચક લે છે. એમાં કયાં વિવેચકોનો સમાવેશ થાય છે એની સ્પષ્ટતા કરી નથી.

**'સાહિત્ય અને સમૂહ માધ્યમો'** લેખમાં સાહિત્ય તથા અન્ય સંદર્ભો જેવાં કે, સમાજ, ઈતિહાસ, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન વચ્ચે સંબધ બાંધતા આવ્યાં છે એ વિષયપરત્વે સમકાલીન પ્રવાહોને આધારે ચર્ચા કરી છે. પરંતુ વિવેચક કહે છે કે **'આપણા જમાનામાં સમૂહ માધ્યમોના વિસ્તરતા પ્રભાવને કારણે સાહિત્યને પણ સમૂહ માધ્યમોના સંદર્ભે વિચારવું પડે.'**[૯૯] એમ વિવેચક સમકાલીન સંદર્ભમાં સાહિત્ય સાથે કયા સંદર્ભને જોડવાથી સાહિત્યને લાભ થાય છે એના અનુષંગેની ચર્ચાને વિસ્તારી છે.

વિવેચકે 'માધ્યમ'ની ચર્ચા સાહિત્ય અને સમૂહ માધ્યમના પરિપ્રેક્ષ્યમાં કરી છે. 'સંક્રમણ' સંજ્ઞાની વિચારણાને પણ આધુનિક સાહિત્ય સંદર્ભે ચર્ચી છે. જેમાં આધુનિક સાહિત્યથી કે કળાથી પ્રજા દૂર થઈ એના પાછળ જવાબદાર પરિબળ સમૂહ માધ્યમ છે. વિવેચકે સમૂહ માધ્યમની ચર્ચા સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભે કરી. ટી. વી.નું સામ્રાજ્ય, તેનો પ્રભાવ દરેક માધ્યમો પર પડયો અને ભલે ટી.વી.ના માટે શરૂઆતમાં શંકાની દષ્ટિથી જોવાયું. પરંતુ એના પ્રભાવમાંથી કોઈ બચ્યું નહિં. કોઈપણ માધ્યમનો એના આરંભે વિરોધ તો થાય જ છે એવુ વિવેચકનું મંતવ્ય છે. જેનાં સંદર્ભમાં વિવેચકે પાશ્ચાત્ય સાહિત્ય જગતની પરિસ્થિતિનો ચિતાર આપ્યો છે. જેમકે, પુસ્તક સામે ઈંગ્લેડમાં વિરોધ થયો. આપણાં ત્યાં ફિલ્મ માટે અને અમેરિકામાં ફિલ્મથી સમાજ બદલાયો. આમ વિવેચકનો મત છે કે નવી વસ્તુ આવે એનો વિરોધ થાય છે. પરંતુ વિવેચકનો મૂળ કેન્દ્રવર્તી વિચાર પ્રસ્તુત લેખમાં અમાનવીકરણ, ઉદાસીનતા વગેરે ટી.વી.નાં લીધે નથી પ્રગટી પરંતુ એના મૂળ **'અર્થકારણ શહેરીકરણની સમસ્યાઓમાં પડેલાં હતાં.'**[૧૦૦] સાહિત્ય માટે ટી.વી. કરતા રેડિયો માધ્યમરૂપે ઉત્તમ નીવડશે એવો નિર્દેશ પણ વિવેચકે માર્શલ મેકલુહાનના મંતવ્ય અનુસાર કર્યો છે. પરંતુ આપણાં ત્યાં રેડિયો અમુક પ્રકારની

મર્યાદાઓના લીધે સફળ પુરવાર ન થયો. સમૂહ-માધ્યમ દ્વારા સાહિત્યને કંઈ રીતે આગળ લાવી શકાય એના સૂચનો પણ આપ્યાં છે. વિવેચકે 'સામયિક'માં શું વિષયવસ્તુ હોવું જોઈએ એનો નિર્દેશ કરી સાહિત્યને વેગ કેવી રીતે આપી શકાય એની તુલનાત્મક નોંધ લીધી છે. વિવેચક સાહિત્યને વ્યાપક સ્તરે મૂકી આપવાનો અભિગમ ધરાવે છે. એની પ્રતીતિ પ્રસ્તુત લેખમાંથી પસાર થતાં થાય છે. સાહિત્યે આપણા યુગના મનોરંજનના જુદા જુદા પ્રકારો સામે ટકી રેહવા ઘણું ઝઝૂમવું પડશે. એ પ્રશ્નની વિચારણા ખપે. કારણકે ત્રણ કલાકની ફિલ્મની સામે આ સમયમાં કોણ નવલકથા વાંચવાની કે સામયિક વાંચવાની તસ્દી લે ? એવો પ્રશ્ન સાહિત્યની સામે આવીને ઊભો છે.

**'કિમપિ દ્રવ્યમ્'**

**'પોતીકા સંદર્ભોની અનિવાર્યતા'** લેખમાં વિવેચકે પરિસ્થિતિમાં જે અરાજકતા ફેલાઈ છે એની ચર્ચા સમકાલીન સંદર્ભને કેન્દ્રમાં રાખીને કરી છે. વિવેચકે **'આપણે સાહિત્ય કૃતિનો વિશાળ સંદર્ભ ધ્યાનમાં રાખતા નથી.'**[૧૦૧] તે કારણ આપ્યું. વિવેચકે કૃતિલક્ષી અભિગમને સ્વીકાર્યો તો એની વિશિષ્ટતા અને મર્યાદાઓ પણ દર્શાવી આપી. ભારતીય પ્રજાની નબળાઈનો પણ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં જ નિર્દેશ કરી આપે છે. **'ભારતીય પ્રજાની સૌથી મોટી નબળાઈ ઈતિહાસ વિશેનું અજ્ઞાન છે.'**[૧૦૨] ભારતીય ચિત્રકારો અને ગુજરાતી સર્જકોના સામાજિક વાસ્તવ પ્રત્યેના વલણોમાં જોવા મળતી ભિન્નતાને તપાસતો વિષય છે. અહી એક પ્રશ્ન થાય કે જયારે વિવેચક શિરીષ પંચાલ રૂપરચનાવાદી અભિગમના પુરસ્કર્તા હતાં ત્યારે સામાજિક વાસ્તવની ચર્ચા કરવી કેટલી યોગ્ય ગણાતી હતી ?

પ્રસ્તુત લેખમાં મૂળ કેન્દ્રી વિચાર તરીકે કોઈપણ વાદ, વિચાર કે વિભાવનાને ગમે ત્યાંથી લાવવામાં આવે એને સ્વીકારવા જોઈએ. પરંતુ **'એનો કોઈક સંદર્ભ આપણા પોતાના સાહિત્ય જગત સાથે હોવો જોઈએ.'**[૧૦૩] વિવેચક સૂચન પણ કરે છે કે આપણે સભાનતાપૂર્વક, વિવેક જાળવીને ચકાસવાનું છે. વિવેચકે આ ચર્ચા-વિચારણાને રજૂ કરતી વખતે કે.જી.સુબ્રમણ્યમ અને

ગુલામમોહમ્મદ શેખનો આધાર લીધો છે. ટૂંકમાં પોતીકા સંદર્ભને મહત્ત્વ આપવાનું કહેવામાં આવ્યું છે.

'આધુનિકતા'ને બીજા બધા દેશોએ પોતાના સંદર્ભમાં ઉપજાવી છે. વિવેચકે આપણા ત્યાંની આધુનિકતાની પરિસ્થિતિથી અવગત કરાવ્યાં કે આપણા ત્યાં આધુનિકતા પ્રગટી નથી તો એને મૂકવી કે એને ગોઠવવી ક્યાં ? આ પ્રશ્ન પૂછયો છે. તો મને પ્રશ્ન થાય છે કે તો સુરેશ જોષીએ જે આધુનિકતાને ગુજરાતી સાહિત્યમાં લાવીને એને ઉપજાવી તો તે વખતે વિવેચકને પ્રશ્ન કેમ ન થયાં ? કે આધુનિકતા એ આપણાં ત્યાં પાંગરી નથી એ તો પશ્ચિમની દેન છે. એમની પાસેથી અપેક્ષા રહે કે એમણે સુરેશ જોષીની વિચારણા સામે પ્રશ્નો કરવાં જોઈતા હતાં જે કર્યા નથી. જે તે સાહિત્યને, વિચારને એના સ્થળ અને સમયસંદર્ભમાં તપાસવો એવો સૂર પ્રસ્તુત લેખમાં મુખ્ય કેન્દ્રી વિચાર બની રહે છે.

**'જીવન વિરુદ્ધ કળા?'** લેખમાં વિવેચકે કળા અને સમાજ, જીવન વચ્ચે જે અંતર વધ્યું એની ચર્ચા ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય અંતર્ગત કરી છે. **'આપણી પલટાતી સમાજ રચના, વિજ્ઞાન-ટેકનોલોજીનો પ્રભાવ આધ્યાત્મિક મૂલ્યોનો હ્રાસ અને ભૌતિક મૂલ્યોનું વર્ચસ્, સામૂહિક માધ્યમોનો પ્રસાર-આ બધાંએ પણ કળા અને સમાજ વચ્ચેનું અંતર વધારવામાં સારો એવો ભાગ ભજવ્યો છે.'**[૧૦૪] વિવેચકે કળા અને સમાજ વચ્ચે પડતાં જતાં અંતરની ભૂમિકા વિશ્લેષણાત્મકપરક ભાષામાં રજૂ કરી છે.

કળાને ચૈતન્ય સાથે ન સાંકળતા પદાર્થ સાથે વિજ્ઞાનના પ્રભાવે સાંકળી, કળામાંથી માનવીને દૂર કરાયો. સંક્રમણ શકય નથી. આ કારણોસર વિવેચકના મતે આપણે કળાહીન બન્યાં. સમષ્ટિમાંથી વ્યકિતનું સ્થાન કેન્દ્રમાં આપ્યું. વિવેચકે સમષ્ટિ અને વ્યકિતકેન્દ્રી વિચારણાની ચર્ચા દરમ્યાન ઈશ્વરનો, દેવળનો ઉલ્લેખ કર્યો છે. વિવેચકે કળા અને જીવન વચ્ચે વધતાં અંતરના તારણો આપ્યાં છે.

કળાનું કર્તવ્ય શું હોય છે? એની પરિચયાત્મક નોધ સમજૂતીપરક ભાષામાં રજૂ કરી છે. ભારતીય સંસ્કૃતિમાં કળા અને જીવન-સમાજ જુદા ન હતાં ત્યાં સુધી રિચાર્ડ લેનોયના મતે વિશિષ્ટતા રહી પરંતુ પછી અધ:પતન થયું. તથા કળા

સમાજનું દાસ્તવ કરે એવો તો હેતુ વિવેચકની વિચારણામાં નથી. એઓ પણ આ પ્રકારની વિચારણાનો વિરોધ કરે છે. કારણકે કળાને નામે કળાને વટાવનારાની સામે કળાની સ્વાયત્તતા સ્વીકારવી રહી. પરંતુ કળા એ માત્ર માણસને પદાર્થને, ઘટનાને એની પાર નથી બતાવતી પરંતુ કળા મનુષ્યના દરેક જગતને સ્પર્શે છે. વિવેચકે સહૃદયતાની, કળાકારની વિભાવનાઓ સ્પષ્ટ કરી આપી છે. કળા અને સમાજને નજીક લાવવાનાં બનતાં પ્રયત્નો પ્રસ્તુત લેખમાં વિવેચક કરે છે. વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યની સાથે ગુજરાતી કળાકારોના મંતવ્યો પણ ટાંકયા છે. વિવેચક કળા અને સમાજને સાથે લઈને ચાલવાની વાત કરે છે. પરંતુ વિવેચક જે વિચારે છે એ પ્રકારની વિચારણા એઓ આધુનિક સમયગાળામાં ધરાવી શકયા હતા ? ધારો કે હવે એમની વિચારણામાં જે સ્થિરત્યંત્તર જોવા મળે છે એનું કારણ એઓ આધુનિકતાવાદી વિચારધારા ધરાવનાર વિવેચકોની છત્રછાયામાંથી બહાર આવીને પોતાનો અવાજ પ્રસ્થાપિત કરી રહ્યાં છે એ હોઈ શકે.

**'કળાહીન સમાજની ભીતરમા'** વિવેચકે પ્રસ્તુત લેખમાં કળા કે સાહિત્યમાં માનવી જેવો છે એવો એનો સ્વીકાર કરવાનું સૂચન કરે છે. આધુનિક માનવીની ખંડિત થયેલી છબી સામે માનવીની અખંડિત છબીને નિરૂપવાનું કહે છે. કળાકારનો ધર્મ શું છે એની નોંધ લઈ વિવેચકે જણાવ્યું છે કે, માનવી કળાથી દૂર ગયો એનું કારણ કળા મનોરંજન આપતી નથી. છતાં એમના મતે કળાએ પોતાનું સ્વત્વ તો સિદ્ધ કરવાનું હોય છે વિવેચકે આ મુદ્દાઓની ચર્ચા સામાજિક-સાહિત્યિક સંદર્ભમાં કરી છે. માનવી કળાને ફગાવી શું કામ મનોરંજનની પાસે ગયો એની સદષ્ટાંત ચર્ચા હાથ ધરી છે. પાશ્ચાત્ય સાહિત્યમાં 'કવિતા' માટે વાચકો-ભાવકોનું આકર્ષણ વધે એ માટે કવિઓ કેવા પ્રયત્નો કરતાં એની સમજૂતી પરક ભાષામાં રજૂઆત કરી છે. માલાર્મે, પાસ્તરનાક, હાન્સ એનઝેન્સ બર્ગર 'કવિતા' પ્રત્યે કંઈ વિચારણાઓ-વિભાવનાઓ ધરાવે છે એની તુલનાત્મક દષ્ટિકોણ વડે વિવેચકે ચર્ચા કરી છે. વિવેચકે એની પણ નોંધ લીધી છે કે, કવિતાને એના સમકાલીન સમયસંદર્ભમાં મૂલવવી તથા વિવેચક શાશ્વત ધોરણોનો વિનિયોગ કરવાની ના પાડતાં નથી પરંતુ કવિના સમયને પણ મહત્ત્વ આપવું જોઈએ એમ કહે છે. વિવેચકની કળા અને

સમાજ પ્રત્યેની ચિંતા આ અવતરણમાં મૂર્ત થાય છે. **'આ બધાં નાના કુંડાળા કોટકિલ્લા ત્યજી દઈને એક મોટા કુંડાળાની જરૂર છે જેમાં દરેક એકબીજાની આંખમાં જોઈ શકે એકબીજાના સુખદુઃખમાં ભાગીદાર થઈ શકે આના અભાવે કળા પણ દોદળી પડી ગઈ હોય એમ લાગે છે.'**[૧૦૫] પ્રસ્તુત લેખ પણ માનવતાવાદી અભિગમને જ પુરસ્કારે છે.

**'વિવેચકનું સંત્રીકર્મ અંતરાયરૂપ?'** લેખમાં વિવેચકે રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક, સાંપ્રદાયિક સમકાલીન પરિસ્થિતિઓનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે. સમકાલીન પિરિસ્થિતિમાં જોવા મળતાં સંઘર્ષો પ્રત્યે સર્જક કેવું વલણ દાખવે છે એની ચર્ચા ગુજરાતી, ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં કરી છે. સમકાલીન સાહિત્યનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે જીવંત વાસ્તવિકતા સાથે સર્જકને સંબંધ નથી. આ ભૂમિકાએ પ્રર્વતતી વિચારણાઓનાં મૂળમાં જોવા મળતી સમસ્યાઓનો નિર્દેશ વિવેચકે કર્યો છે. જે ગેરસમજો થઈ છે એને પણ દર્શાવી આપી છે. **'સર્જક વ્યવહારના તથ્યનું કળાના સત્યમાં રૂપાંતર કરે છે, સર્જક અનુકરણ કરતો નથી એ તો રૂપાન્તરણ કરે છે. આવી ભૂમિકાઓને પૂરેપૂરી સમજયા વિના આદર્શ માની લેવામાં આવી. વાસ્તવવાદ-નિસર્ગવાદની પ્રતિક્રિયા રૂપે પ્રતીકવાદ આવ્યો અને પ્રતીકની યુક્તિનો નવ્યવિવેચને, રૂપરચનાવાદે અતિ આદર કર્યો એટલે જીવંત વાસ્તવિકતા સાથે સર્જકને કશો સંબંધ નથી એમ માની લેવામાં આવ્યું.'**[૧૦૬] સર્જક જીવંત વાસ્તવિકતાને અવગણે છે તે આ સમયમાં ચાલી શકે તેમ નથી. ઐતિહાસિક નવલકથાકારો અને વાસ્તવવાદી નવલકથાકારોનો સમાવેશ વાસ્તવિકતાને નકારતા સર્જકોમાં થાય છે. સર્જકોના આવા વલણની સામે બંગાળી નવલકથાકાર મહાશ્વેતા દેવી કડક શબ્દોમાં સર્જકને આમ ન કરવાની સલાહ આપે છે. આધુનિક સાહિત્યની લાક્ષણિકતાનો સમકાલીન સમયસંદર્ભમાં અસ્વીકાર એની સામે સમકાલીન સાહિત્યે વાસ્તવિકતા પ્રત્યે સભાનતા દાખવવી એવા બે મુદ્દાની ચર્ચાને વિવેચકે ટૂંકમાં આવરી લીધી છે. આજનું સાહિત્ય અળખામણું કેમ બન્યું છે. એની વિવેચકે ટૂંકસારરૂપે રજૂઆત કરી છે. વિવેચકે ભાષા અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો છે. વિવેચકે વધુ પડતી શિષ્ટ ભાષા કૃત્રિમ લાગે એ વિચારણાને ગઝલ અને ગીત સ્વરૂપનાં

સંદર્ભે ચર્ચી છે. ઉન્નતભ્રૂ સર્જક અને લોકપ્રિય સર્જક બંને વચ્ચે જોવા મળતાં ભેદને વિવેચકેસાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કર્યા છે. આ બંને વાસ્તવિકતાથી દૂર હોય છે. અને નવા સર્જકો નવું કાવ્યશાસ્ત્ર રચે તો એનો સ્વીકાર કરવાનું વિવેચક કહે છે. વિવેચક આપણા સમયસંદર્ભમાં નવા કાવ્યશાસ્ત્રની હકારાત્મકતાને જોઈ શકયાં છે આથી એને સ્વીકારવાનું કહે છે. પ્રસ્તુત લેખમાં વિવેચકકેન્દ્રી વિચારણા કરતાં સર્જકકેન્દ્રી વિચારણાને સમકાલીન સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં ચર્ચી છે. પરંતુ લેખનું શીર્ષક તો 'વિવેચકનું સંત્રીકર્મ અંતરાયરૂપ?' આવા પ્રશ્નથી છે. તો વિવેચકના કાર્યનો લેખના અંતે અછડતો ઉલ્લેખ વિવેચક કરે છે. બાકી સંપૂર્ણ લેખમાં સર્જકના કાર્યનું, સર્જકની સમાજ પ્રત્યેની જવાબદારીનું, વર્ણનાત્મક ભાષામાં આલેખન કર્યું છે. મારા મતે વિવેચકે વધારે પડતું ધ્યાન પ્રસ્તુત લેખમાં વિવેચકના કાર્ય પ્રત્યે આપવું જરૂરી હતું. વિવેચકના કાર્યથી અવગત કરાવવું પડે. કારણ કે વિવેચકે પોતે આ લેખના શીર્ષકમાં જ વિવેચકોના કાર્ય પર પ્રશ્ન ઉઠાવ્યો છે. આ મુદ્દાને લગતી ચર્ચા વિવેચકે લેખના અંતમાં ટૂંકસાર રૂપે રજૂ કરી છે.

વિવેચક કૃતિ માટે પોતે જે મત ધરાવતો હોય, કે પોતે જે સૈદ્ધાન્તિક વિચારણા પોતાની રીતે માનતો હોય એને બીજા પર લાદવી ન જોઈએ એવો સૂર વિવેચકના આ પ્રકારના વિવેચન પ્રત્યેના પ્રશ્નમાં જોવા મળે છે. વિવેચકોની પહેરાગીર વૃતિ પર વિવેચકે કડક વલણ દાખવ્યું છે. આ પ્રકારની વિચારણા અનુષંગે વિવેચકે આનંદશંકર ધ્રુવનું વિવેચકો વિશેનું અવતરણ ટાંકયું છે. **'વિવેચનના અભાવે સાહિત્ય જગતમાં ઘાસ બહુ ઊગી નીકળે છે.'**[૧૦૭] એની સામે શિરીષ પંચાલની વિચારણા વિવેચકોની અંતરાયરૂપ બનતી પ્રવૃતિનું સૂચન કરે છે. પણ જો વિવેચક આંખો મીચીને જ બધુ વાઢવા માંડે તો એના દાંતરડામાંથી બચે શું ? આમ વિવેચકોને એમના કાર્ય પ્રત્યે સભાન રહેવું જોઈએ એવો એમની વિચારણાનો ભાવાર્થ છે.

**'સર્જક અને સમકાલીન સંસ્કૃતિ'** લેખમાં સર્જકના ઉત્તરદાયિત્વ સમકાલીન સંસ્કૃતિ પરત્વે કયાં હોવા જોઈએ એની ચર્ચા વિચારણા વિવેચકે સામાજિક-સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. સર્જકની સર્જન પાછળની ભૂમિકા, કળામાં

વાસ્તવિકતાનું થતું રૂપાંતર, કૃતિને તપાસવાની રીત, સંસ્કૃતિને લગતાં પ્રશ્નોની વિશ્લેષણાત્મકપરક ભાષામાં વિચારણા રજૂ કરી છે. વિવેચકનો ચેતવણી ભર્યો સૂર છે કે, અત્યારે આપણે સાંસ્કૃતિક શૂન્યાવકાશનો સામનો કરી રહ્યાં છે. આથી એઓ માર્લો પોન્તિની વિચારણાનું સમર્થન પણ લે છે. વિવેચક એમનાથી પણ આગળ વધીને કહે છે કે, **'સાહિત્યે અને ફિલસૂફીએ સાથે રહીને કામ કરવું પડશે પણ હવે એથી ય આગળ જઈને કહેવું પડશે. સાહિત્યે ઈતિહાસ સંસ્કૃતિને પણ સાથે રાખવા પડશે. એટલે આપણા સર્જકનું ધ્યાન આપણી વર્તમાન સમસ્યાઓ ઉપર કેન્દ્રિત થવું જોઈએ.'**[૧૦૮] વિવેચક સંસ્કૃતિ પ્રત્યે ચિંતિત છે એની પ્રતીતિ થયા વગર રહે નહી. સાહિત્યને બીજા સંદર્ભો સાથે જોડે છે. સાહિત્યનું પ્રયોજન શું હોવું જોઈએ એની પણ ચર્ચા સામૂહિક માધ્યમો, ઉત્પાદનો જેવાં ક્ષેત્રો અંતર્ગત વિવેચકે કરી છે. વિવેચકે જયારે કહ્યું છે કે સર્જકની કૃતિ પણ સંક્રમણનું, સંવાદનુ એક સાધન છે. ઉમાશંકર જોશીની સંક્રમણ વિષયક વિચારણાનો પ્રભાવ એમના પર પડેલો જોઈ શકાય છે. કળાની, સાહિત્યની અસર ભાવક પર થાય છે. તો એનાથી સર્જક અને ભાવકની પ્રકૃતિ, એની વ્યૈકિતકતા સંદર્ભે અર્નેસ્ટ હેમિંગ્વે અને ભારતીય સંગીતકાર કિશોરી અમોનકરની વાતને તુલનાત્મક ભૂમિકાએ મૂકી આપે છે. ટૂંકમાં કૃતિ વાંચ્યા પછી સર્જક, ભાવક, કૃતિ કંઈ નથી ત્યાં બીજો જ સાક્ષાત્કાર થાય છે. વિવેચકે એ મહત્ત્વની વાતને અહીં ચર્ચી છે. પ્રસ્તુત લેખમાં પણ વિવેચકે કોઈ નવી વાત કરી નથી. કારણ કે આ જ પ્રકારની ચર્ચા-વિચારણા એમના બીજા લેખોમાં ઘણો વિસ્તાર રોકે છે.

**'સાહિત્ય કે કળા સંસ્કૃતિના અંશરૂપ'** લેખમાં વિવેચકે એરિસ્ટોટલની કળાકૃતિના સંદર્ભેની વિચારણાના અનુસંધાનમાં મહત્ત્વની ચર્ચા કરી છે. જેમાં કૃતિનું સંસ્કૃતિમાં સ્થાન છે એ મુખ્ય વાત રહી છે.

વિવેચક કળાની સાથે સંસ્કૃતિનું પણ ગૌરવ કરે છે. એમણે સંસ્કૃત અલંકારશાસ્ત્ર, કાવ્યશાસ્ત્રની સાથે પાશ્ચાત્યમીમાંસાના પણ સિદ્ધાંતોની પરિચયાત્મક નોંધ લઈ એ વિચારણાઓને આપણાં સંદર્ભમાં મૂકી તપાસવાની વાત કરી છે. વિવેચકના પ્રસ્તુત લેખમાંથી પસાર થતાં પ્રતીતિ થાય છે કે, એમના પર

એલિયટની વિચારણાનો ઊંડો પ્રભાવ પડયો છે. કોઈપણ મહાન કવિ એમ ન કહી શકે કે સાહિત્યનો આરંભ અને અંત અમારા સાહિત્યથી થયો છે. આ વિચારના સમર્થનરૂપે વિવેચકે એલિયટનું મંતવ્ય ટાંકયુ છે. જો આપણે સાહિત્યને ટકાવી રાખવા માગતાં હોઈએ, જો એનું સાતત્ય ઈચ્છતા હોઈએ તો એલિયટ કહે છે તેમ **'સમકાલીનોને પ્રતીતિ થવી જોઈએ કે આપણા સાહિત્યમાં હજું ઘણુ બધું કરવાનું બાકી છે. સમર્થ પુરોગામીઓથી પણ એક ડગલું આગળ વધવાનું છે, જો આ શ્રદ્ધા ન રહે તો આપણો ભૂતકાળ 'આપણો' ન રહેતા કાલગ્રસ્ત સંસ્કૃતિનો ભૂતકાળ બની જાય.'**[૧૦૯] વિવેચક સંસ્કૃતિના સંદર્ભે બીજા સંદર્ભો જોવાનું કહે છે. સંસ્કૃતિના સંદર્ભમાં જોતા સંસ્કૃતિની જે ચડતીપડતી છે એની તથા બીજા સંદર્ભોની એનાથી નવી દષ્ટિ પ્રાપ્ત થશે. એવી આશા વિવેચકે સમકાલીનો અને ભવિષ્યના સર્જકો પાસે રાખી છે. વિવેચકની ભાષા વર્ણનાત્મકની સાથે પરિચયાત્મક રહી છે. ટૂંકમાં સંસ્કૃતિ સાહિત્ય સાથે જોડાયેલી છે. સંસ્કૃતિને સાંકળીને જ બીજા સંદર્ભોને તપાસી શકાય એનાથી નવી દષ્ટિની પ્રાપ્તિ થશે એવી વિવેચકે આશા રાખી છે. 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં સમાવિષ્ટ થયેલ દરેક લેખમાં મૂળ કેન્દ્રી વિચાર જ માનવતાવાદીનો રહ્યો છે.

**પ્રતિબદ્ધતા એટલે જ સ્વતંત્રતા'** 'પ્રતિબદ્ધતા' સંજ્ઞાની સ્પષ્ટતા વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં કરી આપી છે. 'પ્રતિબદ્ધતા' સંજ્ઞાની ચર્ચા વિચારણા દરમ્યાન વિવેચકે સર્જકના ઉત્તરદાયિત્વને કેન્દ્રમાં રાખીને જે પ્રશ્નો કર્યાં છે તે મહત્ત્વનાં છે. સમકાલીન જગતમાં છિન્ન-ભિન્ન થઈ ગયેલી ચેતનાને 'મહાભારત'થી લઈ આધુનિક સમયમાં રચાયેલી અમુક કૃતિઓ-રચનાઓ ઘાટ આપતી આવી છે એની વિશ્લેષણાત્મકપરક નોંધ વિવેચકે લીધી છે. ટૂંકમાં સમકાલીન જગતમાં તૂટી ગયેલા માણસને ઊભો કરવાનો છે એવો વિવેચકનો ભાવાર્થ પ્રસ્તુત લેખમાં પ્રાપ્ત થાય છે. 'પ્રતિબદ્ધતા'સંજ્ઞા વિશેનો Denis de Roungemont નો લેખ વાચવો એવું સૂચન વિવેચકે કર્યું છે. સમાજરચનાને ફગાવી દીધી એમાં મહત્ત્વની ભૂમિકા સંરચનાવાદે જન્માવી. પાશ્ચાત્યના સાહિત્યમાં સર્જકનું સામાજિક ઉત્તરદાયિત્વ કેવું રહ્યું છે એની ટૂંકમાં નોંધ દાન્તે, હાઈડેગર, રિલ્કે જેવા સર્જકો-ચિંતકોના સંદર્ભમાં

લીધી છે. વિવેચકે સર્જકને ત્રણ વિભાગમાં વહેંચ્યો છે. જેમાં પ્રથમ વર્ગના વિભાગમાં સર્જક નિષ્ક્રિય લેખકોમાં આવે. બીજા વર્ગમાં સર્જક સમાજ અને સમય સામે વિદ્રોહ પોકારે, ત્રીજો વર્ગ પયંગબરોનો છે. ફ્રેન્ચ ચિંતક 'પ્રતિબદ્ધતા' સંજ્ઞા વિશે જે વિભાવના આપે છે એનો પણ વિવેચકે ઉલ્લેખ કર્યો છે. પાશ્ચાત્ય સમાજ તથા આપણો સમાજ ફરીથી ઊભો કરવો પડે એવી પરિસ્થિતિ સામે આવીને ઊભી છે એવું નિરીક્ષણ વિવેચકનું પ્રસ્તુત લેખના અંત ભાગમાં જોવા મળે. જયારે આધુનિકોના ગુણગાન ગાવામાં આવતાં હતાં, જયારે કળા માત્ર કળા જ હોવી જોઈએ એવી વિભાવનાઓએ જ કળા અને સાહિત્યને સમાજથી દૂર નથી કર્યા ? જયારે રૂપરચનાવાદીઓનો, નવ્યવિવેચકોનો સ્વીકાર કર્યો ત્યારે આજે સર્જકના ઉત્તરદાયિત્વનો પ્રશ્ન આવીને નથી ઊભો ?

પાશ્ચાત્ય સમાજની અસર આપણાં ત્યાં પણ થઈ છે એટલે વિવેચક માને છે કે **'આપણી કેટલીક વધારાની માંદગીઓ પણ ઉમેરાઈ.'**[૧૧૦] વિવેચકના મતે સર્જકે વાવટા નથી ફેલવવાના પરંતુ સર્જક પાસે સમાજ અપેક્ષા રાખે છે. વિવેચકની એ વાતમાં તો તથ્ય છે જ. સર્જકે કોઈ એક વર્ગના મનુષ્યની વાત નથી કરવાની પરંતુ **'સમગ્રપણે માનવીની ગોઠડી તેણે માંડવાની છે. આ ધરતીનાં ખગોળ-ભૂગોળ, ઈતિહાસ, અર્થકારણ, રાજકારણ, વિજ્ઞાન આ બધું આત્મસાત્ કર્યા પછી માનવીની વેદના આગળ એ કાન માંડશે, એના લય ઝીલશે અને ફરી પેલો શબ્દ પ્રગટશે જેની હંમેશા આપણે પ્રતીક્ષા કરી છે.'**[૧૧૧] સર્જક પાસે કેવી અપેક્ષા રાખવામાં આવે છે. એ વિચારણાનો હાર્દ લેખના અંતે વિવેચકની સર્જકના ઉત્તરદાયિત્વ વિશેની વિચારણામાંથી પ્રાપ્ત થાય છે.

**'રૂપરચનાથી વિઘટન'** પુસ્તકમાં સમાવિષ્ટ થયેલાં લેખોમાં વિવેચકના મૂળકેન્દ્રી વિચારે સમાજ, માનવી, સંસ્કૃતિ, સર્જકના ઉત્તરદયિત્વ, માનવતાવાદી અભિગમ, સમાજભિમુખ અભિગમ જેવા વિષયોને મહત્ત્વ અપાયુ છે. સુરેશ જોષીના પ્રભાવથી વિવેચક બહાર આવતાં આ પુસ્તકમાં ચોકકસપણે પ્રતીત થાય. વિવેચક સમકાલીનોથી એમની સાહિત્યિક વિભાવના અને વિવેચનલક્ષી વિચારણાથી જુદાં પડે છે. આ પુસ્તકમાંથી પસાર થતાં પ્રતીતિ થાય કે એઓ પર

ગાંધીયુગના સર્જકો અને વિવેચકોનો પ્રભાવ પડયો છે. વિવેચકે આ પુસ્તકમાં અમાનવીકરણની સામે માનવસંદર્ભનો પુરસ્કાર કર્યો છે. માનવતાવાદી ગૃહીતોને કેન્દ્રમાં રાખીને વિવેચકે સૈદ્ધાંતિક વિચારણા કરી છે. કળાકારની સમાજ તથા માનવી માટે શું પ્રતિબધ્ધતા હોય છે એના વિશે વિવેચકે સ્વતંત્ર લેખ લખ્યો છે. વિવેચકની ભાષા આ પુસ્તકમાં અસંદિગ્ધ રહી છે. સંસ્કૃતમીમાંસાનો તો આધાર વિવેચકે લીધો છે. પરંતુ વધુ પડતો પાશ્ચાત્યમીમાંસાનો વિનિયોગ વિચારણાના સમર્થન અને પ્રતિપાદન રૂપે કર્યો છે. વિવેચકના સ્થાને ઊભા રહીને પુસ્તકમાં સમાવિષ્ટ થયેલી વિચારણાઓ જોતા યોગ્ય લાગે. પરંતુ આ પ્રકારની વિચારણા વિવેચકે 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' શોધનિબંધમાં ગુજરાતી સાહિત્ય વિવેચનના સંદર્ભે કરી હોત તો શું વધું યોગ્ય ન ગણાય ? એ સમયમાં વિવેચકનો સંપૂર્ણપણે રૂપરચનાવાદી અભિગમ રહ્યો છે ત્યારે વિવેચકે ગુજરાતી વિવેચન પરંપરાને આપણા સાહિત્યિક, સમાજિક, સાંસ્કૃતિક, સંદર્ભમાં તપાસી નથી. જયારે વિવેચક 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં માનવતાવાદી અભિગમનો પુરસ્કાર કરવાનું સૂચવે છે, ત્યારે ગાંધીયુગના સર્જકો અને વિવેચકો સામે પણ આ જ પ્રશ્ન આવીને ઊભો હતો કે મનુષ્યને કેન્દ્રમાં રાખવાનો છે. 'કાવ્યવિવેચનની સમસ્યાઓ'માં વિવેચકે ગુજરાત કાવ્યવિવેચન પરંપરાની જે મર્યાદાઓ બતાવી એ પાછળ વિવેચકની કેવા પ્રકારની ભૂમિકાઓ કાર્યરત હતી ? એ તપાસનો વિષય બની રહે. વિવેચકે એમના શોધનિબંધમાં જે સ્થાને ઊભા રહીને ગુજરાતી કાવ્યવિવેચન પરંપરાની તપાસ આદરી છે, એ સ્થાન જ અયોગ્ય હતું. ત્યારે તો વિવેચકે 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં પોતાની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિભાવનામાં પરિવર્તન આણ્યું છે તે જોઈ શકાય છે.

### 'વાત આપણા વિવેચનની'ઉતરાર્ધ– (લેખ સંચય)

**'વિવેચનમાં કટોકટી ?'** લેખમાં વિવેચકે ગુજરાતી વિવેચનમાં કટોકટી પ્રવર્તે છે કે નહિ તેની ચર્ચા-વિચારણા ગુજરાતી અને પાશ્ચાત્ય મીમાંસકો-ચિંતકોની વિચારણા સંદર્ભે રજૂ કરી છે. પ્રસ્તુત લેખમાં સંરચનાવાદ, વિઘટન,

સંકેતશાસ્ત્રની, માનવતાવાદી રૂપરચનાવાદી અભિગમોની સાહિત્યિક સંદર્ભમાં ચર્ચા કરી છે. વિવેચક ભૂતકાળ વિશે પણ ઘણાં ચિંતિત છે. આ ભૂતકાળને ટેકનોલોજી પ્રધાન સંસ્કૃતિ ઝૂંટવી લેવા માંગે છે એમ કહી સાંસ્કૃતિક કટોકટીનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે. અનુ-આધુનિકતાવાદી અને સંરચનાવાદી વિવેચનાની સમકાલીન જગતમાં કેટલી પ્રસ્તુતતા છે ? બંને વિચારણાઓની ભૂમિકા આપણાં ગુજરાતી સાહિત્ય વિવેચનમાં વિકસી છે કે સાવ પ્રાથમિક કક્ષાની સ્થિતિમાં રહી છે ? આ પ્રકારનાં પ્રશ્નો વિશે વિવેચક સમકાલીન સંદર્ભમાં ચર્ચા કરે છે. વિવેચકનો ચર્ચા કરવા માટેનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. વિવેચક માનવતાવાદી અભિગમને પુરસ્કારે છે એનું દષ્ટાંત જોઈએ.**'સાહિત્ય વિવેચનને જો માનવતાવાદી વિદ્યાશાખા તરીકે ન સ્વીકારે તો આપણી કટોકટી વધારે ફાલવા માંડે છે. પછી માનવીય અનુભૂતિ, કળાગત વાસ્તવિકતાઓને આકાર આપતી સર્જકપ્રતિભાનું હીનીકરણ, અવમૂલ્યન થવા માંડે છે.'**[૧૧૨] વિવેચક કૃતિ પાસે તથા સર્જક પાસે જગતના પક્ષે આશા રાખે છે. **'કૃતિના જગતમાં પ્રવેશીએ છીએ ત્યારે સર્જકના ભાવજગત સાથે કોઈ સંવાદ માનવીય અનુભૂતિના સ્તરે કરી શકીએ કે નહી ? અને છેલ્લે સાહિત્ય કૃતિ આપણા જગત વિશે કશું અર્થપૂર્ણ કહી શકે કે નહી ?'**[૧૧૩] આમ એમનો ચિંતાજનક સૂર વિવેચન માટે છે કે માનવી માટે ? અનુઆધુનિક સંરચનાવાદી સાહિત્ય વિવેચનની મર્યાદઓનો નિર્દેશ સુમનશાહ, હરિવલ્લભ ભાયાણી અને હર્ષવદન ત્રિવેદીની સાહિત્યિક વિચારણાઓ અંતર્ગત કર્યો છે. વિવેચકે સદષ્ટાંતમૂલક ચર્ચા કરી છે.

સુરેશ જોષી આધુનિક-અનુઆધુનિક અભિગમોનો સ્વીકાર કરનારા 'પંડિત યુગનું પુનર્મૂલ્યાંકન'ના પરિસંવાદમા પરંપરાગત વિભાવનાઓનો સ્વીકાર કરે છે. એનો વિવેચકે અવતરણ ટાંકીને ઉલ્લેખ કર્યો છે. આમ વિવેચક દર્શાવી આપે છે કે આપણા સાહિત્યકારો અને વિવેચકો ભલે આધુનિક અને અનુઆધુનિક અભિગમનો પરિચય કરાવતાં હોય પણ પરંપરગત વિચારણાઓની ગંભીરતાથી પણ એઓ અવગત છે. વિવેચકે સંરચનાવાદી અભિગમની મર્યાદાઓનું સૂચન કરતું બીજું ઉદાહરણ સિંતાશુ યશશ્ચંદ્રનું 'મેઘદૂત'ની સમીક્ષા દ્વારા દર્શાવ્યું છે. જે

રીતે સિતાંશુ યશશ્ચંદ્રએ 'મેઘદૂત'ને ઉઘાડી આપ્યું તે રીતે સંરચનાવાદી અભિગમથી જો તપાસ્યું હોય તો 'મેઘદૂત'નો હાર્દ પ્રગટ કરી શકયા ન હોત. આમ વિવેચક પરંપરાગત વિભાવનાઓનો, અભિગમનો પુરસ્કાર કરે છે. આપણી કૃતિને અને સર્જકને પામવાની આપણી જે મથામણો છે એની સાથે સંરચનાવાદને અને આધુનિક સંરચનાવાદને કોઈ સંબંધ નથી. વિવેચકે એની ચર્ચા રાધેશ્યામ શર્માએ કરેલાં ઉમાશંકર જોશીના 'છેલ્લું છાણું' કૃતિનાં સંદર્ભમાં કરી છે.

વિવેચકે કટોકટીને ટાળવા માટે સ્પષ્ટતા કરી છે. આધુનિક અનુઆધુનિક યુગમાં પરંપરાવાદી વિવેચના બહુ ન ચાલે એવું કોઈ કહે તો એની સામે શું કહેવું એ વાતને મૂકી આપે છે. **'આવે વખતે આપણે એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે સાહિત્યવિવેચન અથવા સૌંદર્યશાસ્ત્ર સ્થૂળ અર્થમાં વિજ્ઞાન નથી. અહીં તો પરસ્પર વિરોધી વિભાવનાઓ, અભિગમો, પદ્ધતિઓને પણ સ્થાન છે.'**[૧૧૪] તો પ્રશ્ન થાય કે સંરચનાવાદી અભિગમ, અનુ-આધુનિકતાવાદી અભિગમ માટે પણ આમ કહી શકાય ને ? એનો વિવેચકે વિચાર ન કર્યો ? કારણ કે પરસ્પર વિરોધી વિભાવનાઓમાં એનો સમાવેશ થઈ શકે ને ? અજિત ઠાકોર 'લઘરો', રમેશ દવે 'કિલ્લો', મણિલાલ પટેલે 'વ્હાલનાં વલખાં' અને સનતભટ્ટે 'કલ્પતરુ'ની સમીક્ષા દરમ્યાન કેવો અભિગમ ધરાવ્યો છે તથા એમની વિવેચનામાં જોવા મળતી મર્યાદાનો નિર્દેશ વિવેચકે કર્યો છે. ટૂંકમાં વિવેચકના મતે અભિગમના મુજબ ભાષા ઉપસવી જોઈએ. વિવેચકે વધુ પડતી અપેક્ષા વિવેચકો પાસે રાખી છે એમ કહી શકાય.

પાશ્ચાત્ય સાહિત્યમાં વિવેચનના અભિગમો સંદર્ભે પરિસ્થિતિ જુદી છે. જ્યારે આપણા ગુજરાતી સાહિત્ય વિવેચનમાં જુદી છે. વિવેચકે આ વાતનો નિર્દેશ કરી કહ્યું છે કે વાદ-વિચારણાને વિકસાવવામાં વિદ્યાશાખાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. જે આપણાં ત્યાં નથી થયું. ટૂંકમાં વિવેચક બીજા સંદર્ભો, બીજી વિદ્યાશાખાઓનું મહત્ત્વ પણ પ્રતિપાદિત કરી આપે છે કે એના વગર નહિ ચાલે. વિવેચક વ્યાપક ભૂમિકાને લઈને ચાલે છે.

ગુજરાતી વિવેચને કટોકટીભરી પરિસ્થિતિમાંથી ઉગરવા માટે જે પ્રયત્નો કરવાં જોઈએ એનો વિવેચકે નિર્દેશ કર્યો છે. પ્રસ્તુત લેખમાં વિવેચકની વિવેચનની કટોકટી વિશેની ચર્ચા-વિચારણામાં વધુ સ્પષ્ટતાની અપેક્ષા રહે. પ્રસ્તુત લેખમાં વિવેચકે કોટોકટી વિશે જે મૂળભૂત ભૂમિકાઓ બાંધવાની હતી એ જોવા મળતી નથી. એનાથી ચર્ચાઓ વિચારણાઓ ઉપર છલ્લી જોવા મળે છે. વિવેચકે સોસ્યૂરના સિદ્ધાંતનો આપણા સંદર્ભમાં વિચાર કર્યો એ એમનું જમાપાસુ છે. પરંતુ વિવેચકની ચર્ચા-વિચારણામાં 'વિવેચનની કટોકટી'ની ચર્ચા કેન્દ્રમાં રહેતી નથી. વિવેચકે પરંપરાવાદી વિચારણાઓનો અનુઆધુનિક અને સંરચનાવાદી વિચારણાની સામે પુરસ્કાર કર્યો છે.

'છેલ્લા દાયકાનું વિવેચન' (૧૯૭૦-૭૯) લેખમાં ૧૯૭૦-૭૯ના સમયગાળા દરમ્યાન થયેલ વિવેચનથી સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણી જેવા બીજા અન્ય વિવેચકોને પણ જે અસંતોષ પ્રગટયો છે એનો નિર્દેશ વિવેચકે કર્યો છે. ટૂંકમાં વિવેચકે પ્રસ્તુત લેખમાં જે બાબતને પ્રાધાન્ય આપ્યું છે એનો નિર્દેશ વિવેચકે પોતે જ કરી આપ્યો છે. **'આ નિબન્ધમાં છેલ્લા દાયકાની વિવેચનામાં કઈ મહત્ત્વની વિભાવનાઓની ચર્ચા થઈ, પાશ્ચાત્ય સાહિત્ય વિવેચનના પ્રભાવે કયા કયા મહત્ત્વના અભિગમો પ્રચલિત થયા, એની જ વાત કરવા ધારી છે. આ કોઈ સરવૈયું કે અહેવાલ નથી.'**[૧૧૫]

વિવેચકે આપણા ગુજરાતી વિવેચનની આરંભની પરિસ્થિતિમાં કાવ્ય વિચારની વ્યવસ્થિત માંડણી આનંદશંકર ધ્રુવ અને ત્યારબાદ બ.ક.ઠાકોર દ્વારા થઈ એ બાબતની નોંધ લીધી છે. ત્યારબાદ આપણી મર્યાદાઓને પણ દર્શાવી આપી કે **'અત્યારે ગુજરાતી વિવેચનમાં ગૂંચવાડો છે, પરિભાષાની સંદિગ્ધતા છે એ કબૂલ એવી પરિસ્થિતિ પાશ્ચાત્ય વિવેચનમાં પણ છે.'**[૧૧૬] આ પ્રકારની મર્યાદાનો નિર્દેશ વિવેચકે કર્યો છે. એમણે વિલિયમ વિમ્સાટના મતને પણ ટાંકયો છે. આપણે આપણી વિવેચનાની તુલના પાશ્ચાત્ય વિવેચન સાથે કરતાં આપણી મર્યાદાઓને દર્શાવીએ છે પરંતુ વિવેચક જયારે આવું સૂચન કરે છે ત્યારે આશ્ચર્યજનક લાગે. કારણકે વિવેચકે મોટાભાગે ગુજરાતી વિવેચક કે સર્જકની કૃતિ વિશેની ચર્ચા

વિચારણામાં મોટાભાગે પાશ્ચાત્ય સાહિત્યને જ કેન્દ્રમાં રાખ્યું છે. વિવેચક સમકાલીન પરિસ્થિતિથી અવગત કરાવે છે કે, પાશ્ચાત્યમાં વિવેચન અન્ય વિદ્યાશાખાઓ સાથે જોડાયેલું છે એની તુલનાએ આપણાં ત્યાંની સ્થિતિ ત્યાંથી વિપરિત છે એ દર્શાવીને સૂચન કર્યું છે કે વિવેચને વિશાળ પરિપ્રેક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે. રૂપરચનાવાદી અભિગમનો સ્વીકાર, એનું પ્રતિપાદન, સુરેશ જોષી રૂપરચનાવાદી અભિગમનો પુરસ્કાર કરનાર વિવેચક, તથા ૧૯૫૦ પછી ભારતીયતાનો આગ્રહ રાખનારાં સર્જકોની સાહિત્યિક વિભાવનામાં જોવા મળતાં વિરોધાભાસ, આધુનિક સાહિત્યના વિષયવસ્તુનો અસ્વીકાર અને આદર્શ ભાવનાના વસ્તુનો સ્વીકાર કરનાર વિવેચકો વિશે વિવેચકે વિશ્લેષણાત્મકપરક ભાષામાં ચર્ચા કરી છે. વિવેચક સમકાલીન પરિસ્થિતિથી અવગત કરાવે છે. રૂપરચનાવાદ, સંરચનાવાદ કે ચૈતન્યલક્ષી વિવેચન હોય એને આપણાં પોતીકા સંદર્ભમાં પ્રતિપાદિત કરવાનું કહે છે. આપણા સંદર્ભમાં વિવેચનનાં અભિગમો ન સ્થપાતાં જે મર્યાદાઓ ઉભી થાય છે એનો પણ વિવેચકે ટૂંકમાં નિર્દેશ કર્યો છે.

સુરેશ જોષી પહેલાં સુન્દરમ્ રૂપરચનાવાદી ગૃહીતોનો સ્વીકાર કર્યો. પરંતુ સુરેશ જોષીએ રૂપરચનાવાદી અભિગમને પુરસ્કાર્યો અને કૃતિલક્ષી અભિગમની કક્ષાએ પહોંચાડયો. આમ વિવેચક બંને વિવેચકોએ સ્વીકારેલાં રૂપરચનાવાદી અભિગમની પ્રભાવકતાનો નિર્દેશ કરે છે. વિવેચકે 'સુન્દરમ્‌ની કાવ્યભાવના' લેખમાં એમની રૂપરચનવાદી વિચારણાની રજૂઆત વિસ્તૃતરૂપે ચર્ચી છે. સુન્દરમ્ અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની રૂપરચના વિષયક વિચારણામાં જોવા મળતી ભિન્નતાને વિવેચક સદષ્ટાંત ચર્ચે છે. સુન્દરમ્ રૂપરચનાવાદી ગૃહીતને પકડી શકયાં છે. એમની સામે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની રૂપરચનાવાદી વિચારણામાં વિરોધાભાસ જોવા મળે છે. રૂપરચનાલક્ષી વિભાવનાનું અનુસંધાન સંસ્કૃત અલંકારશાસ્ત્ર સાથે સુરેશ જોષી કરે છે. સુરેશ જોષી રૂપરચનાની વિભાવનાની સ્પષ્ટતા સંસ્કૃત અલંકારશાસ્ત્રને અનુલક્ષીને કરી આપે છે. વિવેચક વ્યંજના, સર્જક, સર્જનપ્રક્રિયા વિશે સુરેશ જોષીનુ શું માનવું છે એને સદષ્ટાંત સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચે છે. રૂપરચનાવાદી વિચારણાની ચર્ચા સુરેશ જોષીએ 'શ્રૃણવન્તુ' અને 'અરણ્યરુદન'માં

કરી છે. એમાંથી ઊભા થતાં પ્રશ્નો વિશેની ચર્ચા-વિચારણા વિશ્લેષણાત્મક અને મૂલ્યાંકનપરક ભાષામાં વિવચેક અહીં રજૂ કરી છે. વિવેચકનો અભિગમ રૂપરચનાવાદી વિચારણાને તપાસવા માટેનો તુલનાત્મક રહ્યો છે. સુરેશ જોષી રૂપરચનાની વિભાવનાને રસાનુભવ અને ભાવકની સાથે સાંકળે છે. ઉમાશંકર જોશીની 'સંક્રમણ' અનુષંગેની વિભાવનાથી સુરેશ જોષીની 'સંક્રમણ', કે 'અવગમન' વિશેની વિભાવના જુદી છે એનો પણ વિવેચકે નિર્દેશ કર્યો છે. વિવેચકે હરિવલ્લભ ભાયાણીની 'રૂપરચના' વિષયક વિચારણાને ઐતિહાસિક ક્રમમાં ચર્ચી છે. હરિવલ્લભ ભાયાણી રૂપરચનાનો સ્વીકાર કરે છે પરંતુ એની મર્યાદાઓ ચીંધે છે. એ મર્યાદાઓ વિલિયમ્સ હાર્કિન્સના લેખને આધારે દર્શાવે છે. આમ વિવેચકે રૂપરચનાલક્ષી વિચારણા સંદર્ભે જોવા મળતાં વિરોધાભાસને અને વિશેષતા-મર્યાદાને સાથે રાખીને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં પ્રશ્નોને ચર્ચે છે. ઉમાશંકર જોશીના મતે દરેક કળામાં રૂપરચનાનાં સંકેત જુદાં હોય છે. વિવેચકે એમની વિચારણામાં દેખાતી મર્યાદાઓ સદષ્ટાંત રજૂ કરી છે. ઉમાશંકર જોશીની આ પ્રકારની વિંચારણાને પગલે ચાલતાં ઉશનસ્ એમની વિચારણામાં 'આકૃતિ' સંજ્ઞા પ્રત્યેની વિચારણામાં જોવા મળતી ઊણપો પ્રત્યે વિવેચકે અવગત કરાવ્યાં છે. સિતાંશુ યશશ્ચંદ્રના મતે રૂપરચનાની વિચારણાને આપણે પૂરી સમજી શકયા નથી. એઓ એના સંદર્ભે પાશ્ચાત્ય મીમાંસકોના પરિપ્રેક્ષ્યમાં એ મીમાંસકોની રૂપરચનાલક્ષી વિચારણાનાં ગૃહીતો, ઉપપત્તિઓથી અવગત કરાવે છે.

પ્રમોદકુમાર પટેલની રૂપરચનાવાદની જે વિચારણાનું અનુસંધાન હરિવલ્લભ ભાયાણીની રૂપરચના વિશેની વિચારણામાં થતું જોવા મળે. વિવેચક શિરીષ પંચાલ રૂપરચનાલક્ષી વિચારણાઓનાં ઘડતર પાછળની ભૂમિકા અને સ્ત્રોતનો પણ નિર્દેશ કરે છે. જેમાં, **'પ્રમોદકુમાર પટેલ રૂપરચનાવાદમાં સંસ્કૃત સાહિત્ય વિચારણાને આમેજ કરવાની ભલામણ કરે છે. રૂપરચનાવાદના ઘણાં ગૃહીતોને સમાન્તર ગૃહીતો સંસ્કૃત સાહિત્યવિચારણામાં જોઈ શકાય છે, એનો થોડો ઘણો નિર્દેશ તાજેતરમાં હરિવલ્લભ ભાયાણીએ 'સ્વાધ્યાય' નાં અંકમાં કર્યો છે.'**[૧૧૭] વિવેચકે રૂપરચનાલક્ષી અભિગમની વિચારણાને મૂલવવા માટે વિવેચકોના

રૂપરચના અનુષંગેના મંતવ્યોના આધારે ચર્ચાઓ કરી છે. જેમાં ઉપેન્દ્ર પંડયા રૂપરચનાવાદી અભિગમને કેન્દ્રમાં રાખીને 'સરસ્વતીચન્દ્ર' નવલકથાને મૂલવે છે. ઉપેન્દ્ર પંડયા સામગ્રીના આધારે થયેલાં વિવેચનનો જે રીતે છેદ ઉડાવતાં જાય છે અને કૃતિનિષ્ઠ વિવેચનાનું પ્રતિપાદન કરતાં જાય એ પ્રકારના ખંડન-મંડનને વિવચકે રજૂ કર્યું છે. ટૂંકમાં વિવેચક 'રૂચરચના'ની વિચારણાની સ્પષ્ટતા બીજા વિવેચકની વિભાવના-વિચારણા અંતર્ગત કરતાં જાય છે. વિવેચકે વિવેચનની સમસામાયિક પરિસ્થિતિમાં જોવા મળતાં 'રૂપરચનાવાદી' વિચારણા વિશેના મંતવ્યોની તપાસ કરવાનું સૂચન કર્યું છે.

'ભાષા' વિશે જે સભાનતા આ દાયકામાં જોવા મળી એનો પણ વિવેચકે નિર્દેશ ટૂંકસાર રૂપે રજૂ કર્યો છે. ભાષા વિશેના પ્રશ્નોની ચર્ચા-વિચારણા સંસ્કૃત અલંકારશાસ્ત્ર અને વિવેચન પરંપરાના સંદર્ભમાં થવી જોઈએ એવું સૂચન પણ કરે છે. વિવેચક પરંપરાનુ મહાત્મય સમજે છે. કારણ કે એલિયટના સાહિત્યિક વિચારનો એમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. વિવેચકે 'ભાષાકર્મ' ને મહત્ત્વ ન આપનારાં વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની આધુનિક યુગનાં સર્જક વિવેચકોની વિચારણાનાં સંદર્ભમાં નોંધ લીધી. કારણકે આધુનિકયુગના સર્જક વિવેચક ભાષાકર્મને પ્રાધાન્ય આપે છે. પરંતુ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'ગદ્ય' વિશે ઘણાં સભાન જોવા મળે છે એની ચર્ચા વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. મોહનભાઈ પટેલની ગદ્યવિષયક વિચારણામાં સુરેશ જોષીના ગદ્ય વિશે જોવા મળતી ગેરસમજોને વિવેચક તુલનાત્મક દષ્ટિકોણ વડે રજૂ કરે છે.

વિવેચકે ઉમાશંકર જોશીની વિચારણામાં જોવા મળતી સંસ્કૃત અને પાશ્ચાત્ય મીમાંસકોની અસરને સદષ્ટાંત મૂલવી છે. ઉમાશંકર જોશી 'ભાષા' અનુષંગે જે વિચારણા કરે છે, એની ભૂમિકા વિવેચકે દર્શાવીને 'શુદ્ધકવિતા'ની મર્યાદાઓ ચીંધી બતાવી છે. **'ઉપદેશ, માહિતી, મનોરંજનની ગંધ માત્રથી કોઈ સાહિત્ય અશુદ્ધ બની જતું નથી. સામગ્રી તરીકે નીતિ પણ સ્થાન પામી શકે. એ સામગ્રીમાંથી કળા પ્રગટવી જોઈએ.'**[૧૧૮] વિવેચકે ઉમાશંકર જોશીની વિચારણાનું અને નિરંજન ભગત તથા જયંતપાઠક વિશેની ચર્ચા-વિચારણાનું મૂલ્યાંકન કર્યું છે. વિવેચકની

વિવચનલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર જોઈ શકાય છે. સુરેશ જોષીની મુખ્યાર્થબાધ તથા વાસ્તવિકતાનું તિરોધાનની વિચારણાના મૂળ સંસ્કૃત અલંકારશાસ્ત્રમાં પડયાં છે એની સદષ્ટાંત તર્કબદ્ધભાષામાં સાધારરૂપ ચર્ચા વિવેચકે રજૂ કરી છે. હરિવલ્લભ ભાયાણી 'ભાષા'ની ચર્ચા-વિચારણા શૈલીવિજ્ઞાનના, મુકતપદ્યના, વ્યવહારની અને કાવ્યની ભાષાની વ્યાવર્તકતાના સંદર્ભમાં કરે છે. વિવેચકે વિશ્લેષણાત્મકપરક ભાષામાં વિચારણાને રજૂ કરી છે. વિવેચકે ચન્દ્રકાન્ત ટોપીવાળાના પુસ્તક 'અપરિચિત અ અપરિચિત બ' માં ભાષા વિષયક વિચારણામાં જોવા મળતી મર્યાદાની નોંધ જયંત કોઠારીના 'વિવેચનું વિવેચન' પુસ્તકના આધારે કરી છે. 'પ્રતીક' વિશે આપણાં ત્યાં અનર્સ્ટ કાસિરેરની વિચારણાનો પરિચય હરિવલ્લભ ભાયાણી અને પ્રમોદકુમાર પટેલ સિવાય કોઈએ કરાવ્યો નથી. વિવેચકે પ્રતીક સાથે વ્યંજના અને વક્રોકિતનું અનુસંધાન કરી 'પ્રતીક' વિશેની સભાનતા લૅંગરની વિચારણા દ્વારા પ્રબળ બની હતી જેની નોંધ લીધી. પરંતુ વિવેચક અહી લૅંગર અને કાસિરેર બંનેની પ્રતીક વિષયક વિચારણાની અસર ગુજરાતી વિવેચનની સમસામયિક સંદર્ભે કેવી રહી છે એનું મૂલ્યાંકન તુલ્નાત્મક અભિગમ વડે રજૂ કર્યું છે. 'પ્રતીક' સંદર્ભે બીજા અન્ય વિવેચકોએ વિચારણાઓ કરી છે એની નોંધ વિવેચક લે છે. વિવેચકનું માનવું છે કે 'પ્રતીક' વિશે જોઈએ એવી ચર્ચા-વિચારણા આપણાં ત્યાં થઈ નથી. વિવેચકની સાથે આપણને પણ અપેક્ષા રહે કે આ પ્રકારની તપાસ થવાથી 'પ્રતીક' અનુષંગે સભાનતા આવશે.

'વાસ્તવિકતા'ના પ્રશ્નની ચર્ચા વિવેચકે કરી છે. કારણ કે વાસ્તવિકતાના પ્રશ્નને રૂપરચનાની વધુ પડતી ચર્ચાએ ગૌણ બનાવી દીધો. આ પ્રશ્નની ચર્ચા કથાસાહિત્યની વિવેચનામાં વધુ થઈ નથી એની ફરિયાદ વિવેચક કરે છે. આ પ્રશ્નની ચર્ચા આપણા ગુજરાતી સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. પાશ્ચાત્ય સાહિત્ય પ્રત્યેનું આપણું વલણ અહોભાવનું છે એને વિવેચકે સદષ્ટાંત દર્શાવી આપ્યુ છે. **'કેથેરિન પોર્ટર, વિલિયમ ફોકનર, જેમ્સ જોયસ્, અર્નેસ્ટ હેમિંગ્વે જેવા બધા પ્રથમ પંકિતના સર્જકોએ પોતાને પરિચિત સ્થળ સમયની**

**પીઠિકાના સંદર્ભમાં આલેખન કર્યું છે. આપણું વલણ ઘણી વખત આવા આલેખનને દસ્તાવેજી ગણી ઉતારી પાડવાનું હોય છે. હેમિંગ્વે માટે આપણે એમ કહીશું કે તેમને સ્થળ, સમયની વિગતોમાં રસ હતો પણ એવું આલેખન ભારતીય સર્જકે કર્યું હોય તો આપણે તેને બહુમાન આપતા નથી.'**[૧૧૯]

પાશ્ચાત્ય સાહિત્યમાં જો સમાજ, સંસ્કૃતિને કેન્દ્રમાં રાખવામાં આવતાં હોય તો એને માન મળે અને આપણાં ત્યાં આમ બને તો એનું મહત્ત્વ ન ગણાય. વિવેચકે પાશ્ચાત્ય અને આપણા સાહિત્યમાં વિષયવસ્તુ અંગેના પ્રવર્તતા ભેદથી અવગત કરાવ્યાં છે. ટૂંકમાં વિવેચકે કૃતિની સ્વાયત્તતાને તો મહત્ત્વ આપ્યું છે પરંતુ એની સાથે બીજા સંદર્ભોને પણ મહત્ત્વ આપ્યું છે. જેમકે સામાજિક પરિસ્થિતિ, માનવીના વર્તનો, સંસ્કૃતિની સાથે યુગચેતના સર્જકને ઘડે તથા કૃતિ યુગચેતનાને ઘડે. આમ વિવેચકે કૃતિને બીજા સંદર્ભો સાથે જોડી આપવાનું સૂચન કર્યું છે. વિવેચકની આ પ્રકારની વિચારણા 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં જોવા મળે.

'આધુનિકતા'સંજ્ઞા વિશે વિવેચકે વિશ્લેષણાત્મક અભિગમના આધારે 'આધુનિકતા' સંદર્ભે પ્રવર્તતી અસ્પષ્ટતાઓને ચી.ના.પટેલની વિચારણાના સંદર્ભમાં દર્શાવી છે. ચી.ના.પટેલ સુરેશ જોષીની 'આધુનિકતા' વિશેની વિચારણાને લઈને જે વિચારણા કરી એમાં વિવેચકે ચી.ના.પટેલની આધુનિકતા સંજ્ઞાને સમજવામાં જે ગેરસમજ થઈ એની સદષ્ટાંત ચર્ચા રજૂ કરી છે. વિવેચકે રૂપરચનાવાદી અભિગમથી થતી વિવેચના અને સામગ્રીની દષ્ટિએ થતી વિવેચનાની ચર્ચાને રજૂ કરી છે એમાં સામગ્રીની દષ્ટિએ થતી વિવેચનાનાં બે પ્રકાર ગણાવ્યાં છે એક તો **'સામગ્રીની ચર્ચા કરતી અને સામગ્રીનો સાર આપી છૂટતી.'**[૧૨૦] વિવેચક આ પ્રકારની ચર્ચા વિચારણા સુરેશ જોષીએ કરેલાં પાશ્ચાત્ય કૃતિનાં મૂલ્યાંકન અને સુમનશાહ નવલકથાનું મૂલ્યાંકન સામગ્રીને આધારે કરે છે એ સંદર્ભમાં રજૂ કરી છે. આધુનિક નવલકથાની સામગ્રીમાં હતાશા વગેરેને પ્રાધાન્ય આપતાં સાહિત્ય સીમિત વિષયમાં જ સમાયેલું છે તથા સર્જકતાને એની અસર થાય છે. કથાસાહિત્યની વિવેચના અનુષંગે વિવેચકને જે પ્રશ્નો થયાં એને વિવેચકે સાહિત્યિક સંદર્ભમાં રજૂ કર્યા છે. વિવેચકે સંરચનાવાદી અભિગમ વિશે

ચેતવ્યાં છે. અને એની સામે માનવતાવાદી અભિગમનો પુરસ્કાર કર્યો છે. ચૈતન્યલક્ષી અભિગમ વિશે સુરેશ જોષી અને સુમનશાહે તથા અન્ય બીજા વિવેચકોના મંતવ્યો લઈ ચૈતન્યલક્ષી અભિગમની વિચારણાને, એના ગૃહીતોને વિવેચક પાશ્ચાત્યમીમાંસાના અને ગુજરાતી વિવેચનના પરિપ્રેક્ષ્યમાં ચર્ચે છે.

ચૈતન્યલક્ષી વિવેચન કંઈ બાબતો પર ભાર મૂકે છે એનું વિવેચકે વિવરણાત્મક ભાષામાં મૂલ્યાંકન રજૂ કર્યું છે. આ વિવેચના અનુભૂતિની સચ્ચાઈ, માનવતા, આશય વગેરેને તપાસે છે. આપણાં ત્યાં ઉમાશંકર જોશી અને પાશ્ચાત્યમાં રેંમો અને ક્રૌંચે આ વિવેચનના અભિગમનો પુરસ્કાર કરતાં જોવા મળે. વિવેચકે ત્રણ સર્જક વિવેચકોની ચર્ચા-વિચારણાને સદષ્ટાંત મૂકી આપી છે. ઉમાશંકર જોશીની વિવેચનાનું અનુસંધાન ચૈતન્યલક્ષી વિવેચકોના ગૃહીતો સાથે થતું જોઈ શકાય છે. એમ કહી વિવેચક ફરિયાદ કરે છે કે ચૈતન્યલક્ષી અભિગમ વિશે વધુ આગળ ચર્ચા-વિચારણા થઈ હોત તો સમર્થ અભિગમ આપણને પ્રાપ્ત થયો હોત. વિવચેકને આશા છે કે આ દિશામાં આગળ વધી શકાયું હોત. પરંતુ વિવેચક શિરીષ પંચાલને જ ઉમાશંકર જોશીએ સ્વીકારેલા ચૈતન્યવાદી અભિગમ સામે ફરિયાદ હતી. તેનું વિસ્મરણ કેમ થયું ?

આપણે પાશ્ચાત્ય સાહિત્ય અને વિવેચન તરફ વળ્યાં એનાથી વિવેચકને વાંધો નથી પરંતુ આપણે આપણા વારસાને ગૌણ બનાવી દીધો એ વિવેચકને યોગ્ય લાગતું નથી. વિવેચકનું માનવું છે કે જો એલિયટની પરંપરાગત વિભાવનાને યોગ્ય રીતે આત્મસાત કરી હોત તો આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ ન હોત. વિવેચકને રંજ છે કે, 'ભારતીય સાહિત્ય-વેદકાળથી માંડીને-ની ઉપેક્ષા થઈ' વિવેચકનો કહેવાનો ભાવાર્થ છે કે આપણે પરંપરા વગર ઊભા કંઈ રીતે રહી શકીશું ? મને પ્રશ્ન થાય છે કે આધુનિકોની સાથે વિવેચક પણ આધુનિક સમયગાળાની આબોહવાથી ઘેરાયેલા હતાં. પરંતુ એમની વિવેચન વિચારણામાં સ્થિત્યંત્તર આવે છે. એનું કારણ એમને પ્રતીતિ થઈ ગઈ કે ખંડિત છબિવાળા માણસને સામે અખંડ છબિ ધરાવતો માણસ ઊભો કરવાનો છે. માત્ર હતાશા, નિરાશાને જ વિષયવસ્તુ નથી બનાવવાનુ. આ પ્રકારની વિચારણા 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં જોવા

મળે છે. વિવેચકે તુલનાત્મક અભિગમની ચર્ચા-વિચારણા પ્રત્યે અસંતોષ દાખવ્યો છે. વિવેચકે સૂચન કર્યું છે કે કંઈ રીતે તુલનાત્મક અભિગમ દ્વારા આપણને વિશાળ પરિપ્રેક્ષ્ય પ્રાપ્ત થઈ શકે છે. વિવેચકે આ દાયકા દરમ્યાન નિર્ભીકતાનો ગુણ વધી રહ્યો છે એની ચર્ચા-વિચારણા સદષ્ટાંતરૂપે પ્રતિપાદિત કરી છે.

વિવેચકે સાહિત્યનો ઈતિહાસ, વિવેચન કેવી રીતે લખાતાં હોવાં જોઈએ એનો પણ નિર્દેશ કર્યો છે. સાહિત્યના ઈતિહાસ વિશે વિવેચક કહે છે. **'ગુ.સા.પરિષદે સાહિત્યના ઈતિહાસ ગ્રંથો તૈયાર કરાવ્યા છે. પરંતુ એ તો પ્રારંભિક કામગીરી છે, વિકાસ, પરિવર્તનોની વાત વગર ઈતિહાસ શક્ય નથી.'**[૧૨૧] એટલે એમને ગુ.સા.પરિષદ દ્વારા પ્રકાશિત સાહિત્યના ઈતિહાસ ગ્રંથોથી સંતોષ નથી એની પ્રતીતિ થાય છે. વિવેચન માટે કહે છે કે, **'સૌથી વિશેષ તો આપણે જે યુગમાં જીવીએ છીએ તે મૂલ્ય વિહોણો છે, માનવીય ગૌરવ વિનાનો છે. વિવેચનને પણ માનવતાવાદી વિવેચન બનવું પડશે.'**[૧૨૨] વિવેચક સાહિત્ય વિવેચનની પાસે અપેક્ષા રાખે છે કે, માનવીને કળા અને સાહિત્ય તરફ લઈ જવાનો છે. સાહિત્યનું અને વિવેચનનું અત્યારના સમયમાં શું પ્રયોજન છે એનાથી અવગત કરાવે છે.

**'નવમાં દાયકાની વિવેચના'** લેખમાં વિવેચકે **'જૂની પેઢીના, નવી પેઢીના કેટલાક મહત્ત્વનાં વિવેચકોએ ઊભા કરેલાં પ્રશ્નો વિશે'**[૧૨૩] ચર્ચા કરવાનું પોતે કબૂલ્યું છે. જયારે વિવેચકે 'આઠમાં દાયકાની વિવેચના' લેખમાં વિવિધ અભિગમોને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરી હતી. વિવેચકને નવમા દાયકાની વિવેચના આઠમાં દાયકાની વિવેચન પ્રવૃત્તિ સામે દરિદ્ર લાગે છે. એનું કારણ પણ વિવેચક આપે છે. **'આ દાયકામાં મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સમાજવિજ્ઞાન, ઈતિહાસ જેવા ક્ષેત્રે તથા લલિત કળાઓના ક્ષેત્રે ભારતીય સર્જક ચિંતક શું વિચારે છે તેનાથી આપણે મોટે ભાગે અસ્પૃશ્ય રહ્યાં છીએ. આને કારણે એક વ્યાપક ફલક પર આપણી વિવેચના મુકાતી નથી.'**[૧૨૪]

ઉમાશંકર જોશી ભારતીય સાહિત્યને વધુ પ્રાધાન્ય આપે છે. વિવેચક પણ એમની વિચારણા સાથે સંમત થાય છે. વિવેચકે ભારતીય સાહિત્યનો પ્રચાર,

યુરોપીયન સાહિત્ય અને વિવેચનની સમૃદ્ધિનું કારણ, ઉમાશંકર જોશીની સાહિત્યનાં આદાન પ્રદાન વિશેની ભૂમિકા સાહિત્ય અને વિવેચનમાં આવેલી સ્થગિતતાને લગતી વિચારણાનાં સંદર્ભમાં મૂલવી છે. ઉમાશંકર જોશીના બે પ્રશ્નોની પણ વિવેચકે સદષ્ટાંત ચર્ચા કરી છે. કવિની ચેતના તો અનુભવોથી સમૃદ્ધ હોય છે, પરંતુ એની સમાંતરે યુગચેતના સાથે પણ નાતો કેળવવો જોઈએ. વિવેચક આ વિચારણા સાથે સમંત થાય છે પરંતુ ઉમાશંકર જોશીની કવિતા અને તત્ત્વજ્ઞાન વિશેની ચર્ચા સામાન્ય લાગી છે. વિવેચક નિર્ભીકપણે મર્યાદા દર્શાવી આપે છે. વિવેચક પાસે અપેક્ષા રહે કે એઓ આ પ્રકારની ચર્ચાની સદષ્ટાંત રજૂઆત કરે. 'યુગચેતના'ની વાત માત્ર ઉમાશંકર જોશી જ કરે છે એવું નથી, એમના સિવાય ઘણાએ યુગચેતનાને સાથે રાખીને ચર્ચા-વિચારણાઓ કરી છે. યુગચેતનાને સર્જકે સાથે રાખવું જ પડશે એવી વિચારણાઓ પણ પ્રાપ્ત થાય છે એની વિવેચકે નોંધ લીધી નથી.

સુરેશ જોષીની 'અર્થઘટન'લક્ષી વિચારણામાં જોવા મળતો વિરોધાભાસ સદષ્ટાંતમૂલક વિવેચકે ચર્ચ્યો છે. એની સામે વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યમાં 'અર્થઘટન'ને લઈને જે હકારાત્મક દષ્ટિકોણ જોવા મળે છે એને મૂકી આપ્યો છે. ગાડામેરની વિચારણાને આ સંદર્ભમાં મૂકી આપે છે. વિવેચકની આંખે ઊડીને વળગે એવી પદ્ધતિ કે એઓ મોટાભાગના પ્રશ્નોની સારી અને નરસી બંને બાજુઓ દર્શાવે છે, ત્યારે એઓ કયા પક્ષે છે એ પરખવું અઘરું બની જાય છે. પ્રમોદકુમાર પટેલએ સુરેશ જોષીના પક્ષે છે. એની નોંધ વિવચકે ઉદાહરણસહ લીધી છે.

વિવેચકે નગીનદાસ પારેખનાં વિવેચનકાર્યની સિદ્ધિઓ અને મર્યાદાઓની સદષ્ટાંત ચર્ચા રજૂ કરી છે. જેમાં ક્રોચે વિશે જયારે ગુજરાતી વિવેચનમાં લેખ પ્રાપ્ય નહોતો એ સમયે નગીનદાસ પારેખનો લેખ મહત્ત્વનો બની રહે છે. પરંતુ એઓ પ્રકારનિષ્ઠ વિવેચનનો જે પ્રશ્નો છેદ ઉડાવે છે એની ચર્ચા નથી કરતાં એની વિવેચકે નોંધ લીધી છે. આ પ્રકારની ચર્ચા થવી જોઈએ એવું માનનારા વિવેચક પાસે અપેક્ષા રહે કે એઓ વધુ ઊંડાણપૂર્વક આ ચર્ચાને રજૂ કરે. નગીનદાસ પારેખની વિચારણામાં રૂપરચનાનો સ્વીકાર અને અસ્વીકાર બંને જોવા મળે. આ

વિરોધાભાસને વિવેચકે અવતરણસહ દર્શાવી આપ્યો છે. નગીનદાસ પારેખનું અનુવાદક્ષેત્રે મહત્ત્વનું અર્પણ છે. એ અનુવાદના ગ્રંથોનો નામસહિત વિવેચકે ઉલ્લેખ કર્યો છે. નગીનદાસ પારેખનું વિવેચનક્ષેત્રે,'અનુદર્શનો' નામનું પુસ્તક મળે છે. આ ગ્રંથની વિવેચકે ઘણી મર્યાદાઓ દર્શાવી આપી છે. વિવેચકને મહત્ત્વની અપેક્ષા એ છે કે નગીનદાસ પારેખે પ્રશ્નોના હાર્દમાં જવું જોઈતું હતું. ટૂંકમાં વિવચેકની વિવેચનલક્ષી પદ્ધતિ આ જ છે કે એઓ પ્રશ્નોના હાર્દમાં જાય છે.

હરિવલ્લભ ભાયાણીની સાહિત્યિક રુચિ કેવી રીતે ઘડાઈ એની નોંધ લઈ હરિવલ્લભ ભાયાણીની વિવેચના કંઈ કંઈ દિશામાં ગતિ કરે છે એનો પણ વિવેચક નિર્દેશ કરે છે. હરિવલ્લભ ભાયાણીની ભાષા-લક્ષી દરેક ચર્ચા-વિચારણાઓ, એમની સૈદ્ધાન્તિક વિચારણાઓ, તથા મધ્યકાલીન કાવ્યના પ્રશ્નોની નોંધ લઈ વિવેચકે ચર્ચાને રજૂ કરી છે. જેમાં કોઈપણ કૃતિનું મૂલ્યાંકન જોતા સમય, સ્થળના સંદર્ભમાં થવું જોઈએ એવા મત સાથે વિવેચક પણ સંમત થાય છે. હરિવલ્લભ ભાયાણીની સાહિત્યિક વિચારણા ઘણી વ્યાપક ફલક પર જોવા મળે એની સદષ્ટાંત રજૂઆત વિવેચક કરે છે. વિવેચક એમની દરેક વિચારણા સાથે સમંત થાય છે. કારણકે હરિવલ્લભ ભાયાણી વ્યાપક સ્તરે વિચારણાને વિસ્તારે છે.

જયંતકોઠારીએ કૃતિનિષ્ઠ અભિગમ વિશે પ્રર્વતતી ગેરસમજથી આપણને અવગત કરાવ્યાં છે જ્યારે વિવેચકે એની મૂલ્યાંકનપરક ચર્ચા કરી છે. નરસિંહ મહેતાની રચનાઓનો અસ્વાદ કરાવતું સમ્પાદન રઘુવીર ચૌધરીએ આપ્યું, પરંતુ એ કૃતિનિષ્ઠ અભિગમને અનુસરતું નથી. વિવેચક કૃતિલક્ષી અભિગમની અપેક્ષા રાખે છે. આ પ્રકારની વિચારણામાં વધુ સ્પષ્ટતા કરવી જોઈએ એવી પ્રતીતિ થાય. વિવચકે અછડતી ચર્ચા કરીને ચર્ચાને બીજો વળાંક આપી દીધો.

વિવેચકને પ્રમોદકુમાર પટેલની વિવેચન પ્રવૃત્તિ સ્પર્શી જાય છે.એનું કારણ એમના જ શબ્દોમાં જોઈએ. **'સાહિત્ય વિષયક વાદ, વિવેચનના અભિગમ વિશે વ્યવસ્થિત વિચારણા કરવામાં પ્રમોદકુમાર પટેલ મોખરે રહે છે. વળી માત્ર પશ્ચિમી વિવેચનને આધારે નહી પણ ગુજરાતી વિવેચનને સાથે રાખીને આપણાં સન્દર્ભમાં**

**પોતાની વિવેચના પ્રસ્તુત બનાવી આપે છે.'**[૧૨૫] વિવેચકને આજ અપેક્ષા દરેક વિવેચક પાસેથી છે જે, પ્રમોદકુમાર પટેલની વિવચેન પ્રવૃતિમાં જોવા મળે છે.

વિવેચકને ચન્દ્રકાન્ત ટોપીવાળાની વિવેચના નવમાં દાયકામાં મહત્ત્વની પ્રતીત થાય છે. **'એક બાજુ તેઓ નવાં વિચારવલણોથી પ્રભાવિત છે અને બીજી બાજુ ગુજરાતી કવિતાથી ખાસ્સા પરિચિત છે. આધુનિકતા તરફ ઢળેલાં હોવા છતાં પરંપરાગત સાહિત્યને પોતાની ચેતનામાં સમાવી બેઠા છે.'**[૧૨૬] ચન્દ્રકાન્ત ટોપીવાળાની વિવેચનાનું આ જમાપાસું વિવેચક દર્શાવે છે ત્યારબાદ એમની મર્યાદા દર્શાવતાં પણ સંકોચ રાખતાં નથી. **'મીરાં, સુન્દરમ્, રાજેન્દ્ર શાહ અને અનિલ જોશીના ગીતોની સરખામણી કરીને અનિલ જોશીની કવિતાને ચઢિયાતી માનવાનો પ્રયત્ન કરે છે.'**[૧૨૭] વિવેચક આવા વલણને આધુનિકતા પ્રત્યેનો પક્ષપાત કહે છે. પરંતુ મને પ્રશ્ન થાય કે વિવચક પોતે આધુનિકતાની આબોહવામાં રાચતાં હતાં એનું શું ? તો ચન્દ્રકાન્ત ટોપીવાળા પણ આધુનિકતા પ્રત્યે વધુ ઝોક રાખે એમાં નવાઈ નથી કારણ કે સમકાલીન વાતાવરણ એમાં જવાબદાર બને છે. ચંદ્રકાન્ત ટોપીવાળાની વિવેચના 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન'માં ઘણા પ્રશ્નો ચર્ચતી નથી એની વિવેચકે તર્કબદ્ધ ભાષામાં સાધારરૂપ નોંધ લીધી છે. જ્યારે 'વિવેચનનો વિભાજિત પટ'માં એમની વિવેચના વ્યાપક સ્તરે ચર્ચા કરતી જોવા મળતાં વિવેચકને ચન્દ્રકાન્ત ટોપીવાળાની વિવેચના ઊર્ધ્વગતિ કરતી પ્રતીતિ થાય છે. વિવેચકના વિવેચનના માપદંડનો ખ્યાલ વિવેચકોની વિવેચનલક્ષી વિચારણાની ચર્ચા દરમ્યાન ઊપસતો જોવા મળે છે.

સુમનશાહના 'સંરચના અને સંરચન' પુસ્તકમાં પાશ્ચાત્ય વિચારકોની વિચારણાનો પરિચય પ્રાપ્ત થાય છે એનું ઘણું મૂલ્ય વિવેચક આપણાં ગુજરાતી સાહિત્યમાં માને છે. **'સાહિત્યમાં આધુનિકતા'** પુસ્તકનું પણ મહત્ત્વ છે. કારણકે એમાં **'ગુજરાતી સાહિત્યમાં પ્રવર્તેલી આધુનિકતાને ચકાસી જોઈ છે. આમ કરતી વખતે પરમ્પરા વિશેના આપણાં પલટાતા જતાં ખ્યાલોની સમીક્ષા પણ થઈ છે.'**[૧૨૮] આમ વિવેચકે સુમનશાહની વિવેચનલક્ષી પ્રવૃતિની વિશેષતા દર્શાવી છે. ટૂંકીવાર્તાની ભાષા વિશે પણ સુમનશાહે ઘણી ચર્ચા કરી છે, જે એમના લેખોમાં

જોઈ શકાય છે. વિવેચકે એની ચર્ચા કરવી ખપે. વિવેચકે કિશોર જાદવની ટૂંકવાર્તાની કળાવિભાવનાનું ઘડતર થયું એનો શ્રેય પાશ્ચાત્ય ચિંતકો અને આધુનિકતાને આપ્યો છે. વિવચકે  એમના અભિગમો વિશે ચર્ચા કરી છે. પરંતુ વિવેચકે એમની વિચારણા વિશે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરી નથી. ભોળાભાઈ પટેલ, ચન્દ્રકાન્ત શેઠની વિવેચન પ્રવૃતિ વિશે ટૂંકમાં મૂલ્યાંકનપરક ભાષામાં નોંધ કરી છે. વિવેચકે કથાસાહિત્યને લગતા વાસ્તવનો પ્રશ્ન ફરી અહીં ચર્ચે છે. આ પ્રશ્નની ચર્ચાઓ એમના અમુક લેખોમાં ઘણીવાર ચર્ચાતી જોવા મળે છે. વાસ્તવવાદી ધારાને નિમ્ન સ્તરની કયાં કારણોસર માનવામાં આવી એ જ વિચારણાનું પુનરાવર્તન પણ પ્રસ્તુત લેખમાં જોવા મળે છે.

'સમ્પાદન' પાછળ પણ એક ચોકકસ દષ્ટિ, અભિગમ હોવો જોઈએ એની ચર્ચા વિવેચકે નરેશવેદ અને બાબુ દાવલપુરા સંપાદિત 'ગુજરાતી કથાવિશ્વ'ના સંદર્ભમાં કરી છે. કારણ કે સંપાદકોના કહેવા મુજબ આ પુસ્તકના **'જે તે વિવેચકે રૂપરચનાવાદી દષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને નવલકથાની ચર્ચા કરવી. પણ આ પુસ્તકમાંથી પસાર થયા પછી એમ લાગશે કે મોટા ભાગના વિવેચકોને કથાસાહિત્યમાં રૂપરચનાવાદી અભિગમ કેવી રીતે પ્રયોજવો તેની જાણ નથી'**[૧૨૯] ટૂંકમાં આપણાં ત્યાં સૈદ્ધાન્તિક વિચારણાને સમજવા માટેની નીજી પીઠિકા હોવી જોઈએ. સંપાદન પ્રવૃતિ કયા કયા ક્ષેત્રને, વિચારણાઓને આવરવી જોઈએ એની પણ સદષ્ટાંતરૂપ ચર્ચા કરી છે. વિવેચક સાહિત્યિક સમકાલીન પરિસ્થિતિથી આપણને અવગત કરાવે છે. સાહિત્ય પરિષદ - સાહિત્ય અકાદમીના કાર્યો, સાહિત્યના ઈતિહાસનું લેખન વગેરેની વિશ્લેષણાત્મક ભાષામાં ચર્ચા રજૂ કરે છે. વિવેચને વધુ આગળ વધવાનું છે એવી અપેક્ષા વિવેચકના દરેક સૈદ્ધાન્તિક પુસ્તકમાં મૂર્ત થતી જોવા મળે.

પ્રસ્તુત લેખમાં વિવચકે ઉમાશંકર જોશીથી લઈ ભોળાભાઈ પટેલ સુધી અને અમુકના નામોલ્લેખ સાથે વિવચેનલક્ષી વિચારણાઓ, સાહિત્ય અનુષંગેના પ્રશ્નોનું, સંપાદનલક્ષી બાબતોનું મૂલ્યાંકનપરક ભાષામાં તુલનાત્મક અભિગમે પાશ્ચાત્ય અને ગુજરાતી વિવેચનના સંદર્ભમાં ચર્ચા કરી છે. વિવેચકની વિચારણા જે

બીજા વિવેચકોની વિચારણા વિશે પ્રાપ્ત થાય છે. એમાં અમુક જગ્યાએ સંદિગ્ધતા પ્રવર્તતી જોવા મળે. વિવેચક વિવેચનને વ્યાપક ફલક પર વિસ્તારવા માટે ચર્ચા-વિચારણાઓ કરે છે.

**'ગુજરાતી વિવેચન બીજું સ્તબક'** લેખમાં વિવેચકે પંડિતયુગ અને ગાંધીયુગમાં જે વિવેચનની પરિસ્થિતિ છે એની નિર્ભીકતાથી વિવરણાત્મક ભાષામાં રજૂઆત કરી છે. સાહિત્ય વિવેચનમાં નવાં વિચારવલણો કેમ સ્વીકારવામાં નથી આવતા ? એવો એમનો પ્રશ્ન છે. બળવંતરાય ઠાકોર રુચિની કેળવણી, સર્જકતા પ્રત્યે, બીજા સાહિત્ય સ્વરૂપો તરફ વળવાનું સૂચન કરે છે એની નોંધ વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં લીધી છે.

અંબાલાલ દેસાઈ જેવા ચિંતકે કહ્યું કે સાહિત્ય એટલે **'આખી પ્રજાની વાણી.'**[૧૩૦] આ વિચારની અસર બ.ક.ઠાકોરે ઝીલી. પરંતુ એમની કવિતામાં વિવેચકનાં તારણ મુજબ **'ભલે તેમણે રચેલી કવિતા અન્વય, શબ્દભંડોળની વિલક્ષણતાને કારણે દુર્બોધ લેખાઈ અને બહુ સીમિત ભાવક વર્ગ તેમને સાંપડયો.'**[૧૩૧] પરંતુ બ.ક.ઠાકોરની બીજી વિશેષતા વિવેચક દર્શાવે છે કે, **'તેઓ સાહિત્યસર્જનને કોઈ ખાસ વર્ગના વિશેષાધિકાર તરીકે ઓળખાવતા ન હતા'**[૧૩૨] બ.ક.ઠાકોરની વિચારણામાં જોવા મળતાં અભિગમોની પણ નોંધ લીધી છે. બ.ક.ઠાકોર ઈતિહાસ વિશે, સંસ્કૃતિ વિશે જે તારણો આપે છે એની સદષ્ટાંત રજૂઆત વિવેચકે કરી છે તથા જયાં જયાં વિવેચન વિશે બ.ક.ઠાકોરે કડક સૂરમાં આલોચના કરી એનું અનુસંધાન વિવેચક આનંદશંકરની વિચારણા સાથે કરી આપે છે. આમ, વિવેચક ચર્ચા કરતી વખતે તુલનાત્મક અભિગમ ધરાવે છે.

ઝવેરચંદ મેઘાણી સર્જક વિશે 'પરિભ્રમણ' પુસ્તકમાં જે ચર્ચા-વિચારણા કરે છે એની સદષ્ટાંત વિવેચકે નોંધ લીધી છે. જર્મન કવિ રિલ્કેએ જે વાત કરી હતી એનાથી જુદી રીતે મેઘાણીએ વાતને રજૂ કરી છે.**'એક પાનુંય જો સફળપણે આલેખવું હોય તો પાંચસો પાનાં આલેખવા જેટલાં અનુભવ, સંવેદન અને વિચારની સામગ્રી સાહિત્યકાર પાસે જમા થવી જોઈએ'**[૧૩૩] આ વિચારણાની બીજી બાજુ પણ મેઘાણી દર્શાવે છે એના અનુસંધાનમાં વિવેચક ચર્ચા-વિચારણાઓને

વિસ્તારે છે. ટૂંકમાં મેઘાણીની વિચારણાનો સૂર એ છે કે વિવેચને જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ અને વિવેચકને બોલવાનો હક્ક છે.

વિવેચકે આનંદશંકરના વિવેચનકાર્યને અહી બિરદાવ્યું છે. આનંદશંકરનું સાહિત્યિક વ્યકિતત્વ ઘડતર પામ્યું એમાં ભારતીય અને યુરોપીય સાહિત્ય અને તત્તજ્ઞાનને મહત્ત્વનો શ્રેય જાય છે. એમની વિચારણામાં વ્યાપ જોવા મળે. આનંદશંકર જે સૂચનો સાહિત્ય સંદર્ભે કરે છે એની સદષ્ટાંત ચર્ચા કરી છે. વિવેચકનો અભિગમ અહી ઐતિહાસિક રહ્યો છે. એઓ વિવેચનનાં બીજા સ્તબકમાં વિવેચન પ્રત્યેની સભાનતા કેવી હતી એની ચર્ચા કરે છે.

વિવેચકને જહાંગીર એ.સંજાણાનું વિવેચનકાર્ય; એમને કરેલ પુનઃમૂલ્યાંકન સ્પર્શી ગયું. કારણકે સંજાણા વિશે મોટાભાગનાને પરિચય નહી હોય એ અનુષંગેનો વિવેચકનો આક્રોશપૂર્ણ સૂર એમની આ ચર્ચા-વિચારણામાં જોવા મળે. નર્મદ-દલપતરામનું પુનઃમૂલ્યાંકન સંજાણાએ કર્યું છે એના પરિપ્રેક્ષ્યમાં નર્મદ અને દલપતરામને હવે ફરીથી આપણે મૂલલવાં જોઈએ. આમ સંજાણાનું કાર્ય એમને ગમે છે, એના કારણો પણ વિવેચક દર્શાવે છે.

કેશવલાલ કામદાર **'સરસ્વતીચન્દ્રની ઐતિહાસિક આલોચના'** લેખમાં શેનું મૂલ્યાંકન કરે છે એની વિશ્લેષણાત્મક નોંધ લીધી છે. એમનું કાર્ય વિવેચકને ગમ્યું પરંતુ કેશવલાલ કામદાર જે દશ્યનો સંબંધ ન જોઈ શકયાં એની વર્ણનાત્મક ભાષામાં વિવચકે ચર્ચા કરી. 'સરસ્વતીચન્દ્ર' પાત્રને ગાંધીજી અને સ્વામી વિવેકાન્દનાં કાર્યના સંદર્ભમાં મૂકી આપે છે. કલ્પના વાસ્તવમાં ફેરવાઈ ગઈ એવી વિચારણા વિવેચકે કરી છે. વિવેચક પંડિતયુગની નવલકથાનો તાર ગાંધીજી, વિવેકાનંદના સમયમાં જોડી આપે છે. આમ એમના અભિગમ તુલનાત્મક હોય છે અને સાતત્ય જોતાં જાય છે.

ગુજરાતી વિવેચન બીજી વિદ્યાશાખાઓ, ક્ષેત્ર સાથે સંબંધ નથી રાખતું એની ફરિયાદ વિવેચક કરે છે. રામનારાયણ પાઠક એમને બીજા બધાં વિવેચકોમાં અપવાદરૂપ લાગ્યાં છે એની તર્કબદ્ધ સાધારરૂપ રજૂઆત વિવેચક કરે છે.

રા.વિ.પાઠકની વિચારણા બીજા ક્ષેત્રોને પણ આવરી લે છે માટે અન્ય વિવેચકોથી એમણે રા.વિ. પાઠક જુદા લાગ્યાં છે.

**'વીસમી સદીના ઉત્તરાર્ધનું ગુજરાતી સાહિત્ય વિવેચન'** લેખમાં પંડિતયુગ અને ગાંધીયુગે જે રીતે ગુજરાતી સાહિત્ય વિવેચનને જે સ્તરે પહોંચાડયું એનાથી જે પ્રશ્નો વિવેચનક્ષેત્રે ચર્ચાતા થયાં એ કેવી રીતે ચર્ચાતા થયા એ તપાસનો વિષય છે. પરંતુ વિવેચકે અહી કોઈ નવી વિચારધારાની વાત ભાગ્યે જ કરી હોય એવું પ્રતીત થાય. કારણ કે 'વાત આપણા વિવેચનની' વિવેચન પુસ્તકમાં વિવેચકોના વિવેચકાર્યનું મૂલ્યાંકન થયું છે એ જ મૂલ્યાંકન શબ્દફેર દ્વારા પ્રસ્તુત લેખમાં નિરૂપી આપ્યું છે. વિવેચકોની વિચારધારા, અભિગમો, પ્રવૃતિ વગેરે વિશે 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં વિવેચકે નોંધ લીધી છે એની એજ વાત અહીં નિરૂપાતાં ચર્વિતચર્વણ  થતું જોવા મળે છે. એક બાજુ એઓ માને છે કે **'વીસમી સદીના પૂર્વાર્ધની સરખામણીમાં ઉત્તરાર્ધની વિવેચનાનો વ્યાપ વધ્યો છે. જે અભિગમો પ્રવર્તતા ન હતાં તે બધા ધીમે ધીમે વિવેચનામાં ઉમેરાતા ગયા છે.'**[૧૩૪] તો બીજી બાજુ એઓ પોતાનું વલણ જુદું બતાવે છે. એમનું માનવું છે કે પરંપરા વગર તો આગળ વધાય જ નહિ. આ વિચાર એમના ઘણાં લેખોમાં જોવા મળે. એમની વાત સાથે હું પણ સંમત છું. પરંતુ જયારે એઓ એમ કહે કે, **'પૂર્વાર્ધની સાહિત્ય વિવેચનાની સરખામણીમાં ઉત્તરાર્ધની વિવેચનામાં સર્જન, વિવેચન, સાહિત્ય સંલગ્ન વિદ્યાશાખાઓની જાણકારીનો વ્યાપ વધ્યો એવી એક માન્યતા છે, વાસ્તવમાં તે સાચી નથી.'**[૧૩૫] ત્યારે પ્રશ્ન ઊભો થયા વગર રહે નહિ. એક બાજુ પૂર્વાર્ધનો પણ મહિમા કરે છે અને બીજી ઉત્તરાર્ધનો પણ મહિમા કરે છે.

વિવેચકના મતે ગુજરાતી વિવેચનની દ્રરિદ્રતાના મૂળિયા વર્તમાન વાસ્તવિકતામાં છે. કારણકે ગુજરાતી વિવેચનની પ્રવૃતિ પ્રત્યે જે નિરાશાજનક વલણ આપણાં ત્યાં અપનાવવામાં આવ્યું છે એની વિવેચકે નોંધ લઈ નક્કર વાસ્તવિકતાથી અવગત કરાવ્યાં  છે. વિવેચનક્ષેત્રે સૈદ્ધાન્તિક વિવેચન પ્રત્યે ૧૯૭૫-૮૦ પછી એ તરફ વધુ વળ્યાં આ કારણોસર પ્રશિષ્ટ, આધુનિકોત્તર કૃતિના આસ્વાદો પ્રાપ્ત ન થયાં એવો નિષ્કર્ષ વિવેચક આપે છે. વિવેચકે પણ એ

વાત ધ્યાનમાં રાખવી જ જોઈએ કે એમણે પોતે પ્રત્યક્ષ વિવેચનની તુલનાએ સૈદ્ધાન્તિક વિવેચન વધુ કર્યું છે. વિવેચકે ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીના ઉત્તરાર્ધમાં જે નવા પ્રવાહો આવ્યાં એનાં લીધે ગુજરાતી વિવચેનની દિશા બદલાઈ એનો નિર્દેશ પણ કર્યો છે. સ્પષ્ટ વાત જ એ છે કે જો સર્જનમાં પરિવર્તન આવે તો વિવેચનમાં પણ પરિવર્તન આવે. વિવેચક પૂર્વગ્રહથી રહિત હોવો જોઈએ એવું સૂચન વિવેચક કરે છે. **'ગઈ સદીની વિવેચનામાં કૃતિબાહ્ય લક્ષણોની ચર્ચા થયા કરતી હતી. પરિણામે મમ્મટે ગણાવેલાં પ્રયોજનોની ચર્ચા કરવામાં ખાસ્સો સમય વ્યતીત થયો હતો. એ ચર્ચા ન થવી જોઈએ એવું કોઈ ફરમાન બહાર પાડી ન શકાય.'**[૧૩૬] પ્રસ્તુત લેખમાં ઉપર મુજબની ચર્ચા પછી સુન્દરમ્, ઉમાશંકર જોશી, સુરેશ જોષીની સાહિત્યિક, વિવેચનલક્ષી વિચારણાનું પુનરાવર્તન જોવા મળે. વિવેચકોનાં વિચાર જે રીતે વિકસ્યાં છે એનો આલેખ વિવેચક સુબદ્ધ પદ્ધતિએ આપે છે.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની સાહિત્યરુચિનું ઘડતર, એમની વિચારણામાં જોવા મળતી વિશેષતા મર્યાદાની નોંધ, વિષ્ણુપ્રસાદની વિવેચનપદ્ધતિ તુલનાત્મક રહી, એઓ ક્રૌંચેથી પ્રભાવિત હોવાં છતાં જુદાં પડે છે એની નોંધ જેવી બાબતોની વિવેચકે મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ ચર્ચા કરી છે.

વિવેચકે ઉમાશંકર જોશી અને સુરેશ જોષીના સાહિત્યિક પ્રદાનને બિરદાવ્યું છે. જેની ટૂંકમાં રજૂઆત વિવેચક કરે છે. એમની વિવેચન પ્રવૃતિની પણ ટૂંકમાં નોંધ લીધી છે. વિવેચક આપણને ચેતવે છે કે, **'છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ભયજનક વલણ દેખાઈ રહયું છે. પારિતોષકો, એવોર્ડોએ પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી તો નથી ને એવો પ્રશ્ન મનમાં થાય, ગ્રંથસમીક્ષાઓ પણ એ જ માર્ગે જશે તો ?'**[૧૩૭] વિવેચકે વિવેચનની ગતિવિધિનો આલેખ આપ્યો છે. જેમાં એમની વિવેચનને લઈને જે ગંભીરતા છે એ જોવા મળે. વિવેચકે દલીલો, સૂચનો વડે ગુજરાતી વિવેચનને કેવી રીતે સમૃદ્ધ કરી શકાય એની પણ નોંધ લીધી છે. વિવેચકનો અભિગમ પ્રસ્તુત લેખમાં તુલનાત્મક રહ્યો છે.

**'ગુજરાતી સાહિત્ય વિવેચન : કેટલાક નવાં પરિમાણ'** લેખમાં વિવેચકે નીતિન મહેતાના 'અપૂર્ણ' વિવેચનગ્રંથ, રાજેશ પંડયાના 'નિમિત્ત' ગ્રંથ અને જયેશ ભોગાયતાના કથાનુસંધાન' વિવેચન ગ્રંથના સંદર્ભમાં મૂલ્યાંકનલક્ષી ચર્ચા રજૂ કરી છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે. વિવેચકે નીતિન મહેતા અને રાજેશ પંડયા કાવ્યને કંઈ દષ્ટિએ મૂલવે છે એનું મૂલ્યાંકન કર્યું છે. નીતિન મહેતાનો વિવેચન ગ્રંથ 'અપૂર્ણ' ત્રણ વિભાગમાં વિભાજિત છે એ સૂચવીને એ ત્રણ વિભાગમાં સમાવિષ્ટ થયેલ લેખોનાં પ્રકાર વિશે વિવેચકે ટૂંકમાં નિર્દેશ કર્યો છે. વિવેચકે 'અપૂર્ણ' વિવેચન ગ્રંથમાં સમાવિષ્ટ થયેલાં લેખો પાછળની ભૂમિકાને દર્શાવી આપી છે. **'યુરોપ-અમેરિકાના સાહિત્ય વિવેચનમાં સ્થિત્યન્તરો, મધ્યકાલીનથી માંડીને અનુઆધુનિક ગુજરાતી કવિતાનો પ્રત્યક્ષ પરિચય, ગુજરાતી કાવ્યવિવેચનની પરમ્પરાઓનું જ્ઞાન રહેલાં છે.'**[૧૩૮] નીતિન મહેતાની વિવેચનલક્ષી વિચારણામાં 'કવિકર્મ' અને 'ભાષા'ને વધુ મહત્ત્વ અપાયું છે એની નોંધ વિવેચક લે છે. નીતિન મહેતાના લેખોમાં કયાં વિષય પર ચર્ચા થઈ છે એની ચર્ચા-વિચારણા ઉદ્ધરણ ટાંકીને રજૂ કરે છે. જેમ કે ત્રીસીની કવિતા, સાંપ્રત પ્રતિબદ્ધ કવિતા, સ્વાતંત્ર્યોત્તર કવિતાના સંદર્ભે એમનાં ગૃહીતોને લેખમાં તારવી આપ્યાં છે. નીતિન મહેતાની ચર્ચાનાં મૂળ સંસ્કૃત કાવ્યમીમાંસા અને રૂપરચનાવાદમાં છે એવો ટૂંકમાં નિર્દેશ કર્યો છે. પ્રેમાનંદ વિશે નવલરામ કહે છે એની ચર્ચા અને નવલરામ વિશે જે વિચારણાઓ આપણાં ત્યાં થઈ એને કેન્દ્રમાં રાખીને 'નીતિન મહેતાનું ભાષ્ય છે.' એ જોવાનું સૂચન કરે છે. ટી.એસ.એલિયટની 'ધ વેઈસ્ટ લેંડ' રચના વિશેનો લેખ ઉત્તમ લેખ છે એ લેખ વાંચવો એવું સૂચન વિવેચક કરે છે. એ લેખની વિશેષતા પણ દર્શાવી આપે છે. આ પ્રકારના લેખો પાછળ નીતિન મહેતાની રૂપરચનાવાદી અને રશિયન સ્વરૂપવાદી વિચારણા કાર્યગત છે.

'અપૂર્ણ' ગ્રંથના બીજા વિભાગમાં કાવ્યસંચયોની સમીક્ષા છે. નીતિન મહેતાએ કરેલી સમીક્ષાનું મૂલ્યાંકન કરતી વખતે વિવેચક રૂપરચનાવાદી અભિગમે ચર્ચા કરે છે. વિવેચક જયારે એમ કહે છે કે **'કવિતા પાસે નીતિન મહેતાએ જે અપેક્ષાઓ રાખી હતી તેને બાજુએ મૂકીને આ કાવ્યસંચયની સમીક્ષા કરવાનું અહીં**

**સાહસ છે.'**[૧૩૯] ત્યારે નીતિન મેહતાની કવિતા પાસે કેવી અપેક્ષાઓ છે એનો ઉલ્લેખ કરવો ન જોઈએ ? ત્રીજા વિભાગમાં દયારામ, નિરંજન ભગત અને પવનકુમાર જૈનની રચનાઓનાં આસ્વાદ છે એનો માત્ર વિવેચકે ઉલ્લેખ કર્યો છે. આસ્વાદલક્ષી કોઈ પણ બાબતની ટૂંકમાં નોંધ લીધી નથી. પરંતુ વિવેચકે આ વિવેચન ગ્રંથની વિશેષતા દર્શાવી આપી છે. **'ગુજરાતી કવિતાને તેના ઐતિહાસિક સંદર્ભમાં આધુનિક અનુઆધુનિક દષ્ટિકોણો વડે મૂલવવાનું આ એક ઉત્તમ મનોયત્ન છે.'**[૧૪૦] નીતિન મહેતાની કવિતા પાસે જે પ્રકારની અપેક્ષા છે એ વિચારણાઓની સ્પષ્ટતા કરવી ખપે. કારણકે પોતે જે પ્રકારની કવિતા રચે છે એનાથી જુદાં પ્રકારની કવિતાઓનો સ્વીકાર કર્યો છે. આ જ વાત રાજેશ પંડયા માટે પણ કરી છે. વિવેચકે 'અપૂર્ણ' વિવેચન ગ્રંથનો સ્વતંત્ર લેખ કર્યો છે. જેમાં વિવેચકે સમીક્ષા કરી છે. એ વિવેચન ગ્રંથ વિશે વિવેચકનું અવલોકન બનતું નથી. રાજેશ પંડયાના 'નિમિત્ત' વિવેચન ગ્રંથનું મૂલ્યાંકન રૂપરચનાવાદી અભિગમે વર્ણનાત્મક ભાષામાં કર્યું છે. રાજેશ પંડયા ઐતિહાસિક અને કર્તાલક્ષી અભિગમે આ સંગ્રહમાં કાવ્યવિવેચન કરે છે એની પણ નોંધ વિવેચક લે છે. રાજેશ પંડયાએ ઐતિહાસિક અભિગમ દ્વારા વ્યવસ્થિત રીતે વિવેચન કર્યું છે એની સદષ્ટાંત ચર્ચા રજૂ કરી છે. એક કવિની કવિતા બીજા કવિની કવિતાથી કેવી રીતે જુદી પડે છે. એનું વિવેચકે વિશ્લેષણાત્મકપરક ભાષામાં મૂલ્યાંકન કર્યું છે. વિવેચકે રાજેશ પંડયાની કાવ્ય અનુષંગેની સમીક્ષાનું મૂલ્યાંકન કરતી વખતે વિવરણાત્મકરૂપે વિશેષતા મર્યાદાનો નિર્દેશ કર્યો છે.

કથાસાહિત્યની વિવેચનામાં સમકાલીન સમયસંદર્ભમાં મુખ્ય વિવેચનકાર્ય કરનારાં વિવેચક જયેશ ભોગાયતાના 'કથાનુસંધાન' વિવેચન ગ્રંથની સમીક્ષા વિવેચકે આગળનાં બે વિવેચકો કરતાં વધુ કડક વલણ અપનાવીને કરી છે. જે ખરેખર એક પ્રશ્ન ઊભો કરે છે. બે વિવેચકોની સામે જયેશ ભોગાયતાના પુસ્તકમાં એમણે જે જે મર્યાદાઓ જોઈ એને ચીંધી ચીંધીને બતાવી છે. એ પાછળ વિવેચકની શું ભૂમિકા છે ?

જયેશ ભોગાયતાએ રૂપરચનાવાદી અભિગમ વડે આ ગ્રંથમાં ચર્ચા કરી છે. વિવેચક શિરિષ પંચાલે જયેશ ભોગાયતા દ્વારા થયેલી વાર્તાસંચયોની સમીક્ષામાં કંઈ કંઈ બાબતોને ધ્યાનમાં રાખીને ચર્ચા-વિચારણા કરવામાં આવી છે એની મૂલ્યાંકનપરક નોંધ લીધી છે. અનિલ વ્યાસ, કિરીટ દૂધાતના વાર્તાસંચયની સમીક્ષા દરમ્યાન ધ્યાનમાં લીધેલી બાબતોને વિવેચકે દર્શાવી છે, **'આ વાર્તાઓને આસ્વાદવામાં કે તેને વિશે ચર્ચા કરવામાં સમીક્ષકને રૂપરચનાવાદી અભિગમ હાથવગો રહ્યો છે. એને કારણે બોલીના વિનિયોગની સાર્થકતા, નિરૂપણ પદ્ધતિમાં મળતી સફળતા, પ્રતીકાત્મકતાનો ઉપયોગ, કથનકેન્દ્રની યોગ્યતાના પ્રશ્નો-આ બધાંને આધારે વાર્તાઓની સમીક્ષા કરવામાં આવી છે.'**[૧૪૧] વિવેચકે સમીક્ષકના વાર્તાને તપાસવાનાં સ્થાનોનો પરિચયાત્મક આલેખ આપ્યો છે.

પન્નાલાલ પટેલની 'મળેલાં જીવ' નવલકથાનો લેખ જયેશ ભોગાયતા કરે છે, તો વિવેચકને પ્રશ્ન થાય છે કે આ નવલકથા અમને સંતોષ આપી શકી નથી તો જયેશ ભોગાયતાને કેમ સૂઝયું આ નવલકથા પર લેખ કરવાનું ? એક બાજુ વિવેચક માને જ છે કે આપણાં જે ગૃહીતો હોય એ બીજામાં જુદાં પણ જોવા મળે તો બીજાના ગૃહીતો ખોટાં છે એમ ન કહેવાય. આમ વિવેચકની વિચારણામાં જ વિરોધાભાસ જોવા મળે છે. 'છિન્નપત્ર'ની ચર્ચા લિરિકલ નોવેલને આધારે કરી છે. પરંતુ વિવેચકને જે ખૂંચે છે એ જોઈએ.**'ભાષાની સજીવતા પ્રગટે છે એનાં ઘણાં અવતરણો વિવેચકે આપ્યાં છે, જો કે એને કારણે આખો લેખ અવતરણ ખચિત બની ગયો છે.'**[૧૪૨] હું અહી ઉમેરવા માંગીશ કે વિવેચકનો શોધનિબંધ એમ ઘણો મહત્ત્વનો કાવ્યનાં ઘટકતત્ત્વો અનુષંગેની ચર્ચા-વિચારણાના આલેખ માટેનો બની રહે, પરંતુ એ શોધનિબંધ પણ અવતરણખચિત જ છે. વિવેચક જયેશ ભોગાયતા પ્રમોદકુમાર પટેલનાં ગ્રંથ 'કથાવિચાર'ની સમીક્ષા દરમ્યાન વિશેષતા-મર્યાદાની તટસ્થતા પૂર્વક નોંધ કરે છે. એનો પણ વિવેચકે ઉલ્લેખ કર્યો છે. વિવેચક શિરીષ પંચાલ નવ્યવિવેચનને આવકારે છે એની તર્કબદ્ધ ભાષામાં ચર્ચા કરે છે. કારણકે જયેશ ભોગાયતાના મતે પ્રમોદકુમાર પટેલને સંરચનાવાદી અભિગમ વૈજ્ઞાનિક પધ્ધતિ તરફ લઈ જશે. પરંતુ વિવેચકે નવ્યવિવેચનની હિમાયત કરી

અને નવ્યવિવેચનનું અનુસંધાન સંસ્કૃત કાવ્યમીમાંસા સાથે પણ કરી આપ્યું. આમ નવ્યવિવેચનનું ઐતિહાસિક મહત્ત્વ પણ દર્શાવી આપ્યું.

વિવેચક કયાં કારણોસર જયેશ ભોગાયતાની વિશેષતાને દર્શાવતાં ખચકાય છે ? એમને તો જયેશ ભોગાયતાના ગ્રંથનું મૂલ્યાંકન માત્રને માત્ર મર્યાદાઓ ચીંધી આપવા માટે કર્યું હોય એની પ્રતીતિ થાય છે. કારણકે શિરીષ પંચાલ પોતાના વિવેચનને લગતાં મતો-મંતવ્યો બીજા વિવેચકો પર લાદવાં જાય તો એ ન ચાલે. દરેક વિવેચકને પોતાના ગૃહીતો હોય છે એમ વિવેચક જયેશ ભોગાયતાના પણ વિવેચન અનુષંગેના ગૃહીતો છે એ ભૂલવું ન જોઈએ. કારણકે જયેશ ભોગાયતાની રુચિનું ઘડતર સમકાલીન સમયમાં પાશ્ચાત્યની સાથે સંસ્કૃત કાવ્યમીમાંસા વડે થયું છે એમના જેવાં વિવેચક આ સમયમાં ઘણાં ઓછા છે. એમની પ્રસ્તુતતા પણ દર્શાવવી જોઈએ. જયેશ ભોગાયતા વિવેચક તરીકે આ સમયમાં ઘણું કાર્ય કરે છે એ નોંધવું જરૂરી બને.

**'સ્વાંતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યવિવેચનઃ કેટલાક પ્રશ્નો':** લેખના આરંભમાં તો વિવચકે જે ચર્ચા-વિચારણાઓ અત્યાર સુધી એમણે ગુજરાતી વિવેચન પરંપરા વિશે કરી છે એનું જ ચર્વિતચર્વણ કરે રાખ્યું છે. રૂપરચનાવાદ, કાવ્યની સ્વાયત્તતાના મૂળ કાન્ટની વિચારણામાં પડયાં હતાં એનો છેક નિર્દેશ સિતાંશુ યશશ્ચંદ્રની વિવેચનામાં જોવા મળ્યો જે ઘણું મોડું કહેવાય એવો સૂર વિવેચકનો રહ્યો છે. રમેશ ઓઝાએ 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વિવેચન' વિશે નિબંધ લખ્યો છે એમાંથી પ્રશ્નો ઉદ્ભવી શકે એવો authentic નિબંધ છે એવી વિવેચકે કબૂલાત પણ કરી છે. વિવેચકે રમેશ ઓઝાના મોટાભાગના અવતરણો જ ટાંકયા છે. એમાં રમેશ ઓઝા વિશે એમનું શું માનવું છે એની પ્રતીતિ થતી નથી. ઉમાશંકર જોશીએ ગુજરાતી વિવેચનને ઊંચું લાવવાનાં જે પ્રયત્નો કર્યા એણે વિવેચકે બિરદાવ્યાં છે. સુન્દરમ્ પાસેથી સાહિત્યનો ઈતિહાસ કેવી રીતે લખી શકાય એની સૂઝ અને સમજ પ્રાપ્ત થાય છે એની પણ નોંધ એઓ લે છે. સુરેશ જોષી ઉપર જેનો પ્રભાવ પડયો છે એનો ટૂંકમાં નિર્દેશ કરી મહત્ત્વની વાત વિવેચકે નોંધી છે. સુરેશ જોષીની વિચારણામાં જે ધરખમ પરિવર્તન આવે છે એની

જાણ ભાગ્યે જ કોઈને થઈ હશે એવો નિર્દેશ વિવેચક સુરેશ જોષીના શબ્દમાં નોંધે છે કે, **'હું પોતે પંદરેક વર્ષ પહેલાં 'ધ વુમન કન્ડિશન' નામના એમના (હન્ના આરેન્ડ્ટના પુસ્તકથી) પ્રભાવિત થયો હતો. શરૂઆતના વર્ષોમાં 'કલા ખાતર કલા' ના વાદ તરફ ઝનૂનથી વળી ગયો હતો. માનવતાવાદી અભિગમનું મૂલ્ય આ પુસ્તક વાંચ્યાથી ઠસ્યું, ત્યારથી મારી નજર સામે હંમેશા માનવ જ કેન્દ્રમાં રહ્યો છે.'**[૧૪૩] વિવેચકે સંરચનાવાદ અને અનુસંરચનાવાદની ચર્ચા વિચારણા પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાના સંદર્ભમાં કરી છે. ભાષાવિજ્ઞાન, ભાષાશાસ્ત્રીય સંરચનાવાદ સાહિત્યને કંઈ રીતે મદદરૂપ નીવડશે એની ચર્ચા પાશ્ચાત્યમીમાંસા અને ગુજરાતી સાહિત્ય વિવેચનના સંદર્ભમાં કરી છે. વિવેચક ઉદાહરણરૂપે ચન્દ્રકાન્ત ટોપીવાળા 'સંસર્જનાત્મક કાવ્યવિજ્ઞાન' ગ્રંથમાં 'જટાયુ'ની ચર્ચા કરે છે. **'બીજી બધી રચનાઓની ચર્ચાથી આ કાવ્યની ચર્ચા વધારે આસ્વાદ્ય નીવડી છે, એમાં ભાષાવૈજ્ઞાનિક અભિગમ પ્રયોજવામાં આવ્યો નથી.'** [૧૪૪]

ગાંધીયુગના રામનારાયણ પાઠક અને ઉમાશંકર જોશીએ વિવેચના માટે જે સૂચનો કર્યા એને ધ્યાનમાં રાખવા એવો નિર્દેશ વિવેચક કરે છે. રામનારાયણ પાઠક તો સ્પષ્ટપણે કહે છે કે આપણે આપણા પ્રાચીન ઈતિહાસને આત્મસાત કરેલો હોવા જોઈએ. કારણ કે **'આપણા કાવ્યશાસ્ત્રના ગ્રંથોના કેટલાક વિચારો ઘણા તાજા જ અને સ્વતંત્ર વિચાર પદ્ધતિને ગતિ આપે તેવા છે. આપણે તેનો અભ્યાસ નહિ કરીએ ત્યાં સુધી આપણું વિવેચન માત્ર પશ્ચિમના બદલાતા વિચારોના પડઘારૂપ રહેશે અને આપણો અભ્યાસ ભૂતકાળમાં મૂળ ઘાલી કદી સ્વતંત્ર રીતે વધશે નહિ.'**[૧૪૫] વીસમી સદીના આરંભમાં અનુવાદની પરિસ્થિતિ જુદી હતી અને વીસમી સદીના ઉત્તરાર્ધમાં અનુવાદની પરિસ્થિતિ જુદી છે એનો તુલનાત્મક દષ્ટિકોણ રાખી અનુવાદની પરિસ્થિતિ તરફ નિર્દેશ કરી આપ્યો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી લઈ વીસમી સદીના ઉત્તરાર્ધના આરંભના સમયમાં બીજી ભાષાની કૃતિઓના અનુવાદ ઘણાં થતાં રહ્યાં. એમાં ઓટ વીસમી સદીના ૧૯૮૦-૮૫માં આવી એનો વિવેચકે નિર્દેશ કર્યો છે. ટૂંકમાં માત્ર ગુજરાતી સાહિત્ય જ નથી વાંચવાનું પણ બીજી ભાષાનાં સાહિત્યોનો

પણ પરિચય કેળવવાનો છે એવું સૂચન વિવેચક કરે છે. વિવેચકે કાવ્યને અનુષંગે જે પ્રશ્નો ઉદ્ભવ્યાં છે એ અર્થને લઈને હોય કે શબ્દને લઈને હોય એને ટી.એસ.એલિયટ અને નિરંજન ભગતની વિચારણાના સંદર્ભમાં મૂકી ચર્ચે છે. લેખના અંતમાં વિવેચનની અત્યારની પરિસ્થિતિ છે એના સંદર્ભમાં ઘણાં મહત્ત્વનાં પ્રશ્નો વિવેચકે કર્યાં છે. પ્રસ્તુત લેખમાં વિવેચક વિવરણાત્મક ભાષામાં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી વિવેચનમાં જોવા મળતાં પ્રશ્નો ચર્ચે છે. પરંતુ ઘણી બાબતો પ્રસ્તુત લેખમાં ચર્વિતચર્વણ પ્રતીત થાય. કારણકે એમનાં ઘણાં લેખોમાં ઉપર ચર્ચેલા પ્રશ્નોની ચર્ચા જોવા મળે છે. જે વિવેચક માટે કેટલું યોગ્ય ગણાય ? એકના એક પ્રશ્નોનું પુર્નરાવર્તન કરે રાખવું?

**'ગુજરાતી વિવેચન વિચાર : કેટલાક પ્રશ્નો'** લેખમાં વિવેચકે ગુજરાતી વિવેચન પરંપરામાંથી ઉદ્ભવતા પ્રશ્નોને ચર્ચે છે. સુધારકયુગથી માત્ર આધુનિકયુગના વિવેચનની જ વાત નથી કરી. પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભલે વિવેચન વિચાર ન હોય પરંતુ એમનું કહેવું છે કે, **'દરેક સર્જકે પોતાની કૃતિઓમાં કોઈક પ્રકારની વિવેચનાનો ઉપયોગ તો કર્યો જ હોય ને! તેમાંય વળી 'વસંતવિલાસ'ના કર્તાએ તો પોતાની રુચિનું ઘડતર કરનારી કૃતિઓનો વિલક્ષણ રીતે પરિચય કરાવ્યો.'**[૧૪૬] ટૂંકમાં વિવેચકનો મુખ્ય વિચાર પ્રસ્તુત લેખમાં એ છે કે, જયારથી વિવેચન પ્રવૃતિનો આરંભ ગુજરાતી સાહિત્યમાં થયો ત્યારથી એ વિવેચન પ્રવૃતિના ઘડતરમાં કયું પરિબળ મહત્ત્વનો ભાગ ભજવે છે. પશ્ચિમનું સાહિત્ય અને વિવેચન કે સંસ્કૃત સાહિત્ય વિવેચન? વિવેચકે સુધારકયુગના નર્મદ અને નવલરામના વિવેચનકાર્યનો માત્ર ઉલ્લેખ કરી પંડિતયુગમાં ગોર્વધનરામ ત્રિપાઠી ગુજરાતી કવિતા, ગુજરાતી કવિઓની મૂળમાં જઈ જે તપાસ કરે છે એની મૂલ્યાંકનપરક ભાષામાં નોંધ લે છે. બલવંતરાય ઠાકોરને ગુજરાતી સાહિત્યમાં જે દ્રરિદ્રતા જોવા મળે છે એનાં કારણો ચર્ચે છે એની વિવેચકે અવતરણરૂપે નોંધ લીધી છે. આથી બ.ક.ઠાકોર ના મતે જે સાહિત્ય

'પ્રજાના બધા ઈલાકાઓને સમાવી ન શકે ત્યારે કેટલું બધું નુકશાન થાય છે એ વાતનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો હતો.' આ સંદર્ભે ફરીવાર વિવેચકે અંબાલાલ દેસાઈને યાદ કર્યા છે. 'વિવેચન' અંગે સભાનતા સુધારકયુગથી જ જોવા મળે છે એનો નિર્દેશ વિવેચકે સદષ્ટાંત કર્યો છે. આ વાત સાથે હું પણ સંમત છું. નવલરામ, નર્મદ ખરેખર સભાન જ હતાં. આનંદશંકર ધ્રુવ પણ સાહિત્ય જગતમાં **'સર્જકોને ચોમાસામાં ઊગી નીકળતા નકામા ઘાસ તરીકે ઓળખાવે છે.'**[૧૪૭] વિવેચક તો વ્યાપક વિચારસરણી જ ધરાવે છે. સ્વભાષાની સાથે બીજી ભાષા સાથે પણ સર્જક-વિવેચકે સંબંધ કેળવવો જોઈએ એવી એમની વિવેચન અંગેની આ પ્રકારની વિભાવના જોવા મળે છે. બ.ક.ઠાકોર પર 'સાહિત્ય સમસ્ત પ્રજાની વાણી' એવી ઉકિતનો પ્રભાવ પાડનાર અંબાલાલ દેસાઈની આ વિચારણાનો પ્રભાવ સારો એવો પડયો. આથી બ.ક.ઠાકોરની આ વિચારણાને પણ વિવેચક સ્વીકાર કરવાનું કહે છે કે, 'આપણા ખાનામાં જે ગોઠવાય નહિ તે સાહિત્ય નહિ એ નિયમ ન ચાલે.'(લિ.૧૫૩) આ જ વિચારણાનો ઉલ્લેખ વિવેચકની ચર્ચા□વિચારણામાં જોવા મળે.

લલિતકળા સાથે ગુજરાતી વિવેચનના ઓછા સંપર્કને કારણે જે મર્યાદાઓ ઊભી થઈ એની ચર્ચા બ.ક.ઠાકોર અને રા.વિ.પાઠકના સ્વીકાર અસ્વીકારના ધોરણે રજૂ કરી છે. બ.ક.ઠાકોર શિલ્પ□સ્થાપત્ય અનુષંગે પૂવગ્રહ ધરાવે છે, જયારે રા.વિ.પાઠક દરેક લલિત કળાઓને વિશે ચર્ચા કરે છે. એઓ દ્વારા ગુજરાતી સાહિત્યમાં કળાને સાથે રાખીને કાવ્યવિવેચન અને કળાવિવેચનના સમન્વયની શકયતાઓ ઊભી થઈ. એમના પછી સામાયિકો અને સુરેશ જોષી દ્વારા પણ કળાની વિચારણાને પુરસ્કારવામાં આવે છે. આમ વિવેચક પોતે સાહિત્યની સાથે કળાની ચર્ચા-વિચારણાને પ્રતિપાદિત કરવા માંગે છે. વિવેચકની સાથે હું પણ સંમત છું કે સાહિત્ય અને કળાને વ્યાપક ફલક પર મૂકવું જોઈએ. વિવેચક વિવેચનમાં ગુજરાતી-તા પ્રગટે એવું મંતવ્ય ધરાવે છે. રામનારાયણ પાઠકની વિવેચના આનું ઉદાહરણ છે એ સંદર્ભમાં એની નોંધ લે છે. ગુજરાતી સાહિત્ય વિશે દોઢસોથી વધુ લેખની પ્રાપ્તિ ઉમાશંકર જોશીને ફાળે છે.

સાહિત્યના વિવેચન માટે ઈતિહાસ ખૂબ જરૂરી છે એ પ્રશ્નની ચર્ચા વિવેચકે રા.વિ.પાઠક, સુન્દરમ્, ઉમાશંકર જોશી, બલવંતરાય ઠાકોરની ઈતિહાસ અનુષંગેની વિચારણાના સંદર્ભમાં કરી છે. બલવંતરાય માટે એઓ કહે છે કે, તે ઈતિહાસના વિદ્યાર્થી છે પરંતુ **'વિવેચનને ઈતિહાસની, સાહિત્યના ઈતિહાસની વધુ નજીક રાખીને જોનારા છે રામનારાયણ પાઠક.'**[૧૪૮] સુન્દરમ્ પણ મહત્ત્વનું કાર્ય સાહિત્યના ઈતિહાસ (ગુજરાતી કવિતાનો ઈતિહાસ) બાબતે કરે છે. વિવેચકે સમકાલીનોને કેવી રીતે મૂલવવાં, ટીકા કરવાની સજ્જતા જેવી બાબતો મહત્ત્વની હોય છે એવું વિવેચકનું મંતવ્ય રહ્યું છે. ટૂંકમાં આ ઈતિહાસનો પ્રશ્ન પણ સ્થળકાળને ઓળંગવા સંદર્ભે જ ચર્ચે છે. બ.ક.ઠાકોર સાહિત્યની સાથે જીવનને કલ્પે છે અને એમાં કંઈ ખોટું નથી. એ મત સાથે વિવેચક પણ સંમત છે. બ.ક.ઠાકોરની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિચારણા રા.વિ.પાઠક, ઉમાશંકર જોશી સુધી વિસ્તરી છે. બ.ક.ઠાકોર પ્રતિભાને રૂપરચના તરીકે ઓળખાવે છે એની વિવેચકે સદષ્ટાંતમૂલક રજૂઆત કરી છે. ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ની વિવેચનામાં રૂપરચનાવાદનાં ગૃહીતો જોવા મળે છે. આ બધી જ ચર્ચા 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં વિવેચકલક્ષી અભ્યાસમાં થઈ ગઈ છે એનું અહીં પુનરાવર્તન માત્ર છે.

વિવેચકે રૂપરચનાવાદના મુખ્ય ગૃહીતો સંદર્ભે ઉમાશંકર જોશી, સુન્દરમ્, સુરેશ જોષી કે હરિવલ્લભ ભાયાણીની વિચારણામાં સમાનતા જોઈ છે. આ વિચારણા અનુષંગે વિવેચકે લાંબા લાંબા અવતરણો ટાંકીને સુરેશ જોષી અને હરિવલ્લભ ભાયાણી ગાંધીયુગના વિવેચકોને રૂપરચનાવાદી વિચારણા સંદર્ભે યાદ કરતાં નથી એની પણ મહત્ત્વની નોંધ લીધી છે. એઓ રૂપરચનાવાદનાં ગૃહીતોનો નિર્દેશ પણ ન કરે એ યોગ્ય નથી. એમના મત સાથે હું પણ સંમંત છું. સુરેશ જોષીની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિચારણા જેમ કે, રૂપરચનાવાદી, ચૈતન્યવાદી, ઘટનાહ્રાસ મુખ્યાર્થબાધની ચર્ચા 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં તથા અન્ય લેખોમાં કરી છે. જેનું વિવેચક પુનરાવર્તન કરતાં જોવા મળે છે.

સુરેશ જોષીના અનુગામી વિવેચકોએ જે ગુજરાતી સાહિત્ય વિવેચનક્ષેત્રે યોગદાન આપ્યું એનો નિર્દેશ કર્યો છે. લેખના અંતમાં વિવેચકનો ગુજરાતી વિવેચનની સમકાલીન પરિસ્થિતિ અનુષંગે ઉગ્ર સૂર જોવા મળે છે. એમની અપેક્ષા છે કે આપણો વિવેચનવિચાર પરંપરા પર ઊભો રહેવો જોઈએ, જે અત્યારે ઊભો નથી. વિવેચકે આપણી વિવેચન પરંપરાનું માહાત્મય પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કર્યો છે. એ વિચાર અનુષંગે એમણે ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ના અવતરણો ટાંકયા છે. વિવેચકના આ મત સાથે હું સંમત છું, કારણકે પરંપરા વગર આપણું વિવેચન ઊભું રહેવાની ક્ષમતા ધરાવી શકે ખરું ? એ પ્રશ્ન ઊભો જ રહે. વિવેચકે પશ્ચિમી સાહિત્ય વિવેચન વિશે કહ્યું જ છે કે એમનું વિવેચન એમની પરંપરા પર ઊભું છે અને આ સ્ત્રોત એમણે ત્યાંથી જ પ્રાપ્ત થયો. પરંપરા કે ઈતિહાસને સાથે રાખ્યાં વગર વિવેચન શકય જ નથી. વિવેચકના લેખ સંચયમાં વિવેચન વિશેના ઘણાં પ્રશ્નો આજનાં સમયમાં કાર્યગત નીવડી શકે એમ છે. છતાં એમની વિચારણામાં જોવા મળતું પુનરાવર્તન શું અહીં જરૂરી લાગે ખરું ? એક ને એક વિચારને મૂકી આપવાથી એમને શું પ્રતિપાદિત કરી આપવું છે ?

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત **'કપોળકલ્પિત'**નું લેખનકાર્ય વિવેચક શિરીષ પંચાલે વ્યાપક સંદર્ભોના અનુસંધાનમાં કર્યું છે. આ પુસ્તક ચાર પ્રકરણમાં વિભાજિત છે. પ્રથમ પ્રકરણમાં 'કપોળકલ્પિત'ની સંજ્ઞા વિશેની સ્પષ્ટતા કરી છે. બીજા પ્રકરણમાં 'કપોળકલ્પિત' અનુષંગેના કેટલાંક મહત્ત્વના પ્રશ્નો હાથ ધર્યા છે. ત્રીજા પ્રકરણમાં પ્રાચીનકાળથી આજ પર્યંત કપોળકલ્પિતનો વિનિયોગ સાહિત્ય કૃતિઓમાં કેવી રીતે થતો આવ્યો છે તેની વિવરણાત્મક પદ્ધતિએ ચર્ચાઓ કરી છે. ચોથા પ્રકરણમાં આધુનિક ગુજરાતી સાહિત્યમાં કપોળકલ્પિત કેવા સ્વરૂપે આવે છે એની ચર્ચા કરી છે. વિવેચક શિરીષ પંચાલે 'કપોળકલ્પિત' વિવેચન પુસ્તિકામાં 'કપોળકલ્પિત' સંજ્ઞાનું સંક્ષિપ્ત અને તર્કબદ્ધ ભાષામાં વિમર્શન કર્યું છે.

પ્રથમ પ્રકરણમાં 'કપોળકલ્પિત' સંજ્ઞાનું સ્પષ્ટીકરણ, એનો પર્યાય, સાર્થ જોડણીકોશ અને આપ્ટેના શબ્દકોશ અનુસારનો અર્થ જણાવી આ સંજ્ઞા ભારતીય સાહિત્યમાંથી નહિ પણ પશ્ચિમમાંથી ઊતરી આવી છે એની તપાસ ઐતિહાસિક સંદર્ભમાં કરી છે. જેમાં પ્લેટો, પ્લોટિનસ, કાન્ટ, કોલરિજ, થોમસ હોબ્સ, જહોન લોક, વડર્ઝવર્થ વગેરેની વિચારણાનો તુલનાત્મક પરિચય કરાવીને કપોળકલ્પિતનું મહત્ત્વ સ્થાપિત કરનાર ફ્રોઈડની વિચારણાની નિકટથી તપાસ કરીને 'કપોળકલ્પિત' સંજ્ઞાને સ્પષ્ટ કરી આપવાના અગાધ પ્રયત્ન એમણે કર્યાં છે. ફ્રોઈડ કળાકારના જગતનું સ્પષ્ટીકરણ કરી આપવા માટે બાળકનું દ્દષ્ટાંત આપે છે. **'બાળક જ્યારે રમત રમતું હોય છે ત્યારે તે સર્જકની જેમ જ વર્તે છે. તે એક નવું જગત સર્જે છે, તે જગતને આગવા નીતિનિયમો છે. આપણી વાસ્તવિકતા એથી વિરુદ્ધ હોય છે. બાળકની જેમ કળાકાર પણ કપોળકલ્પિતનું જગત સર્જે છે.'**[૧૪૯] ફ્રોઈડના નિબંધમાંથી આવાં મોટાભાગના ઉદ્ધરણો ટાંકી વિવેચકે કળાજગતમાં કપોળકલ્પિતની અનિવાર્યતા સિદ્ધ કરી આપી છે. ફ્રોઈડના મતે સર્જકની રચનાઓમાં ઈચ્છા, મનુષ્યની પૂર્ણતાનો સિદ્ધાંત કામ કરે છે. કળાજગત મનુષ્યની જે ઈચ્છાઓ પૂર્ણ થઈ નથી એવાં વણસંતોષાયેલા જગતની સામેનું જગત છે. વાસ્તવિકતામાં તો મનુષ્યને જે કરવું હોય છે એ કરી શકતો હોતો નથી. પરંતુ કપોળકલ્પિત સૃષ્ટિમાં તો એ કંઈ પણ કરી શકે છે માટે જ પોતાની પૂર્ણતાને ઝંખવા મનુષ્ય કપોળકલ્પિતની સૃષ્ટિ સર્જે છે. પરંતુ સામાન્ય માનવીની અને સર્જકની કપોળકલ્પિતની સૃષ્ટિ જુદી હોય છે એ વાતની સ્પષ્ટતા ફ્રોઈડના સિદ્ધાંત દ્વારા કપોળકલ્પિતનું પોતાનું આવગું, પૂર્ણ સત્ય, કપોળકલ્પિત દ્વારા માનવ વ્યકિતત્વ વિકાસ, કપોળકલ્પિતથી સધાતું કૃતિગત સૌંદર્ય જેવી બાબતોનો વિસ્તૃત પદ્ધતિએ કપોળકલ્પિત સૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. કપોળકલ્પિત જગતથી મનુષ્યની પૂર્ણતાની ઝંખના સંતોષાય છે એ પ્રસ્થાપિત કરી આપ્યું. આમ પ્રથમ પ્રકરણમાં કપોળકલ્પિત સંજ્ઞા, કલ્પના અને તરંગ વચ્ચેનો ભેદ વિશે તુલનાત્મક અભિગમે ચર્ચાઓ કરી છે.

બીજા પ્રકરણમાં કપોળકલ્પિત અંગેના પ્રશ્નોની સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં મહત્ત્વની ચર્ચા કરી છે. કપોળકલ્પિતએ સાહિત્યિક પ્રકાર છે કે રચનાગત યુક્તિ, બીજો પ્રશ્ન કપોળકલ્પિત સમયસાપેક્ષ છે કે સમયનિરપેક્ષ, ત્રીજો પ્રશ્ન કપોળકલ્પિત અને વાસ્તવ અંગેનો છે. કપોળકલ્પિત એ સાહિત્યિક પ્રકાર તરીકે નહીં પરંતુ સામગ્રી તથા રચનાગત યુક્તિ તરીકે ઓળખાય. રચનાગત યુક્તિ તરીકે ઓળખાવતાં જે પ્રશ્નો ઉદ્‌ભવે છે એની પણ ચર્ચા વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. બીજો પ્રશ્ન કપોળકલ્પિત સમયસાપેક્ષ કે સમય નિરપેક્ષની ચર્ચા તબક્કાવાર સમયાનુક્રમમાં કરી છે. ભારતમાં આર્યો આવ્યાં ત્યારની પરિસ્થિતિ મૂકીને, તે જમાનાની પ્રજા વાસ્તવિક ઘટનાઓને સ્વીકારવા તૈયાર નહોતી માટે કપોળકલ્પિત તત્ત્વનો વિનિયોગ કરીને એને અવાસ્તવિક બનાવવામાં આવી. વિવેચકે ઉદાહરણ રૂપે દુષ્યન્ત અને શકુન્તલા તથા અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ આપ્યો છે. મધ્યકાલીન સમયની પરિસ્થિતિનું ટૂંકમાં વર્ણન કરી શામળ અને અખાની જુદી જુદી સર્જનાત્મક સૃષ્ટિ વિશે જણાવ્યું છે કે અખો વાસ્તવવાદીની ભૂમિકાએ સર્જનકાર્ય કરે છે જ્યારે શામળ વાસ્તવિકતા પ્રત્યે ઉદાસીન વલણ દાખવે છે. આ પછી અર્વાચીન યુગચેતનાએ કપોળકલ્પિતમાંના ભયાનક પાસાંને કેવી રીતે વધુ ઉપસાવ્યું તે સૂચવ્યું છે. **'વાસ્તવ એટલે હકીકતથી આરંભ થતી અને કપોળકલ્પિત સુધી વિસ્તરતી સૃષ્ટિ કોઈ પણ કપોળકલ્પિત સૃષ્ટિ આપણને સ્પર્શી શકે છે કેમકે તેના પાયામાં વાસ્તવિકતા છે.'**[૧૫૦] કપોળકલ્પિતને આપણે સ્વીકારીએ છે એનું કારણ તે વાસ્તવિકતાનો જ મૂળ અંશ છે.

ત્રીજા પ્રકરણમાં પ્રાચીનકાળથી આજ પર્યંત કપોળકલ્પિતનો વિનિયોગ કેવી રીતે થયો છે એનો સવિસ્તાર સંદર્ભ રજૂ કર્યો છે. કપોળકલ્પિતની બોધાત્મક અને રંજનાત્મક મહત્તા દર્શાવી આપવા માટે રામાયણ, મહાભારત, પંચતંત્ર, કથાસરિતસાગર વગેરેમાંથી દૃષ્ટાંતો આપ્યાં છે. લોકકથા, પરીકથા, પદ્યવાર્તાઓમાં સમગ્ર પ્રજાની સંવેદના નિરૂપવા માટે કપોળકલ્પિત કેવી રીતે પ્રયોજાતું એની ચર્ચા કરી છે. 'લોકકથામાં કપોળકલ્પિત' એ વિભાગમાં 'માં' વગરની દુઃખી દીકરીની ઈચ્છાપૂર્તિ વૃક્ષ પર બેસતું પક્ષી કરે છે. અમુક વસ્તુને

સેવીએ તો તે આપણી ઈચ્છા પૂરી કરે છે ત્યાં કપોળકલ્પિત ફલિત થાય છે. 'ડૉ.જેકિલ એન્ડ હાઈડ' જેવી વિજ્ઞાનકથામાં કપોળકલ્પિત તત્ત્વ દ્વારા ભવિષ્યમાં કપોળકલ્પિત તે વાસ્તવિકતામાં ફેરવાઈ જાય એની શકયતાઓ હોય છે. આધુનિક સમયમાં પણ કપોળકલ્પિત તત્ત્વનો વિનિયોગ થાય જ છે. ' વિવેચકે એની ચર્ચા ફ્રાન્ઝ કાફકાની 'મેટમોર્ફોસિસ' અને યુજિન આયેનેસ્કોના 'રાઈનોસરોસ'ના સંદર્ભમાં ચર્ચા કરી છે. આ રચના દ્વારા કાફકાએ કપોળકલ્પિતતાને વાસ્તવિકતાની નક્કર ભોંય પર મૂકી આપ્યું છે. અતિવાસ્તવવાદી રચનાઓ અને એબ્સર્ડ રચનાઓના દૃષ્ટાંતથી એ વાત સિદ્ધ કરાઈ છે કે, પરંપરાગત સાહિત્યમાં સર્જક કપોળકલ્પિત દ્વારા માનવીય મૂલ્યોનું મહત્ત્વ આંકે છે, પરંતુ આધુનિક સર્જક તો કપોળકલ્પિતના પ્રયોગથી મૂળભૂત મૂલ્યો પર જ પ્રહાર કરે છે. આધુનિક રચનાઓમાં મનુષ્યની આંતરચેતનાને અભિવ્યકત કરવા કપોળકલ્પિત કેવી કામગીરી બજાવે છે એનું નિદર્શન થયું છે. વિવેચકે કપોળકલ્પિતને સ્પષ્ટ કરી આપવા માટે જુદાં-જુદાં પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરી છે. વિવેચકનો અભિગમ તુલનાત્મક રહ્યો છે.

ચોથા પ્રકરણમાં આધુનિક ગુજરાતી સાહિત્યમાં કપોળકલ્પિત કેવા સ્વરૂપે આવે છે એની ચર્ચા મધુરાયની 'સરલ અને શમ્પા', 'લાભશંકર ઠાકરની 'વૃક્ષ' ઘનશ્યામ દેસાઈની 'કાગડો', 'સુરેશ જોષીની 'અગતિગમન' કૃતિઓના સંદર્ભમાં વિશ્લેષણાત્મક પદ્ધતિએ રજૂ કરી છે. કપોળકલ્પિતનાં તત્ત્વ દ્વારા આધુનિક માનવીના મૂલ્યનો હ્રાસ, તેના અસ્તિત્ત્વનો હ્રાસ, માનવમૂલ્યોના હ્રાસને ઉપસાવી આપવામાં આવે છે. આ પ્રકારના પુસ્તક ગુજરાતી સાહિત્યમાં ઘણાં ઉપયોગી નીવડે એવાં છે. વિવેચકનો આપણા સાહિત્ય પ્રત્યેનો રંજ ઉપસંહારમાં વ્યકત થયો છે કે, પાશ્ચાત્ય સાહિત્યમાં જે રીતે કપોળકલ્પિતની સૃષ્ટિ નિરૂપાય છે તેવી રીતે આપણા સાહિત્યમાં નિરૂપાઈ નથી.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજયના ઉપક્રમે **'પશ્ચિમનું સાહિત્ય વિવેચન'** (પ્રાચીનકાળ)ના ગ્રંથલેખનમાં વિવેચકે ગ્રીકસાહિત્યની વિભાવના, ગ્રીક

વિવેચકોની વિચારણાનું ઘડતર અને સાંસ્કૃતિક, સામાજિક તથા રાજકીય સંદર્ભમાં પરિચયાત્મક ભાષામાં રજૂ કર્યું છે. આ પુસ્તક બે ભાગમાં વિભાજિત છે. આ પુસ્તકના પ્રથમ ભાગનું શીષર્ક 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન'(પ્રાચીનકાળ) છે. આરંભમાં પુરોગામી વિવેચન અને વર્તમાન વિવેચનમાં જોવા મળતાં ભેદની ભૂમિકા રૂપે ચર્ચા કરી છે. વિવેચકનું આ પુસ્તક જયંતકોઠારીના 'પ્લેટો-એરિસ્ટોટલ લોન્જાઈનસની કાવ્યાવિચારણા'થી જુદુ પડે છે. કારણકે જયંતકોઠારી માત્ર સૈદ્ધાન્તિક વિચારણાને જ મહત્ત્વ આપે છે. જયારે એની સામે વિવેચક સૈદ્ધાન્તિક વિચારણાની સાથે એના ઘડતરમાં ભાગ ભજવનાર દરેક રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક પરિબળોના અનુસંધાનમાં સમજૂતીપરક ભાષામાં રજૂઆત કરે છે. ઐતિહાસિક પદ્ધતિને અનુલક્ષીને પશ્ચિમના સાહિત્ય વિવેચનનો પરિચય વર્ણનાત્મક ભાષામાં આપ્યો છે.

પ્રથમ પ્રકરણમાં વિવેચકની વિવેચનલક્ષી વિભાવના રજૂ કરતું વિધાન આ મુજબ છે. **'જેવી રીતે કૃતિને એક ચોકકસ સંદર્ભ હોય છે. તેવી જ રીતે સાહિત્ય વિવેચનને પણ ઐતિહાસિક, સાંસ્કૃતિક સંદર્ભ હોય છે. જેમ સમયની દષ્ટિએ આપણે દૂર દૂર જતાં જઈએ તેમ તેમ એ સંદર્ભોને ઓળખ્યા વિના એ વિવેચનને પણ સમજવું ખાસ્સું મુશ્કેલ થઈ પડે છે.'**[૧૫૧] ગ્રીક સંસ્કૃતિનો આરંભ, વીલ ડયુરાં-હોમર-પ્લેટો-અને પ્લેટોના ગુરુ સોક્રેટીઝનો સમયગાળો, ગ્રીક પ્રજાની ઉત્પતિ, સદ-અસદ્‌ની વિભાવના, પ્લેટોની વિચારણાના મૂળ, એથેન્સમાં દરેક કળાને અપાતું મહત્ત્વ, ગ્રીકમાં સ્ત્રી પુરુષોના ચારિત્ર્ય અંગેની વિભાવના, ગ્રીક સાહિત્યની વિભાવના, પ્લેટો પર સોલોનની સુવ્યવસ્થિત રાજય અંગેની વિચારણાનો પ્રભાવ, 'નગર રાજય' સંજ્ઞાની સ્પષ્ટતા, ગ્રીક પ્રજાનું રાજય બાબતે વધુ પડતું ઝનૂન, આધુનિક કળા અને ગ્રીક પ્રજાની કળા વિભાવના વચ્ચેનો ભેદ વગેરે જેવી ઐતિહાસિક વિગતો નોંધી છે. **'પ્લેટોના મહત્ત્વપૂર્ણ બે ગ્રંથ 'Laws' અને 'The republic' પાછળ polis ની વિભાવના કામ કરી હતી'**[૧૫૨] આ વાત સંદર્ભે વિવેચકે polisની વિભાવનાનું સ્પષ્ટીકરણ, પ્લેટોની આદર્શ રાજયની વિભાવનાની ચર્ચા મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ રજૂ કરી છે.

બીજા પ્રકરણમાં પણ વિવેચકે ગ્રીક પ્રજાના મિજાજ, એમની વૃતિ, એમની કલા પ્રત્યેની વિભાવના, હોમરની સામે પ્લેટોને પડેલો વાંધો, કૃતિમાંથી સંવાદિતા પ્રગટવી જોઈએ એ વાતની ગ્રીક દાર્શનિક પીઠિકામાં પ્રાપ્તિ, ગ્રીક સંસ્કૃતિના ઘડતરમાં ભાગ ભજવનાર હોમર, હેઝિયડ, લોકકવિ ઓફિકે, પ્લેટોની આદેશાત્મક વિચારણાના મૂળ ડિમોક્રિટસની વિચારણામાં છે, પ્લેટોની દલીલના મૂળ એનેકઝીમેંડરની વિચારણામાં કે વાસ્તવિકતાનું આલેખન કરવું, પ્લેટોનો ફિલસૂફ કવિ કરતાં ચઢિયાતો, ડિમોક્રિટ્સની વિચારણાનો પ્રભાવ પ્લેટો અને એરિસ્ટોટલ પર, એરિસ્ટોટલની કાવ્યવિચારણા પર થેલિઝનો પ્રભાવ, એરિસ્ટોટલની વિચારણાનો રૂપરચનાવાદી વિવેચકો પર પ્રભાવ, થેલિઝથી ગ્રીક તત્ત્વચિંતનનો પાયો નંખાયો, એનેકઝેગોરસની વિચારણામાં એરિસ્ટોટલની કાવ્ય વિચારણાનુ મૂળ જેવી બાબતોની પરિચયાત્મક નોંધ લીધી છે. હેરકલયાટસ્નો પણ પ્રભાવ એરિસ્ટોટલ પર પડયો છે. પ્લેટોની આદર્શવાદની ભૂમિકાનું ઘડતર પાયથાગોરસ સંપ્રદાય અને એલિયાટિક સંપ્રદાયની વિચારણાથી થયું. કેથાર્સિસ સિદ્ધાંતનું મૂળ પાયથાગોરસ વગેરે જેવી બાબતોને, ઘટનાઓને, વિભાવનાઓને સાંસ્કૃતિક-સામાજિક અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં નોધે છે. પ્લેટો એરિસ્ટોટલની સાહિત્યિક ભૂમિકા પુરોગામીની વિચારણાથી બંધાય છે. વિવેચકે દર્શાવ્યું છે કે પુરોગામી અનુગામી વિચારકોની વિચારણાને ઘડે છે. વિવેચક સૂચન કર્યું છે કે, કૃતિને એની પરંપરામાં અને એની સંસ્કૃતિની પરંપરામાં તપાસવાની હોય. ગ્રીક સંસ્કૃતિને સમજવી હોય તો સમગ્રતાની વિભાવનાને સમજવી પડે. કારણ કે ત્યાં સમગ્રતા અને અખિલાઈતાનું મહત્ત્વ છે.

ત્રીજા પ્રકરણમાં વિવેચકે પ્રકરણ-એક અને બીજા પ્રકરણમાં ગ્રીક સંસ્કૃતિની એમની કળા વિષયક વિભાવનાની, પ્લેટો-એરિસ્ટોટલની વિચારણાના ઘડતરમાં ભાગ ભજવનાર પુરોગામીઓની વિચારણાઓનું રાજકીય સાંસ્કૃતિક, ઐતિહાસિક સંદર્ભમાં મોટાભાગે પુનરાવર્તન કર્યું છે. ગ્રીક પ્રજાના મતે લલિત અને લલિતેતર કળા વચ્ચે અભેદ, જીવન જીવવાની પદ્ધતિમાં સૌદર્ય હતું, કળા વિષયક વિભાવનાનું વિવેચકે મૂલ્યાંકનલક્ષી ભાષામાં વિવરણ કર્યું છે. પ્લેટોની

કાવ્યવિચારણાના ઘડતર પાછળના પરિબળોની પ્રથમ અને બીજા પ્રકરણમાં વિસ્તારથી નોંધ કર્યા પછી અહીં પણ એની ચર્ચા રજૂ કરે છે. પ્લેટોની સામે ઈજિપ્તની કળાનો આદર્શ હતો એવો ઉલ્લેખ કરી ચર્ચાને વિસ્તારે છે. પેરિકલીઝ પૂર્વેનું સાહિત્ય, સંગીતકળાનો મહિમા તથા ગ્રીક કૃતિઓમાં માનવીય સંકુલતાના નિરૂપણના અનુસંધાનમાં કાવ્ય અને નીતિ અનુષંગે વિવેચકે પોતાનો મત દર્શાવ્યો છે. **'ક્રોધિત અવસ્થામાં એકિલીઝ જે વ્યવહાર કરે છે તે નીતિશાસ્ત્રની દષ્ટિએ અનુચિત હશે, કાવ્યની દષ્ટિએ નહી.'**[૧૫૩] કાવ્યની સાથે નાટકનાં સ્વરૂપનો વિકાસ, નાટયગૃહની રચના, નાટક દિવસમાં કેટલાં રજૂ થતાં, કયારે રજૂ થતાં, તેનું ઈનામ વગેરેનો ટૂંકમાં પરિચય વિવેચકે આપ્યો છે. યુરીપિડીઝ અને એરિસ્ટોફેનિઝ વચ્ચે નાટક બાબતે જે સંઘર્ષ છે એની સવિગતે નોંધ લીધી છે. યુરીપિડીઝના નાટકની સામે એરિસ્ટોફેનિઝ પ્રતિક્રિયા રૂપે કોમેડી લખે છે. કોમેડીના સ્વરૂપમાં સૌથી વધુ વિવેચન છે એવું તારણ વિવેચક આપે છે. વિવેચકે કાવ્યના પ્રયોજન અનુષંગે હોમર અને હેઝિયડના મંતવ્યોને મૂકી આપ્યાં છે. હોમરના મતે આનંદ અને હેઝિયડના મતે ઉપદેશ કાવ્યનાં પ્રયોજન છે. વિવેચક આ વાતની પૂર્તિ કરી આપે છે. આ બે પ્રયોજનો વિશેની ચર્ચા આગળને આગળ વિકસતી જ જાય છે. વિવેચકે ગ્રીક સમયની કળાના માધ્યમ વિશેની સભાનતા અંગેની ચર્ચા આપણા સમકાલીન સંદર્ભના અનુસંધાનમાં રજૂ કરી છે. હોમરના સમયમાં પણ કળાનું માધ્યમ એટલું જ પ્રભાવક હતું જેટલું અત્યારના સમયમાં છે. કવિ પિંડારની પ્રેરણા, સહપ્રતિભા અને કેળવણી વડે પ્રાપ્ત થતાં જ્ઞાનલક્ષી વિચારણાની ચર્ચા અભિનવગુપ્તની આખ્યાતિકી અને આહાર્ય પ્રતિભાના અનુસંધાનમાં તુલનાત્મક દષ્ટિકોણ વડે ચર્ચી છે. એરિસ્ટોફેનિઝના લેખનકાર્ય, એની સાહિત્યિક વિભાવનાની વિવેચકે વિવરણાત્મક રજૂઆત કરી છે. એરિસ્ટોફેનિઝ માટે પ્લેટોની જેમ જ સમાજજીવન અને માનવીય ઘડતર મહત્ત્વના હતાં. આ પ્રકરણમાં ઘણી વિચારણાઓ, સંદર્ભોનું ચર્વિતચર્વણ થયું હોય એની પ્રતીતિ થાય છે.

ચોથા પ્રકરણમાં પ્લેટો અને એરિસ્ટોટલની કાવ્યલક્ષી વિચારણાઓ, સાહિત્યિક વિચારણાઓ, ભૂમિકાઓ, મંતવ્યોને સમયસંદર્ભના અનુસંધાનમાં વિગતસહ નોંધ લઈ મૂલવ્યાં છે. પ્લેટોના 'આયોન' ગ્રંથમાં સમાવિષ્ટ દરેક મુદ્દાની વિવેચકે પરિચયાત્મક નોંધ આપી છે. પ્લેટોના 'રિપબ્લીક' ગ્રંથમાં ચર્ચાયેલા કવિતા વિષયક પ્રશ્નોને સાહિત્યિક સંદર્ભમાં તુલનાભાવે ચર્ચે છે. જેમ કે આદર્શ રાજ્ય ઊભું કરવામાં અડચણરૂપ બનતી કવિતા, બોધક સાહિત્ય વાંચવા માટે માત્ર બાળકો અને કિશોરોને પ્રોત્સાહન, કવિતામાં નીતિ-અનીતિના પ્રશ્નો, પ્લેટોએ કવિતા પર કરેલ આક્ષેપો પરથી કવિતા પ્રભાવક છે એની થતી પ્રતીતિ, અખંડિતતા-સમગ્રતા વગેરે વિશે વિવેચકે પાશ્ચાત્ય અને સંસ્કૃતમીમાંસાના સંદર્ભમાં ચર્ચાઓ કરી છે. પ્લેટોની કવિ, અનુકરણ, કળા વિષયક વિભાવનાની સમજૂતી આપી છે. આજના આપણા સમય સંદર્ભમાં પ્લેટોની સાહિત્યિક-વિવેચનલક્ષી વિચારણાની પ્રસ્તુતાના અનુસંધાનમાં ચર્ચા કરી છે. જહોનડયુઈ અને આનંદ કુમાર સ્વામીએ પ્લેટોની કાવ્યવિચારણાને એના સમય સંદર્ભમાં મૂલવ્યાં એની નોંધ વિવેચકે લીધી છે. પ્લેટોના સમયમાં 'કળા'નો ખ્યાલ, એની વિભાવના ઉપયોગિતાના સંદર્ભમાં જ રજૂ થાય છે. જ્યારે આધુનિકકાળમાં 'કળા'ની વિભાવના બદલાય જાય છે. આધુનિકકાળમાં કથયિતવ્ય કરતાં ટ્રેકનિકને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. એની સામે એલિયટ કથયિતવ્ય અને ટેકનિક બંનેને મહત્ત્વ આપે છે. વિવેચકે પ્લેટોના સમયમાં 'કળા'ને લઈને જે ચર્ચા વિચારણાઓ થતી હતી એની તુલનાભાવે ચર્ચા આધુનિકકાળમાં ચર્ચા-વિચારણાઓ થાય છે એના સંદર્ભમાં કરી.

વિવેચકે સંસ્કૃતમીમાંસા અને ગુજરાતી વિવેચકોની વિચારણાના પણ ઉલ્લેખો કર્યો છે. આ પ્રકરણમાં પણ ઘણું પુનરાવર્તન થયું છે. વિવેચક પ્લેટોની અને એમના પુરોગામીઓની વિચારણાઓની ચર્ચા કરે છે ત્યારે સમકાલીન વાતાવરણ, વિચારસંદર્ભને પણ મૂકી આપી પ્લેટોની વિચારસરણી અત્યારના સમયમાં કેટલી પ્રસ્તુત છે એની નોંધ તુલનાત્મક દષ્ટિકોણ વડે લે છે. પ્લેટોની જે 'કળા' વિષયક વિભાવના છે એવી જ વિભાવના આપણા ભારતમાં 'કળા'

સંદર્ભેની હતી. કળાનો વ્યાપક અર્થ હતો એની ચર્ચા વિવેચકે ભારતીય જીવન દર્શનના અનુસંધાનમાં રજૂ કરી છે. પ્લેટોની કાવ્યલક્ષી વિચારણાને એરિસ્ટોટલ નવી રીતે રજૂ કરે છે એની વિવેચકે ટૂંકમાં નોંધ લીધી છે. પ્લેટોની કાવ્ય-વિચારણાના ગુણ દોષ પ્લેટોના સમયસંદર્ભમાં મૂલવે છે.

પાંચમાં પ્રકરણમાં એરિસ્ટોટલની સાહિત્યિક કાવ્યલક્ષી વિચારણાને કેન્દ્રમાં રાખીને વિવેચકે એમના સમયસંદર્ભ અને આપણા સમયસંદર્ભમાં ચર્ચાઓ કરી છે. એરિસ્ટોટલનો અનુકરણનો સિદ્ધાંત પ્રકૃતિના સિદ્ધાંત સાથે અનુસંધાન ધરાવે છે. ફોર્મ વિશેની વિચારણા, આકસ્મિક તત્ત્વને બદલે સહજતાને મહત્ત્વ જેવાં મુદ્દાઓની મૂલ્યાંકનલક્ષી રજૂઆત કરે છે. પ્લેટોની કાવ્યલક્ષી વિચારણા એરિસ્ટોટલથી જુદી પડે છે એની ઉદ્ધરણ ટાંકીને ચર્ચા કરી છે. એરિસ્ટોટલ કાવ્યને જીવનથી અલગ કરવાનું નથી કહેતાં, જેમ પ્લેટો પણ કાવ્યને જીવનથી સ્વતંત્ર નહોતાં માનતાં. પરંતુ એરિસ્ટોટલનુ માનવું છે કે વ્યવહારિક તથ્ય રાજયશાસ્ત્રમાં કે બીજા શાસ્ત્રમાં જે પ્રકારે સ્થાન પામે છે તે પ્રકારે કાવ્યમાં સ્થાન પામતું નથી. જયારે પ્લેટો આ પ્રકારે વિચારી જ ન શકે એની ટૂંકસાર ચર્ચા વિવેચકે તર્કબદ્ધ ભાષામાં નિરૂપી છે. પ્લેટોના મતે 'અનુકરણ' એટલે નકલ અને એરિસ્ટોટલના મતે 'અનુકરણ' એટલે 'કવિકર્મ'. વિવેચકે બંનેના મતોની ચર્ચા સંસ્કૃતમીમાંસાના સંદર્ભમાં કરી આપી છે. આ વિચારને સ્પષ્ટરૂપે વિવેચકે મૂકી આપી સંસ્કૃતમીમાંસાના સંદર્ભમાં ચર્ચે છે. વિવેચકે એરિસ્ટોટલ અને ભરતમુનિને એક જ ભૂમિકાએ મૂકી આપ્યાં છે. એરિસ્ટોટલની ટ્રેજેડીનાં સ્વરૂપની ચર્ચા અને એના અનુસંધાને કોમેડીના સ્વરૂપની પણ ચર્ચા તુલનાત્મક અભિગમે કરી છે. વિસ્તૃત નોંધો આ બે સ્વરૂપો વિશે પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાનમાં એમણે રજૂ કરી છે. ટ્રેજેડીના ઘટકતત્ત્વોની વિચારણાનો પણ સમાવેશ ટ્રજેડીનાં સ્વરૂપના અનુષંગે કર્યો છે.

વિવેચકે એરિસ્ટોટલના ગ્રંથની તપાસ ટ્રેજેડીનાં પ્રયોજન સંદર્ભે કરી છે. જેમકે, ટ્રેજેડીનું પ્રયોજન, કેથાર્સિસની ચર્ચા 'પોલિટીકસ'માં માંડીને કરી છે. જયારે 'પોએટિકસ'માં એની અછડતી ચર્ચા છે. 'કેથાર્સિસ' સંજ્ઞાનું સ્પષ્ટીકરણ ભારતીય

કાવ્યશાસ્ત્રની 'સાધારણીકરણ' સંજ્ઞાના અનુસંધાનમાં તુલનાત્મક દષ્ટિકોણ વડે રજૂ કર્યું છે. વિવેચકેનું કહેવું છે કે, ભરતમુનિની નાટયવિચારણાની જેમ એરિસ્ટોટલની ટ્રેજેડી વિષયક વિચારણા સમગ્ર સાહિત્ય સ્વરૂપોને આવરી લે છે. રૂપરચનાવાદી, કૃતિનિષ્ઠ અભિગમના મૂળ એરિસ્ટોટલની કાવ્યવિચારણામાં છે. એરિસ્ટોટલની વિવેચનલક્ષી વિચારણા અનુષંગે વિવેચકની સજ્જતા, એના કાર્ય વિશે વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરી છે.

જયંત કોઠારી 'પ્લેટો-એરિસ્ટોટલ-લોન્જાઈનસ'ની કાવ્યવિચારણા પુસ્તકમાં એરિસ્ટોટલની કાવ્યલક્ષી વિચારણાની મુદ્દાસર ચર્ચા કરે છે. પરંતુ એમાં પણ પુનરાવર્તન તો જોવા મળે જ છે. વિવેચકે પ્લેટો અને એરિસ્ટોટલને સામસામે મૂકીને એમનાં ગૃહીતોની તપાસ કરી છે. એમના સમયસંદર્ભમાં જ મૂલવ્યાં છે.

છઠ્ઠા પ્રકરણમાં લોન્જાઈનસના 'ઓન ધ સબ્લાઈમ' ગ્રંથને કેન્દ્રમાં રાખીને એમની સાહિત્યિક વિચારણાની ઐતિહાસિક સંદર્ભમાં નોંધ લીધી છે. લોન્જાઈનસની 'ઉદાત્તતા' સંજ્ઞાનું સ્પષ્ટીકરણ કર્યું છે. લોન્જાઈનસે ગ્રીક પરંપરાનો સ્વીકાર કર્યો છે એની નોંધ લઈ એઓ જન્મજાત પ્રતિભાની સાથે કવિકર્મને મહત્ત્વ આપે છે તે વિવેચકે જણાવ્યું છે. લોન્જાઈનસે જે જે સાહિત્યિક વિચારણાઓ કરી છે એને વિવેચકે ઐતિહાસિક સંદર્ભમાં તપાસી છે. ઉત્તમકૃતિ, વકતૃત્વકળા, ઉદાત્તત્તાના સ્ત્રોતસ્થાનો વિશે લોન્જાઈનસનાં મતોની ટૂંકસાર નોંધ લીધી છે. લોન્જાઈનસની વિચારણા **'ઉદાત્તતા મહાન વ્યકિતની સરજત છે.'** એને કેન્દ્રમાં રાખીને વિવેચકે સદષ્ટાંત નોંધ લીધી છે પરંતુ એઓ લોન્જાઈસનની વિચારણા સાથે સંમત થતા નથી. વિવેચકે કાવ્યબાની, સંયોજન જેવાં ઘટકતત્ત્વોની ચર્ચા પાશ્ચાત્ય અને સંસ્કૃતમીમાંસાના અનુસંધાને કરી છે. લોન્જાઈનસ કવિને ઉદાત્તતાનું ઉદ્ભવસ્થાન માને છે, એટલે પતનનાં કારણરૂપ પણ કવિ જ હોય. સ્વાભાવિક રીતે પ્લેટો અહીં સ્મરણમાં આવે. લોન્જાઈનસ કવિનું ગૌરવ કરે છે. જ્યારે પ્લેટો કવિને દેશવટો આપે છે એવો મત વિવેચકે તુલ્યભાવે દર્શાવ્યો છે. અહીં એક પ્રશ્ન થાય કે શું લોન્જાઈનસે ઉત્તમ અને નિમ્નકક્ષાના કવિનું વિભાજન નથી કર્યું ? તો એને શું સમજવું ? લોન્જાઈનસ ટ્રૅકનિકને મહત્ત્વ આપે છે.

કથયિત્તવ્યની સાથે રૂપરચનાને પણ સ્વીકારે છે. લોન્જાઈનસની વિચારણા પુરોગામી કરતાં એક ડગલું આગળ છે એનું પ્રતિપાદન સદષ્ટાંત કરે છે.

સાતમાં પ્રકરણમાં 'એરિસ્ટોટલની અનુગામી વિવેચના' શીર્ષક હેઠળ એમના પછીના અનુગામી વિવેચકો-ચિંતકોની સાહિત્યિક વિચારણાને રજૂ કરે છે. આ વિચારણા એમના સમયસંદર્ભના અનુસંધાનમાં મૂલવી છે. હોરેસ કવિ અને કવિતાને સ્થાપિત કરવા પ્રયત્નો કરે છે. વિવેચકે આ ચર્ચા અંતર્ગત પ્લેટો, એરિસ્ટોટલ, એરિસ્ટોફેનિઝ, સાફોની વિચારણાને તુલનાત્મક અભિગમે ચર્ચે છે. હોરેસની કવિ અને કવિતાલક્ષી વિચારણાનું અનુસંધાન કયા કયા ચિંતકો અને વિચારકો સાથે થયું છે એની સદષ્ટાંતમૂલક નોંધ લીધી છે.

પ્લોટીનસની કળાવિષયક વિચારણાની પ્રસ્તુતતા અનુગામી માટે પણ મહત્ત્વની બને રહે છે. ઉપસંહારમાં વિવેચકે પ્લેટો, એરિસ્ટોટલ, લોન્જાઈનસની વિચારણાની સાથે ભારતીયમીમાંસાની વિચારણાઓની પણ તુલનાત્મક દષ્ટિકોણ વડે વ્યાપક ભૂમિકાએ ચર્ચા કરી છે. વિવેચન વિશેનાં ધોરણોનું વિવેચકે અવલોકન કર્યું છે. આ પુસ્તક વિદ્યાર્થીની સાથે અધ્યાપકોને પણ ઘણું મદદરૂપ બની રહે છે. વિવેચકે માત્ર સૈદ્ધાન્તિક વિચારણાનો પરિચય નથી કરાવ્યો, પરંતુ ત્યાંના દરેક સંદર્ભોની નોંધ લઈને મૂલ્યાંકનલક્ષી અને તુલનાત્મક અભિગમે ચર્ચાઓ અને વિગતોને નોંધી છે.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજયના ઉપક્રમે **'પશ્ચિમનું સાહિત્ય વિવેચન'(અર્વાચીનકાળ)** ગ્રંથ લેખનમાં વિવેચકે પ્રાચીન ગ્રીક-રોમન સાહિત્ય વિવેચન અને આધુનિક, અનુઆધુનિક વિવેચનની તુલનાત્મક અભિગમે પરિચયાત્મક નોંધ લીધી છે. વિવેચકની પદ્ધતિ મૂલ્યાંકનલક્ષી રહી છે. ભારતીય કાવ્યશાસ્ત્રના મીમાંસકોના પ્રદાનની પણ નોંધ પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાનમાં જ લે છે.

અભિનવગુપ્ત અને પ્લેટોની વિચારણાના અનુસંધાનમાં એકવિનાની વિચારણાની ચર્ચા કરી છે. ફિલીપસીડનીની કાવ્યલક્ષી વિચારણા પર

એરિસ્ટોટલના કાવ્યવિચારનો પ્રભાવ છે એની નોંધ લીધી છે. બેન જોનસન પર એરિસ્ટોટલની કાવ્યવિચારણાનો પ્રભાવ અને એ વિચારણા હેઠળ બેન જોનસન પોતાની વિચારણાને વિસ્તારે છે. સેમ્યુઅલ જહોન્સન, વોલ્ટર પેટર, ગઅથે, વર્ડ્ઝવર્થની વિચારણાઓ પર પુરોગામી વિચારણાનો પડેલો પ્રભાવ, અનુગામી વિચારણાનો ટૂંકમાં નિર્દેશ કર્યો છે. વિવેચકે એ સમયસંદર્ભમાં થયેલી વિચારણાઓને આપણા સમયસંદર્ભમાં પણ મૂલવી છે.

બીજા પ્રકરણમાં વિવેચકની પદ્ધતિ અને અભિગમ પ્રથમ પ્રકરણ મુજબના જ રહ્યાં છે. કાન્ટ અને ક્રૌચેના 'સૌન્દર્યશાસ્ત્ર' વિશેના પ્રદાનને સાહિત્ય વિવેચનની સ્વાયત્તતાના સંદર્ભમાં ચર્ચે છે. કાન્ટ 'રુચિ'ની વિભાવનાને વ્યાપક ભૂમિકાએ વિસ્તારે છે. કાન્ટની વિચારણાનું અનુસંધાન અભિનવગુપ્તની ભાવકચિત્ત વિશેની વિચારણા સાથે કરે છે. કાન્ટની વિચારણાની વિસ્તૃત ચર્ચા કર્યા પછી વિવેચકે શીલરની 'સૌન્દર્ય' વિશેની સંજ્ઞા, એમનું ગૃહીત, કાર્ય, સ્વરૂપ, કળા અને નીતિ, કળા અને તત્ત્વજ્ઞાન વિશે નિર્દેશ કર્યો છે. રૂપરચનાવાદી વિવેચકો પર પ્રભાવ પાડનાર શીલરની સાહિત્ય કેન્દ્રી વિચારણાની નોંધ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં લે છે.

હેગલ, શ્લેગ્લ બંધુઓ, શોપન હાવરની સૈદ્ધાન્તિક ચર્ચાને સદષ્ટાંત મૂલવી છે. 'બોમગાર્ટન' દ્વારા 'એસ્થેટિક' સંજ્ઞાનો સૌ પ્રથમ વાર ઉલ્લેખ થયો એની નોંધ લઈ, આ સંજ્ઞાની ચર્ચા માટે બીજા વિચારકોની વિચારણાનો પણ આધાર લઈ ઐતિહાસિક સંદર્ભમાં વાત કરી છે.

લેસિંગે સાહિત્યિકક્ષેત્રે કરેલાં પ્રદાનની નોંધ લીધી છે. લાઓકૂન નિમિત્તે થયેલાં પ્રશ્નો જેવાં કે કળાના માધ્યમ વિશે જે વિસ્તારપૂર્વક ચર્ચાઓ થઈ એની વિશ્લેષણાત્મક ભાષામાં રજૂઆત કરી છે. વિવેચકે કળાની વિસ્તૃત ચર્ચા કરી છે. લેસિંગની કળા વિષયક વિચારણાને રજૂ કરતી વખતે આધુનિક કળાને પણ કેન્દ્રમાં રાખીને ચર્ચાઓ મૂલવતાં જાય છે.

કોલરિજની સાહિત્યિક-કળા વિચારણાને રજૂ કરતાં પહેલાં 'ફેન્ટસી' અને 'ઈમેજિનેશન' સંજ્ઞાની ઐતિહાસિક સંદર્ભમાં નોંધ લઈ સ્પષ્ટતા કરી આપી છે. બંને સંજ્ઞાઓ વચ્ચે ભેદ છે કે નથી એના અનુષંગે પાશ્ચાત્યમીમાંસકોના મંતવ્યોનો

વિવેચકે આધાર લીધો છે. એરિસ્ટોટલ અને બીજા વિજ્ઞાનીઓની જૈવિક સંવાદિતાની વિચારણાના સંદર્ભે જ કોલેરિજ અને એમના પુરોગામીઓની ચર્ચા કરે છે. વિવેચકે એની સદષ્ટાંત નોંધ લીધી છે. કોલરિજનો કલ્પનાનો સિદ્ધાંત, અન્ય વિવેચકોનો કોલરિજ પર પ્રભાવ એના વિશે વિવેચકે તુલનાત્મક દષ્ટિકોણ વડે પરિચયાત્મક ભાષામાં રજૂઆત કરી છે. ભાષા, વસ્તુલક્ષિતા, કવિતાનું લક્ષ્ય અંગે જે દલીલો, સૂચનો કર્યા છે એની ચર્ચા વિવેચકે કરી છે. કોલરિજની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણા એના પુરોગામી વિચારકોના અનુસંધાનમાં મૂલવવાની રહી છે. વિવેચકે ભારતીય કાવ્યમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના અનુસંધાનમાં કોલરિજની વિચારણાને સાહિત્યિક સંદર્ભમાં ચર્ચી છે.

મેથ્યુ આર્નલ્ડની કાવ્યલક્ષી વિચારણા કાન્ટની સામેની છે. ગુજરાતી સાહિત્યમાં ધૂમકેતુની લાગણીશીલ ટૂંકીવાર્તાની સામે રા.વિ.પાઠકની બુદ્ધિતત્ત્વવાળી વાર્તા આવી. એવી જ રીતે મેથ્યુ આર્નલ્ડની વિચારણા કાન્ટની સામેની છે. મેથ્યુ આર્નલ્ડની કળાવિષયક વિચારણાની સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં જ ચર્ચા કરી છે. કારણકે મેથ્યુ આર્નલ્ડનો સમય સાંસ્કૃતિક કટોકટીનો સમય હતો. આથી એમણે 'કલ્ચર એન્ડ એનાર્કી' નામનો નિબંધ લખ્યો. આ નિબંધ વડે એમની સંસ્કૃતિની વ્યાપક ભૂમિકાનો પરિચય થાય છે.

આર્નલ્ડની કાવ્યલક્ષી વિચારણા પર બિશપ વિલ્સનનો પ્રભાવ છે. પ્લેટો અને આર્નલ્ડને એક ભૂમિકાએ મૂકી કવિલક્ષી ચર્ચાની નોંધ લીધી છે. આર્નલ્ડનો હેતુ, પ્લેટોનો હેતુ વગેરેની ઐતિહાસિક સંદર્ભમાં નોંધ લઈ મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂઆત કરે છે. પ્લેટો આદર્શકલ્યાણ રાજય સ્થાપવા માટે કવિતાને દેશવટો આપવાનું કહે છે. જયારે આર્નલ્ડ અરાજકતા, સાંસ્કૃતિક કટોકટીને દૂર કરવા કવિતાને અનિવાર્યતા તરીકે સ્થાપે છે. આમ વિવેચક તુલનાત્મક અભિગમે બંને વચ્ચેના જુદાં જુદાં દષ્ટિકોણોનો પરિચય કરાવ્યો છે. બંનેમાં જોવા મળતાં દષ્ટિભેદને દર્શાવ્યો છે. મેથ્યુ આર્નલ્ડની કવિતાલક્ષી વિચારણામાં જોવા મળતો વિરોધાભાસ સદષ્ટાંતમૂલક ચર્ચે છે. એમણે જે નીતિવિષયક વિચારણા આપી છે એમાં જોવા મળતી શિથિલતાનો નિર્દેશ કર્યો છે. વોલ્ટર પેટર કાવ્ય અનુષંગે મેથ્યુ

આર્નલ્ડથી  વિપરિત વિચારસરણી ધરાવે છે. મેથ્યુ આર્નલ્ડ જીવનવાદી હતા. જ્યારે વોલ્ટર પેટર કળાવાદી. વોલ્ટર પેટરને 'પ્રભાવવાદી' વિવેચક કહેવામાં આવ્યાં અને આ પ્રકારના મત સામે વિવેચકે અસંમતિ દર્શાવી છે. આમ વિવેચકે માત્ર પાશ્ચાત્યમીમાંસાની વિચારણાઓને અવતારવાનું જ કાર્ય નથી કર્યું પરંતુ એઓએ દલીલો-સૂચનોને મૂલ્યાંકનલક્ષી પદ્ધતિએ તર્કબદ્ધ ભાષામાં રજૂ કર્યા છે. વોલ્ટર પેટરે લિયોનાર્દો-દ-વિન્ચીના 'મોનાલીસા' ચિત્રના અનુસંધાને જે ચર્ચા કરી છે એને વિવેચકે મૂલવી છે. વોલ્ટર પેટર પર બીજા ચિંતકોનો પ્રભાવ, અભિગમ વિશેની ચર્ચા વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં કરી છે. વોલ્ટર પેટરે કરેલા સાહિત્યિક પ્રદાનની એમના સમય અને વિચાર સંદર્ભે નોંધ લીધી છે.

ક્રૌચેએ અંતઃ સ્ફૂરણાત્મક અને તાર્કિક જ્ઞાન તથા સામાન્ય માણસ અને કળાકારને થતી અંતઃસ્ફૂરણા વચ્ચેના ભેદની જે વિચારણા કરી છે એની ચર્ચા વિવેચકે કુન્તકની વિચારણા અને ભારતીય તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં કરી છે. ક્રૌચેએ કરેલી ભૌતિકતા અંગેની વિચારણાને તુલનાત્મક અભિગમે મૂલ્યાંકનલક્ષી ભાષામાં રજૂ કરે છે. ક્રૌચેની વિચારણામાં જ્યાં-જ્યાં દોષ જોવાં મળે છે એની સાધારરૂપ તર્કબદ્ધભાષામાં નોંધ લે છે. ક્રૌચેની કળાવિચારણાની ટીકા માધ્યમના અનુષંગે વિવેચક કરે છે.

આઈ.એ.રિચર્ડ્ઝ સાહિત્ય વિવેચનમાં સંક્રમણને મહત્ત્વ આપે છે. મનોવિજ્ઞાનને સાહિત્યની સાથે સાંકળી આપે છે. રિચર્ડ્ઝે કવિ અને ભાવકની જવાબદારી વિશે પોતાનો ખ્યાલ આપ્યો છે. રિચર્ડ્ઝની નીતિ વિષયક વિચારણાની વિવેચકે સ્પષ્ટતા કરી આપી છે. વિવેચકે રિચર્ડ્ઝના વિચારોને પરિચયાત્મક ભાષામાં રજૂ કર્યા છે. જેમાં રિચર્ડ્ઝે કરેલી કાવ્યનાં પૃથ્થકરણ, તાદાત્મય, સંતુલન, તટસ્થતા અનુષંગેની વિચારણાને વિવેચકે ભારતીય કાવ્યમીમાંસાના સંદર્ભમાં મૂલવી છે.

ટી.એસ.એલિયટે કરેલી સાહિત્યિક વિચારણાની નોંધ વિવેચકે અર્વાચીન ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં ચર્ચી છે. એમનાં પુસ્તક, પ્રકાશન વર્ષ, લેખોની વિગતો પણ વિવેચકે દર્શાવી આપી છે. ટી.એસ.એલિયટના નિર્વૈયક્તિકતા,

પરંપરા અને વૈયક્તિકતા, ભાષાની પરંપરા, કથયિતવ્ય અને રૂપરચનાનો સ્વીકાર, પ્રશિષ્ટ કૃતિને લગતી વિભાવનામૂલક ચર્ચા-વિચારણા વિવેચકે ઐતિહાસિક સંદર્ભમાં કરી છે. એલિયટના નિબંધસંગ્રહ, વિવેચનલક્ષી લેખોનો ઉલ્લેખ વર્ષ અને નામ સાથે વિવેચકે કર્યો છે. એલિયટની સાહિત્યિક વિચારણાઓને પાશ્ચાત્યમીમાંસકોના અનુસંધાનમાં ચર્ચે છે. આર્નલ્ડની વિચારણાનો એલિયટ વિરોધ કરે છે એની સદષ્ટાંતમૂલક ચર્ચા રજૂ કરી છે.

સુઝાન લેંગરની સાહિત્યિક વિચારણાને રજૂ કરતી વખતે તુલનાત્મક અભિગમે ઐતિહાસિક સંદર્ભમાં નોંધ લીધી છે. સુઝાન લેંગરે પશુ જગત અને મનુષ્ય જગત વચ્ચેનો ભેદ, પ્રતીકાત્મકતા, સંકેત, પ્રતીકની વિભાવના, પદાર્થો, કળા, પુરાકથા અને પરીકથા, કળા અને કસબ, ભાષા, ગદ્યસાહિત્ય અને એના સ્વરૂપો, નાટયસાહિત્ય, કોમેડી અને ટ્રેજેડીની વિચારણાઓને સાહિત્યિક સંદર્ભમાં પરિચયાત્મક ભાષામાં રજૂ કરી છે. સુઝાન લેંગરે લીધેલાં પુસ્તકોનો, લેખકોનાં મતનો આધાર ચર્ચારૂપે લીધો છે એનો પણ ઉલ્લેખ વિવેચક કરે છે. સુઝાન લેંગરની ચર્ચા-વિચારણાને રજૂ કરતી વખતે વિવેચક સંદિગ્ધ ભાષાને અપનાવી બેઠાં છે એવી પ્રતીતિ થાય છે.

'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' પુસ્તકના બે ભાગ પ્રાચીન અને અર્વાચીનકાળ વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના બની રહે છે. એમની પોતાની અભ્યાસ નિષ્ઠાનો પરિચય કરાવનારું આ પુસ્તક છે. વિવેચકનો અભિગમ ઐતિહાસિક અને તુલનાત્મક રહ્યો છે. વિવેચકની પદ્ધતિ મૂલ્યાંકનની સાથે પરિચયાત્મક રહી છે. વિવેચકની ભાષા અસંદિગ્ધ રહી છે. વિવેચકે અમુક અમુક વિચારણાઓનું પુનરાવર્તન કર્યું છે.

ઉપસંહાર

વિવેચક શિરીષ પંચાલની સૈદ્ધાન્તિક વિવેચનાને તપાસ્યા બાદ એ નિષ્કર્ષ પર પહોંચી શકાય છે કે એમની વિવેચનામાં સમકાલીન પ્રવાહોને લઈને સ્થિત્યંત્તર જોવા મળે છે. વિવેચક એમની વિવેચન પ્રવૃત્તિના આરંભના સમયમાં

રૂપરચનાવાદી વિચારણાને કેન્દ્રમાં રાખીને વિવેચન કરે છે. વિવેચકની વિચારણા પર આધુનિકોનો અને સુરેશ જોષીનો ઘેરો પ્રભાવ પડયો છે. વિવેચકનો શોધનિબંધ આ વાતની પૂર્તિ કરી આપે છે. વિવેચકની સાહિત્યિક-વિવેચનલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર 'સુન્દરમની કાવ્યભાવના' લેખ દ્વારા જોવા મળે છે. એમના 'રૂપરચનાથી વિઘટન' પુસ્તકમાં સમાવિષ્ટ દરેક લેખ સમાજ, સંસ્કૃતિ, જીવન, માનવતાને કેન્દ્રમાં રાખીને લખાયાં છે. વિવેચકના આ પુસ્તકને તપાસ્યા બાદ પ્રતીતિ થાય છે કે સમકાલીન વાતાવરણમાં ખંડિત મનુષ્યની છબિની સામે અખંડિત મનુષ્યની છબિ ઊભી કરી આપવી એ સર્જકની પ્રતિબદ્ધતા બની રહે છે.

વિવેચકનો કૃતિનિષ્ઠ અને રૂપરચનાવાદી અભિગમ એમના આરંભના દાયકાઓમાં જોવા મળે છે. ત્યારબાદ વિવેચક મહ્દઅંશે માનવતાવાદી અભિગમ અને તુલનાત્મક અભિગમને પુરસ્કારે છે. પરંતુ  મહત્ત્વની વાત એ છે કે એઓ સાહિત્યિકતાને પણ કેન્દ્રમાં રાખવાનું સૂચન તો કરે જ છે. વિવેચકે ગુજરાતી વિવેચન પરંપરાનો પુરસ્કાર 'વાત આપણા વિવેચનની' પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તક એમણે સુરેશ જોષીના ગુજરાતી વિવેચન પરંપરાના આત્યંતિક વલણ સામે આપ્યું છે. એમણે 'કપોળકલ્પિત' પુસ્તકમાં સાહિત્યિક પ્રયુકિતકેન્દ્રી વિચારણાને વ્યાપક ભૂમિકાએ મૂલવી છે. એમના દરેક વિવેચનનાં પુસ્તકો આજે પણ એટલાં જ પ્રસ્તુત છે કે વિવેચનની દરેક દિશાને ઉઘાડી આપવા માટે ક્ષમતા ધરાવે છે. વિવેચકની ભૂમિકા, સ્ત્રોતસ્થાનોનો નિર્દેશ પણ મેં મારા અભ્યાસ દરમ્યાન કરી આપ્યો છે. વિવેચકે સંસ્કૃત કાવ્યશાસ્ત્રો અને પાશ્ચાત્યમીમાંસાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે એની પ્રતીતિ એમની સૈદ્ધાન્તિક વિવેચનાને તપાસતી વખતે થાય છે. વિવેચકનું વાંચન પણ ખૂબ વિશાળ છે. એમની સૈદ્ધાન્તિક વિવેચના ગુજરાતી સાહિત્ય વિવેચનક્ષેત્રે મદદરૂપ નીવડી શકે એટલી  મહત્ત્વની બની રહે છે.

## પાદટીપ

૪૪ 'શૈલી વિશે', ઊહાપોહ ડિસે-૧૯૭૧, પૃ.૧૬

૪૫ 'રસવિચાર અને આધુનિક સાહિત્ય',પરબ, પૃ. ૪૭

૪૬ એજન, પરબ, પૃ.૪૯

૪૭ એજન, પરબ, પૃ.૪૯

૪૮ એજન, પરબ, પૃ.૫૧

૪૯ એજન, પરબ, પૃ.૫૨

૫૦ 'કળા અને અમાનવીકરણ', ઊહાપોહ, માર્ચ-૧૯૭૩, પૃ.૧૮

૫૧ એજન, પૃ.૨૧

૫૨ એજન, પૃ.૨૪

૫૩ એજન, પૃ.૧૬

૫૪ એજન, પૃ.૨૧

૫૫ એજન, પૃ.૨૪

૫૬ 'સાહિત્યની વિભાવના', એતદ્ ડીસે- પૃ.૮૨

૫૭ 'રસાનુભૂતિના કેટલાંક પ્રશ્નો', સમીપે જુલાઈ -૨૦૦૯, પૃ.૫૧

૫૮ એજન, પૃ.૫૩

૫૯ એજન, પૃ.૪૪

૬૦ 'લોકપ્રિયનવલકથાનું સૌંદર્ય', સમીપે જાન્યુ-માર્ચ-૨૦૧૨, પૃ.૫૨

૬૧ 'નવલકથાઃ કેટલાંક પ્રશ્નો', સમીપે એપ્રિલ-જૂન -૨૦૧૨, પૃ.૮૪

૬૨ 'સુન્દરમ્‌ની કાવ્યભાવના', એતદ્ સપ્ટે -૨૦૧૨, પૃ.૪૦

૬૩ 'કિશોર જાદવની વાર્તાકળા', એતદ્, પૃ.૧૪-૧૫

૬૪ 'સાહિત્યનો ઈતિહાસ અને તેની બદલાતી વિભાવના', પરબ ૧૯૯૩, પૃ.૮૬

૬૫ 'અધ્યાપકીય વિવેચન એટલે વહીવંચાગીરી?', ઊહાપોહ જુલાઈ-૧૯૭૦, પૃ.૧૬

૬૬ 'બાલાવબોધી વિવેચના', ઊહાપોહ ડીસે-૧૯૭૦, પૃ.૦૯

૬૭ 'શોધ તરીકે ટ્રેકનિક', ઊહાપોહ ઓકટો-૧૯૭૧, પૃ.૦૬

૬૮ એજન, પૃ.૧૨

૬૯ 'નવલકથા'- સંપા.સુમનશાહ, પ્ર.આ.૧૯૮૪, પૃ.૦૫

૭૦ એજન, પૃ.૩૨

૭૧ 'કાવ્ય વિવેચનની સમસ્યાઓ', શિરીષ પંચાલ, પ્ર.આ.૧૯૮૫, પૃ.૪૪

૭૨ એજન, પૃ.૫૮

૭૩ એજન, પૃ.૯૮

૭૪ એજન, પૃ.૮૪

૭૫ 'બ.ક.ઠાકોર', પ્ર.આ.૨૦૦૪, પૃ.૨૦

૭૬ એજન, પૃ.૨૨

૭૭ એજન, પૃ.૫૧

૭૮ એજન, પૃ.૫૮

૭૯ એજન, પૃ.૬૭

૮૦ એજન, પૃ.૬૮

૮૧ 'રૂપરચનાથી વિઘટન', પ્ર.આ.૧૯૮૬, પૃ.૦૨

૮૨ એજન, પૃ.૦૫

૮૩ એજન, પૃ.૦૮

૮૪ એજન, પૃ.૧૧

૮૫ એજન, પૃ.૨૬

૮૬ એજન, પૃ.૩૧

૮૭ એજન, પૃ.૩૪

૮૮ એજન, પૃ.૫૩

૮૯ એજન, પૃ.૫૪

૯૦ એજન, પૃ.૫૬

૯૧ એજન, પૃ.૫૮

૯૨ એજન, પૃ.૬૨

૯૩ એજન, પૃ.૬૪

૯૪ એજન, પૃ.૬૮

૯૫ એજન, પૃ.૭૨

૯૬ એજન, પૃ.૭૫

૯૭ એજન, પૃ.૭૭

૯૮ એજન, પૃ.૭૭

૯૯ એજન, પૃ.૮૧

૧૦૦ એજન, પૃ.૮૪

૧૦૧ એજન, પૃ.૮૮

૧૦૨ એજન, પૃ.૮૯

૧૦૩ એજન, પૃ.૯૦

૧૦૪ એજન, પૃ.૯૨

૧૦૫ એજન, પૃ.૯૯

૧૦૬ એજન, પૃ.૧૦૩

૧૦૭ એજન, પૃ.૧૦૭

૧૦૮ એજન, પૃ.૧૧૦

૧૦૯ એજન, પૃ.૧૧૭

૧૧૦ એજન, પૃ.૧૨૪

૧૧૧ એજન, પૃ.૧૨૪

૧૧૨ 'વાત આપણા વિવેચનની'ઉત્તરાર્ધ, પ્ર.આ.૨૦૧૨, પૃ.૩

૧૧૩ એજન, પૃ.૩

૧૧૪ એજન, પૃ.૮

૧૧૫ એજન, પૃ.૧૨

૧૧૬ એજન, પૃ.૧૨

૧૧૭ એજન, પૃ.૧૯

૧૧૮ એજન, પૃ.૨૩

૧૧૯ એજન, પૃ. ૨૮-૨૯

૧૨૦ એજન, પૃ.૩૧

૧૨૧ એજન, પૃ.૩૮

૧૨૨ એજન, પૃ.૩૮

૧૨૩ એજન, પૃ.૪૩

૧૨૪ એજન, પૃ.૪૩

૧૨૫ એજન, પૃ.૫૩

૧૨૬ એજન, પૃ.૫૩

૧૨૭ એજન, પૃ. ૫૩

૧૨૮ એજન, પૃ.૫૬

૧૨૦ એજન, પૃ.૫૯

૧૩૦ એજન, પૃ.૬૩

૧૩૧ એજન, પૃ.૬૩

૧૩૨ એજન, પૃ.૬૩

૧૩૩ એજન, પૃ.૬૪

૧૩૪ એજન, પૃ.૭૨

૧૩૫ એજન, પૃ.૭૨

૧૩૬ એજન, પૃ.૭૪

૧૩૭ એજન, પૃ.૭૯

૧૩૮ એજન, પૃ.૮૧

૧૩૯ એજન, પૃ.૮૭

૧૪૦ એજન, પૃ.૮૮

૧૪૧ એજન, પૃ.૯૪

૧૪૨ એજન, પૃ.૯૬

૧૪૩ એજન, પૃ.૧૦૨

૧૪૪ એજન, પૃ.૧૦૨

૧૪૫ એજન, પૃ.૧૦૩

૧૪૬ એજન, પૃ.૧૦૮

૧૪૭ એજન, પૃ.૧૦૯

૧૪૮ એજન, પૃ.૧૧૦

૧૪૯ 'કપોળકલ્પિત', પ્ર.આ.૧૯૮૮, પૃ.૦૭

૧૫૦ એજન, પૃ. ૨૪

૧૫૧ 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' (પ્રાચીનકાળ), પ્ર.આ.૧૯૯૨, પૃ.૦૧

૧૫૨ એજન, પૃ.૧૦

૧૫૩ એજન, પૃ. ૫૬